# સ્વાધ્યાય

વસંતપંચમી

વિ. સં. ૨૦૨૮

પુસ્તક ૯

અંક ૨

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

મૃત્તિકા-મસ્તકો : નગરી ( આશરે ઈ. સ. પાંચમી સદી )

સંપાદક

ભોગીલાલ જ. સાંડેસરા

નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,

વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર,

મહારાજા સયાજીરાવ

વિશ્વવિદ્યાલય

વડોદરા

# સ્વાધ્યાય

પુસ્તક ૯ : અંક ૨ જાન્યુઆરી, ૧૯૭૨
વસંતપંચમી વિ. સં. ૨૦૨૮

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | સસ્સી–પૂન્નૂં—પુષ્કર ચંદરવાકર | ૧૩૩–૧૪૩ |
| ૨. | ચરોતરી બોલી—નરોત્તમ વાળંદ | ૧૪૪–૧૪૭ |
| ૩. | સૂરતી બોલી—વિજય શાસ્ત્રી | ૧૪૮–૧૫૨ |
| ૪. | રાઠવા કોળીનાં ઉખાણાં—શંકરભાઈ સોમાભાઈ તડવી | ૧૫૩–૧૮૦ |
| ૫. | ડામર બ્રાહ્મણકૃત "વેણીવત્સરાજ રાસ"—ભઁવરલાલ નાહટા | ૧૮૧–૧૯૮ |
| ૬. | પૂજાવિધિ પ્રકરણ અને તેનો પદ્યાનુવાદ—મુનિ પ્રદ્યુમ્નવિજય | ૧૯૯–૨૦૨ |
| ૭. | શક સંવત કોણે પ્રવર્તાવેલો ?—રસેશ જમીનદાર | ૨૦૩ ૨૦૯ |
| ૮. | ગુજરાતના બે સંસ્કૃત ગ્રન્થકારો—સચિવ સલક્ષ અને તેમના પુત્ર સચિવ મહીપ—ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ | ૨૧૦–૨૧૭ |
| ૯ | જૂનાગઢની ઉપરકોટની ગુફાનું સ્થાપત્યકીય સ્વરૂપ અને શોભનસમૃદ્ધિ —કાંતિલાલ ફૂ. સોમપુરા | ૨૧૮–૨૨૬ |
| ૧૦. | પ્રભાસના વાજા રાજા શિવરાજના સમયનો સં. ૧૪૫૧ (ઈ. સ. ૧૩૯૫)નો એક અપ્રસિદ્ધ શિલાલેખ—હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી | ૨૨૭–૨૩૧ |
| ૧૧. | રામન અસર—નરસિંહ મૂ. શાહ, પી. ડી. પાઠક, વી. બ. ગોહેલ | ૨૩૨–૨૩૭ |
| ૧૨. | મધુમેહ-એક ઐતિહાસિક અવલોકન – વૈદ્ય મણિભાઈ કાલીદાસ બ્રહ્મભટ્ટ | ૨૩૮–૨૫૩ |
| ૧૩. | ડૉ. વિક્રમ સારાભાઈ : એક શ્રદ્ધાંજલિ – નિરંજન શિવભદ્ર પંડ્યા | ૨૫૪–૨૫૫ |
| ૧૪. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. બાલાશંકર કંથારિયા : એક અધ્યયન | ૨૫૬–૨૫૯ |
| | ૨. ધમ્મપદ | ૨૫૯–૨૬૦ |
| | ૩. રાજ્યશાસ્ત્ર-વિચાર | ૨૬૧ |
| | ૪. રૂપસંહિતા | ૨૬૨–૨૬૩ |
| | ૫. સાભાર સ્વીકાર | ૨૬૩–૨૬૪ |
| ૧૫. | પ્રાસાદતિલકમ્—પ્રભાશંકર ઓ. સોમપુરા | ૪૯–૫૬ |

# સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૨૮ પુસ્તક ૯

જાન્યુઆરી, ૧૯૭૨ અંક ૨


# સસ્સી—પુન્નૂં

## પંજાબી લોકકથાનો હાલારી સોરઠી લોકકથા સાથેનો તુલનાત્મક અભ્યાસ


પુષ્કર ચંદરવાકર


સસ્સી—પુન્નૂં પંજાબની એક આદર્શ લોકકથા મનાય[1] છે, કેમ કે ઓછામાં ઓછા લગભગ દોઢ હજાર વર્ષથી તે લોકકંઠે અને લોકહૈયે રમ્યા જ કરે છે. તેનો સર્જક અંધાર-પછેડો ઓઢીને ગુપ્તવાસ સેવી રહ્યો છે, આથી તે લોકકથા વર્ષો સુધી વણલખી—unwritten અને જીભ પર—Oral રહી ને લોકોએ જ તેનું લાલનપાલન કરીને આજ દિન સુધી તેને અકબંધ સાચવી રાખી.

લોકકથાના સંશોધકોની માન્યતા છે કે લોકકથાઓ માંડવાના પગરણ લગભગ બારમી[2] સદીમાં થયા. રશિયામાં તે ગાળામાં કંઠસ્થ લોકકથાઓ મંડાવા લાગી. રાની લક્ષ્મીકુમારી ચૂંડાવતના મતે[2અ] રાજસ્થાનમાં મંડાયેલ લોકવાતો ૪૦૦ વર્ષ જૂની છે, અને અરબસ્તાનમાં 'અરબિયન નાઈટ્સ'[3] દશથી ચૌદમા શતકના ગાળામાં ગ્રંથસ્થ થયા હોવાના ઉલ્લેખો મળે છે. સસ્સી—પુન્નૂંનાં પગેરે નીકળીએ તો કદાચ પંજાબના કોઈ રાજદરબારમાંથી, જમીનદારના જામદારખાનામાંથી કે કોઈ વાર્તા શોખીન એકલદોકલ વ્યક્તિના ગ્રંથભંડારમાંથી સસ્સી—પુન્નૂંની લખાયેલ હસ્તપ્રત મળી આવે ! સાંભળ્યું છે કે ખ્યાતનામ લોકવાર્તાકથક શ્રી કાનજીભાઈ ભૂટા પાસે મંડાયેલ લોકવાર્તાની કેટલીક હસ્તપ્રતો છે, તેમાં ચારણીશૈલીમાં મંડાયેલ આ લોકવાર્તા છે.

આમ, સસ્સી—પુન્નૂંની લોકકથા લોકજિહ્વા પર પંજાબમાં હતી, તે રમવા, ઘૂમવા ને ફરવા નીકળી ત્યારે તેને પાંખો ફૂટી ને તે સાદી લોકકથા મટીને પાંખાળી લોકકથા (floating Folk-tale) બની. પંજાબમાંથી રમતી રમતી તે સિંધમાં આવી, તેવો તર્ક કરી શકાય, કેમ કે સ્વ. શ્રી. સી. એ. કેનકેડે 'ધ ફોક ટેઈલ્સ ઑફ સિંધ'માં તેને સંગ્રહી છે, અને સિંધમાંથી સમા—જાડેજાઓની સાથે તે હાલાર—સૌરાષ્ટ્રમાં આવી. મધ્ય સોરઠમાં વસતા શ્રી કાનજીભાઈના પૂર્વજોના ચોપડામાં પણ તે સંઘરાઈ. શ્રી કાનજીભાઈ ભૂટા સૌરાષ્ટ્રના લોકવાર્તાના કથકોમાં 'ઘરેણું' છે. તેમને આ વારસાગત સંસ્કાર તેમના કાકા સ્વ. શ્રી. સૂરા બાપુ પાસેથી મળ્યા છે, જે કાઠી દરબારોમાં લોકવાર્તાઓ સવિશેષ માંડતા. તેથી તર્ક કરી શકાય કે આ લોકકથા કાઠી-

દરબારોના દરબાર, ડેલીઓ અને ડાયરા સુધી પહોંચી હોવી જોઈએ. આમ, સસ્સી—પુન્નૂંની પંજાબી લોકકથા, પાંખાળી લોકકથા—Floating Folk-tale, બની ચૂકી છે.

ત્યારે લોકકંઠો પર દીર્ઘકાળથી વસેલ અને ભ્રમણશીલ દશા ભોગવતી લોકકથા સસ્સી—પુન્નૂં આ બંને સ્થિતિમાંથી પસાર થઈ ચૂકી છે, ને માટે તે નમૂનેદાર આદર્શ લોકકથા કહેવાય !

પંજાબમાં સસ્સી—પુન્નૂંના નામથી ઓળખાતી લોકકથાએ સૌરાષ્ટ્રમાં સહેજસાજ નામ-બદલો કર્યો છે. હાલારમાંથી મળતી તે લોકકથા 'સસોઈ—પૂનો'ના નામથી જાણીતી છે. ક્રાંતિવીર શ્રી. સ્વામીરાવ સાથે આ લોકકથાનાં નામોની ચર્ચા કરતાં તેમણે કહેલ કે, સસ્સી—પુન્નૂં શશીપૂનમ માટેના પર્યાયો હોય, તેની પૂરેપૂરી સંભાવના છે. પૂનમના બદલે પૂનો શબ્દ હિંદીમાં પ્રયોજાય છે. સૌરાષ્ટ્રમાં પૂનો નામ કોળી, ભરવાડ, રજપૂત ઇત્યાદિમાં આજે ય જડે છે. શશી-માંથી સસ્સી થયું હોય. પંજાબની કોઈ લોકબોલીમાંથી આ શબ્દો ઊતરી આવ્યા હોવાનું લાગે છે અને તે લોકબોલીના ધ્વનિશાસ્ત્રના નિયમોમાં ઊંડા ઉતરીએ તો સસ્સી—પુન્નૂંના શબ્દાર્થને પૂરેપૂરો પામી શકાય. વળી શશીપૂનમના સંબંધો—Associations, બહુ જાણીતા છે, તેમ જ તેઓ પ્રેમીઓ તરીકેના પ્રતીક તરીકે સાહિત્યમાં પ્રયોજાય પણ છે, આથી સસ્સી—પુન્નૂં શશીપૂનમ હોઈ પણ શકે !

સૌરાષ્ટ્રમાં તે નામો સસોઈપૂનો બને છે. જેમ પંજાબી લોકકથામાં સસ્સી-પૂન્નૂં નાયિકા અને નાયક સ્થાને છે, તેવું જ સોરઠી લોકકથામાં છે. સસ્સીમાંથી સસોઈ થયું છે અને 'શ્રીકૃષ્ણથી ૬૯મી પેઢીએ બલૂચમાં જામ અરિ વિ. સં. ૩૨૮-૩૬૦માં થઈ ગયો. તેને પાંચ પુત્રો હતા : ચૂનો, પૂનો, હોતો, નોકો, નાતો. અને બધા જ સ્વરૂપવાન અને બહાદુર હતા, પરંતુ બીજો પુત્ર પૂનો બધાથી બધી રીતે ચડે એવો હતો.''[૪]

આમ, હાલારમાં તેમ જ સોરઠમાં વિહરતી લોકકથાએ સૌરાષ્ટ્રની ધરતીના સ્વાંગ ધરવા માંડ્યા હોય, તેવું લાગે છે. મૂળમાં પંજાબી લોકકથા આવી છેઃ સિંધુ નદીનાં કાંઠે ઝંબોર શહેર હતું અને ત્યાંનો બાદશાહ આદમજામ નિઃસંતાન રહ્યો, વૃદ્ધાવસ્થા આવવા લાગી, ત્યારે જાણતલ જોશીઓને બોલાવીને જોશ જોવડાવ્યા કે તેના નશીબમાં સંતાનસુખ માંડયું છે વિધાતાએ કે ? જોશીએ જોશ જોયા, પણ જોશીઓ સત્ય કહેતા અચકાતા હતા. આદમજામ બાદશાહ જોશીઓની માનસિક વિકળતાને પામી ગયો, તેથી તેણે જોશીઓને અભયવચન આપીને સત્ય કહેવા સૂચવ્યું ત્યારે જોશીએ કહ્યું : 'તમારા નશીબમાં સૌંદર્યવાન પુત્રી છે, પણ પશ્ચિમ દિશાના દેશના કોઈ શાહજાદાના પ્રેમમાં પડી તે ગાંડી ગાંડી બની જશે.'

'કાંઈ વાંધો નહીં' બોલી બાદશાહે કચેરી બરખાસ્ત કરી, ને થોડા મહિના પછી બાદશાહની બેગમકૂખે એક શાહજાદી અવતરી ત્યારે બાદશાહ આદમજામને ચિંતા થઈ કે, 'જોશીઓના જોશ સાચા પડવા લાગ્યા છે અને પહેલો જોશ સાચો પડયો તો તેની પાછળ પાછળ બીજો જોશ પણ સાચો જ પડે !'

આમ વિચારીને તેણે વઝીરને બોલાવીને શાહજાદીની હત્યા કરવાનો વિચાર પ્રગટ કર્યો, કેમ કે જો કુંવરી પશ્ચિમ દેશના કોઈ શાહજાદા જોડે પ્રેમમાં પડે, તો આ રાજકુટુંબને કલંક પહોંચે. બાદશાહ શાહજાદી ખાતર કલંક લેવા સાબદો ન'તો !

છેવટે વઝીરે બાદશાહને ખૂબ સમજાવી શાહજાદીને જીવતી રહેવા દેવી તેટલો નિર્ણય લેવડાવ્યો ને કહ્યું કે પેટીમાં પૂરી તેમાં નાણું, જરઝવેરાત ભરી, તેની સાથે ચિઠ્ઠી મૂકી લખવું કે શાહજાદીના લાલનપાલન, ભણતર અને શાદી માટેની આ ખરચી છે.

આ પ્રમાણે વ્યવસ્થા કરીને શાહજાદીને પેટીમાં પૂરી, તે પેટી સિંધુમાં તરતી મૂકવામાં આવી ત્યારે ઝંભોરનો રહેવાશી આતા ધોબીના હાથમાં તરતી પેટી આવી ને નિઃસંતાન દંપતીએ દીકરીનો સ્વીકાર કરી તેનું નામ સસ્સી રાખ્યું. જરઝવેરાત મળવાથી તે સુખી થયો, પણ નેકીથી તે વર્તવા લાગ્યો.

સસ્સી મોટી થવા લાગી, ત્યારે ધોબીની નાતના કંઈક જુવાનો રૂપમતી સસ્સીને પ્રાપ્ત કરવા મનમાં મનસૂબા ઘડવા લાગ્યા. આની કોર સસ્સીને તેના જીવનનું રહસ્ય પામવાની ઉત્કટ ઇચ્છા થઈ આવી, તેમાં અચાનક પેલી પેટીમાંનો કાગળ હાથ લાગી ગયો, તેથી તે મનમાં તેના ભૂતકાળને સંઘરીને જીવવા લાગી.

તેને એક રાતે સ્વપ્નું આવ્યું તે સ્વપ્નામાં તેણે ચાંદના ટૂકડાને ધરતી પર પડતો જોયો ને તે તેની ગોદમાં આવી જાણે લપાયો. થોડા દિવસ પછી તેને બીજું સ્વપ્ન આવ્યું. તેમાં તેણે એક શાહજાદાને જોયો, ખૂબ સ્વરૂપવાન ! તેને જોઈને સસ્સીએ શુદ્ધબુદ્ધ ગુમાવી દીધી. તેની સાથે સ્વપ્નમાં તેણે વાતચીત કરી અને તેનું નામઠામ પણ જાણી લીધું. તેણે તેનું નામ પુન્નૂં કહ્યું અને સ્વપ્નમાં ઈજન દીધું કે " તું મને ચાહતી હો, તો ખેમ–મકરાનમાં ચાલી આવ !"

સસ્સીના સૌન્દર્યના વખાણ બાદશાહના કાન સુધી ગયા, ને બાદશાહે તરત જ ધોબીને હૂકમ કર્યો કે સસ્સીને મારા ઝનાનખાનામાં મોકલી દે ! દુઃખિત હૃદયે આત્તાએ સસ્સીને બાદશાહના ઝનાનખાનામાં મોકલી. બાદશાહ સસ્સીના સૌન્દર્યથી પ્રસન્ન થઈ મલકતા મોંએ તેની પાસે આવ્યો ત્યારે સસ્સીએ ભૂતકાલીન વાતનો ઘટસ્ફોટ કરી દીધો ને આથી બાદશાહ ખૂબ શરમાયો ને તેને મહેલમાં રહેવા કહ્યું, પણ સસ્સી તેના પાલકપિતાને છોડવા તૈયાર ન હતી. છેવટે એક વેપારીએ લાખો રૂપિયા ખરચીને ભવ્ય મહેલ જેવું મકાન બનાવ્યું તેનું નામ હતું " લાખી બાગ ". તેમાંના આગલા ભાગમાં સસ્સી રહેવા ગઈ પાછલા ભાગમાં પરદેશી વેપારીઓ માટેની ધર્મશાળા બનાવી.

આ મહેલમાં સુંદર ફૂલછોડો હતા, અને ભીંતો પર સ્વરૂપવાન જુવાનોની તસ્વીરો ચિતરાયેલી હતી. સસ્સીને જ્યારે પુન્નૂંની યાદ હેરાનપરેશાન કરતી ત્યારે ભીંત પરની સ્વરૂપવાન છબી જોઈ તે પ્રસન્ન થતી.

લાખી બાગના પાછળના ભાગમાં ધર્મશાળા હતી, જેનો વહીવટ સસ્સીના હાથમાં હતો, તેમાં એકવાર ખેમ–મકરાનના વેપારીઓ માલ લઈને આવ્યા છે તેવી સસ્સીને જાણ થઈ ત્યારે તેણે વેપારીઓને બોલાવીને પુન્નૂં અંગે પૃચ્છા કરી. વેપારીઓએ જવાબ આપ્યો કે ખેમ-મકરાનમાં કોઈ પુન્નૂંને ન ઓળખતો હોય તેવું ન બને ! તરત જ સસ્સીએ કહ્યું કે તો આપ આપની સાથે એકાદ આદમીને સાથે લઈ જઈ પુન્નૂંને અહીં લઈ આવો. તમો તેમને લઈ આવશો, પછી જ તમારા કાફલાને અહીંથી જવા દઈશ અને તમે પુન્નૂંને લઈ ને નહીં આવો, ત્યાં સુધી તે સૌને નજરકેદમાં રાખીશ.

વેપારીના મોવડીના હોશકોશ ખાટા થઈ ગયા અને મજબૂરીથી તે ખેમ-મકરાનમાં પાછો ફર્યો અને પુન્નૂંનો સંપર્ક સાધીને તેણે ભંબોર શહેરના ભારે વખાણ કર્યાં; સસ્સીના રૂપ-જોબનની પણ ખૂબ પ્રશંસા કરી ત્યારે પુન્નૂં ભંબોર આવવા સાબદો થયો.

ભંબોરમાં સસ્સી ખૂબ ઇંતેજારીથી પુન્નૂંની વાટ જોતી બેઠી હતી, ત્યાં વેપારીના માણસોએ આવીને સસ્સીને પુન્નૂંના આવ્યાની ખબર આપી, આથી તે ધર્મશાળામાં પહોંચી, ત્યારે પુન્નૂં પલંગ પર ઘેરી નિદ્રામાં સૂતો હતો. સસ્સી એના પગ પાસે બેઠી બેઠી તેને પંખો નાખવા લાગી. ત્યાં પુન્નૂની આંખ ઉઘડી ને મળી દૃષ્ટોદૃષ્ટ. તેઓ એકબીજા પર વારી ગયા. સારો પરિચય કેળવ્યો ને સસ્સીના પુન્નૂં સાથે લગ્ન થયા અને લાખી બાગમાં રહીને તેઓ સુખમાં દિવસો ગાળવા લાગ્યા. વેપારીઓનો કાફલો ખેમ-મકરાનમાં પાછો ફર્યો.

ત્યારે પુન્નૂંના પિતા અલીખાંએ કાફલાના મોવડીને બોલાવી પુન્નૂં અંગેની પૃચ્છા કરી અને કહ્યું : " પુન્નૂને પાછો લઈ આવો, નહીંતર તમારી બધી મિલ્કત જપ્ત કરીશ ! "

બિચારો વેપારી ! શું કરે ? તે પાછો ભંબોર ગયો. સસ્સી-પુન્નૂં પ્રેમમાં દિવસો ગાળે છે. તેઓ બીજી દુનિયાને સાવ ભૂલી ગયા છે. પણ જ્યારે ખેમ-મકરાનનો વેપારી તેને મળ્યો, ત્યારે તે પ્રસન્ન થઈને સૌના ખબર-અંતર પૂછવા લાગ્યો ને ધર્મશાળામાં તેની સાથે જઈને શરાબની મહેફીલમાં પડ્યો. આ લાગ જોઈને વેપારીએ ઈરાનનો ઉત્તમ પ્રકારનો શરાબ કાઢી તેમાં ઘેનની દવા મેળવીને પુન્નૂંને પાયો ને જેવો પુન્નૂં બેભાન થઈ ગયો, કે તરત જ તેને ઊંટ પર નાખીને તે ખેમ-મકરાનના માર્ગે પડ્યો.

રાત પડી. સસ્સી સોળ શણગાર સજીને પુન્નૂંની વાટ જોતી ઝરુખે બેઠી. એક પ્રહર રાત ગઈ, અડધી રાત થઈ પણ પુન્નૂં ન આવ્યો. ત્રીજો પ્રહર વીતી ગયો. દરવાજા પર નજર ખોડીને તેની આંખો થાકી ગઈ. ત્યારે તેણે ખેમ-મકરાનના વેપારીની ધર્મશાળામાં ગોત કરાવી પણ તે વેપારી કે પુન્નૂંનો પત્તો ન લાગ્યો, આથી સસ્સીને ચિંતા થઇ. ચિંતામાં તે ઢળી પડી. હોશ આવ્યા ત્યારે ઘરેથી નીકળી ઊંટના સગડે સગડે તે શહેર બહાર રણની વાટમાં ચાલી ગઈ. રણમાં પાણીનું ટીપું ન મળે, પણ રેતીના જબરા તૂફાનની આંધી ચઢવા લાગી.

બપોર થયું. સૂર્ય માથે આવ્યો, તો ય સસ્સીએ રણમાં દોટ દેવાનું ચાલું રાખ્યું. કંઠે કાતરા પડવા લાગ્યા ને ચક્કર ખાઈને બેભાન થઈ ધરતી પર ઢળી પડી. તેના ત્યાં રામ રમી ગયા.

આ તરફ ઊંટ ઉપર ઉઠાવી લેવાયેલ પુન્નૂં જ્યારે જાગ્રત થયો, ત્યારે તેને ખ્યાલ આવ્યો કે મને જબરદસ્તીથી સસ્સીની પાસેથી છીનવી લેવામાં આવ્યો છે. તે વેપારી સાથે ઝગડીને છૂટો પડી ગયો અને રણના રસ્તે પાછો વળ્યો ત્યારે તેણે રણ મધ્યે સસ્સીને મૃતાવસ્થામાં જોઈ. તે બેહોશ બનીને ત્યાં ઢળી પડ્યો.

આ પંજાબી લોકકથા[૫] છે. આ લોકકથામાં 'અધિક પ્રચલિત ઘટનાક્રમ'[૬]નો સ્વીકાર કરવામાં આવ્યો છે. સ્વ. શ્રી. ડોલરરાય માંકડ આ કથાને સિંધની પ્રણયકથા હોવાનું માને છે, જે લોકકથા આ પ્રમાણે છે : " જામનગરની પશ્ચિમે ૨૦ માઈલ દૂર બે નદીઓ છે. એના નામ

સસોઈ અને પૂનો છે. આ નામો કઈ રીતે પડ્યાં હશે તેની વિચારણા અહીં કરી છે." તે માટે જ આ લોકવાર્તા બારોટાના ચોપડા પરથી શ્રી મહોબતસિંહ[૯] જાડેજાએ મેળવી છે.

'સિંધની આ લોકકથાના નાયક-નાયિકા ઉપરથી આ નામો પડ્યાની અહીં સંભાવના કરી છે. પૂનો જામવંશનો હતો.

શ્રીકૃષ્ણથી ૬૯મી પેઢીએ બલૂચમાં જામ અરિ વિ. સં. ૩૨૮-૩૬૦માં થઈ ગયો. તે યોદ્ધા તરીકે બલૂચમાં પ્રખ્યાત હતો. તે અતિ બળવાન હોવાથી 'નેતા બનાવીને કોચ, કોહિસ્તાન અને કાબૂલ'નો પણ તેને તાજ પહેરાવ્યો.' તેને પાંચ પુત્રો હતા. ચૂનો, પૂનો, હોતો, નોકો, નાતો. બધા જ સ્વરૂપવાન અને બહાદુર...પરંતુ બીજો પુત્ર પૂનો બધાથી બધી રીતે ચડે તેવો હતો.

તે વખતે સિંધમાં દિલુરાય બાદશાહના સૂબા તરીકે એક સંપત્તિશાળી બ્રાહ્મણ હતો. તેને કંઈ સંતાન ન હોવાથી દુઃખી રહેતો. એક વખતે પ્રખ્યાત જોષી પાસે પોતાનું ભાગ્ય જોવડાવ્યું. જોષીએ કહ્યું કે પુત્રી થશે; પરંતુ મુસલમાન સાથે પરણશે. તે સાંભળીને બ્રાહ્મણને ખૂબ દુઃખ થયું. તેથી બાળકીના જન્મ પછી તરત જ સોનું, ઝવેરાત ભરી, પેટીમાં સુવાડી તેને સિન્ધુ નદીમાં તરતી મૂકી દીધી. પેટી તરતી તરતી ભામ્ભોરા આવી. ત્યાં મહંમદ નામના ધોબીએ તે પેટી બહાર કાઢી ઘેર લઈ ગયો ને બાળકીને ઉછેરી.

બાળકીનું નામ સસોઈ હતું અને તે ખુબ સ્વરૂપવાન હોવાથી તેનાં વખાણ સાંભળી પૂનો તેને મળવા વેપારીના વેશમાં ભામ્ભોરા આવ્યો. અત્તર ખરીદવા સસોઈ સખીઓ સાથે પૂનાના તંબૂમાં આવી અને પૂનાના પ્રેમમાં પડી. બીજી બધી સખીઓ સાથે સસોઈ માલ ખરીદી પાછી ફરી ત્યારે સસોઈનું અંતઃકરણ પૂનો માટેના પ્રેમથી દ્રવી ઊઠ્યું. પૂનોની પણ તે જ દશા થઈ. સસોઈએ પોતાની પ્રિય સખી સાકીને ચોધાર આંસુ પાડી પૂનાને મેળવી આપવા કહ્યું. ચતુર સાકીએ ધોબણને વાત કરી, અને ધોબણે ધોબીને. આમ આ પૈસાદાર, સ્વરૂપવાન અને હોશિયાર જમાઈને તેમણે પસંદ કર્યો ને તેમનાં લગ્ન નક્કી થયાં. આ જાણીને પૂનાનો ભાઈ ચૂનો જે પૂનોની સાથે હતો તે ગુસ્સે થયો ને લગ્નમાં ભાગ ન લીધો. જામ-અરિ પાસે જઈને તેણે પૂનાની વાત કહી. આ સાંભળી જામ-અરિ ગુસ્સે થયા અને તેના પુત્રોને આજ્ઞા કરી, "પૂનોને જીવતો જ મારી સમક્ષ હાજર કરો." તેથી બધા ભાઈઓ ભામ્ભોરા આવ્યા. પૂનો અને સસોઈને પોતાના ભાઇ અને ભાભી તરીકેનાં અભિનંદન આપી ખુશાલી બદલ એક જમણ આપ્યું અને તેમાં કાવત્રું કરીને, તેઓ નિદ્રાધીન થાય તેવી ઔષધિ તેમને પાઈ દીધી. ગાઢ નિદ્રામાં સૂતેલા પૂનોને લઈને કુમારો કોચ તરફ રવાના થયા. સવારે સસોઈ ઊઠી ત્યારે પૂનાને ન નિહાળતાં વિહ્વળ બની તપાસ કરવા લાગી. ખબર થયા કે પૂનોને તેમના ભાઈઓ દગાથી ઉપાડી ગયા. તેથી તે પણ પગરસ્તે પૂનોને શોધવા ચાલી.

પૂનો જ્યારે જાગૃત થયો ત્યારે તેના ભાઈઓ તેને એકલાને ઉપાડી જતા જોઈ ઊંટ ઉપરથી નીચે પડ્યો અને તલવાર ખેંચી સામે થયો. પૂનોને મરાય તેમ નહોતું, કારણ કે વહાલો પુત્ર હોઈ જામ-અરિ ગુસ્સે થાય. તેથી પૂનોને જવા દઈ કુમારો ચાલ્યા ગયા. પૂનો ત્યાંથી રણમાં ચાલતો ચાલતો સાંજે પાછો ભામ્ભોરા પહોંચ્યો. ત્યાં ખબર મળ્યા કે સસોઈ તો ત્યાંથી પૂનોની

શોધમાં નીકળી છે. તેથી થાકેલો પૂનો લથડિયા લેતો રાત્રિએ સસોઈને શોધવા નીકળ્યો. આખી રાત તેણે રણમાં સસોઈની તપાસ કરી પરંતુ કયાંય પત્તો ન લાગ્યો. છેક સવારે રણદ્વીપમાં ઊગેલાં ઘાસમાં સસોઈને સૂતેલી જોઈ. હર્ષના આવેશમાં આવી જઈ પૂનો 'સસોઈ' એવી બૂમ પાડી દોડ્યો ને પ્રેમથી ભેટી પડ્યો. સસોઈ તો કયારની આ દુનિયા છોડી પરલોકમાં ચાલી ગઈ હતી. પૂનો પણ ત્યાં જ તેની પાછળ ઝૂરી ઝૂરીને મરણ પામ્યો."[૯]

આ લોકકથાઓ પંજાબમાં મહત્ત્વપૂર્ણ[૧૦] સ્થાનને પામેલ છે, તેમ જ તેમની લોકપ્રિયતા અદ્દભુત[૧૧] છે. તેથી તેનાં પર કાવ્યો, નાટકો, ગીતનાટિકાઓ પણ લખાઈ છે. શ્રી. હરિકૃષ્ણ 'પ્રેમી'એ સસ્સી-પુન્નૂંનું વસ્તુ લઈને સંગીત-નાટિકા લખી છે, પણ તેનો મૂળ આધાર લોકકથા છે. ડૉ. હરનામસિંઘ શાને આ જ લોકકથા પર પ્રબંધ લખીને પી.એચ.ડી નું પદ પ્રાપ્ત કર્યું છે.

અહીં, આ પંજાબી લોકકથાના તુલનાત્મક અભ્યાસ માટે આ ત્રણ લોકકથાઓ દૃષ્ટિ સમક્ષ છે.

પ્રથમ તો, પંજાબમાં આ લોકકથા સાવ સ્વતંત્ર કથા છે. તેને કોઈ સાથે સંબંધ—Association—નથી. જ્યારે સોરઠી લોકકથાને નદીઓ સાથે સંબંધ છે જેના કારણે આ લોકકથાનું ઐતિહાસિક પાસું—Historical Aspect—બહુ સરળતાથી પામી શકાય છે. જામ-જાડેજાના આગમનના સમયને નિશ્ચય કરતાં તારવી શકાય કે, આ લોકકથા આશરે ૧૫૫૧ વર્ષ જૂની હશે, તે બહુ જ સરળતાથી પામી શકાય છે. દોઢ હજાર વર્ષથી પણ કદાચ વધુ જૂની હોય તો ના નહીં, તેવો તર્ક પણ સહેલાઈથી થઈ શકે છે.

સૌરાષ્ટ્રના હાલારની આ બે નદીઓનાં નામો સસોઈ અને પૂનો પરથી આ લોકકથાના પગેરે ચડાય એમ છે, જ્યારે પંજાબમાં સસ્સી—પુન્નૂંની લોકકથા સ્વતંત્ર અને આગવા વ્યક્તિત્વથી લોકહૈયે ઝૂલ્યા કરે છે.- હાલારની આ લોકકથાના વટોળ કે શિલ્પવિધાન માટેનું થોડું મોકળું મેદાન લોકકથાના સંપાદક માટે મળે છે, જ્યારે પંજાબી લોકકથા સરળતાથી પ્રારંભે છે. ડૉ. મંજુલાલ મજમુદારના કથન પ્રમાણે હાલારી લોકકથામાં 'ચીનાઈ પેટીઓના સટની પેઠે એકની અંદર બીજી'[૧૩] લોકવાર્તા સમાયેલી છે. આમ તો હાલારી લોકવાર્તા નદીની લોકવાર્તા છે, પણ તેમાં સસોઈ-પૂનાની લોકવાર્તા પૂરાઈ છે. માટે જ 'વાર્તામાં વાર્તા'ની નિરૂપણરીતિએ એ લોકવાર્તા નિરૂપાએલ છે.

આમ આ બંને લોકકથાઓ નિરૂપણ રીતિમાં—વળોટમાં જુદી પડે છે.

બીજો તફાવત નામોનો છે. પંજાબી લોકકથાનું નામ સસ્સી-પુન્નૂં છે જ્યારે હાલારી લોકકથાનું નામ છે સસોઈ-પૂનો. વિશેષતઃ નામોમાં, ઘટનાઓમાં, સ્થળનામોમાં, ઇત્યાદિમાં ભિન્નતા મળે છે.

પંજાબી લોકકથામાં ભંબોરનો બાદશાહ આદમજામ છે ને તેની પુત્રીનું નામ સસ્સી છે. હાલારી લોકકથામાં દિલુરાય બાદશાહનો સિંધના બ્રાહ્મણ સૂબાની પુત્રીનું નામ સસોઈ છે. ભંબોરના સ્થાને હાલારી લોકકથામાં ભામ્ભોરા છે. બંને લોકકથામાં નદીનાં નામ એક જ છે.

પંજાબી લોકકથામાં અત્તો ધોબીનું નામ છે, જ્યારે હાલારી લોકકથામાં ધોબીનું નામ મહંમદ છે. પંજાબી લોકકથામાં પુન્નૂં નામ નાયકનું છે અને તેના પિતા અલીખાં એમ મકરાનના બાદશાહ તરીકે વર્ણાવાયા છે. હાલારી લોકકથામાં નાયકનું નામ પૂનો છે અને તે હિંદુ રજપૂત છે ને તેના પિતાનું નામ જામ-અરિ છે. જામ અરિ તે બલૂચનો પ્રખ્યાત યોદ્ધો ને કેચ, કોહિસ્તાન અને કાબૂલના મુગટધારી તરીકે ગણાવ્યો છે. પંજાબી લોકકથામાં સસ્સી સાથે ગૃહસ્થી જીવન ગુજારતા પુન્નૂંને તેડવા માટે કાફલાનો વેપારી જાય છે, જ્યારે 'પ્રેમી'ની પંજાબી કથામાં તેનો ભાઈ હોતુ તેડવા જાય છે અને હાલારી લોકકથામાં ચૂનો લેવા જાય છે. પંજાબી લોકકથા કે હાલારી લોકકથાએ ધોબણનું નામ નથી આપ્યું, પણ 'પ્રેમી'ની કથામાં ફાતાં ધોબણનું નામ આપ્યું છે. ('પ્રેમી'ની કથા ગીત-નાટિકા હોવાથી કદાચ તે નામ કાલ્પનિક પણ હોય.) પંજાબી કથામાં ક્યાંય સસ્સીની બહેનપણીનાં નામ મળતાં નથી, હાલારી લોકકથામાં સાકીનું નામ મળે છે.

નામસામ્ય અને અન્ય ભિન્નતાને તપાસ્યા પછી હવે ઘટનાઓની તુલના કરવી જરૂરી છે.

પંજાબી લોકકથામાં સસ્સી બાદશાહની બેટી છે, જ્યારે હાલારી કથામાં તે બાદશાહ દિલૂરાયના બ્રાહ્મણ સુબાની પુત્રી છે. બાદશાહ શાહજાદીનો ત્યાગ એટલા માટે કરે છે કે પશ્ચિમ દેશના રાજકુમાર જોડે લગ્ન કરે, તો કુટુંબને કલંક લાગે. આ લોકમાન્યતા-folk-belief-પર આ લોકકથા આગળ વધે છે, જ્યારે હાલારી લોકકથામાં બ્રાહ્મણપુત્રી મુસલમાનને પરણે તો કુટુંબની કલંકકથા નીપજે. અહીં નાતજાતના રીતરિવાજ-Social Customs, આડે આવે છે અને પરિણામે, બંને પિતાઓ સસ્સીનો ત્યાગ કરે છે. લોકવાર્તાઓમાં વિઘ્નો–Taboos, આવતાં હોય છે. આ લોકવાર્તામાં પણ આવું જ વિઘ્ન–Taboo, ચિતરવામાં આવ્યું છે.

ઘટનાસામ્યની દૃષ્ટિએ આ લોકકથાની વિચારણા કરીએ તો તે નીચે પ્રમાણે છે :

(૧) નિઃસંતાન પકવ વયના શાસકે જાણતલ જોશી પાસે જોશ જોવડાવ્યા કેડે પુત્રીપ્રાપ્તિ,

(૨) પુત્રી કુટુંબ માટે કલંકરૂપ બનશે માટે પુત્રીત્યાગ,

(૩) નિઃસંતાન ધોબીની ત્યાગેલ પુત્રીની પ્રાપ્તિ,

(૪) સ્વરૂપવાન થતાં ને વયમાં આવતાં નાયિકા સ્વરૂપવાન યુવાન માટેની ઝંખના કરે છે,

(૫) પ્રથમ મિલને પ્રેમમાં પડવું તે,

(૬) પુત્રી રાજવંશી યુવાનની પ્રાપ્તિ કરે છે તે,

(૭) બંને સુખમાં દિવસો વ્યતીત કરે છે તે ઘટના,

(૮) નાયકના પિતાનો પુત્ર પાછો મેળવવા માટેનો આગ્રહ,

(૯) નાયકને દગાથી નાયિકા પાસેથી છીનવી લેવો તે,

(૧૦) નાયિકાની વિરહી દશા, નાયિકા સાહસ કરીને નાયકની ગોતે નીકળે, નાયકનો ભેટો ન થતાં અંતરિયાળ રણમાં મૃત્યુ,

(૧૧) નાયકને દગાનું ભાન થતાં નાશી છૂટવું, નાયિકાની ગોતે ચઢવું,

(૧૨) નાયિકાનો મૃતદેહ દેખી આઘાતથી નાયકનું મૃત્યુ.

આ બંને લોકકથાઓમાં ઉપરની ઘટનાઓ એકસરખી છે, તો લોકવાર્તાની વિગતોમાં જઈએ તો બન્ને લોકકથાઓની ગૌણ ઘટનાઓમાં અને વિગતોમાં જરૂર તફાવત જડવાનો. તે આ પ્રમાણે છે:

(૧) સસ્સીના પિતા આદમજામ બાદશાહ, તો સસોઈના પિતા બ્રાહ્મણ સૂબા છે.

(૨) પુન્નૂંના પિતાનું નામ અલીખાં, પૂનાનાં પિતાનું નામ અરિજામ છે.

(૩) પંજાબી લોકકથામાં ધોબીનું નામ અત્તા, હાલારી લોકકથામાં ધોબીનું નામ મહમદ છે.

(૪) પંજાબી લોકકથા દરબારી ઠાઠદાર લોકકથા છે, જ્યારે હાલારી લોકકથા સાદી લોકકથા છે.

(૫) પંજાબી લોકકથામાં સસ્સીનો બાપ પંજાબના ભંભોરનો બાદશાહ છે, જ્યારે હાલારી લોકકથામાં સસોઈનો બાપ સિંધનો સૂબો છે.

(૬) આધાર-બીજોની-Motifs-ગણુતરીએ પંજાબની લોકકથામાં અનેક આધાર-બીજો-Multi-Motifs જોવા મળે છે તેટલા આધાર-બીજો હાલારી લોકકથામાં નથી.

(૭) પંજાબી લોકકથામાં સસ્સી સ્વપ્નામાં પુન્નૂંને જુએ છે અને પછી પુન્નૂંને મેળવવાની ઝંખના કરે છે અને વેપારીઓ દ્વારા પુન્નૂંને પ્રાપ્ત કરે છે, જ્યારે હાલારી લોકકથામાં સસોઈ પૂનોની હાટડીમાં જઈ ખરીદી કરે છે અને પૂનાના પ્રેમમાં પડે છે, ને તેની પ્રાપ્તિ માટે સાફીને કહી તેની મારફત પૂનાને પ્રાપ્ત કરે છે ને સસોઈના પાલક માતા-પિતા લગ્નમાં સંમત થાય છે, તે તેમની હાજરીમાં તે ગોઠવાય છે, જ્યારે પંજાબી લોકકથામાં બાદશાહ નકામાં હાજર રહેતો નથી.

(૮) સસ્સી યૌવનાવસ્થામાં શોખ-વૈભવ શાહજાદીના જેવા ભોગવે છે જ્યારે સસોઈ સામાન્ય ધોબીપુત્રી દેખાય છે. આથી સસ્સી 'લાખી બાગ' જેવી કીમતી ઇમારતમાં વસવા જાય છે. ફૂલછોડ અને બાગબગીચા વચ્ચે મહાલતી ગુલ-કળી શી તેને તેના સર્જકોએ કલ્પી છે.

(૯) સસ્સી પાસેથી દગો કરીને, પંજાબી લોકવાર્તામાં, વેપારી પુન્નૂંને લઈ જાય છે, જ્યારે હાલારી લોકવાર્તામાં તેનો ભાઈ ચૂનો લઈ જાય છે. હરિકૃષ્ણ પ્રેમીના કથાનકમાં હોતુનું નામ મળે છે.

(૧૦) સસ્સી અને પુન્નૂંના પ્રથમ મિલનમાં સસ્સી પુન્નૂં તરફ આકર્ષાય છે, એમ લોકવાર્તા કથે છે જ્યારે હાલારી લોકકથામાં પૂનો સસોઈના રૂપવખાણ સાંભળી ભામ્ભોરા સસોઈને પામવા આવે છે. હાલારી લોકકથામાં પૂનો વેપારીના વેશે ભામ્ભોરામાં આવે છે અને સસોઈ તેના તંબૂમાં અત્તર ખરીદવા આવે છે, તેવું કથાયું છે. આવી કોઈ ઘટના પંજાબી લોકકથામાં નથી. પૂન્નૂં પુન્નૂં જ રહ્યો છે!

(૧૧) પંજાબી લોકકથામાં પુન્નૂંના ભાઈઓ અંગેની કોઈ વિગત મળતી નથી, હા, શ્રી. હરિકૃષ્ણ 'પ્રેમી'રચિત સંગીત-નાટિકામાં હોતૂનું નામ મળે છે. હાલારી લોકકથામાં પાંચ ભાઈઓનાં નામ મળે છે. ચૂનો અને હોતૂ કે હોતોના નામનો પંજાબી લોકકથા માટે સ્વીકાર કર્યા વગર નહીં ચાલે.

(૧૨) સસ્સી–પુન્નૂંની લોકકથામાં બાદશાહ નકારમાં ભાગ નથી લેતો, હાલારી લોકકથામાં પૂનોનો ભાઈ ચૂનો લગ્નમાં ભાગ લેતો નથી.

(૧૩) સસ્સી–પુન્નૂંની લોકકથાનું વાતાવરણ રોમાંચક છે. સસ્સીનાં સૌન્દર્યવર્ણનો લાખી બાગનું વર્ણન, રણનું વર્ણન અને મૃત્યુ પ્રસંગ; આટલા પ્રસંગોમાં તે તત્ત્વ ઊપસી આવે છે. હાલારી લોકકથામાં આવું રોમાંચક તત્ત્વ જડતું નથી.

(૧૪) છેલ્લે, સસ્સીના મૃત્યુનો પ્રસંગ. પુન્નૂંની ગોતમાં થાકેલ સસ્સી ધરતીના ખોળે ઢળી પડે છે ત્યારે ધરતીમા તેને પોતાની ગોદમાં સમાવી લે છે, જેમ સીતાને સમાવ્યાં હતાં હતા તેમ. તે દશ્ય ઢોર ચારતાં રબારીઓ દેખે છે ને સસ્સીની ગોતમાં નીકળેલ પુન્નૂંને કથે છે ને તાજી કબર દેખીને પુન્નૂંને સસ્સીના મૃત્યુની પ્રતીતિ થાય છે.

આમ આ, બંને કથાઓમાં જેટલું સામ્ય છે, તેટલા જ બેઉમાં તફાવતો પણ છે.

સસ્સી-પુન્નૂંની લોકકથામાં અનેક આધાર-બીજો-Multi–Motifs–દષ્ટિગોચર થાય છે. પશ્ચિમના દેશોમાં જ આ અંગેની વિચારણા થઈ છે અને આધાર-બીજ–Motif–ની ગંભીરપણે વિચારણા કરનાર બે મહાનુભાવો છે: (૧) બ્લૂમિંગ્ટન, (૨) ડૉ. સ્ટિથ થોમ્પસન. બ્લૂમિંગ્ટને પટનાની પૃથક્કરણાત્મક પદ્ધતિને પ્રાધાન્ય આપ્યું અને ડૉ. સ્ટિથ થોમ્પસને આધાર-બીજને મણકારૂપ આપીને તંતુમાં પૂરી તેના આંકને શોધી આપવાનું કાર્ય કર્યું છે. ડૉ. સ્ટિથ થોમ્પસને આધાર-બીજને ગણિતનો સ્વાંગ સજાવ્યો છે અને આ પ્રકારની પ્રેરણા તેને ડૉ. આર્ને પાસેથી મળી છે. અહીં બ્લૂમિંગ્ટન-પદ્ધતિ પ્રમાણે આધારબીજની તપાસણી કરીશું.

લોકવાર્તાના પ્રારંભમાં જ બાદશાહ પાકટ વયનો થાય છે છતાં ય તે નિઃસંતાન છે, એમ કથીને અસામાન્ય[૧૪] પરિસ્થિતિ લોકવાર્તામાં સરજાણી. આધાર-બીજનું બીજ કાયમ છૂપાયેલ હોય, અસામાન્ય સ્થિતિમાં, આવો ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયનો મત છે.

આથી લોકવાર્તાના પ્રારંભથી જ આધાર-બીજની કણિઓ વિલસતી જોવા મળે છે. આ આધાર-બીજને નિઃસંતાનપણાનું આધાર-બીજ તરીકે ઓળખાવી શકાય. હિન્દુ પુરાણોની કથાઓમાં પણ આ આધાર-બીજ પડેલું છે, તેથી આ આધાર-બીજ વ્યાપક અને પ્રાચીન છે. અસામાન્ય ઘટનામાં વ્યાપકતા હોય તો જ તે આધાર-બીજ રૂપે સ્વીકૃતિને પામે છે.

બીજું, આધાર-બીજ છે પુત્રી-પ્રાપ્તિનું. જાણતલ જોશીએ કહ્યું કે પુત્રી જન્મશે પણ તે એવા સ્થળે લગ્ન કરશે કે જેથી કુટુંબને કલંક લાગે! આ પણ આધાર-બીજ ભારતની અનેક લોકકથાઓ અને પુરાણકથાઓમાં મળે છે. પરિણામે લોકમાન્યતા અને સામાજિક રૂઢિ-બંધનોમાં કે લોકમાન્યતામાં[૧૫] રાચતા માતા-પિતા જીવતી પુત્રીનો ત્યાગ કરે છે. ગ્રીસની લોકવાર્તામાં 'ઓડિપસ'માં આ આધાર-બીજ પડેલું છે. મહાભારતમાં કર્ણની કથામાં પણ આ

આધાર-બીજ છે તે જ આધાર-બીજ સસ્સી-પુન્નૂંમાં સોન-કંસારીમાં પણ આ આધાર-બીજ મળે છે.

જ્યારે પુત્રીને પેટીમાં પૂરીને તરતી મૂકે છે, ત્યારે મા-બાપની સ્વાભાવિક કૂણી લાગણીઓ દ્રવે છે ને તેથી પેટીમાં જર-જવેરાત ભરીને તરતી મૂકવામાં આવે છે, પણ આ લોકવાર્તામાં ચિઠ્ઠી લખીને મૂકે છે ને તે ચિઠ્ઠીમાં જર-જવેરાતના ત્રણ હેતુઓ પણ માંડવામાં આવે છે. આને શરતનું આધાર-બીજ તરીકે ઘટાવી શકાય. આ આધાર-બીજ વેદકાલીન સમાજ-રચનામાં મળે છે. ઉર્વશી-પુરુરવાના પ્રસંગમાં તેમ જ કચ્છની લોકકથા હોથલ ઓઢા જામની લોકકથામાં છે. આમ, આ આધાર-બીજ પણ અતિ પ્રાચીન અને વ્યાપક છે.

સસ્સી-પુન્નૂંની લોકકથામાં એક અતિ મહત્ત્વનું આધાર-બીજ છે. સસ્સી ઉંમરલાયક થાય છે ત્યારે તે તેના મા-બાપ કોણ છે તે જાણવા માટે ઉત્સુક બને છે. આવા પ્રકારનું આધાર-બીજ ભગવાન ઈશુના જીવનમાં અને ગાય-દ-મોપાસાંની ટૂંકી વાર્તા ' સિમન્સ પપ્પા 'માં પણ જડે છે. કર્ણ-કુંતીના આખરી મિલનમાં પણ જડે છે.

તો કોઈ યુવતિ યુવાવસ્થામાં આવે ત્યારે પ્રેમી માટેની ઝંખના કરે, તેનાં સ્વપ્નાં આવે. સસ્સીને પુન્નૂં સ્વપ્નમાં જોવા મળે છે. આ આધાર-બીજ પ્રેમાનંદના આખ્યાનમાંથી ' ઓખા-હરણ 'માં પણ જોવા મળે છે, અને બંને કથાઓમાં પ્રથમ દૃષ્ટિએ નાયક-નાયિકાની પ્રેમાવસ્થા સર્જકોએ બતાવી છે. પ્રણયકથાઓમાં આ આધાર-બીજ અતિ વ્યાપક બન્યું છે. અસામાન્ય પ્રકારનો દગો, ફટકો, છેતરપીંડી પણ લોકવાર્તાનું આધાર-બીજ બને છે. પણ તેમાંય પોતાનું ભાંડું ખેલ ખેલે ત્યારે તે આધાર-બીજ બને ! જગતમાં તો છેતરપીંડી ઈત્યાદિ ચાલે છે પણ ભાંડરડા જ્યારે દગોફટકો આચરે ત્યારે તે આધાર-બીજનો ઘાટ લે ! સસ્સી—પુન્નૂંમાં તો નહીં, પણ સસોઇ—પૂનામાં આ આધાર-બીજ સ્પષ્ટપણે ઉપસી આવે છે. પૂનાનો ભાઈ ચૂનો દગો કરી, ઘેનની દવા પાઈને પૂનાને ઉપાડી જાય છે.

છેલ્લે, સસ્સીના મૃત્યુની ઘટના. તેમાં આધાર-બીજ રૂપે જે અસામાન્ય ઘટના છે તે પૃથ્વીનું ફાટવું અને સસ્સીનું તેમાં સમાવું. રામાયણમાં પણ સીતાના મૃત્યુ વખતે તેવી જ ઘટના બનતી બતાવી છે. માતા—પુત્રીના સંબંધો હતા માટે માતાએ સમાવી લીધી પોતાનામાં, તેવી લોકમાન્યતા પણ લોકમાનસમાં રૂઢ થઈ છે. આવી અસામાન્ય ઘટનાને આધાર-બીજ સ્થાને લઈ શકાય અને તે જ ઘટના સસ્સી—પુન્નૂંની લોકકથામાં વર્ણવી છે.

આમ, સસ્સી—પુન્નૂંની લોકકથા આદર્શ લોકકથા તરીકે ઘટાવી શકાય છે અને તેમાંથી ઉદ્ભવેલ લોકકથા ' સસોઈ—પૂનો ' હાલારી, સોરઠી ધરતીના સ્વાંગમાં સસ્સી—પુન્નૂંની ઠીક ઠીક લગોલગ વહ્યા કરે છે.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં પ્રચલિત લોકકથાઓના આવા પ્રકારના અભ્યાસની સવિશેષ જરૂર છે, કેમ કે ઘરની લોકવાર્તાઓને પરપ્રાંતમાં અને પરદેશમાં વિહરતી કરી તેના આધાર-બીજના તંતુને અન્ય લોકકથાઓ સાથે સાંધવાનો સમય પાકી ગયો છે.

# સંદર્ભસૂચિ


૧ રૂપારેલ, પ્રકાશક : દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, વર્ષ ૨, ગ્રંથ-૧, ૧૯૫૪-૫૫, પૃ. ૭૯.

૨ रूसी लोककथाओ, સંપાદક : વીર રાજેન્દ્ર ઋષિ, પ્રકાશક : આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્લી-૬, પ્રથમ આવૃત્તિ, પૃ. ૮૮.

૨અ मांझल रात, સંપાદિકા : રાની લક્ષ્મીકુમારી ચૂંડાવત, પ્રકાશક : સાહિત્ય સંસ્થાન, રાજસ્થાન વિશ્વવિદ્યાપીઠ, ઉદયપુર, પ્રથમ સંસ્કરણ, સં. ૨૦૧૪ ભૂમિકા, પૃ. ૨૦.

૩ संचेतना (આજ કી અરબી કહાનિયાં), સંપાદક : ડૉ. મહિપસિંહ, ડા. નરેન્દ્ર મોહન, એચ. ૧૦૮ શિવાજી પાર્ક, રોહતક રોડ, દિલ્લી-૨૬, વર્ષ ૪, પૂર્ણાંક ૧૬ (શરદાંક ૧૯૭૦) પૃ. ૩૦

૪ રૂપારેલ, પ્રકાશક : દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, વર્ષ ૨, ગ્રંથ ૧, ૧૯૫૪-૫૫. પૃ. ૭૬.

૫ पंजाब की प्रेमकथाएं, લેખક : સન્તરામ વત્સ્ય, પ્રકાશક : નેશનલ પબ્લિશિંગ હાઉસ, ૯૬, દરિયાગંજ દિલ્હી, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૦, પૃ. ૩૧.

૬ એજન, દો શબ્દ, પૃ. ૫.

૭ રૂપારેલ, પ્રકાશક : દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, વર્ષ ૨, ગ્રંથ ૧. ૧૯૫૪-૫૫, પૃ. ૭૯.

૮ એજન, પૃ. ૭૬

૯ એજન લેખક : જાડેજા મહોબતસિંહ વિજયસિંહ, પૃ. ૭૬-૭૭.

૧૦ पंजाव की प्रीत कहानियां : શ્રી હરિકૃષ્ણ પ્રેમી, પ્રકાશક: આત્મારામ એન્ડ સન્સ, દિલ્લી, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૦, પૃ. ૧

૧૧ એજન.

૧૨ રૂપારેલ, પ્રકાશક : દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, વર્ષ-૨, ગ્રંથ-૧, ૧૯૫૪-૫૫, પૃ. ૭૬.

૧૩ ગુજરાતી સાહિત્ય : સામાન્ય તંત્રી : શ્રી કનૈયાલાલ મા. મુનશી, પ્રકાશક : શ્રી સાહિત્ય પ્રકાશક કં., મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૨૯, પૃ. ૧૬૯.

૧૪ लोक साहित्य की भूमिका, લેખક : ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય, પ્રકાશક, નાગરિણી પ્રચારિણી સભા, બનારસ, ૧૯૫૭, પૃ. ૨૯૧.

૧૫ The Standard Dictionary of Folklore Mythology and Legends, સંપાદિકા શ્રીમતી મેરિયા લીચ, ૧૯૫૦, ગ્રંથ ૧., પૃ. ૩૯૯,

# ચરોતરી બોલી

નરોત્તમ વાળંદ

ભાષા એ માનવજાતિને મળેલો એક અમૂલ્ય વારસો છે. માનવસંસ્કૃતિનું એ એક પ્રેરક બળ છે. પ્રજાની સંસ્કારિતા જેમ તેના રીતરિવાજોમાં વ્યક્ત થાય છે, તેમ તેની ભાષામાં અને સાહિત્યમાં પણ પ્રતિબિંબિત થાય છે.

ભાષા એ સમગ્ર પ્રદેશની, શિષ્ટ જનોની અને સાહિત્યની લેખનભાષા છે, જ્યારે બોલી ગ્રામજનોની રોજિંદા વ્યવહારની તળપદા શબ્દોની વાણી છે. સાચી ભાષા તે લખાતી નહિ, પણ બોલાતી હોય તે, એમ માનતા ભાષાશાસ્ત્રીઓ બોલાતી ભાષાને જીવંત અને મુખ્ય ગણે છે.

બોલીની અસ્મિતા નક્કી કરવામાં કેટલીક વાર તો, બિન-ભાષાકીય કારણો ભાગ ભજવતાં હોય છે. પ્રજાનું કોઈ એક જૂથ એક વિસ્તારમાં જામેલું હોય તો એની બોલી એ જૂથની પોતાની માલિકીની થઈ પડે છે, એટલું જ નહિ, પણ આખા વિસ્તારના સમાજમાં એનું વર્ચસ્વ જામે છે. આમ બોલીની અસ્મિતા જાળવવામાં તેની પ્રજાનો ફાળો ઝાઝેરો હોય છે. 'ચારણની બોલી તેનું શૌર્ય, દૂબળાની કાકલૂદીભરી વાણી તેની દીનતા, સુરતી માનવીની બોલી તેનું સહેલાણીપણું, તો ચરોતરી બોલી તે પ્રજાનું બરછટપણું વ્યક્ત કરે છે. એટલે બોલી, તે તે પ્રજાના જીવનનું પ્રતીક બની રહે છે.

ગુજરાતમાં વીસ ઉપરાંત બોલીઓ બોલાય છે, પણ મુખ્યત્વે સૌરાષ્ટ્રની, ઉત્તર ગુજરાતની, ચરોતરની અને દક્ષિણ ગુજરાતની ગણાય. દરેક બોલીમાં ઉચ્ચારની વિશિષ્ટ ખાસિયત અને તળપદા શબ્દો હોવાને કારણે એક બોલીથી બીજી બોલી, શબ્દો અને ઉચ્ચારની બાબતમાં એટલી તો જુદી પડે છે કે બેઉ એક જ ભાષાની બોલીઓ હશે એવું ભાગ્યે જ લાગે. સૌરાષ્ટ્રનો ચારણ અને સુરત બાજુનો દૂબળો પોતપોતાની બોલીમાં વાત કરે, તો એકબીજાને સમજી શકે નહિ, એટલી ભિન્નતા બે બોલીઓ વચ્ચેની હોય છે. 'બાર ગાઉએ બોલી બદલાય' એ કહેવત અનુસાર ભૌગોલિક ભેદો આ બોલીઓ માટે જવાબદાર હોય છે. આજકાલ ઝડપી વાહનવ્યવહાર, છાપાં, રેડીઓ, કેળવણી વગેરેથી માનવસમાજ શબ્દની સાંકળથી સંકળાતો રહ્યો હોઈ, બોલીઓ પોતાનું વ્યક્તિત્વ ગુમાવતી જણાય છે.

બોલીને અશુદ્ધ કે હલકી માનવાની જરૂર નથી. ચીપી ચીપીને પણ વિકૃત રીતે ભાષા બોલનારા કેળવાયેલા લોકો કરતાં નૈસર્ગિક મરોડ જાળવીને બોલી બોલતા પછાત લોકો ભાષાશાસ્ત્રના નિયમોને વધુ વફાદાર હોય છે. વળી બોલીનું ઉચ્ચારણ, ભાષાના ઉચ્ચારણ કરતાં જરાય સહેલું નથી. એટલે ભાષાની વિકૃતિ તે બોલી, એવો પૂર્વગ્રહ સેવવાની ય જરૂર નથી.

લૌકિક ખ્યાલ પ્રમાણે મહીકાંઠા અને વાત્રકકાંઠાની વચ્ચેનો પ્રદેશ ચરોતર કહેવાય છે. કેટલાક વિદ્વાનો 'ચારુતર' શબ્દ પરથી 'ચરોતર'ની વ્યુત્પત્તિ આપીને, એ પ્રદેશની ફળદ્રુપતા

અને સૌન્દર્યનો નિર્દેશ કરે છે. તેરમી સદીમાં રચાયેલ એક પુસ્તકમાં વપરાયેલો 'ચરોતર' શબ્દ સંખ્યાવાચક છે, જમીનવાચક નથી. પેટલાદ અને તેની આસપાસનાં ૧૦૪ ગામનું જૂથ 'ચરોતર' તરીકે ઓળખાતું, ભાટ લોકોની 'ચારસેં ચરોતર'ની પ્રશસ્તિઓમાં 'ચાર વત્તા સો' એટલે 'એકસો ચાર' ગામનો સંદર્ભ છે. હાલના મધ્ય ગુજરાતને અર્થાત્ ખેડા જિલ્લાને 'ચરોતર' તરીકે ઓળખવામાં આવે છે. લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇન્ડિયા' વૉલ્યુમ ૯, ભાગ-૨ના પૃષ્ઠ ૩૯૪ પર ચરોતર અને ચરોતરી બોલી વિષે આ પ્રમાણે ઉલ્લેખ છે: 'The Charotar or goodly land is a fertile tract in the centre of district of Kaira, where the Charotari dialect is spoken.' આમ, ખેડા જિલ્લાનાં ગામોમાં બોલાતી બોલી, તે જ ચરોતરી બોલી. ચરોતરી બોલીનું સ્પષ્ટ વ્યક્તિત્વ આણંદ અને તેની આસપાસનાં ગામોમાં નજરે પડે છે.

ચરોતરી બોલીની એક વિશિષ્ટતા તેના તાલુ વર્ણોના ઉચ્ચારણમાં છે. ચ, છ, જ, ઝ નાં ઉચ્ચાર કરતી વેળા જીભનું ટેરવું દાંતને સ્પર્શે છે એટલે કે સહેજ દંત્ય ઉચ્ચાર પણ સાથે ભળે છે. તેથી સ્ફોટ વ્યંજનને બદલે ઘૃષ્ટ કે સંઘર્ષી વ્યંજન જેવા ઉચ્ચાર થતા હોય છે. જેમ કે 'પાંચ'ને બદલે 'પૉંસ,' 'છીંકણી' ને બદલે 'શૈંકણી,' જોતર્યા' ને બદલે 'જ્ઝોતર્યા' અને 'ઝાડ' ને બદલે 'સ્ઝાડ' ઉચ્ચાર થાય છે. આવાં પ્રાકૃત ઉચ્ચારણ ઉત્તર ગુજરાતની બોલીમાં ય મળે છે.

ક, ખ, ગ, ઘ એ કંઠ્ય વર્ણો પછી જ્યારે એ, ઈ, શ જેવા તાલુ વર્ણો આવે, ત્યારે એ કંઠ્ય વર્ણો તાલુ વર્ણોમાં પરિણમે છે. જેમ કે 'કેટલું,' ને બદલે 'ચેટલું', 'ખેતર' ને બદલે 'છેતર' કે 'શેતર', 'ગયું' ને બદલે 'જ્યુ' અને 'ઘેટું' ને બદલે 'ઝેટું' એવાં ઉચ્ચારણો મળે છે.

સામાન્ય રીતે આદિ અને કેટલીક વાર અનાદિ 'સ' ચરોતરીમાં અઘોષ હ઼ એટલે કે જિહ્વા-મૂલીય સંઘર્ષી ધ્વનિરૂપે મળે છે. જેમ કે 'સારુ'નો 'હ઼ારુ' અને 'સાસુ'નો 'હ઼ાહુ' ઉચ્ચાર થાય છે. આવો અઘોષ ઉચ્ચાર દક્ષિણ ગુજરાતની સુરતી બોલીમાં પણ મળે છે, જેમ કે 'શાક'ને બદલે 'હ઼ાક' અને અને 'શું કરવાનો'ને બદલે 'હું કરવાનો'. પાંચમી વિભક્તિનો 'થી' પ્રત્યય ચરોતરીમાં 'હિં' રૂપે વપરાય છે. જેમ કે 'કયાંથી આવ્યા?'ને સ્થાને 'ચોંહિ આયા?' અને 'હાથથી ગયો' ને સ્થાને 'હાથૂહિં જ્યો' બોલાય છે. 'ળ' ને બદલે 'ર' ઉચ્ચાર કરવાની ચરોતરી બોલીની એક વિશિષ્ટતા છે. જેમ કે 'કેળવણી' નો 'કેરવણી' અને 'બાળક' નો 'બારક' ઉચ્ચાર થતો હોય છે. સૌરાષ્ટ્રના પશ્ચિમ ભાગમાં પણ 'ળ'કારને સ્થાને 'ર'કાર બોલાય છે. જેમ કે 'હથેળીમાં થાળી રાખી ગોળ ચાટ, ગળ્યો લાગે કે મોળો' એ વાકય 'હથેરિમાં થારિ રાખી ગર ચાટ્ય, ગર્યો લાગે કે મોરો' એ રીતે બોલાય છે.

ચરોતરી બોલીમાં શબ્દાન્તર્ગત 'ઢ'નું મૂર્ધન્ય ઉચ્ચારણ મૂર્ધન્યતર જેવું થાય છે, જેમ કે 'રૂઢિઓ'ને બદલે 'રૂઢ઼િયો' અને 'વાઢવું'ને બદલે 'વાઢ઼વું' બોલાય છે; જ્યારે સૌરાષ્ટ્રમાં 'ડ' અને 'ઢ'ના સ્પષ્ટ મૂર્ધન્ય ઉચ્ચાર થાય છે. જેમ કે 'ગાડ઼ી'ને બદલે 'ગાડી' અને 'કઢ઼ી'ને બદલે 'કઢી' એમ બોલાય છે.

શબ્દમાંના ‘ આ ’ પછી અનુનાસિક અથવા અનુસ્વાર આવે, તો ‘ ઑઁ ’ ઉચ્ચારણ થાય છે. ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીમાં પણ આ સ્થિતિ છે. જેમ કે ‘ રામ ’નું ‘ રૉઁમ ’, ‘ પાણી ’નું ‘ પૉઁણી , ‘ કાન ’નું ‘ કૉઁન ’ અને એવાં રૂપો થાય છે. અલબત્ત, લખતી વખતે ‘ ઑઁ ’કાર કાઢીને શુદ્ધ રીતે ‘ રામ ’, ‘ પાણી ’, ‘ કાન ’ એમ લખવાનો પ્રયત્ન થાય છે. પણ કેટલીક વાર એથી અવળી ભૂલ થાય છે, જેમ કે ‘ સૉઁપવું ’ એ શબ્દ ખરેખર શુદ્ધ છે, પરંતુ ચરોતરી બોલી બોલનારા કેટલાક લોકો ‘ સોંપવું ’ એમ લખે છે.

શબ્દમાંની ‘ ઈ ’ પછી અનુનાસિક કે અનુસ્વાર આવે તો તેનું ‘ ઍઁ ’ ઉચ્ચારણ થાય છે. જેમ કે ‘ છીણી ’નું ‘ છૅણી, ‘ નીક ’નું ‘ નૅક ’, ‘ લીમડો ’નું ‘ લૅંબડો ’, ‘ વીંટી ’નું વૅંટી ’ અને ‘ ભીંત ’ ‘ ભૅંત ’ એવાં રૂપો મળે છે.

શબ્દના આદિ સ્થાને આવેલા ‘ વ ’નો ઉચ્ચાર કેટલીક વાર ‘ અ ’ જેવો થાય છે. જેમ કે ‘ વાંદરો ’ને બદલે ‘ ઑઁદરો ’, ‘ વાણિયો ’ને બદલે ‘ ઑણિયો ’ અને ‘ વ્હોરો ’ને બદલે ‘ અ્હોરો ’ ઉચ્ચાર થાય છે.

શબ્દની વચ્ચે આવેલો ‘ ર ’, ‘ ય ’ કે ‘ ઈ ’ રૂપે ઉચ્ચારાય છે. દાખલા તરીકે ‘ દોરડી ’નો ‘ દોયડી ’ કે ‘ દોઈડી ’ અને ‘ સાવરણી ’નો ‘ હ્યાવૉણી ’ ઉચ્ચાર થાય છે. શબ્દમાં કેટલીક વાર ‘ હ ’ અને ‘ ય ’ શ્રુતિનો ઉમેરો થતો જોવા મળે છે. દાખલા તરીકે ‘ દાડમ ’નું ‘ દહાઢ્યમ ’, ‘ મડમ ’નું ‘ મઢ્યમ ’, વેંત ’નું ‘ વ્હૅંત ’, ‘ મોં ’નું મ્હોં ’ અને ‘ બળદિયો ’નું ‘ બરધ્યો એવાં રૂપ મળે છે. બીજો પુરુષ એકવચનનાં રૂપોમાં પણ ‘ ય ’શ્રુતિ ઉમેરાય છે. જેમકે ‘ હેંડ્ય ’, ‘ મેલ્ય ’ કર્ય.’

શબ્દાન્તે આવેલો અનુસ્વાર ઉચ્ચારાતો નથી, એ ચરોતરી બોલીની લાક્ષણિકતા છે. ‘ હું શું બોલું છું ? એ વાક્ય ‘ હુ શુ બોલુ છુ ’ એ રીતે ઉચ્ચારાતું હોય છે. ‘ ચંચળબહેન જમતાં હતાં તે ઊઠી ગયાં ’ એ વાક્ય ‘ ચંચરબ્હેન જમતા’તા તે ઊઠી જ્યા ’ એ રીતે બોલાય છે.

શિષ્ટ ગુજરાતીમાં અકારાન્ત નામોમાં એકવચન અને બહુવચનનાં રૂપો એકસરખાં હોય છે. જેમ કે ખેતર, ઘર, હાથ, પગ, માણસ; પરંતુ ઉત્તર ગુજરાત અને ચરોતરમાં શેતરાં, ઘરાં, હાથોં, પગાં, માણહાં એવાં બહુવચનનાં રૂપો થાય છે. વળી સ્ત્રીલિંગી નામોને લાગતા વિભક્તિ પ્રત્યયો, વિશેષણો અને ક્રિયાપદોને પણ લાગતા માલૂમ પડે છે. જેમ કે ‘ બધિયો બાયડિયો ઊભિયો હતિયો .’

રૂપપ્રક્રિયામાં પણ ચરોતરની કેટલીક વિશિષ્ટતા નજરે પડે છે. બીજો પુરુષ એકવચનનું રૂપ પ્રથમ પુરુષ એકવચન જેવું થાય છે. જેમ કે ‘ તું શું લખે છે ? ’ને બદલે તુ શુ લખુ છુ ? ’ એવો પ્રયોગ થાય છે. તો વળી, ‘ હું જાઉં છું ’ને બદલે ‘ હુ જા છ ’ એવો પ્રયોગ થતો હોય છે. ભવિષ્યકાળના ‘ કરીશ ’ને સ્થાને ‘ કરે ’, ‘ જોઈશ ’ને સ્થાને ‘ જોઈ ’ અને ‘ ખાઈશ ’ને સ્થાને ‘ ખાઈ ’ એવા પ્રયોગો ભીલી બોલીને મળતા આવે છે. અન્ત્ય ‘ શ ’નો ‘ હ્ ’ થઈને લોપ થયાનાં આ દૃષ્ટાંતો છે. એ પ્રમાણે ‘ જતો હતો ’માં ‘ હ ’નો લોપ થઈને ‘ જતો’તો ’ એવાં રૂપો મળે છે.

ચરોતરી બોલીમાં કેટલાક વિશિષ્ટ શબ્દપ્રયોગો અહીં નોંધવા જેવા છે. 'ચાલવું'નું 'હેંડવુ',' 'આપવુ'નું 'આલવુ', 'ત્યારે'નું 'તાણે', 'પકડો'નું 'ઝાલો,' 'શા માટે'નું 'શીદ,' 'નહીં તો'નું 'નકર' કે 'નકન્' એવાં રૂપો થાય છે. 'ધોકા' માટે 'બુહલું,' 'છાણાં' માટે 'જેયણાં,' 'દીવાસળી' માટે 'પેટાહ્રી' અને 'ઉઘાડવુ' માટે 'ઉઝેડવુ' એવા પ્રયોગો થાય છે.

ચરોતરી બોલીનો એક નમૂનો લઈએ :

'ચ્યમ સો રોંમજીભઈ! પોંશરા ચ્યોં હેંડ્યા? ઑાંમ તો આવો. બર્યુ હું તો તમોન્ ઓરશીએ ના હ્ર્ચ્યો. તમે ચ્યોંહિ આયા? હ્રારુ થ્યુક્ તમે ઑાંયજ મરી જ્યા. નઁકન્ હું તમાર્ ત્યહઁ આવતો'તો. આ જુવોન્ મારી હ્રાહુનાં ઑાંદરે શેતરઁનો શેલડિયો ઉભિયો ન ઉભિયો કઈડિ ખાધિયો, પેટાહ્રી હોય તો આલો. હું બીડી હ્રગાવું. તાણ્ એક વાત કઉ. કાલ્ય રાતે ચેટલાક ચોરે ગઁામમોં પેહ્રીન્ લવોંણાની દુકઁાનનું તારુ મચેડી નોંછ્યુ ને બાયણુ ઉઝેડીન્ મહીંથી બે ડબા ઝીના કાઢી લીધા. મેં હ્રોંભર્યું એ હ્રાચુક્ નઈ?'

ગુજરાતી ભાષામાં બોલીવૈવિધ્ય છે, અને તે તે બોલીનું પ્રાદેશિક મહત્ત્વ પણ છે. સાહિત્યમાં પણ બોલીની છાંટ મૂકીને પ્રાદેશિક અંશો આણવાના પ્રયત્નો થાય છે. જેમ કે શ્રી. ઈશ્વર પેટલીકરની નવલકથાઓમાં ચરોતરી બોલીના પ્રયોગો દ્વારા ચરોતરી વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. *

---

* 'આકાશવાણી', અમદાવાદ-વડોદરા પરથી તા. ૮-૭-'૭૧ના રોજ પ્રસારિત વાર્તાલાપ, 'આકાશવાણી'ના સદ્ભાવથી. આ લેખ તૈયાર કરવામાં 'ચરોતર સર્વસંગ્રહ'માંથી કેટલીક વીગતો લીધી છે, તેનો ઋણસ્વીકાર કરું છું.

# સૂરતી બોલી

વિજય શાસ્ત્રી

કોઈ પણ ભાષાને આપણે મુખ્યત્વે બે વર્ગોમાં વહેંચી શકીએ. એક તો શિષ્ટ ભાષા અને બીજી કથ્ય ભાષા. એક જ ભાષા બોલનારા લોકો પણ એ જ ભાષા જુદી જુદી રીતે બોલતા હોય છે. એટલું જ નહિ જ પણ એકજ વ્યક્તિ જ્યારે એક શબ્દ એક વાર બોલે અને બીજી વાર બોલે ત્યારે જુદી જુદી રીતે બોલતી હોય છે. આમ, ભાષાને જેમ માનવઉચ્ચારનું સ્વરૂપ મળે ત્યારે એ ઉચ્ચારોની વૈયક્તિક લાક્ષણિકતા અને લઢણો ભાષાને વળગે છે અને ત્યારે એ ભાષા 'બોલી'ના નામે ઓળખાય છે. દરેક વ્યક્તિ પાસે ભાષા ઉચ્ચારવાની પોતાની આગવી રીત હોય છે. આ રીતને ભાષાશાસ્ત્રની પરિભાષામાં 'વ્યક્તિ બોલી'ની સંજ્ઞા વડે ઓળખાવવામાં આવે છે. અંગ્રેજીમાં એને 'ઇડિયોલેક્ટ' પણ કહેવાય છે.

એક જ ભાષા બોલતા, મોટા પ્રદેશના માનવીઓ અનેક પેટાસમૂહોમાં વહેંચાયેલા હોય છે એક જ ભાષા બોલતાં લોકોમાં પણ સમાન જ્ઞાતિ, સમાન વ્યવસાય, સમાન વતનભૂમિ, સમાન રીતરિવાજો અને સમાન ધર્મના કારણે પેટાસમૂહો બંધાય છે અને આ પેટાસમૂહો સમગ્ર પ્રદેશની એક ભાષાને પોતાની આગવી પદ્ધતિએ બોલતા હોય છે. આવી 'બોલીને' અંગ્રેજીમાં 'કોલક્યુઅલ લેંગ્વેજ' અને ગુજરાતીમાં કથ્ય ભાષાના નામે ઓળખવામાં આવે છે. સાહિત્યની ભાષા એ શિષ્ટ અને વ્યાકરણપૂત ભાષા છે. આ ભાષા તેના શુદ્ધ સ્વરૂપમાં લોકો બોલી શકતા નથી અને તેથી તેને જુદા સ્વરૂપે ઉચ્ચારવામાં આવે છે. આમ એ રીતે શિષ્ટ ભાષામાંથી બોલીઓનો જન્મ થાય છે. આમ, બોલીઓ એ સામાન્ય જનસમૂહ દ્વારા જન્મ પામે છે. ઉપર જોયું તેમ જનસમૂહના પેટાવિભાગો સમાન ધર્મ, સમાન રીતરિવાજો, સમાન જ્ઞાતિ કે સમાન વ્યવસાયને કારણે એક જ પ્રકારની બોલી બોલતા હોય છે. 'બાર ગાઉએ બોલી બદલાય' એ કહેવતમાં પણ તથ્ય રહેલું છે, કારણ કે સામાન્ય રીતે એક જ ભૌગોલિક પ્રદેશમાં વસતાં માનવીની બોલી પણ સમાન જ હોય છે.

આપણા ગુજરાતમાં પણ છેક ઉત્તર ગુજરાતથી માંડીને દક્ષિણ ગુજરાત સુધીના સુદીર્ઘ પ્રદેશવિસ્તારમાં એક જ ગુજરાતી ભાષા પ્રવર્તતી હોવા છતાં તેની બોલીઓ અનેક છે એટલું જ નહિ, વિવિધતાવાળી પણ છે. ઉપરછલ્લી નજરે જોઈશું. તોપણ નીચેના પાંચ ભેદો મુખ્યત્વે દેખાઈ આવશે. એક તો ઉત્તર ગુજરાતની બોલી, બીજી મધ્ય ગુજરાતની બોલી, એટલે કે ચરોતરની બોલી, ત્રીજી સૌરાષ્ટ્રની બોલી, ચોથી કચ્છની બોલી અને છેલ્લે, પાંચમી દક્ષિણ ગુજરાતની બોલી અને તેમાં રહેલી છે સૂરતી બોલી. આ બોલીભેદો તો મુખ્ય મુખ્ય જ છે. આમાં પણ પાછા પેટાભેદો પડતા હોય છે. દાખલા તરીકે સૌરાષ્ટ્રની બોલીમાં જામનગર અને હાલાર તેમ જ ભાવનગરની આસપાસ અને ગોહીલવાડ વગેરે પ્રદેશોની બોલીઓ જુદી છે. દક્ષિણ ગુજરાતમાં પણ સૂરતની બોલી જુદી. વલસાડ અને પારડીની દેસાઈ કોમની બોલી જુદી. આહવાડાંગની રાની-

પરજ વસ્તીની બોલી જુદી, અરે, ખુદ સૂરતમાં પણ આહીર, નાગર, ખત્રી, વોરા, મેમણ, દૂબળા, રાણા અને ઘાંચી કોમની બોલીઓ પોતપોતાની આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે.

આમ, બોલીઓ સમાન હોવાનું એક મુખ્ય કારણ તે ભૌગોલિક પરિસ્થિતિ હોવાનું સમજાય છે. મોટે ભાગે એક જ પ્રદેશમાં વસતાં માનવીઓ એક જ પ્રકારની બોલી બોલતાં હોય છે, અને પ્રદેશ ભેદે જ બોલીભેદ સરજાય છે. પણ, આમ હોવા છતાં તેનો એક રસિક અપવાદ પણ સંશોધકોને મળી આવ્યો છે. જાણીતા ભાષાશાસ્ત્રી ડૉ. કાન્તિલાલ વ્યાસ પોતાના પુસ્તક 'ભાષાવિજ્ઞાન'માં સ્વિટ્ઝર્લૅન્ડનાં બે ગામોનો દાખલો નોંધે છે. તેઓ જણાવે છે કે 'સ્વિટ્ઝર્લૅન્ડમાં સમાન ભૌગોલિક પરિસ્થિતિવાળાં એકબીજાની તદ્દન પાસે આવેલાં બે ગામો "લા ફેરી" અને "લા બ્યૂઈઝ"ની બોલી તદ્દન નિરનિરાળી છે. એકની દક્ષિણ ફ્રાન્સની બોલીને મળતી અને બીજાની ઉત્તર ફ્રાન્સને મળતી બોલી છે. આ વિલક્ષણ પરિસ્થિતિ માટે સામાજિક પરિસ્થિતિની વિભિન્નતા કારણભૂત છે. એક ગામમાં લોકો પ્રોટેસ્ટંટ છે ને હુન્નરઉદ્યોગથી જીવનનિર્વાહ કરે છે, બીજાની વસતિ રોમન કૅથોલિક છે." આવાં કારણોસર, આ બંને ગામો વચ્ચે એટલો બધો ભેદ પડી ગયો હતો કે એકની બોલી બીજાથી સમજી શકાતી નહોતી.

આ થઈ, બોલીઓના ઉદ્ભવનાં કારણોની વાત. ગુજરાતમાં પણ ઉપર મુજબ પ્રદેશભેદે બોલીભેદો સરજાયા છે. હવે સૂરતી બોલીની વિશિષ્ટતાઓ જોઈએ.

સૂરતીઓ તેમની વિશિષ્ટ બોલી માટે ખ્યાતનામ છે. સૂરતની નાગર, વાણિયા, ખત્રી, ઘાંચી, વોરા, મેમણ, મુસ્લિમ, આહિર, ભૈયા, દૂબળા, રાણા વગેરે કોમોને પોતપોતાનું આગવું શબ્દભંડોળ છે, આગવી લઢણો છે અને આગવા ઉચ્ચારો છે.

'શ'નો 'હ' બોલવાનું વલણ તો સૂરતી બોલીમાં સર્વસાધારણ છે. 'શાક લઈ આવ'ને બદલે સૂરતી બોલીમાં 'હાક લી આવ' જ કહેવાશે. 'વલસાડ'ને બદલે 'વલહાડ' ને 'સૂરત'ને બદલે 'હૂરત' તો બધે જ સંભળાશે.

આવું જ બીજું વલણ તે તાલવ્ય 'શ'નો દંત્ય 'સ' બોલવાનું વરતાય છે. સાક્ષરશ્રી નરસિંહરાવ દીવેટિયાએ પણ આ લક્ષણ પોતાના 'ગુજરાતી ભાષા અને સાહિત્ય' નામના ગ્રંથમાં નોંધ્યું છે. આ વલણ પ્રમાણે 'કરશે?'ને બદલે 'કરસે?' અને 'શું?'ને બદલે 'સું?' જેવા ઉચ્ચારો સૂરતી બોલીમાં થાય છે.

સૂરતી બોલીનું બીજું એક સર્વસાધારણ લક્ષણ તે પદોના વ્યત્યયનું છે. શિષ્ટ ભાષામાં પાછળ બોલાતો ને લખાતો વર્ણ સૂરતી બોલીમાં આગળ આવી જાય છે ને એ રીતે વ્યત્યય થાય છે. દાખલા તરીકે 'ક્યારે આવ્યો'માંના 'આવ્યો'માં જે 'ય'કાર પાછળ બોલાવો જોઈએ તે 'ક્યારે આયવો?' એમ કરીને આગળ બોલાય છે. અને ગરગથ્થુ બોલીમાં તો આવો વ્યત્યયમૂલક ઉચ્ચાર ઠેર ઠેર સંભળાશે. દાખલા તરીકે બાપ પોતાના નિશાળમાં ભણતા છોકરાને છે પૂછે : 'અઈલા ઓ, હવારે કયલું તે લયખું કે ની?'

છેલ્લા શબ્દમાં ' નહીં 'ને બદલે ' ની 'નો પ્રયોગ થયો છે તે પણ સૂરતી બોલીનું જ એક આગવું લક્ષણ છે. ' ચાલ આવવાનો કે ની, ? ' ' ઘેર ગયેલો કે ની ? ' ' ઇન્ડિપેન છે કે ની ? ' જેવા પ્રશ્નાર્થોમાં પણ ' નહીં 'ને બદલે ' ની ' જ વપરાશે.

તેવું જ એક બીજું લક્ષણ સૂરતી બોલીમાં સંયુક્તાક્ષરોનો લોપ કરવાનું પણ જણાય છે.

' ક્યાં ગયેલા ? 'ના ' ક્યાં ? 'નો ' કાં ગેયલા , '

' ત્યાં શું છે ? 'ના ' ત્યાં 'નો ' તાં હુ઼ં છે ? '

' પાણીનો ગ્લાસ લાવ 'ના ' ગ્લાસ 'નો ' પાણીનો ગલાસ લાવ ' કે ' દોસ્ત, આપની હવે 'ના ' દોસ્ત 'નો ' દોસ, આપની હવે 'નો ઉચ્ચાર, સૂરતી બોલીમાં સંભળાશે. તેવો જ બીજો પ્રયોગ ' ત્યારે 'ને બદલે ' તીવારે ' બોલવામાં થયેલો જણાય છે.

વ્યાકરણની પરિભાષા જેને ' ક્રિયાતિપત્તિ ' તરીકે ઓળખાવે છે, એ અર્થના પ્રયોગો પણ, સૂરતી બોલીમાં આગવી રીતે થાય છે. ' ક્રિયાતિપત્તિ ' એટલે; જો, તો, એવી શરતવાળી રચનામાં વપરાતા પદો. દાખલા તરીકે ' જો તે આવત તો હું મારત ' તેને બદલે સૂરતી બોલીમાં ' જો તે આવતે કની તો હું મારતે જ ' એમ બોલાય છે. એમાં ' આવત 'નું ' આવતે ' અને ' મારત 'નું ' મારતે ' કરી નખાય છે. બીજો એક નમૂનો જોઈએ : ' વરહાદ ની પડતે તો વળી જતે ' વગેરે. આ ઉપરાંત ' કે નહિ 'ના અર્થમાં ' કની ' શબ્દનો પ્રયોગ પણ થાય છે.

સૂરતી બોલીનું એક અલ્પપરિચિત લક્ષણ તે ' અકાર 'નો ' એકાર ' કરવાનું છે. ' કાતર 'નું ' કાતેર, ' ' તાસક 'નું ' તાસેક ' કે ' સાકરલાલ 'નું ' સાકેરલાલ ' ક્યાંક ક્યાંક સંભળાય છે ખરું.

પણ સૂરતી બોલીની ખરી વિશિષ્ટતા તો ' ત 'નો ' ટ ' બોલવામાં, ' ણ 'નો ' ન ' બોલવામાં અને ' ધ ' નો ' ઢ ' બોલવામાં વરતાય છે.

' તમે પણ શું ? 'ને બદલે સૂરતીમાં તો ' ટમે પન સું ' ? એમ જ બોલાશે.

' બધા 'ને બદલે ' બઢઢા ' જ બોલાશે અને ' ધનાધની થઈ ગઈ 'ને બદલે ' ઢનાઢની થઈ ગઈ ' એમ જ બોલાશે.

' ન 'નો ' લ ' કરવાનું વલણ પણ સૂરતી બોલીની જ એક આગવી વિશિષ્ટતા દર્શાવે છે ' નાખ અહીંયા 'ને બદલે ' લાખ અહીંયા ' બોલાશે. ખાસ તો, ' બહુ નાનું છે ' જેવા વાક્યમાં ' બૌ નાનલું છે ' જેવો પ્રયોગ પ્રચલિત છે. ઉપરાંત ' બદનામ 'ને બદલે ' બદલામ '. ' નવટાંક 'ને બદલે ' લવટાંક ' પણ બોલાય છે.

કેટલીક વાર ' હ 'નો ' અ ' જેવો ઉચ્ચાર થાય છે. જેમાં ' હવે 'ને બદલે ' અવે ' બોલાય છે.

' છોકરો 'ને માટે ' પોયરો ' અને ' છોકરી 'ને માટે ' પોયરી ', ' પોરી ' કે ' પોટ્ટી ' જેવો પ્રયોગ પણ સૂરતી બોલીમાં છે જે કદાચ, મરાઠી ' પોરગા ' અને ' પોરગી ' શબ્દોના પ્રયોગ પરથી કે ભીલી કે ખાનદેશીના પરિચય પરથી પણ થયો હોવાનો સંભવ છે.

'બહુ 'ને બદલે 'બૌ' અને 'અહીંયા 'ને બદલે 'ઐંયા' એવો ઉચ્ચાર પણ પ્રચલિત છે જ. અને એમાં અસંયુક્ત કરવાની પ્રક્રિયા પણ દેખાય છે.

નિરક્ષરવર્ગમાં 'ય 'કારનો લોપ કરવાનું વલણ સ્વાભાવિક છે. 'મ્યુનિસિપાલિટી 'ને બદલે 'મુનસિપાલટી ' કે 'ત્યાં 'ને 'તાં 'ને 'કયાં 'ને બદલે 'કાં' એ વર્ગમાં સહજ રીતે જ બોલાય છે.

કેટલીક વાર ફારસી 'યાર' શબ્દનો પ્રયોગ પણ સૂરતી લઢણમાં થાય છે. સાધારણ રીતે શિક્ષિતો આવો પ્રયોગ ઘણી વાર કરતા હોય છે. દાખલા તરીકે 'યાર, તું બી ખરો છે', કે 'જવા દેની યાર માથાકૂટ' જેવા વાકયપ્રયોગોમાં આવો 'યાર' શબ્દ સંબોધનાર્થે આવે છે.

બીજી એક વિશિષ્ટતા તે 'બી' શબ્દની છે. કદાચ સૂરતી બોલીમાં જ આ 'બી' શબ્દને 'પણ 'ના અર્થમાં વાપરવામાં આવે છે. દાખલા તરીકે 'તમે પણ શું યાર?' કહેતી વ્યક્તિ 'તમે બી હું યાર?' એમ કહેશે. તો કેટલીક વાર 'સામેલ થવું 'ના અર્થમાં પણ 'બી' શબ્દ વપરાય છે. 'હું પણ આવવાનો 'ને બદલે 'હું બી આવવાનો' એમ કહેવાય છે.

તેવી જ બીજી એક વિશિષ્ટતા પ્રશ્નાર્થક પ્રયોગ 'નહીં ત્યારે?'ને બદલે 'ની ત્યારે'? જેવો પ્રયોગ કરવાની છે. આવો પ્રયોગ પણ સૂરતી બોલીની આગવી લાક્ષણિકતા છે. દાખલા તરીકે આપણે કોઈને પૂછીએ કે 'તમે પણ સરકસ જોવા ગયેલા?' ત્યારે એ કહેશે: 'ની ત્યારે?'

ભવિષ્યકાળનાં રૂપોમાં પણ સૂરતી બોલીની એક વિશિષ્ટતા છે. ભવિષ્યકાળનાં રૂપોમાં 'હું જઈશ', 'હું આવીશ', 'હું મારીશ' એવા પ્રયોગોમાં 'હું જવા' 'હું આવા!' 'હું મારા' એવા પ્રયોગો થયેલા જણાય છે.

આ સિવાય બીજી એક વિશિષ્ટતા તે 'બે 'ની છે. મારામારી કરતાં છોકરાઓને છોડાવવા વચ્ચે પડનાર વ્યક્તિ પેલા બેમાંથી એક છોકરાને કહેશે: 'બે, છોડની.' અને જો તે છોકરો જબરો હશે તો સામું કહેશે 'હું છે, બે?'

આમ 'બે' શબ્દ બે રીતે વપરાય છે; તો ત્રીજી એક રીતે પણ વપરાય છે અને તે આશ્ચર્ય દર્શાવવા માટે. દાખલા તરીકે એક માણસ બીજાને માહિતી આપે છે કે: "પેલો જીવણ તો નપાસ થયો." ત્યારે સાંભળનાર વ્યક્તિ આશ્ચર્ય પામી બોલી ઊઠશે: 'હેં?! ઓ બે, મને તો એમ કે પાસ ઓહે!'

'કહે 'ને બદલે 'કેય' બોલવાનું પણ સૂરતી બોલીમાં સાધારણું છે. એક પ્રસંગ પરથી આ વલણ સ્પષ્ટ થશે.

મેં મારા પટાવાળાને એક દિવસ કહ્યું: 'જા, ઉપર સાહેબને પૂછી આવ કે તેઓ નીચે આવે છે?'

પટાવાળો ગયો.

થોડી વારમાં પાછો આવ્યો ને મૂંગો મૂંગો ઊભો રહ્યો.

મેં પૂછ્યું : 'શું કહ્યું ?'

તે બોલ્યો : 'એ તો એમ કે...ય કે ના કે...ય !'

આ પણ સૂરતી બોલીની જ એક લઢણ છે.

આ ઉપરાંત બીજી પણ અનેક સૂક્ષ્મ વિશિષ્ટતાઓ સૂરતી બોલી ધરાવે છે. તેની લઢણો પોતીકી છે.

'તાં હું જવાનું ?' 'ગિયા ને મૂઈકા' જેવા વાક્યમાં 'ગયા'ને બદલે 'ગિયા' જેવો પ્રયોગ કે કોઈ વસ્તુને બિનમહત્ત્વની બતાવવા માટે થયેલો 'એ ક્લિમમાં હું લેવાનું છે. ?' જેવો પ્રયોગ, કે ભય બતાવતો 'મારી લાઈખા' જેવો પ્રયોગ, સામાનું અપમાન કરવા 'બેહ, બેહ, જોયોની હોય તો મોટો', કે 'તું હું કરી લેવાનો ?' જેવા પ્રયોગો પણ સૂરતી બોલીમાં ઉલ્લેખપાત્ર બની રહે છે.

કેટલીક વાર 'અરે'ને બદલે 'અડે', આ બાજુને બદલે 'આફા' બોલવું ને 'તે બાજુને' બદલે 'તીફા' બોલવું, 'સોડા'ને બદલે 'સૉદા' કહેવું, 'છાંટોપાણી'ને 'છાંતોપાની' કહેવું, 'મોતી ટોકિઝ'ને 'મૉટી તૉકિઝ' કહેવું, 'એકડા'નું 'ઍકથા', 'કંઠ'નું 'કંથ', 'પંદર'નું 'પંડર', 'એકલો'નું 'એખલો', ગોટાળો'નું ઘોટાળો' બોલવું એ સૂરતી બોલીની જ બલિહારી છે.

સૂરતી બોલીની વિશિષ્ટતાઓનો આ અછડતો પરિચય પૂરો કરતાં પહેલાં સૂરતી બોલીના જ એક મહત્ત્વના અંગરૂપ 'પારસી' બોલીનો ઉલ્લેખ કર્યા વગર ચાલે તેમ નથી. ઈરાનથી આવેલા પારસીઓને સૌ પ્રથમ આવકાર મળ્યો ગુજરાતના સંજાણમાં અને ત્યાર પછી ગુજરાતને જ વતન બનાવીને રહેલા પારસીઓએ બોલીની બાબતમાં, તેમ છતાં, સ્વકીય મુદ્રા જાળવી રાખી છે એટલું જ નહિ પણ અન્ય કોમોના મુકાબલે તેની મીઠાશ, માધુર્ય અને શિષ્ટતાના કારણે ઉપસાવી પણ છે જ.

સૂરતની પારસી બોલીમાં મુખ્યત્વે તો ઉચ્ચારભેદ જ નોંધનીય બની રહે છે, પણ તે નોંધતાં પહેલાં તેમની બોલીના અર્થભેદ ધરાવતા બે શબ્દો નોંધી લેવા જોઈએ. 'તાવ આવ્યો છે' એ વાક્યમાંના 'તાવ' શબ્દને માટે પારસી બોલીમાં 'તાપ' શબ્દ છે અને 'તે સાંભળ્યું' એવા પ્રયોગમાં 'સાંભળ્યું'ને બદલે તેઓ 'તેં સમજ્યું ?' એવો પ્રયોગ કરે છે. આ પછી 'જઈશ'ને માટે 'જવસ' 'બદનામ'ને માટે 'બદલામ' 'સુંદર'ને માટે 'ખૂબસૂરત' 'હશે'ને માટે 'હોસે' 'આ'ને બદલે 'આંય' જેવા પ્રયોગો પણ પારસી બોલીની વિશિષ્ટતા જ પ્રગટ કરે છે.

સૂરતી બોલીનું સ્વરૂપ આમ વૈવિધ્યસભર છે. સૂરતની જુદી જુદી કોમો, જુદા જુદા વ્યવસાયો, નવા નવા શબ્દપ્રયોગો ઉપજાવતી યુવાન પેઢીની ફૅશન વગેરે અનેક પરિબળો બોલીના સ્વરૂપને ઘડવામાં તેમ જ વિકસાવવામાં ફાળો આપતાં રહે છે.

[ આકાશવાણીના સૌજન્યથી ]

# રાઠવા કોળીનાં ઉખાણાં

શંકરભાઈ સોમાભાઈ તડવી

૧ શિયાળામાં તનની શક્તિ વધારવા જેમ પૌષ્ટિક વસાણાં, પાક લાડુ ખાવાનો ચાલ છે તેવી જ રીતે મનની બૌદ્ધિક તાકાત વધારવા માટે લોકસમાજે વરતાં, ઉખાણાં કે કોયડાની યોજના કરી હશે.

વરતો અરથ, અરથાં, ઉખાણાં, ઉરખાંણાં તરીકે ઓળખાય છે.[૧] તે સમસ્યા, પ્રહેલિકા નામે અને હિન્દીમાં पहेलियाँ નામે ઓળખાય છે. બંગાળી લેખક નરેશચંદ્રે પોતાની નવલકથાનું નામ 'પ્રહેલિકા' રાખ્યું છે. નરસિંહગઢ (મ. પ્ર.)ની ડિગ્રી કૉલેજના પ્રો. શ્રી. શંકરદયાલ ચૌઋષિજીએ ડી.લીટની ડિગ્રી માટે 'पहेलियाँ में लोकसंस्कृति' નામે થીસીસ લખવા માટે અમારી સાથે પત્રવ્યવહાર કર્યો હતો.

વરતો-ઉખાણાં એ ભારતીય સાહિત્યનું મહત્ત્વનું અંગ છે. વરતોના ગુણથી મુગ્ધ થઈને ભારતીય ભાષાઓમાં વરતો-ઉખાણાંની રચના વખતોવખત થતી ગઈ છે. હિન્દીમાં पहेलियाँ વિશાળ પ્રમાણમાં મળી આવે છે. તેના અનેક સંગ્રહો બહાર પડચા છે. 'નવાં વરતાં', 'કાગા હાથ કાળી દાઢી' વગેરે પ્રસિદ્ધ છે. શિક્ષણમાં વરતો-ઉખાણાં સામાન્ય જ્ઞાનના પ્રચાર માટે ખૂબ ઉપયોગી છે. એટલે નવાં નવાં ઉખાણાં પ્રયોજાતાં જાય છે. આ ક્ષેત્રમાં પ્રગતિ માટે પૂરતો અવકાશ છે. નવીન રૂપમાં બહુ ઓછા પ્રયોગો સફળ રીતે પ્રસિદ્ધ થયા છે. ગુજરાતીમાં નવાં ઉખાણાંમાં શ્રી. રમણલાલ સોની કૃત 'ગાંધીજીનાં ઉખાણાં' આવકારદાયી છે.

કવિ શામળ ભટ્ટે પોતાની વાર્તાઓમાં લોકરંજન કાજે વરત-ઉખાણાંનો છૂટે હાથે સફળ પ્રયોગ કરેલો છે. એનાં મોટા ભાગનાં પાત્રોને ઉખાણાં-સમસ્યાઓનો શોખ છે, પછી તે સ્ત્રી હોય કે પુરુષ, વિક્રમ જેવો રાજા હોય કે પંડિત, ધોબી હોય કે માળણ. તેના છપ્પામાં આવતી સમસ્યાઓ અને બોધક ઉક્તિઓનાં મૂળ સંસ્કૃત સુભાષિતોમાં જોવા મળે છે.

જૂના વખતમાં માણસની બુદ્ધિનું માપ કાઢવાનું સર્વમાન્ય ધોરણ સમસ્યાઓ અને ઉખાણાં ગણાતાં. સમસ્યાઓ પૂછવી અને તેના ઉત્તર આપવા એ ભોજ અને કાલિદાસની પંડિતસભાની માફક સામાન્ય લોકસમુદાયની પણ બૌદ્ધિક આનંદ આપે તેવી પ્રિય રમત હતી.

---

૧ પહેલાંના જમાનામાં આપણે ત્યાં આખ્યાનો થતાં. આખ્યાનોમાં આવતી વિગતોનો ફોડ અને તેનો અર્થ સચોટ રીતે સમજાવવા તેમાં દૃષ્ટાંતરૂપે દાખલાઓ—બીજી આડકથાઓ કહેવાતી. આ આડકથા—દૃષ્ટાંતકથાઓ--ઉપાખ્યાન કહેવાય આ ઉપાખ્યાન ઉપરથી પ્રાકૃતમાં 'ઉપક—ખાણય', અને તેના ઉપરથી ગુજરાતીમાં 'ઉખાણું' શબ્દ પ્રચલિત થયો. જો કે પ્રાચીન મધ્યકાલીન સાહિત્યમાં ઉખાણાંનો અર્થ 'કહેવત' તરીકે થયો છે.

—શ્રી. ચંદ્રકાન્ત વાઘેલા : 'ગુજરાતી લોકસાહિત્યમાળા' મણકો ત્રીજો. પૃ. ૧૨૮.

લોકકથાઓ ઉપરાંત લોકનાટય ભવાઈમાં પણ આ સમસ્યાઓ સ્થાન પામેલી છે.[૨]

વરતો-ઉખાણાંનું મનોરંજક સાહિત્યમાં અનોખું વિશિષ્ટ સ્થાન છે. મનોરંજનની સાથે તે જે તે પદાર્થના ચિત્રની ખાલવણી, જિજ્ઞાસા અને અન્વેષણશક્તિ આપવાનો મુખ્ય ગુણ ધરાવે છે; અને સૌથી મજાની વાત તો એ છે કે, તેનું વસ્તુવર્ણન એટલું અદ્ભુત અને આકર્ષક હોય છે કે જેને ઉખાણું પુછાયું હોય તે શોધક તે એક જ વસ્તુને ખોળતાં ખોળતાં સંસારની અનેક વસ્તુઓની શિઘ્ર ઓળખ કરતો કરતો તે વસ્તુને ખોળવા પોતાના અનુભવોની મનોભૂમિમાં પવનવેગે ફરી વળે છે.

શિયાળામાં સગડીએ તાપતાં તાપતાં 'વરતો નાખવા 'નો ચાલ હજી ય આપણાં ગામડાંની જાતિઓમાં ચાલુ છે. એકાદ વૃદ્ધ વડીલ પૂછે છે અને પૌત્ર-પૌત્રીઓ જવાબ આપે છે. ના આવડે એટલે વડીલ જવાબ કહી દે છે. બાળકો હસી પડે છે. નવાઈ પામે અને તેમની જિજ્ઞાસા વધતી જાય—નવાં ઉખાણાં—વરતો કહેવાતાં જાય—તેમનો સમય આનંદમય રીતે પસાર થઈ જાય છે અને તે સમયમાં પોતે કેટલો જ્ઞાનભંડાર પ્રાપ્ત કર્યો તેનું અનુમાન તેઓ કરી શકતાં નથી. કારણ કે ઉખાણાં તેમણે સંસાર અને જીવનના પ્રત્યેક ક્ષેત્રની એક શોધક યાત્રા કરાવી સામાન્ય જ્ઞાનનું ભાથું બંધાવી આપે છે. કોઈ પણ જાતના પૂર્વપાઠ વિના બૌદ્ધિક સામાન્ય જ્ઞાન વધારવાની કેવી અજબ રચના આ વરતો—ઉખાણાંમાં છે !

૨ વડોદરા જિલ્લાના નસવાડી તાલુકામાં વસતા કોળી લોકો પોતાને તો 'કોળી' નામે ઓળખે છે, પરંતુ સરકારી દફતરમાં તેઓ 'રાઠવા કોળી' તરીકે ઓળખાય છે. મારે રાઠવા-કોળીઓના સીમેલ ગામે તા. ૨૮-૫-'૫૫ થી ૧૧-૯-'૬૨ સુધી રહેવાનું થયેલું. તે દરમિયાન બીજા લોકસાહિત્યના સંપાદન સાથે તેઓનાં વરતો-ઉખાણાંનું સંપાદન કરેલું. તે અહીં રજૂ કરવામાં આવ્યાં છે. તેઓ ઉખાણાંને 'ઉખાણો', 'ઉળખાણ' કે 'ઓળખોણાં' નામે ઓળખાવે છે.[૩]

૩ વરતો—ઉખાણાં એક લીટીનાં, બે લીટીનાં કે દોહરા જેવાં હોય છે. અહીં ક્રમાંકમાં જવાબ, મૂળ બોલીમાં ઉખાણું, તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ અને સામાન્ય અર્થ આ રીતે રજૂઆત કરી છે.

૪ બધાં ઉખાણાં પૈકી અનુરું ( સીતાફળ ), કપાસ, કાપડું, કેરી, કેળાં, કોસ, ઘડિયાળ, ઘૂઘરા, ચણોઠી, જીભ, જુવારનું કણસલું, ઢોલ, તાળું, તાડફળ, દાતરડું, નળિયાં, નાળિયેર, પતંગ, ફેંટો, પાણીનું પૂર, બળદનું છાણ, મકાઈ, મરચું, માળો, રાત, રાયણ, રીંગણું, રોટલા, વલોણું, વળગણી, વીંછી, સાવરણી, સૂરણ, અને હુકકો એ ઉખાણાં ગુજરાતના જુદા જુદા પ્રદેશમાં પ્રચલિત છે. ઉપરોક્ત ઉખાણાં રાઠવાકોળીમાં રૂપાંતર પામ્યાં છે તે એમના જીવનને અનુરૂપ છે. જેમકે ઘડિયાળ વિષેનું ઉખાણું. ઘડિયાળને કરચલાની ઉપમા આપી છે !

---

૨ જુઓ શ્રી. પુષ્કર ચંદરવાકર : 'નવો હલકો ' : પૃ. ૧૬૦ : 'સાડી ગુલાબી મંગાવો '.

૩ જુદી જુદી જાતિઓમાંથી સંગ્રહેલાં થોડાંક વરતો-ઉખાણાં માટે જુઓ : 'ઝરણું ' જાન્યુઆરી ૧૯૬૪ : 'કાન અમારી કામિનિ ' પૃ. ૨૧

અળશિયું, ઇંદ્રવરણું, ઈંડું, ઉંદર, કઢાઈ-વૃક્ષ, કૂતરો, કેરી-૧૫:૬, ખા’વાનું મૂળ, ઘંટી, ચાટવો, ડામચિયું-૪૩:૧, ડેડકું, ઢેબરાં, તાડ, તુવેર, તુવેરનાં કરાંઠાં, પતરાળું, પાકેલું આંબલું, પાણી ઝીલો, પાણીનું પૂર, બળદ, બોર અને તેના કાંટા, ભીંડી, ભીંતડું, ભીંગારીનું ઘર, મધ, મરુડું, રાતદિવસ, રેંપી, વળગણી, વાંસ, શીમળો, સિંધણી, રતન, હગાર, અને હુક્કોમાં એમના જીવનની મૌલિકતા છે. તો દેવચકલીનો માળો, ગોફણ, ઘઉંનો કંસાર, તણાતો કચરો, લીંટ વગેરે એમનાં મૌલિક ઉખાણાં છે. ‘તણાતો કચરો’ શબ્દ પ્રયોગની નજરે ધ્યાન ખેંચે છે. એમનાં ઉખાણાંમાં સારું એવું સામાન્યજ્ઞાન સમાયેલું છે. હમણાં જ હિન્દીમાં ‘विश्व पहलियाँ’ નામે વિજ્ઞાનનું પુસ્તક પ્રગટ થયું છે.

આ ઉખાણાં ઉપરથી રાઠવાકોળીઓની માન્યતાઓ અને અનુભવો વિષે પણ સારી જેવી માહિતી આપણને મળી શકે તેમ છે.

## ૧ અનુરું (સીતાફળ)

૧–૧ પેટમેં દાંત[૧]
પેટમાં દાંત

અનુરા (સીતાફળ : અનુસ)માં અંદર ગર અને બીયા હોય છે. છાલ એ પેટ અને ગરવાળા બીયા એ દાંત.

૧–૨ તારા પેટમેં દાંત—તે હું ?
તારા પેટમાં દાંત—તે શું ?

## ૨ અસ્તરો (રેઝર)

૨–૧ બોડિયા ડુંગર તેતેરા નાસે.
બોડિયા ડુંગર ઉપર તેતરો નાચે.

અસ્તરા વડે નાયી હજામત કરાવનારનું માથું બોડકું કરે છે. બોડકા માથા ઉપર અસ્તરો ઝડપથી ફરતો હોય છે. તેને તેતરો (પક્ષી) નાચતાં હોય એમ કલ્પેલ છે.

## ૩ અળશિયું

૩–૧ જીવ શે પણ આડ઼કું[૨] નથી.
જીવ છે પણ હાડકું નથી.

પશુ-પ્રાણીઓનાં શરીરમાં હાડકાં હોય છે પરંતુ અળસિયાના શરીરમાં હાડકું નથી. તે ઉપરથી કલ્પેલ છે.

---

૧ પાઠાંતર : દાડમ માટે પણ ‘પેટમાં દાંત’ એમ પૂછાય છે.

૨ નીચે બિંદીવાળા ‘અ઼’નો ઉચ્ચાર હકારસૂચક છે અને ‘સ઼’નો મરાઠી ‘ચટણી’ના ‘ચ’ જેવો અને ‘ડ઼’નો હિન્દી ‘દૌડવું’ના ‘ડ઼’ જેવો.

## ૪ ઇંદ્રવરણું[3]

૪-૧ તારા પેટમેં કોયલા—તે હું ?
તારા પેટમાં કોલસા—તે શું ?

ઇંદ્રવરણું ઉપરથી રૂપાળું હોય છે. તેને ભાંગીએ ત્યારે અંદર બી અને ગર કાળા રંગનાં દેખાય છે.

## ૫ ઈંડું

૫-૧ હોના હરકું ઘર તીને બા'ર ની[4]
સોના સરખું ઘર તેને બારણું નહિ.

સોનું સુંવાળું હોય છે તેવું ઈંડું રૂપાળું દેખાય છે. અંદર બચ્ચું બેઠેલું હોય છે. બચ્ચાનું ઘર ( ઈંડું ) છે પણ તેને બારણું નથી, એટલે કે નજરે જોઈ શકાય એવું છિદ્ર હોતું નથી તેથી.

૫-૨ ડોબું વાયું તારે આડકું નાઈખું,
આડકું વાયું તારે પાડું નાઈખું.
ભેંસ વીયાઈ ત્યારે હાડકું નાખ્યું,
હાડકું વીયાયું ત્યારે પાડું નાખ્યું.

ભેંસ એટલે મરઘી ( કૂકડી ) સગર્ભા હતી તેને પ્રસવ થયો એટલે ઈંડું મૂકયું. ઈંડા ઉપરનું કોટલું નક્કર એટલે તેને હાડકું ગણ્યું. આ હાડકું ઈંડુ વીયાયું એટલે ફૂટયું ત્યારે તેમાંથી ભેંસને પાડું જન્મે તેમ બચ્ચું થયું.

## ૬ ઉંદર

૬-૧ હીંહણો ઘોડો પાટડીઓ કૂદે,
હણહણાટ કરતો ઘોડો પાટડીઓ કૂદે.

ઉંદર ચાર પગવાળો છે. ઘરનાં લાકડાં પાટડા વગેરે ઉપર ચીંચીં બોલતો કૂદકા મારે છે.

## ૭ ઊધઈ

૭-૧ બધાથી દાઁત કોના મોટા ?—ઊધેવ.
બધાથી દાંત કોના મોટા ?--ઊધઈના.

ઊધઈના દાંત નક્કર નથી હોતા પણ તે લાકડું, ગમે તેવી કઠણ ચીજ વગેરેને કાતરી ખાય છે.

## ૮ કઢાઈ-વૃક્ષ

૮-૧ આઈહ હુંમાળી ને દીકરાં કટાળાં.—કણેચી
મા સુંવાળી ને છોકરાં કાંટાળાં—કઢાઈ વૃક્ષ.

---

૩ ઇંદરયું-ઇંદરવું ( લોકબોલીમાં ).

૪ સરખાવો : ગામીત ઉખાણું : 'ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો ત્રીજો : પૃ. ૧૩૪.

આઈહિ ( આડી ) મા એટલે કડાઈ ( કઢાઈ ) વૃક્ષ. તેને પાતળી છાલ હોય છે. તે વારંવાર ઊખડી જાય છે. એટલે સુંવાળું દેખાય છે. તેને જે ફળ આવે છે તે કાચકાના ફળ જેમ નાના કાંટાવાળાં હોય છે. તેથી મા એટલે વૃક્ષ અને છોકરાં એટલે ફળ.

## ૯ કપાસ

૯–૧ ઊંધી પાટુડીએ દૂધ વેરાય.
ઊંધી પાટુડીથી દૂધ ઢોળાય.

કપાસનું જીંડવું ફાટે છે ત્યારે ધોળો દૂધ જેવો કપાસ દેખાય છે. ફાટેલું કાં'લું નીચું નમે છે— ઊંધું થાય છે છતાં કપાસ નીકળી પડતો નથી.

૯–૨ પાટિયો ભરેલું દૂધ ઊંધું વાળે પણ ઢોખાય નઈ.
દોણી ભરેલું દૂધ ઊંધું વાળે પણ ઢોળાય નહિ.

પાટિયો એટલે ગોળ દોણી. અહીં ફાટેલા જીંડવાના કાં'લાને દોણી અને કપાસને દૂધ કલ્પ્યું છે.

૯–૩ તારા પેટમેં દૂધ—તે હું ?
તારા પેટમાં દૂધ—તે શું ?

જેની અંદર દૂધ જેવું રૂ ભરેલું છે તે કપાસનું જિંડવું.

## ૧૦ કાપડું

૧૦–૧ ડોહી ઊઠી એવી ભોગળામેં હાથ નાખે.[૫]
ડોસી ઊઠી એવી દરમાં હાથ ઘાલે.

ડોસી સવારમાં ઊઠીને દર જેવી લાંબી બાંયમાં હાથ નાંખીને પહેરે છે.

## ૧૧ કાપડાની કસો

૧૧–૧ સ્રાર બદીયા, તીમાં બે આગળ બોંઇધા બે પાશળ બોંઇધા.[૬]

ચાર બળદિયા, તેમાં બે આગળ બાંધ્યા, બે પાછળ બાંધ્યા.

કાપડાની કસો બે આગળ બાંધી, બે પાછળ બાંધી.

## ૧૨ કાંચીડો

૧૨–૧ સ્રાર પગાળી ઈંડાં મેલે,
ચાર પગવાળી ઈંડાં મૂકે.

ચાર પગવાળાં પશુ ગણાય છે તે કદી ઈંડાં મૂકતાં નથી. કાંચીડો ( માદા ) ચાર પગવાળી હોય છે અને તે ઈંડાં મૂકે છે.

---

૫ પાઠાંતર : ડોહી ઊઠી ઊઠીને ભોગળામેં હાથ ઘાલે.

૬ કાપડાની કસો હાલમાં બે હોય છે. તે પાછળ જ બાંધવામાં આવે છે. પહેલાં કાપડાની કસો ચાર મૂકવામાં આવતી હોવી જોઈએ. જે આગળ બંધાતી હશે—બે પાછળ બંધાતી હશે.

## ૧૩ કાસકી

૧૩–૧ તારી આઈહિને હરખલો તાંતેરે,
તારી માને હરખલો ખેંચે.

વાળ એટલે મા, તેને કાંસકીથી ઓળતાં ખેંચાય છે. કાંસકી એટલે હલકો માણસ, તે ખેંચે છે.

## ૧૪ કૂતરો

૧૪–૧ આગળ બુકાળીયું, પાછળ કુંડાળિયું,
આગળ મોંવાળું. પાછળ કુંડાળું વળેલું.

આગળ કૂતરાનું મોં અને પાછળ કુંડાળા ( વર્તુળ ) પેઠે વાંકી વળેલી પૂછડી છે.

૧૪–૨ આગળ હાઉ હાઉ પાછળ કુંડાળું ગોળ,
આગળ હાઉ હાઉ પાછળ કુંડાળું ગામ.

આગળ મોં વડે કૂતરું હાઉ હાઉ બોલે છે, તેની વાંકી પૂછડી ગોળાકાર વસેલા ગામ જેવી છે.

## ૧૫ કેરી

૧૫–૧ પેટમેં મૂંશ,
પેટમાં મૂંછ.

૧૫–૨ તારા પેટમેં મૂંશા—તે હું ?
તારા પેટમાં મૂંછ—તે શું ?

૧૫–૩ તારા પેટમેં શૂંહટાં—તે હું ?
તારા પેટમાં છૂંહટાં—તે શું ?

કેરીની અંદર ગોટો રૂછાંવાળો હોય છે.

૧૫–૪ લીલી શૉરી ઈંધોરા ખાય,
લીલી છોરી હીંડોળા ગાય.

કાચી કેરી લીલી હોય ત્યારે પવનથી હીંચકા ખાય છે

૧૫–૫ લીલી પીળી પેટીમેં મૂંશાળો ડોહો.
લીલી પીળી પેટીમાં મૂંછાળો ડોસો.

લીલી કે પીળી કેરીમાં રૂછાંવાળો ગોટલો હોય છે.

૧૬–૬ ડુંગર ઉપેરથી પાડો માઈરો, ને ભોંય
ઉતરીને ભાગ વહેંચ્યો, એટલે હું ?
ડુંગર ઉપર પાડો માર્યો, ને
નીચે ઊતરીને ભાગ વહેંચ્યો એટલે શું ?

ડુંગરમાં આંબાનાં ઝાડ હોય છે ત્યાંથી કેરીઓ વેડી લાવી, તળેટીમાં ભાગ વહેંચ્યો.

## ૧૬ કેળાં

૧૬–૧ તારા પેટમેં ગરભ—તે હું ?
તારા પેટમાં ગર્ભ—તે શું ?

કેળાંમાં ગર જ હોય છે.

## ૧૭ કોદરા

૧૭–૧ અનાજનો પટલ કિયો ?
અનાજમાં પટેલ કોણ ?

કોદરા જ એવું અનાજ છે જે ઝટ સડી જતું નથી. ઘણા સમય સુધી રહી શકે છે. વળી તે સસ્તું હોય છે અને દુકાળ જેવા વખતે ખપ લાગે છે. એટલે બધાં અનાજોમાં એ કીમતી-મોટું ગણાય છે.

## ૧૮ કોશેટો

૧૮–૧ ગાંડ વગરનો પાડો જાભણો,
ગુદા વગરનો પાડો ગાભણો.

કોશેટો છિદ્ર વગરનો હોય છે. તે નર કહેવાય તેથી પાડો કહ્યો છે, તેમાંથી કીડો નીકળે છે એટલે ગાભણો સગર્ભા ગણ્યો છે.

## ૧૯ કોસ

૧૯–૧ કાળી કૂતરી લહ પહ,
તઈણ માથાં ને દશ પગ.

કાળી કૂતરી લસ પસ,
ત્રણ માથાં ને દશ પગ.

કોસ છોડી નાખે ત્યારે પહોળો થઈ જાય છે. જાણે કાળી કૂતરીના પગ લાંબા ન થઈ ગયા હોય. કોસ વડે પાણી કાઢવા એક પુરુષ અને બે બળદની જરૂર પડે છે. એક પુરુષનું અને બે બળદનાં મળી ત્રણ માથાં અને ત્રણેના દશ પગ .

૧૯–૨ ખાલપાની શોરી ભારે ડીલે,
સુતારનો શોરો બૂમો પાડે.
ખાલપાની છોરી ભારે ડીલે,
સૂતારનો છોરો બૂમો પાડે.

કોસને ચમાર બનાવેલ છે. તેથી તેની છોકરી કોસ ભરાયેલો ત્યારે ચાકડો કચૂડ કચૂડ બોલે છે. ભરાયેલો કોસ—સગર્ભાના પેટ જેવો દેખાય છે. ચાકડાને સુથાર ઘડે છે તેથી તે સુથારનો દીકરો. ચમારની સગર્ભા છોકરી જેવો ભરાયેલો કોસ ખેંચાય છે ત્યારે સુથારના પુત્ર જેવો ચાકડો કીચૂક કીચૂક બૂમો પાડે છે.

## ૨૦ ખરસાણી

૨૦–૧ ઝાડ મોટું ભઈણુ પણ સોકા જેવું પૌન.
ઝાડ મોટું ભણુ પણ ચોખા જેવું પાન.

ખરસાણીનું ઝાડ મોટું હોય તો યે તેનાં પાન નાનાં નાનાં ચોખા જેવાં હોય છે.

## ૨૧ ખમીસ

૨૧–૧ ડોહો ઊઈઠો તેવો ભોગળામેં હાથ ઘાલે.
ડોસો ઊઠચો તેવો ભોગળામાં હાથ નાંખે.

ડોસો ઊઠીને લાંબી બોયનું ખમીસ કે અંગરખું પહેરે છે.

## ૨૨ ખાટલો[૭]

૨૨–૧ આઠ આડ્કાં ને સ્નારિયું ભરીને ઑંતીળાં.
આઠ હાડકાં ને ચારિયું ભરીને આંતરડાં.

ખાટલાને હાડકા જેવા કઠણુ ચાર પાયા, બે ઉપડાં અને બે ઈસ મળી આઠ લાકડાં થાય છે. ખાટલા ઉપર ભરવા માટે ચારિયું (ચૌખૂણિયા ટોપલો) ભરાય એટલું દોરડીનું વાણુ જોઈએ છે. વાણુને આંતરડા કહ્યાં છે.

૧૨–૨ બેહે તારે સ્નાર પગ,
ઊભું તા બે પગ.
બેસે ત્યારે ચાર પગ,
ઊભુ રહે ત્યારે બે પગ.

ખાટલો ઢાળીએ ત્યારે ચાર પાયા પગ પેઠે ઊભા રહે છે. ઊભો કરીએ ત્યારે બે પાયા ભોંયને અડે છે.

## ૨૩ ખા'વાનું મૂળ

૨૩–૧ વેંત એવી કકળી, એનાં હો પેરાં,
વેંત એવડી લાકડી, એનાં સો પેરાં.

'ખાવો' નામનું ઘાસ થાય છે. તેનો વેંત (૬") જેટલો કકડો લઈએ તોયે તેમાં ઘણા સાંધા (પેરાં) આવે છે. તે ઉપરથી સો પેરાં.

## ૨૪ ગાડું

૨૪–૧ સ્નાલે તારે બે પગ,
ઊભું રે' તારે તઈણુ પગ.

---

૭ સરખાવો :
આટ કાટ લાકડું, બાંતેર જાળી,
જે ના ઓળખે, એની હાહુ (સાસુ) પીંજારી.

ચાલે ત્યારે બે પગ,
ઊભું રહે ત્યારે ત્રણ પગ.

ગાડાને બે પૈડાં અને આગળ અડો, મળી ત્રણ આધાર હોય છે. તે ત્રણ પગ. ગાડું ચાલતું હોય ત્યારે બે પૈડાં ચાલે છે, અને અડો ધૂંસરા સાથે જોડાઈ બળદની કાંધે અદ્ધર રહે છે.

## ૨૫ ગાયના આંચળ

૨૫–૧ એક લીંબુ, સાર સીરીયો,
સીરીયે સીરીયે સવાદ.

એક લીંબુ, ચાર ચીરીઓ,
ચીરીએ ચીરીએ સ્વાદ.

એક ગાયને ચાર આંચળ હોય છે. ચારે ય આંચળે દૂધ નીકળે છે.

## ૨૬ ગોફણ

૨૬–૧ બાવો જ્યો સૂરપાણ,
તેની પૂંશડી મારા હાથમેં.

બાવો ગયો શૂરપાણ,
તેની પૂંછડી મારા હાથમાં.

શૂલપાણેશ્વરનું ધામ નર્મદાકાંઠે છે. તે આ પ્રદેશથી પંદરથી સોળ માઈલ દૂર છે. તેની પેઠે ગોફણથી બાવો એટલે પથ્થર દૂર દૂર જતો રહે છે પણ તેને ફેંકવાની ગોફણ (પૂંછડી) ફેંકનારના હાથમાં રહે છે.

## ૨૭ ઘઉંનો કંસાર

૨૭–૧ માળે વાહુપિયો હુવે.
તારે વાઘ આઈવો.
તારે માળાને પૂશે શે:

હે માળા, તારો રખું કાઁ જ્યો?
માળો કે': એસી શીંગોવાળાને ખાવા જ્યો.
વાઘ બીધો: તો મારો શો ભાર?

માળા ઉપર વાસુપિયો સૂતો હતો.
ત્યારે વાઘ આવ્યો.
ત્યારે તે માળાને પૂછે છે:

એ માળા, તારો રખેવાળ કયાં ગયો?
માળો કહે: આવડી શીંગોવાળાને ખાવા ગયો છે.
વાઘ બીધો: તે વિચારે છે, તો મારી શી ગુંજાશ (તાકાત.)

માળા ઉપર ખેતરનો રખેવાળ સૂતો હતો. તે વખતે ત્યાં વાઘ આવ્યો. તે માળાને પૂછવા લાગ્યો કે, તારો રખેવાળ કયાં ગયો છે? માળો હાથથી બતાવીને કહે છે આવડાં શીંગડાવાળાને ખાવા ગયો છે. એટલે વાઘ બી ગયો. ઘઉંની ઉંબીએ સૂખડાં હોય તે શિંગડાં. એ શિંગડાવાળો તે ઘઉં. ઘઉંનો કંસાર ખાવા માટે રખેવાળ ગયો હતો. માળાએ શ્લેષમાં વાઘને કેવો બનાવ્યો ! ?

## ૨૮ ઘડિયાળ

૨૮–૧ કટ કટ કરતું કરસૂલું,[૮] નોનું સાલે બાર ગાવ,
મોટું સાલે એક ગાવ.
કટ કટ કરતું કરચલું, નાનું ચાલે બાર ગાઉ,
મોટું ચાલે એક ગાવ.

કરચલું (સં. કર્ક) એ ઘડિયાળ. નાનો કાંટો અને મોટો કાંટો એટલે નાનું અને મોટું કરચલું. (કરચલો).

## ૨૯ ઘડો

૨૯–૧ કાસું તારે ઢીલું, પાકે તારે કઠણુ.
કાચું ત્યારે ઢીલું, પાકે ત્યારે કઠણુ.

કાચો ઘડો ઢીલો અને ભાંગી જાય એવો હોય છે. પાકે છે ત્યારે કઠણ થાય છે.

## ૩૦ ઘંટી

૩૦–૧ પગો વસે ઘાલે, એક હાથે ઝાલે;
હાલે હાલે, એક હાથે ઘાલે.
પગો વચ્ચે ઘાલે, એક હાથે ઝાલે;
હાલે હાલે, એક હાથે ઘાલે.

દળનારના બંને પગો વચ્ચે ઘંટી હોય છે. એક હાથે ખીલડો ઝાલે છે. હાલતી ઘંટીએ જ એક હાથે દાણા ઓરે છે.

## ૩૧ ઘંટડી

૩૧–૧ સીમમેં જાય તારે સીમમેં રડ઼તી,
ને ઘેર આવે તારે ઘેર રડ઼તી.
સીમમાં જાય ત્યારે સીમમાં રડતી,
ને ઘેર આવે ત્યારે ઘેર રડતી.

બળદના ગળે બાંધેલી ઘંટડી સીમમાં જાય ત્યારે અને ઘેર આવે છે ત્યારે પણ વાગતી જ હોય છે.

---

૮ નાન્યતર પ્રયોગ.

### ૩૨ ઘૂઘરા

૩૨–૧　રડ઼તું જાય ને રડ઼તું આવે.
　　　રડતું જાય ને રડતું આવે.

બળદને ગળે બાંધેલા ઘૂઘરા બળદ જાય ત્યારે ને પાછો આવે ત્યારે પણ વાગતા જ હોય છે.

### ૩૩ ચણા

૩૩–૧　નૌનું હરકું ઝાડ઼, ફાલી ફાલી લુહ.
　　　નાનું સરખું ઝાડ, ફાલી ફાલી લૂસ. (લૂચ)

ચણાનો છોડ નાનો હોય છે પણ પોપટાંના લૂમથી લચી પડે છે.

### ૩૪ ચણોઠી

૩૪–૧　લાલ માટલી ને કાળી ઢાઁકણી.–સ઼ણકુલી.
　　　લાલ માટલી ને કાળી ઢાંકણી.–ચણોઠી.

લાલ ચણોઠીને મોં ઉપર કાળો રંગ હોય છે.

૩૪–૨　લાલ મીંયો કાળી ટોપી.
　　　લાલ મુસલમાન તેને કાળી ટોપી.

લાલ રંગની ચણોઠી ઉપરનો કાળો ભાગ તે કાળી ટોપી.

### ૩૫ ચંપલ

૩૫–૧　અમકી ઝમકી, પાણી જોઈને સ઼મકી.
　　　અમકી ઝમકી, પાણી જોઈને ચમકી.

ખેતર, ડુંગર બધે ચંપલ પટપટ પહેરીને ચલાય છે. પણ પાણી ઊતરવાનું આવતાં ઊભા રહેવું પડે છે.

### ૩૬ ચાકડો

૩૬–૧　વેંત જેવી વણખલી, ડાલા જેવું ફૂલ.
　　　વેંત જેવડું ઝાડવું, તેનું ખૂબ મોટું ફૂલ.

કુંભારનો ચાકડો વેંત જેવડા ખીલા ઉપર હોય છે. ડાલું (વાંસનો મોટો ટોપલો). ડાલા કરતાંયે ચાકડો મોટો હોય છે. ચાકડો (ફૂલ.)

### ૩૭ ચાટવો

૩૭–૧　ગળિયું ગોધું વાડ઼ કૂદે.
　　　ગળિયું ગોધું વાડ કૂદે.

ગાડે કે હળે બરાબર ન ચાલે એવો બળદ તે લાકડાનો ચાટવો–ચમચો. તેના વડે ભાત કે ખીચડી કાઢી શકાય છે. તે ખીચડીમાં ફરી શકે છે–એટલે વાડ કૂદે છે.

૩૭–૨ ગળિયું ગોધું ભેખોડ઼ ભાંગે.
ગળિયું ગોધું ભેખડ ભાંગે.

લાકડાનો ચમચો ખીચડી કે ભાતનાં દડબાં ઉખાડી શકે છે. દડબાં તે ભેખડ.

### ૩૮ ચીભડું અને તેનો વેલો

૩૮–૧ ગોધો બેઠી રે' ને રાહ સ઼ાલે.
ગોધો બેસી રહે ને રાસ ચાલે.

બળદ પેઠે ચીભડાના વેલે વજનદાર હોવાથી ચીભડાં ભોંયે બેસી રહે છે અને વેલો રાસ-દોરડા પેઠે આગળ ચાલે છે.

### ૩૯ જીભ

૩૯–૧ ટોચિયા પીપળે એક પૉન.
ઊંચી ટોચવાળા પીપળાનું એક પાન.

ઊંચો પીપળો તે શરીર. ટોચ તે મોં અને પાન તે જીભ.

### ૪૦ જુવારનું કણસલું

૪૦–૧ ધોળી કૂકડી તિનો વાંકો ટોટો.
ધોળી મરઘી તેની વાંકી ડોક.

જુવારનાં કણસલાંને વાંકો દાંડો હોય છે.

### ૪૧ જૂસરાં-ધૂંસરા

૪૧–૧ આખા મલકનાં જૂહરાં કેટલાં
અઢીઃઓળનું, ગાડ઼ાનું, અરધું ઘોણીનું.

આખા મુલકમાં જૂસરાં-ધૂંસરાં કેટલાં ?
અઢીઃહળનું, ગાડાનું, અર્ધું ઘાણીનું.

### ૪૨ જોડા : ખાસડું : બૂટ

૪૨–૧ પોલી પીપેરમેં પૉંસ઼ ઈંડાં.
પોલી પીપરમાં પાંચ ઈંડાં.

જોડાના પોલાણમાં પાંચ આંગળાં હોય છે.

૪૨–૨ આ જૂડ઼ આડ઼જૂડ઼ આવે
ને પોણી દેખી સ઼મકી જાય.
આડજૂડ આડજૂડ આવે
ને પાણી દેખી ચમકી જાય.

જોડા સટપટ કરતા રસ્તે ચાલે છે. પાણી ઊતરવાનું આવતાં ઊભા રહેવું પડે છે.

૪૨–૩ ઢોળ જોઈને ઢમકી
ને પોણી જોઈને સમકી.
ઢાળ જોઈને ઢમકી
ને પાણી જોઈને ચમકી.

ચડવા કે ઊતરવાનું આવે ત્યારે જોડાનો અવાજ થાય છે.

## ૪૨ A ઝાકળ

૪૨ A–૧ બેંસી હાથનો કૂવો
પગ પલળે પણ પાણી ના પીવાય—(ઝાંખળ)
એંસી હાથ ઊંડો કૂવો, તેમાં પગ પલળે છે
પણ તેનું પાણી ના પીવાય—(ઝાકળ)

એંસી હાથ ઊંડો કૂવો છે. તેના પાણીથી પગ પલળે છે પણ પાણી પીવાતું નથી. એટલે કે વિશાળ ઘાસ મઢેલી ધરતી પર ઝાકળ પથરાયેલું હોય છે. ત્યાં થઈને ચાલતાં પગ પલળે છે. પણ તે પાણી પી શકાતું નથી.

## ૪૩ ડામચિયું

૪૩–૧ દિંયે દિંયે ભરેલું : રાતે રાતે ઠાલું થાય.
દિવસે દિવસે ભરેલું : રાતે રાતે ખાલી થાય.

દિવસે ડામચિયા ઉપર ગોદડાં મૂકેલાં હોય છે. રાતે પથારી કરવાથી ખાલી થઈ જાય છે.

## ૪૪ ડુંગરની વાટ[૯]

૪૪–૧ બાવો બળે ને બાવાનો કશોટો ના બળે.
બાવો બળે પણ બાવાની લંગોટી ના બળે.

બાવો એટલે ડુંગર. લંગોટી એટલે વાટ—પગદંડી.

## ૪૫ ડોડકું

૪૫–૧ વાડે બેઠી કૂકડી, ગાંડ પા। ઉખડી.
વાડે બેઠી મરઘી, ગાંડ પડા ઊખડી.

વાડે સૂકાં ડોડકાં (તુરિયાં) લટકે છે. સુકાઈ જાય એટલે ટોચ ભણીથી નાની સરખી ડાગળી (ગુદા) ઉખડી જાય છે. એટલે બધાં બી નીચે પડી જાય છે. એ છિદ્ર સિવાય નીકળી શકતાં નથી, કારણ કે ચારે બાજુ જાળી આવેલી હોય છે.

## ૪૬ ઢબરાં

૪૬–૧ થોડી અમથી ખાબડીમેં ખદબદ થાય.
નાની સરખી તલાવડીમાં ખદબદ થાય.

---

૯ : પાઠાંતર : બાવો બળે પણ બાવાની લંગોટી ના બળે. આની સાથે વાંચો : શ્રી ઉમાશંકરનું કાવ્ય : વાટડી.

નાના સરખા ખાબોચિયામાં કંઈ ખદબદ થતું હોય એમ કઢાઈમાં ઢેબરાં-વડાં તળે ઉપર થાય છે.

૪૬-૨ ડુંગર ઉપેર ઊંટ માઈરું, આપણા ગોમમેં ગંદાય.
ડુંગર ઉપર ઊંટ માર્યું, આપણા ગામમાં ગંધાય.

ડુંગર ઉપર ઊંટ મરી ગયું હોય—દૂર હોવા છતાં વાસ આવે તેમ બીજી જગ્યાએ વડા તળાતાં હોય છતાં વાસ આવે છે.

### ૪૭ ઢાલ

૪૭–૧ બાબરિયા પાડ઼ાને બાર નાથો.
જોરાવર પાડાને બાર નાથો.

બળવાન પાડાને નાથવા માટે બાર નાથો ઘાલી હોય એમ એમ ઢાલને દોરડાં બાંધવાં પડે છે.

### ૪૮ તણાતો કચરો[૧૦]

૪૮–૧ કુલ પેર કુલ, ઉપેર ફૂલ—હેં જો
પાણી ઉપર પાણી, તેની ઉપર ફૂલ—સેંજો કચરો.

નદીઓમાં પૂર આવે છે ત્યારે ઝાંખરાં ને કચરો તણાઈ આવે છે. અથડાવાથી ફીણ પણ ચોટે છે.

### ૪૯ તરફણ અને હળ

૪૯–૧ એક બાયડ઼ીને તર્ણ દેંાત,
એક મેંાનહને એક દેંાત.
એક બાયડીને ત્રણ દાંત
એક માણસને એક દાંત.

વાવણી માટે વપરાતી તરફણને ત્રણ દાંતા હોય છે. હળને એક ચવડું હોય છે.

### ૫૦ તલવાર

૫૦-૧ સેંાલાયેલી પીપેળ શેંારાં બીવરાવે.
છોલાયેલી પીપર છોરાં બીવડાવે.

પીપરનું થડ છાલ વગરનું હોય અને રસ્તે જતાંને બીક લાગે (પીપર કે પીપળામાં ભૂત રહે છે એવા વહેમને લીધે) તેમ ધારદાર તલવાર જોઈને છોકરાં બીએ છે.

૫૦–૨ કાળા દરમેં રેંનારી, મરધનું કેંામ કરનારી.
કાળા દરમાં રહેનારી, મરદનું કામ કરનારી.

તલવાર કાળા મ્યાનમાં રહે છે પણ મર્દના કામમાં આવે છે.

---

૧૦ સરખાવો : બા. ગ. વૈદ્ય.

## ૫૧ તાડ[૧૧]

૫૧–૧ કાળો મીયો તીને લીલી ટોપી.
કાળો મુસલમાન તેને લીલી ટોપી.

તાડ કાળો હોય છે તેની ટોચે લીલાં પાંદડાં હોય છે.

## ૫૨ તારા

૫૨–૧ ગર્ઈણ્યા ગણાય ના વીઈણ્યા વીણાય ના.
ગણ્યા ગણાય ના વીણ્યા વીણાય ના.

તારા ગણી શકાતા નથી ને વીણી શકાતા નથી.

## ૫૩ તાળું

૫૩–૧ તપેલીમેં તપેલી, મંય કલંગી ઘોડ઼ો,
નું ઓળખે તીનો બાપ શકર ગોલો.
તપેલીમાં તપેલી માંહે, કલંગી ઘોડો,
ના ઓળખે તેનો બાપ શકર ગોલો.

તપેલી જેવાં બે ઢાંકણાં વચ્ચે તાળાનો કળ હોય છે.

૫૩–૧ ફટ ઉઘડ઼ે ને ફટ દેવાય.

ચાવીથી તાળું ખોલતાં કે વાસતાં ફટ અવાજ થાય છે.

## ૫૪ તાડ અને તાડફળ

૫૪–૧ હરે નું સ઼રે નું ને તાજો ને તાજો.
હરે ના, ચરે ના ને તાજો ને તાજો.

તાડ હરતો ફરતો ને ચરતો જણાતો નથી છતાં તાજો દેખાય છે.

૫૪–૨ બાહ હરકો હોટો, આઈહ ઝીંથર વીંથર,
ને શૉરાં ગોટલ સ઼ોટલ.—ગીલળાં
બાપ સરખો સોટો ને મા ઝીંથર પીંથડી,
ને છોરાં ગોટલ ચોટલ—ગીલડાં-તાડફળ.

બાપ તે તાડ, મા તે દાંડાવાળાં પાંદડાં, તેનાં ફળ ગોળમટોળ હોય છે. ઉપર હોળેલી ચોટલી જેવાં છોડાં હોય છે.

## ૫૫ તાડી-નીરો

૫૫–૧ હરે નું, સ઼રે નું, ને ઘડ઼ો દૂધ.
હરે ના, ચરે ના, ને ઘડો દૂધ.

તાડ હરતો ફરતો ને ખાતો દેખાતો નથી છતાં ઘડો ભરાય એટલો ધોળો નીરો આપે છે.

---

૧૧ પાઠાંતર: કાળો મીયો ને લીલી ટોપી.

## ૫૬ તુવેર અને તેનાં કરાંઠા

૫૬-૧ આઈહ બળે દીકરી સ઼ડે.
મા બળે દીકરી ચડે.

તુવેર ચૂલે ચઢે—રંધાય છે અને સૂકો છોડ ચૂલામાં બાળવા માટે વપરાય છે.

૫૬-૨ નાની તા નાનકી,, મોટી તા પુનકી,
ડ઼ાઈ થૈ તા કેડ઼ે ઘૂઘરીઓ બોંધી નાસ઼ે !

નાની હતી ત્યારે નાનકી, મોટી થઈ ત્યારે પુનકી,
ને ઘરડી થઈ ત્યારે કેડે ઘૂઘરીઓ બાંધીને નાચે.

નાની તુવેર મોટી થઈ પાકે છે. છોડ સૂકાઈ જાય ત્યારે શીંગોમાં દાણાં ઘૂઘરીઓ પેઠે વાગે છે.

## ૫૭ ત્રાજવું

૫૭-૧ શૅા પગાળી ઊંટડ઼ી, બેળા ઉપેર પૂંશડ઼ી;
મૉનહ આવે તારે અળિયા દળી વળી જાય.

છ પગાળી ઊંટડી, બરડા ઉપર પૂંછડી,
માણસ આવે ત્યારે હડિયા દડી વળી જાય.

ત્રાજવાની દાંડીને છ પલ્લાં હોય છે ને ઉપર ઝાલવાની દોરી હોય છે. ઘરાક આવે ત્યારે તેનો ખપ પડે છે. દોડાદોડી કરતાં ઊંટ પેઠે તેનાં પલ્લાં ઊંચાંનીચાં થાય છે.

## ૫૮ દાતરડું

૫૮-૧ સ઼ાલ વૉંકલી ખેતર જીયે.
ચાલ વાંકલી ખેતર જઈએ.

વાંકું દાતરડું લઈને ખેતર ઘાસ વાઢવા જવું પડે છે.

૫૮-૨ સ઼ાલ ડેબડ઼ી ખેતર જીયે.
ચાલ ડેબડી ખેતર જઈએ.

નીચે નમી પડેલા પેટ પેઠે દાતરડું વાંકું હોય છે.

## ૫૯ દાંત[૧૨]

૫૯-૧ જરી અમથી ડાબલીમેં બતરીસ બાવા.
નાની સરખી દાબડીમાં બત્રીસ બાવા.

નાની સરખી મોંની દાબડીમાં બત્રીસ દાંત હોય છે.

---

૧૨ સરખાવો : ગામીત ઉખાણું : ગુજરાતી લોકસાહિત્યમાળા મણકો ત્રીજો, પૃ. ૧૩૮

## ૬૦ દીવો

૬૦–૧ જરી અમથું શેંાણ આખું ઘર લીંપાય જાય.
થોડા છાણથી આખું ઘર લીંપાય જાય.

નાના દીવાથી આખા ઘરમાં અજવાળું પથરાય છે.

## ૬૧ દેવચકલીનો માળો

૬૧–૧ ઑંઈખને વાયી પોંઈખ.
આંખમાં વીયાઈ પાંખ.

દેવચકલી પક્ષી ગમે ત્યાં માળો બાંધે છે. તે એવી જગ્યાએ માળો બાંધે છે કે તરત કોઈની નજરે ના ચડે. ઢોરના માથાના હાડપિંજરમાં ઘણીવાર માળો બાંધે છે અને આંખના બાકોરામાં રહીને આવ–જા કરે છે.

## ૬૨ ધાણી

૬૨–૧ જરી અમથી ખાબડ઼ીમેં ખદબદ થાય.
જરી અમસ્તી ખાબડીમાં ખદબદ થાય.

નાના ખાબોચિયા જેવડા કલેડામાં ધાણી ફૂટે છે.

૬૨–૨ હુકલા તળાવમેં પાતેરો નાસે.
સુકા તળાવમાં પાતેરો નાચે.

સુકા તળાવમાં ગુણિકાઓ નાચતી હોય એમ ધાણી ફૂટે છે.

## ૬૩ ધૂમાડો

૬૩–૧ ઑંઇઠ ગોંઈઠિ અંતરવાહો,
નું ઓળખે તિનો કૂતરો માહો.

આંઠ ગાંઠ અંતરવાસો,
ના ઓળખે તેનો કૂતરો માસો.

જેને મૂળ—થડ હોતા નથી એવો ધૂમાડો આકાશમાં વાસ કરે છે.

## ૬૪ નજર

૬૪–૧ હલું આવે ને હલું જાય.
પેલું આવે ને પેલું જાય.

૬૪–૨ હલું જાય ને આ આઈવું
પેલું જાય ને આ આવ્યું.

**આપણી નજર-દષ્ટિ ઘડીકમાં આવે ને ઘડીકમાં જાય છે.**

## ૬૫ નળિયાં

૬૫-૧ હો ઊંધાં ને હો સતાં.
સો ઊંધાં ને સો ચત્તાં.

૬૫-૨ નવસો સતા નવસો ઊંધાં.
નવસેં ચત્તાં નવસેં ઊંધાં.

એક ચત્તુ નળિયું અને તેની ઉપર એક ઊંધુ એ રીતે છાપરું છવાય છે.

## ૬૬ નળિયાવાળુ બે ઢાળિયુ છાપરું

૬૬-૧ ભૂંસરું કૂતરું બે હોળ મૂતરે.
વાળવાળું કૂતરું બે બાજુ મૂતરે.

બે ઢાળિયા છાપરાનાં નેવાં બંને બાજુ પડે છે.

## ૬૭ નાળિયેર

૬૭-૧ પેટમં પૌણી
પેટમાં પાણી.

૬૭-૨ તારા પેટમે પૌણી—તે હુ ?
તારા પેટમાં પાણી—તે શું ?

નાળિયેરનું કાચલું તે પેટ, તેમાં પાણી હોય છે.

## ૬૮ પતરાળું

૬૮-૧ લીલી લીલોતરી બતરીસ ખીલા.
લીલી લીલોતરી બત્રીસ ખીલા.

પતરાળું લીલા પાનનું બને છે. તેમાં સાંધવા માટે સળીના ખીલા મારે છે.

## ૬૯ પતંગ

૬૯-૧ સાર ખૂણાનો સોકતો અધર ઊડી જાય.
રાજા પૂશે રોણીને કયું જનાવર જાય ?
ચાર ખૂણાનો ચોકયે અદ્ધર ઊડી જાય.
રાજા પૂછે રાણીને કયું જનાવર જાય ?

## ૭૦ પાકેલું આંબલું

૭૦-૧ હૂતણામે તરકડું મરી જેલું.
સૂથણામાં મુસલમાન મરી ગયો.

આંબલું પાકે ત્યારે છાલ છૂટી પડી જાય છે. તેની અંદર ગરવાળું આંબલું હોય છે.

## ૭૧ પાઘડી-ફેંટો

૭૧–૧ એક ભાઈને ટાપલો ઑંતીડાં.
એક ભાઈને ટાપલો આંતરડાં.

૭૧–૨ ડોહો ઊઈઠો તેવો ઑંતીડાં નીસોવે.[13]
ડોસો ઊઠયો તેવો આંતરડાં નીચોવે.

પાઘડી કે ફેંટો કપડાને વળ દઈને બાંધે છે.

## ૭૨ પાણી ઝીલો

૭૨–૧ હોય એવું થડ ને પઈસા એવું પૉન.
સોય જેવું થડ ને પૈસા જેવું પાન.

પાણી ઝીલો નદી-તળાવમાં થતી વનસ્પતિ છે. તેના દોરા જેવા પાતળા વેલે મોટાં ગોળ પાન થાય છે.

## ૭૩ પાણીનું પૂર

૭૩–૧ આવહે તારે નઈં આવું,
નઈં આવે તારે આવીશ.
આવશે ત્યારે નહિ આવું,
નહિ આવે ત્યારે આવીશ.

ચોમાસામાં બહાર જનાર કહે છે કે, જો નદીમાં પૂર આવશે ત્યારે નહિ આવું, પૂર નહિ આવે ત્યારે આવીશ.

## ૭૪ પાપડ

૭૪–૧ નૉંસ વગરનું પૉન.
નસ વગરનું પાન.

પાપડ નસ વગરના ગોળ પાન જેવો હોય છે.

## ૭૫ બકરીના આંચળ

૭૫–૧ એક સીભડું તિની બે ફાડો, ફાડે ફાડે જુદો જુદો હવાદ.
એક ચીભડું તેની બે ફાડો, ચીરીએ ચીરીએ જુદો સ્વાદ.

૭૫–૨ એક ગીલોડું તિનાં બે ફાસીયાં, ફાસીયે ફાસીયે હવાદ.
એક ગીલોડું તેની બે ફાડ, ફાડે ફાડે સ્વાદ.

બકરીના બે આંચળ; બંનેમાંથી સ્વાદિષ્ટ દૂધ નીકળે છે.

---

૧૩ સરખાવો : ગામીત ઉખાણું : ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો ત્રીજો, પૃ. ૧૩૮.

## ૭૬ બળદ

૭૬–૧ સાર હાલ સાલ, એક વીલવીલીયો,
બે હુકા હાલ, બે ફટફટીયા.

ચાર હાલ ચાલ, એક વલવલિયો,
બે સૂકા સાલ, બે ફટફટિયા.

બળદ ચાર પગોથી હાલે ચાલે છે. પૂંછડીથી વલવલ કરે છે. સૂકા લાકડાં જેવાં બે શિંગડાં એને ફટ ફટ થતાં બે કાન હોય છે.

## ૭૭ બળદ અને છાણ

૭૭–૧ ધોળિયો ભાય ઊઠે; કાળિયો ભાય બેહે.
ધોળિયાભાઈ ઊઠે, કાળિયાભાઈ બેસે.

ધોળો બળદ ઊઠીને કાળો છાણનો પોદળો પાડે છે.

## ૭૮ બંદૂક[૧૪]

૭૮–૧ કાળી કૂતરી, ગળે વાધરી,
જાય રતનપોર પાધરી.

કાળી કૂતરી, ગળે વાધરી,
જાય રતનપુર પાધરી.

કાળી બંદૂકને ગળે ચામડાનો પટ્ટો હોય છે. તેની ગોળી દૂર દૂર સીધી જાય છે.

## ૭૯ બારણું

૭૯–૧ જાય જાય પણ મને હારતી જા.—કંબાળ
જાય તો ભલે પણ મને સારતી જા.—કંબાડ

૭૯–૨ જાય જાય તો મને લેતું જા.

બારણું કહે છે: જાય તો ભલે જા. પણ મને વાસતાં જાવ.

## ૮૦ બેડું[૧૫]

૮૦–૧ તારી આઈહને બે સડ઼ી બેહે.
તારી માને બે ચડી બેસે.

મા બે વાસણ લઈ (બેડું લઈ) પાણી ભરે છે.

---

૧૪: પાઠાંતર-કાળી કૂતરી, જાય રતનપરે પાદરી.

૧૫: પાઠાંતર-તારી માંને બે જણ સડ઼ી બહે.

## ૮૧ બોર અને તેના કાંટા

૮૧–૧ લાલ બે'નને લેવા જાય તાં, વાંકલીબે'ન વળગે.
લાલ બહેનને લેવા જાય ત્યારે વાંકલીબહેન વળગે.

લાલ ઘૂમ બોર ખાવા જતાં બોરડીના વાંકા કાંટા વાગે છે.

## ૮૨ ભીંડી

૮૨–૧ હરકા હોટે હોપારાં ફાઈલાં.
સરખા સોટે સોપારાં ફાલ્યાં.

૮૨–૨ હરકા હોટ્રે હોપારાં લાગે—એટલે હું ?
સરખા સોટે સોપારાં લાગે—એટલે શું ?

ભીંડીના સોટા જેવા છોડ ઉપર બંને બાજુએ સોપારી પેઠે જિંડવાં લાગે છે.

## ૮૩ ભીંતડું

૮૩–૧ ભાય ઠોકે, ભાભી પંપાળે.
ભાઈ મારે, ભાભી પંપાળે.

કરાંડાની ભીંત ભરતી વખતે ભાઈ ભીંતને સરખી કરવા ટીપે છે. ભાભી પંપાળતી હોય તેમ હળવે હાથે લીંપે છે.

## ૮૪ ભીંગારીનું ઘર

૮૪–૧ ટસ્કા વનું ઘર.
ટચકા વનું ઘર.

માટીનું ઘર બનાવનારી ભીંગારી (ભમરી) નાના નાના લોચાથી ઘર બનાવે છે. તેની ઉપર ઘા હોતા નથી.

## ૮૫ ભેંસ અને આંચળ

૮૫–૧ કાળી હોઈલ તળે સાર મળીયા.
કાળી શલ્યા તળે ચાર મળીયા.

કાળી ભેંસ નીચે મળીયા માછલી જેવાં કાળા ને સુંવાળા ચાર આંગળ હોય છે.

## ૮૬ મકાઈ

૮૬–૧ ગાય ભૂંથણે ઝાભણી.
ગાય ઘૂંટણે ગાભણી.

મકાઈનો છોડ ઘૂંટણ જેટલી ઊંચાઈએ ડોડા કાઢે છે.

## ૮૭ મધ

૮૭–૧ પાહરી કૂકડીનું પાહરે માહ,
ખાદા પશી વાહ રે વાહ–મેધ.
પાશેરની કૂકડીનું પાશેર માંસ,
ખાધા પછી વાહ રે વાહ.–મધ.

નાના મધપૂડાનું પાશેર મધ ખાઈ જઈએ તો યે મન ધરાતું નથી.

૮૭–૨ નવસે નારીયો પોણી ભરે
મારે ઓવારે તું ની ને તારે ઓવારે મેં ની.
નવસેં નારીઓ પાણી ભરે,
મારે ઓવારે તું નહિ ને તારે ઓવારે હું નહિ.

મધપૂડામાં ઘણી મધમાખીઓ હોય છે, પરંતુ એક મધપૂડાની માખીઓ બીજા મધપૂડામાં જતી નથી.

૮૭–૩ ગળિયું ગોધું ને લાકડ઼ાની નાથ.
ગળ્યું ગોધું ને લાકડાની નાથ.

ગળ્યું મધ લાકડાની ડાળીએ હોય છે.

## ૮૮ મરચું

૮૮–૧ જરી અમથું શોરું રાજાને રડાવે.
પાઠાંતર : નોનું શોકરું રાજાને રડાવે.

૮૮–૨ જરી અમથું જનાવર રાજાને રડાવે.

તીખું મરચું ખાઈએ ત્યારે રડતા હોઈએ એમ પાણી પડે છે.

## ૮૯ મહુડું

૮૯–૧ જરી અમથી ઢોલકી બેવ પાહે પોલફી.
નાની સરખી ઢોલકી બેઉ પાસ પોલી.

મહુડાનું ફૂલ મહુડું બંને બાજુ પોલું હોય છે.

૮૯–૨ ઝાડ ઉપેર માળો.

મહુડું નીચે ઢળતું હોય છે અને તેનો દાંડો ઉપર હોય છે.

## ૯૦ માખી

૯૦–૧ રાજા પે'લી રોણી જમે.
રાજા પહેલી રાણી જમે.

માખી જમનાર પહેલાં ખોરાક ચાખી લે છે.

## ૯૧ માળો

૯૧–૧ શૉ પગારો સાબર બેટા,
ના ઓળખે તે મારો બેટો.
છ પગારો સાબર બેટા,
ના ઓળખે તે મારો બેટો.

ખેતરનો માલ સાચવવા છ થાંભલીઓનો માળો કરે છે.

૯૧–૨ શૂ બલાડી ઊંચા કૉન.
છૂ બિલાડી ઊંચા કાન.

માળાની થાંભલીઓ બિલાડીના ઊંચા કાન જેવી દેખાય છે.

## ૯૨ મોભ[૧૬]

૯૨–૧ બાર હાથનું સીભડુ. ને તેર હાથનું બી.
બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી.

ઘરના મોભનું લાકડું ઘરની લંબાઈ કરતાં મોટું હોય છે.

## ૯૩ રાખોડો

૯૩–૧ ધોળજીભાઈ વાડ઼ કૂદે.

ધોળો રાખાડો ધૂળ જેવો હોવાથી મસી દૂર કરવા વાલોળિયા ઉપર છાંટે ત્યારે બીજી વાડે જતો રહે છે.

## ૯૪ રાત

૯૪–૧ પઈડું પઈડું પણ બધાં ઉપેર પઈડું.
પડયું પડયું પણ બધાં ઉપર પડયું.

રાતની કાળી ચાદર બધાં ઉપર પડે છે.

## ૯૫ રાત અને દિવસ

૯૫–૧ કાળી કૂકડ઼ી ઢોંકી દે, ધોળી કૂકડ઼ી ઊઘેડ઼ી દે.
કાળી કૂકડી ઢાંકી દે, ધોળી કૂકડી ઊઘાડી દે.

કાળી રાત પોતાના પાલવ નીચે બધાંને ઢાંકી દે છે. ધોળો દિવસ બધાંને જગાડે છે.

૯૫–૨ ધોળિયોભાઈ વખેરી નાખે, કાળિયોભાઈ ટોળે વાળે,

ધોળો દિવસ બધાંને કામે લગાડી છૂટાં પાડે છે. કાળી રાત બધાંને ભેગાં કરે છે.

---

૧૬ સરખાવો : ક્રમાંક ૧૧૪ : હોડીનો સઢ.

## ૯૬ રાફ્ડો

૯૬–૧ એક પાડ઼ાને બાર ગોંડો.
એક પાડાને બાર ગાંડો. (ગાંડ—ગૂદા)

એક રાફ્ડો હોય તેમાં ઘણાં પ્રવેશદ્વાર હોય છે.

## ૯૭ રાયણ

૯૭–૧ હોનાની શીહી ને સીસેમનો દાટો.
સોનાની શીશી ને સીસમનો દાટો.

પીળા રાયણને નીચે કાળો કાંટો હોય છે.

૯૭–૨ હુંમાળી રોણીને ગાંડે બાલ
સુંવાળી રાણીને ગાંડે વાળ.

રાયણ રાણી જેવું સુંવાળું હોય છે તેને કાળો કાંટો હોય છે.

૯૭–૩ હુંમાળી રોણીને પેટમેં દાંત—તે હું?

સુંવાળા રાયણમાં કાળું બી હોય છે.

## ૯૮ રીંગણું

૯૮–૧ ઍઠલી મેથલી, પખાલ પોણી પીતલી;
ડાળે જીને બેઠલી.

ઍઠલી મેથલી, પખાલનું પાણી પીતી'તી
ડાળે જઈને બેઠેલી.

ગમે તેવું પાણી પીને રીંગણાં ઊછરે છે.

## ૯૯ રોટલા

૯૯–૧ દશ ભાઈ ઘડે ને પોંસ ભાઈ લાખવા જાય.[૧૭]
દશ ભાઈ ઘડે ને પાંચ ભાઈ નાખવા જાય.

બે હાથનાં દશ આંગળાં ભેગાં મળી રોટલો ઘડે છે. અને એક હાથનાં પાંચ આંગળાં નાખવા જાય છે.

૯૯–૨ એક ભાઈ પેહે ને એક ભાઈ નીકળે.[૧૮]
એક ભાઈ પેસે ને એક ભાઈ નીકળે.

એક રોટલો તવીમાંથી નીકળે ને બીજો રોટલો નાખે.

---

૧૭ : સરખાવો-ગામીત ઉખાણું-ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો ત્રીજો, પૃ. ૧૩૭.

૧૮ : પાઠાંતર-એક ભાય નીકળે ને બીજો ભાય પેહે.

## ૧૦૦ રેંપી

૧૦૦–૧ થૂંક મેલીને ધમધમાવું, શાંતિ કામે લગાડું.
થૂંક વડે ભીનું કરું પછી શાંતિથી કામ કરું.

મોચી રેંપી વાપરતાં, ચામડા ઉપર થૂંક ચોપડે છે.

## ૧૦૧ લીંટ

૧૦૧–૧ નાનકડી ડાબડીમેં રેશમી રોમાલ—નિંટા.
નાનકડી દાબડીમાં રેશમી રૂમાલ—લીંટ

નાકમાંથી વહેતાં લીંટ રેશમ જેવાં સુંવાળાં હોય છે.

## ૧૦૨ વલોણું

૧૦૨–૧ બે ભાય આવતા, બે ભાય જતા,
ઘંમ ઘૂઘરી વાગતી, તે તમે જોણતાં તાં ?
બે ભાઈ આવતા, બે ભાઈ જતા,
ઘમ્મ ઘૂઘરી વાગતી, તે તમે જાણતા હતા ?

વલોણું વલોવતાં નેતરાંના બે છેડા આગળ આવે ને બે પાછળ જાય છે ને ઘૂઘરીઓ પેઠે ઘમ્મ ઘમ્મ અવાજ થાય છે.

## ૧૦૨ A વરસાદ

૧૦૨ A–૧ બારસેં નળીઓ, બારસે ઊકા;
બારસે સુલમો : પીનારો એકલો;
તોયે તીનો જપ ના વઈળો–
તો પીનારો કેવો હશે ? (વરહાત)
બારસેં નળીઓ, બારસેં હુક્કા;
બારસેં ચલમો : પીનારો એકલો
તો યે તેનો જંપ ના વળ્યો
તો પીનારો કેવો હશે ? (વરસાદ)

## ૧૦૩ વળગણી

૧૦૩–૧ દિંયે દિંયે ભરેલું ને રાતે રાતે ડાલું—અળાંડ઼ો
દિવસે દિવસે ભરેલું ને રાતે રાતે ખાલી.—વળગણી.

ઓઢવાનાં લૂગડાં દિવસે વળગણી ઉપર હોય છે અને રાતે ઓઢવાથી ખાલી થાય છે.

## ૧૦૪ વાંસ

૧૦૪–૧ ડોહો અઘી આવે તારે ડોહી વઘારી આલે—વાંહેટા
ડોસો અઘી આવે ત્યારે ડોસી વઘારી આપે.—વાંસેટા
—વાંસના કૂમળા અંકૂર.

વાંસનાં મૂળમાંથી કૂમળા અંકૂર નીકળે છે તેનું શાક થાય છે. આનું સૌરાષ્ટ્રમાં અથાણું કરે છે જે ગરમરનું અથાણું કહેવાય છે.

૧૦૪–૨ નોંધેલી તા વાઘરી પે’રે
મોટ્રી થઈ તા નાગી

નાની હતી ત્યારે ઘાઘરી પહેરતી
મોટી થઈ ત્યારે નાગી ફરતી.

વાંસનો નાનો છોડ હોય ત્યારે તેને પાન હોય છે. પાકટ થાય ત્યારે પાંદડાં વગરનો વાંસ હોય છે.

## ૧૦૫ વીંછી

૧૦૫–૧ નાંનો શૉકરો રાજાને રડ઼ાવે.
નાનો છોકરો રાજાને રડાવે.

નાનો વીંછી મોટા માણસને પણ રડાવે છે.

## ૧૦૬ શીમળો

૧૦૬–૧ આખા ઝાડોનો પટલ કિયો ?
બધાં ઝાડોમાં પટેલ કોણ ?

વૃક્ષોમાં શીમળાનું વૃક્ષ ખૂબ મોટું હોય છે.

## ૧૦૭ સાવરણી

૧૦૭–૧ તારી આઈહેને ઊગળી વાળી મેલે.
તારી માને ઊગળી વાળી મૂકે.

૧૦૭–૨ એક બઈરીને ઊગળી વાળી મેલે.
એક બૈરીને ઊગળી વાળી મૂકે.

સાવરણીથી વાળનારને ઊગળાં વળવું પડે છે.

## ૧૦૮ સિંધણી

૧૦૮–૧ ઊંસ઼્લી મોમીને રંગેલા દાંત—સિંધી-સિંધણી
ઊંચી મામીના રંગેલા દાંત—ખજુરાંનું વૃક્ષ.

ખજૂરાંને ફળ લાગે તે લાલપીળા રંગના રંગેલા દાંત જેવાં હોય છે.

૧૦૮–૨ સૂરતમેંથી એક બઈરી લાઈવા, તિને માથે ટોપી.
સૂરતમાંથી એક બૈરી લાવ્યા, તેને માથે ટોપી.

ખજૂરી તાડની જાતનું વૃક્ષ હોઈ તેને માથે–ટોચે ટોપી પેઠે પાંદડાં હોય છે.

### ૧૦૯ સૂરણ

૧૦૯–૧ હરકો હોટો, ભોંયમેં ગોટો—હોરણુ–હૂરાંણ.
સરખો સોટો, ભોંયમાં ગોટો—સૂરણ.

સૂરણની ગાંઠ જમીનમાં હોય છે. ઉપર સોટા જેવો ફણગો નીકળે છે.

### ૧૧૦ સ્તન

૧૧૦–૧ સરખી ભીંતે બે લાડ્વા—તે હું ?—ધાય.

શરીર તે ભીંત થાન—સ્તન તે લાડવા

### ૧૧૧ હગાર

૧૧૧–૧ હરકો હોટો ભોંગી પઈડ઼ો
પોંસ઼ પટલ ધાઈ પઈડ઼ા
સરખો સોટો ભાંગી પડ્યો
પાંચ પટેલ ધાઈ પડ્યા.

પક્ષીના સોટા જેવાં આંતરડાંમાંથી ચરક નીકળે છે.

### ૧૧૨ હળ[૧૯]

૧૧૨–૧ ખેતર જાય તારે ઘર ભણી મોં,
ને ઘેર આવે તારે ખેતર ભણી મોં.
ખેતર જાય ત્યારે ઘર ભણી મોં,
ને ઘેર આવે ત્યારે ખેતર ભણી મોં.

બળદની ધૂંસરીએ જોડેલું હળ ખેતર જાય છે ત્યારે તેનું મોં ( ચવડું ) ઘર ભણી હોય છે ને ઘેર આવે છે ત્યારે ખેતર ભણી હોય છે.

### ૧૧૩ હુક્કો

૧૧૩–૧ બોડિયા ડુંગર દ્વાળ બળે[૨૦]
ને નદી કરેળા કરે.
બોડા ડુંગર ઉપર દવ બળે
ને નદી બૂમો પાડે.

૧૧૩–૨ ડુંગર પર દ્વાળ બળે
અને નદી પોકાર કરે.

હુક્કાની ચલમમાં દેવતા હોય છે અને પાણીનો અવાજ થાય છે.

---

૧૯ સરખાવો : ગામીત ઉખાણું : ગુજરાતી લોકસાહિત્યમાળા, મણકો ત્રીજો, પૃ. ૧૩૫.

૨૦ સરખાવો : વડોદરામાં આગ લાગી, અમદાવાદમાં પોકાર પડ્યો ને મુંબઈ ધુમાડો નીકળ્યો.

૧૧૩-૩ ભરી સભામેં બોકડો બોલે.
ભરી સભામાં બકરો બોલે.

સભામાં બેઠેલા હુક્કો પીએ છે એકલે ગડગડાટ થાય છે.

૧૧૩-૪ દરિયામેં નાઇખો થંભ, થંભ ઉપેર સક્કર,
સક્કર ઉપેર લીલ, લીલ ઉપેર પીલ.
દરિયામાં નાંખ્યો થંભ, થંભ ઉપર ચક્કર,
ચંક્કર ઉપર લીલ, લીલ ઉપર પીલ.

હુક્કામાં પાણી ભરેલા ભાગ ઉપર થાંભલા પેઠે નળી હોય છે. તેની ઉપર ચલમમાં તમાકુ, તેની ઉપર દેવતા-અગ્નિ હોય છે.

## ૧૧૪ હોડીનો સઢ

૧૧૪-૧ બાર હાથનું સીભડું ને તેર હાથનું બી.—પનાઈ
બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી.—હોડી

હોડી કરતાં હોડીનો સઢ ઊંચો હોય છે.

તા. ૧૪-૧-’૭૧ : ઉત્તરાયણ—પાવી જેતપુર.

# ડામર બ્રાહ્મણકૃત "વેણીવત્સરાજ રાસ"

ભઁવરલાલ નાહટા

મારુ-ગુર્જર ભાષામાં બ્રાહ્મણ કવિ ડામરે રચેલી 'વેણીવત્સરાજ રાસ' નામની કૃતિ અભ્યાસીઓ સમક્ષ અહીં રજૂ કરું છું. આ કૃતિનો નિર્માણકાળ વિક્રમના સોળમા સૈકાના પૂર્વાર્ધમાં અનુમાનિત છે. કવિએ એનાં રચનાવર્ષ અથવા રચનાસ્થાનનો નિર્દેશ કર્યો નથી. પણ મારુ-ગુર્જર પ્રદેશમાં ક્યાંક એ રચાયેલી છે એ સુસ્પષ્ટ છે.

'જૈન ગુર્જર કવિઓ', ભાગ ૩, ખંડ ૨, પૃ. ૨૧૨૪માં જૈનેતર કવિઓના પરિચયમાં ડામર—દામોદર બ્રાહ્મણના વેણીવત્સરાજ રાસ—વિવાહલુનો આદિ અંત આપવામાં આવેલો છે. ત્યાં શ્રી મોહનલાલ દેસાઈએ એની ૩ હસ્તપ્રતોનો ઉલ્લેખ કરેલો છે.—(૧) સં. ૧૬૦૭ ભાદરવા સુદ ૧૩ ચનૂરિ ગામમાં લખાયેલી પ્રત–તે પાલણપુરના સંઘના ભંડારમાં છે. (૨) સં. ૧૬૨૭ માઘ વદી ૧ પત્તનમાં લખાયેલું એક ચોપડાનું પાનું છે. (૩) સં. ૧૭૩૬માં લખાયેલી પ્રત ખેડાના ભંડારમાં છે.

આ પ્રતિઓ ઉપરથી પોતે પ્રેસકોપી તૈયાર કરી હોવાનો ઉલ્લેખ, દેસાઈ મહોદયે કરેલો છે. સાથેની નોંધમાં દેસાઈ મહોદયે જણાવેલું છે કે દલ્હકૃત બિલ્હણચરિત(સં. ૧૫૩૭માં ગોપાચલના તૈવર રાજા કલ્યાણના સમયમાં રચાયેલ)ની આદિ ગાથાઓમાં દામોદરને ગૌડ બ્રાહ્મણ અને ગોપાચલનો નિવાસી કહ્યો છે તથા દામોદર અને પ્રસ્તુત ડામર અભિન્ન હોવાનું કહ્યું છે. દેસાઈ મહોદયની આ સંભાવના ઉચિત હોય તો ડામર કવિ ગોપાચલ અર્થાત્ ગ્વાલિયરનો ગૌડ બ્રાહ્મણ સિદ્ધ થાય. પણ કૃતિની ભાષા જોતાં આ સંભાવના સ્વીકારવાનું કઠણ છે. આ રાસની સં. ૧૫૮૮ના માઘ વદી ૧૦ને રોજ રચાયેલ ૯ પત્રની હસ્તપ્રત થોડા સમય પહેલાં મને મહીદપુર—માળવાના ખરતરગચ્છીય જ્ઞાનભંડારમાંથી મળી હતી. એની છેલ્લી ઢાળની ૩–૪ કડીઓ ત્રુટિત હતી. તેની પૂર્તિ જૈન ગુર્જર કવિઓમાંથી મેં કરી છે. જૈન ગુર્જર કવિઓ અનુસાર આ રાસ વિવાહલા સંજ્ઞક રચના છે. આમાં મુખ્યત્વે વિવાહનો કથાપ્રસંગ છે. એ જોતાં આ સંજ્ઞા ઉચિત છે. એમાં ક્રમશઃ ૩૩+૪૩+૨૩+૫૨+૧૨+૧૧+૯ મળી કુલ પદ્ય-સંખ્યા ૧૮૩ છે.

ઇતિહાસ અને લોકકથાના પ્રસિદ્ધ રાજા શતાનિકનો પુત્ર (ઉદયન) વત્સરાજ આ રાસનો નાયક છે પણ એમાં વર્ણવાયેલ વૃત્તાન્ત વિશેષ તો લોકવાર્તા જ છે. ૧૬મા શતકના આરંભમાં રચાયેલ એક જૈનેતર કવિની અપ્રગટ કૃતિ તરીકે આ રચનાનું મહત્ત્વ સ્વયંસ્પષ્ટ છે. એનો કથાસાર નીચે મુજબ છે :

## કથાસાર

અમરાવતી જેવા તેજનગર પાટણમાં રાજા વત્સરાજ રાજ્ય કરતો હતો. અપ્સરાઓની વચ્ચે રહેતા ઇન્દ્રની જેમ તે વિલાસમગ્ન રહેતો. એક વાર તે રાજવટિકામાં ગયો. માળીએ તેને પુષ્પાદિ ભેટ કરીને કહ્યું "રાજન્ કોઈ દરરોજ આવીને પુષ્પો ચોરી જાય છે પણ એનો પત્તો લાગતો નથી."

રાજાએ હથિયારબંધ ચોકીદાર બેસાડ્યા અને પોતે રાત્રિના અંધકારમાં વડના ઝાડ નીચે જઈને ઊભો રહ્યો. તેણે જોયું કે એક વિવરમાંથી ૧૬ સખીઓની સાથે નીકળીને વાસુકિરાય-(નાગ)ની પુત્રી સુવર્ણકરંડક લઈને બગીચામાં જઈને પુષ્પો ચૂંટતી હતી. રાજાએ એને રોકવા હુકમ આપ્યો પણ તેને ઉપેક્ષાપૂર્વક ૧૬ સખીઓને આગળ કરીને વિવરમાં પ્રવેશ કર્યો. પાતાળમાં પ્રવેશતી કુમારીની વેણી રાજાએ પકડીને કાપી લીધી. એ તેજસ્વી વેણી જોતાં રાજાને થયું કે "કોઈ દેવકન્યાનો પરાભવ કરીને મેં વેર બાંધ્યુ છે." વેરશમન માટે રાજાએ તે વેણીને વાજતે ગાજતે લઈને સિંહાસન ઉપર સ્થાપિત કરીને રાજા પોતે વેણી સામે ધ્યાનમાં બેસતો તથા ઉત્તમ દ્રવ્યો તથા વિવિધ પુષ્પોથી એની પૂજા કરતો. વાદ્ય, નાટક અને ગીત દ્વારા વેણીની ભક્તિમાં તે તન્મય રહેવા લાગ્યો.

આ બાજુ રોતી કકળતી કુમારી પાતાળમાં પહોંચી, રિસાઈને એક બાજુ જઈને બેઠી. વાસુકિરાજાએ પુત્રીના દુઃખનું કારણ પૂછતાં પોતાનું વેણીવિહીન મસ્તક બતાવી તેણે બધી વાત કરી. પુત્રીનું અપમાન થયું સાંભળીને રાજાએ ક્રોધાયમાન થઈ નવકુળના નાગ, ૮૪ રાવત અને તલાર તક્ષકને બોલાવી તેજનગરના રાજાને દંશ કરવા માટે બીડું ઝડપવાની આજ્ઞા કરી. તક્ષકે કહ્યું "બીડું રહેવા દો. એક માનવ માટે ૮૪ રાવત અને ૨૧ કાળા નાગની જરૂર નથી; એનાથી તો નવકુળ નાગને લજ્જા થાય. હું એકલો જ જઈને આપની આજ્ઞાનું પાલન કરીશ." પછી તે વાસુકિના રાજનગરથી નીકળીને સિંહનગર ગયો. ત્યાંથી ઊંચહરણપુર, પ્રતિજલપુર, ત્યાંથી વડવામુખ પાટણ થઈ મૃત્યુલોક પહોંચ્યો.

તાલ્હા—તક્ષકે કનકા નદીમાં સ્નાન કરી બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું. કષાય વસ્ત્રની ધોતી અને જનોઈ ધારણ કરી તથા દ્વાદશતિલક લગાવી કમંડળ લઈ તે સરોવરના કિનારે જઈ ઊભો રહ્યો. ત્યાં આવેલી પનિહારીઓને તેણે પૂછ્યું કે "આ દેશનો રાજા કોણ છે"? તેઓએ ઉત્તર આપ્યો "રાજા તો વત્સરાજ છે પણ આણ વેણીની પ્રવર્તે છે." તાલ્હાએ વેણીનું રહસ્ય પૂછ્યું એટલે તેઓએ પૂર્વવૃત્તાન્ત કહ્યો. આ આશ્ચર્યકારક વૃત્તાન્ત સાંભળીને તક્ષક તુરત રાજદ્વારે પહોંચ્યો અને દ્વારપાળ મારફત રાજાને ખબર મોકલી. રાજા અર્ઘ્ય લઈને આવ્યો અને તક્ષકને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. તક્ષકે કહ્યું "રાજન્, જલ્દી પાતાળ ચાલો. તમને વાસુકિરાજા બોલાવે છે." રાજાએ પૂછ્યું "આપ કોણ છો?" તક્ષકે પોતાનું ફણામણિયુક્ત દૈદિપ્યમાન વિકટસ્વરૂપ બતાવ્યું. રાજાએ કહ્યું "આજ મારો જન્મ સફળ થયો. આપનું દર્શન થયું. પહેલાં આપ મારું આતિથ્ય સ્વીકારો. પછી વત્સરાજે અન્નપાન અને ફળફૂલ વગેરેથી તક્ષકની એવી ભક્તિ કરી જેથી એ રાજા ઉપર પ્રસન્ન થયો.

તક્ષકે રાજાને કહ્યું "મેં તમને વાસુકિરાયની પુત્રી આપી; તમે જાન લઈને જલ્દી આવો". શુભમુહૂર્તમાં જાનની તૈયારી થઈ: ૭ લાખ અશ્વ, ૩ લાખ હાથી, ૯૦૦૦ સુખાસન, ૯૯ હજાર મહારથી અને અસંખ્ય પાયદળવાળી જાન સાથે વિવિધ વાજિંત્ર વાગ્યાં. માતાપિતા શતાનિક અને મૃગાવતીએ આવીને વત્સરાજને કહ્યું "પુત્ર ઘેર પાછા વળો; ક્યાં પાતાળ અને ક્યાં નાગલોક. જીવ શું કામ જોખમમાં નાખો છો. તમે નહિ માનો તો અમારે અગ્નિપ્રવેશ કરવો પડશે." વત્સરાજે વિનયવચનથી માતાપિતાને સમજાવ્યાં અને પોતે નિશ્ચય પ્રમાણે આગળ વધ્યો. જાન સાથે વડવામુખથી તે પ્રતિજલપુર ગયો. ત્યાંથી વાજતે ગાજતે પૂર્વ દિશામાં કૂંચહરણપુર પહોંચ્યો. ત્યાં શેષરાય ક્રુદ્ધ થઈને વિષમય અંગારવૃષ્ટિ કરવા લાગ્યો. તક્ષકે ફુંક મારીને વિષ ગ્રહણ કરી લીધું અને શેષરાયને નિવેદન કર્યું "આપ ક્રોધ ન કરો. વાસુકિરાયને ત્યાં જાન જાય છે એની આગેવાની કરવી એ આપનો ધર્મ છે." પછી શેષરાય લલિયાદેવી અને ભાદલકુંવરની સાથે વાજતે ગાજતે સાથે ચાલ્યો. દક્ષિણ દિશામાં વસોહનગર પહોંચતાં ત્યાંનો રાજા અનંત ક્રોધાયમાન થઈ અંગાર વરસાવા લાગ્યો. એને પણ તક્ષકે એ જ રીતે શાંત કર્યો. અનંતરાજા પણ ભાવલદેવી અને વિગલકુમારની સાથે ધામધૂમથી સાથે નીકળ્યો. વત્સરાજની જાન પશ્ચિમ દિશામાં સિંહનગર પહોંચી. રાજા સૂર્યહંસે કૂપિત થઈને અંગારા વરસાવ્યા પરંતુ તક્ષકે એને પણ શાંત કર્યો. સૂર્યહંસ રાજા જાહલદેવી અને યમઘંટ કુમારને લઈને જાનની સાથે થયો. ત્યાંથી તેઓ ઉત્તર દિશામાં વસહરણનગરમાં ગયાં. ત્યાંથી તક્ષક રાજાની વિષમાદેવી અને એકલકુંવર જાનમાં જોડાયાં. પછી જાન અમોઘ સરોવર પહોંચી. શેષરાજા અને સૂર્યહંસ રાજાએ વાસુકિ પાસે જઈને જુહાર કર્યો અને કહ્યું કે તક્ષક તલાર મનુષ્યોની જાન લઈ નાગલોકમાં આવ્યો છે.

વાસુકિરાજાએ કોપાયમાન થઈ પચાસ કોટિભાર વિષ મંગાવ્યું. ૨૧ કાળા નાગ અને ૮૪ રાવતોને બોલાવી, દૂથરકુમારને બીડું આપીને કહ્યું કે "તક્ષક સહિત સર્વને મારી નાખો." રાજાજ્ઞાથી ગર્જના સાથે વિષવર્ષા થવા લાગી. સર્વત્ર અંધકાર છવાઈ ગયો. તક્ષકે એકલકુમારને બોલાવીને વાસુકિરાજાના કોપમાંથી વત્સરાજનું રક્ષણ કરવાનું કહ્યું. એકલકુમારે વિકરાળ રૂપ ધારણ કરીને ઘોર યુદ્ધ કર્યું જેથી બધા નાગ ગભરાઈ ગયા. તેણે ૫૦ કોટિ ભાર વિષનું શોષણ કરી ૨૧ કાળા નાગને હરાવી દૂથરકુમાર ઉપર હુમલો કર્યો. આ ખબર વાસુકિરાજા પાસે પહોંચી. વાસુકિએ સમય પારખી તક્ષકને બોલાવ્યો. તેણે રાજાને પૂરો વૃત્તાન્ત કહ્યો. વાસુકિરાજાએ પોતાની રાણી નામલદેવીને ઊંઘમાંથી ઉઠાડીને તત્કાળ જાનનો પ્રવેશ કરવાની સૂચના કરી. પણ એ તો રિસાઈને અમોઘ સરોવરને કિનારે ચંદનવૃક્ષની નીચે જઈને બેઠી. તક્ષકે એની પાસે જઈને કહ્યું "જેમ પાતાળમાં આપણું રાજ્ય છે તેમ મૃત્યુલોકમાં વત્સરાજનું રાજ્ય છે." નામલદેવીએ કહ્યું, "દેવ લાંબુ જીવે છે, મનુષ્ય ટૂંકુ જીવે છે. એ બેનો મેળાપ શી રીતે થાય?" તક્ષકે કહ્યું, "માતાજી, વત્સરાજ, ઇન્દ્રનો દૌહિત્ર છે. એટલે એને તમે દેવ જ ગણો, અને તે રૂપલક્ષણ, ગુણયુક્ત રાજાને આપનો જમાઈ બનાવો." માતાએ આ વાતનો સ્વીકાર કરતાં વિવાહ-ઉત્સવનો આરંભ થયો. સુંદરીને વસ્ત્રાભુષણથી સજ્જ કરી વિવાહમંડપમાં લાવવામાં આવી. બ્રહ્મા, નારદ, ઇન્દ્ર—ઇન્દ્રાણી, રોહિણી, ગાયત્રી, સાવિત્રી, રાંદલ, ઋષિપત્નીઓ વગેરે સર્વે ઉત્સવમાં સંમિલિત થયાં, પણ ઉમંગપૂર્વક ચોરીમાં બેઠેલા વત્સરાજને કોઈ નાગણે નખ

મારો. એનું ઝેર ચઢતાં તે બેભાન થઈ ગયો. રાજા વત્સરાજને ભોંય પડતો જોઈ સર્વત્ર હાહાકાર છવાયો. હર્ષ શોકમાં ફેરવાઈ ગયો.

અચેત વત્સરાજને જોઈને સુંદરીએ તેની સાથે ચિતાપ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. વાસુકિરાજાએ કહ્યુ' "પુત્રી આ તું શું કરે છે ? આ દુર્ઘટનાનું કારણ શું ?" તપાસ કરતાં વત્સરાજના શરીર ઉપર નખનો ઘા દેખાયો. એના ઉપર અમૃતનું સિંચન કરતાં તે સચેતન થયો. એને ચોરીમાં બેસાડી હર્ષપૂર્વક વિવાહવિધિ પૂરી કરવામાં આવી. એ પછી વિદાયની તૈયારી થઈ. માતાએ સુંદરીને વિલાપ કરતાં વિદાય આપી. વાસુકિરાજાએ વરદાન માગવાનું કહેતાં પુત્રીએ માગ્યું કે "મૃત્યુલોકમાં અમારું રાજ્ય હોય ત્યાં સુધી કાળા નાગથી કોઈનો પરાભવ ન થાય." નવકુળ નાગ અને ૨૧ કાળા નાગે પણ આ વચનનો સ્વીકાર કર્યો. વત્સરાજ પોતાની નવપરિણીતા સુંદરી નાગકન્યાને સાથે લઈ વાડીના વિવરમાર્ગે મૃત્યુલોકમાં આવી પહોંચ્યો. વધાઈ સાંભળીને શતાનિક રાજા પોતે પુત્રના સ્વાગતે આવ્યો. વત્સરાજે પિતાના ચરણમાં નમસ્કાર કર્યા. ભારે મહોત્સવપૂર્વક વત્સરાજનો નગરપ્રવેશ થયો. સર્વત્ર ગીતગાન, નાટક આદિ થવા લાગ્યાં. ઇન્દ્રલોકમાં પણ વધાઈઓ થઈ. દેવોએ કુસુમવૃષ્ટિ કરી.

ડામર બ્રાહ્મણને ધન્ય છે જેને વત્સરાજનાં ગુણગાન કર્યાં. જે કોઈ આ ગાશે અને સાંભળશે તેના ઘરમાં નવનિધિ થશે.

## मूल काव्य

श्रीगौतमाय नमः

**सरसति** स्वामिनि वीनवूं, मांगूंय एक पसाउ ।
बत्रीस(३२) लक्षणि गुणि आगलु, गाइस्युं वछराज राउ ॥
**तेज नयर पाटण** भलुं, अमरावती समुं होइ ।
मृतलोकि **वत्सराज** राजीउ, अन्नर न बीजूं कोइ ॥ १ ॥

**राय** धवलगृह रूपमइ, पंडित चुरासी(८४) थंभो ।
सोवन रेखइ पूतली, तोरणि नाचइ ए रंभो ॥
वत्सराज क्रीडा विनोद करइ, जिम अपत्सर मांहि इंद्रो ।
सहजि सोभागिहि रूयड़उ, जिस्यु इति पूनम चंद्रो ॥ २ ॥

**वत्सराज** चडइ ए खाडीय, पायक परिगह लेउ ।
ततक्षणि मालीय वीनबइ, चुसर फूलडां लेउ ॥
राय देव वाडीय तम्ह तणी, नित को चूंटीय जाइ ।
मेल्हा पायक पाहरी, जिम किमइ चोर रुषाइ ॥ ३ ॥

**वाडीय** पाखलि राउत रहिआ, भलां भलां आउध लेउ ।
चोर जाइ चोरी करी, कोइ न जाणइ भेउ ॥
इतिहिं राति बींहामणी, व्यापिउं जुग अंधकारि ।
खंति लगी **वत्सराजनइ**, गयु घुस वनह मझारि ॥ ४ ॥

करि लटकारउं नवलखुं, ऊभलु वट वृख हेठि ।
विमर नीसरती कुंयरि, राइं न दीधीय द्रेठि ॥
रातिव बहुरि चंद्र ऊगमइ, घाघरीए झमकारो ।
रमिझमि नेउर वाजइ ए, झांझरनुं झणकारो ॥ ५ ॥

पहिरणि भमर पटुलीया, उढणि नवरंग घाटो ।
चालिहि ए इतिहि ऊतावली, पाउले द्रमद्रमइ वाटो ॥
सिरि सिंदूरी कांचली, उरिहि एकाउलि हारो ।
मस्तकि नवग्रही राखड़ी, कानेय घडिय सारो ॥ ६ ॥

लहकइं वीणि सौवर्णमइ, कसणि लाखीणी दोरि ।
शर वरि फणि मुणि झलहलइ, लक्षण चतुर चकोरि ॥
बहिरखा बाहइ तप तपइ, निलवटि दीपइ भाणो ।
करीयलि कुंकण रणझणइं, भुमहड़ी धनुष विनाणो ॥ ७ ॥

नयणे हिरण हरावीउ, वयण लइ ससि अवतारो ।
लांक नइ सीह हरावीउ, रूप न लाभइ पारो ॥
पाइ मोरींगी वाणही, चमकंत मेल्हइ पाउ ।
सोल सखी स्युं परिवरी, बेटीय वासुगिराउ ॥ ८ ॥

करि धरी करंड सोवर्णमइ ए, पहुतीय वाडीय माहे ।
चूटइ सुललित सेवंत्री, पाडल सुगंधीय जाइ ॥
चूटीय वेउल वालउ, चांपु चांगण हूलो ।
रतनागर कणयर लयां, लयां स जासूना फूलो ॥ ९ ॥

वचकुल वकुल बेवाणीया, चूटीय जई मुचकुंदो ।
सहस पांखडी उवाणीउ, चूंटीय पारधि कंदो ॥
छोड उतारीय केवडा, परिमल घण बहुकेउ ।
चूंटीय दसमणउ मरुय, विलसिरि करबक लेउ ॥ १० ॥

करंड भरीनइ सांचरी, वत्सराजि दीधीय आणो ।
सो आण न मानी राय तणी, हीयडलइं विरयुं विनाणो ॥
सोल (१६) सखी आगलि करी, गईय स बिमर दुयारि ।
कुंयरि पियालिहि पइसती, वीणि गृहीय स नारि ॥ ११ ॥

मत्सरि कटारू काढिऊ, ततक्षणि छेदीय वेणि ।
हाथि लेई नइ जोइऊ, तेजहिं मन पलीणि ॥
नागकन्या कोइ परिभवी, कोइ मइं देवकन्या काइ ।
काल निसरि कर वाहीऊ, वयर न सहणूं जाइ ॥ १२ ॥

तेडिउ परिघहु आपणु, कय्रु यस वेणि विचारो ।
अन्न ऊदक राइ नीमींयां, जां लगइ पामिसु पारो ॥
वीणि लेईनइ संचरइ ए, चिंतइ ए मति नरनाहो ।
पंच शबदि पइसारउ, कीधुं रंगि ऊछाहो ॥ १३ ॥

वीणि बइसारी सिंहासणि, आपणि करइ अस ध्यानो ।
मागत जय जयारव करइ, भूपति आपइं ए दानो ॥
आण वरतावीय वीणिनी, सयलह लोक मझारि ।
नितु नितु त्रिवेली पेखणां, नाटिक हुइ नितु बारि ॥ १४ ॥

कपूर कस्तूरी कुंकुमि, चंदनि नितु चिरचंति ।
जगर कपूर सिलारस, धूप समल बहकंति ॥
चंपक दमणक मरुयक, करबक जासु न जाइ ।
वालु वेउल केवडी, परिमल भुवणि न माइ ॥ १५ ॥

पाडल पारधि सेवंत्री, ईण परि पूज रसालो ।
तलीयां तोरण गूडीय, उत्सव वनरवालि ॥
पंच शबदि धण वाजइए, वल्यु नीसाणे घाउ ।
ईणि परि उलग वीणिनी, भगति करइ नितु राउ ॥ १६ ॥

कुंयरि पयालिहिं पुहुतीय, रहीय सरूसणउं लेउ ।
इति घण रोइ गहबरी, कोई न जाणइ भेउ ॥
वासुगि देहरासर करइ, कुंयरि तेडलुं जाइ ।
तातिइं धूआ उछंगि लेइ कुणि तहं रे दूहव्यां छु माए ॥ १७ ॥

दादा बात असंभम मझ मुनि किम्हइ न समाइ ।
सहियर सवे स्यूं रमतां मानवी परभविआंए ॥
**तेजनयर** पर राजीउ मझ सिरि छेदीय वेणि ।
माहरूं रूप सोहइ नहीं सुखी माहि हई वसु दीणि ॥ १८ ॥

मस्तक ऊघाडी जोईऊ रायसिरि पडीय सझालो ।
नवकुल(९) नाग बोलावीआ अतइ इकवीसइ(२१) ए कालो ॥
राजा कोपि कलकल्यु धड़हडिउ विषहि अपारो ।
राउत चउरासी(८४) तेडावीओ तेड़िउ तक्षक तलारो ॥ १९ ॥

करिअलि वीडउं ऊभीऊं बोलइ ए वासुगि राउ ।
कोइ अछइ राजि अम्हारइ मानवी डसणह जाउ ॥
तक्षकि ऊठी राय वीनव्युइ बीडलां करु न पसाउ ।
**तेजनयर** पर राजीउ फेडीस मृत्त लोकि ठाउ ॥ २० ॥

बीडुं लेई सांचरइ बोलइ वयण विसालो ।
रहु रहु राउल चउरासीया(८४), रहु रहु इकवीसइ(२१) कालो ॥
मानवी सरिस्यु मेलावडु लाजइ ए नव(९) कुल नागो ।
**वत्सराजनुं** सर वेणीय पूजिस तातना पागो ॥ २१ ॥

**राजनियर** थिकु सांचरइ, **वंसहरणपुरि** जाइ ।
**वंसहरण** हंतु सांचरइ, **सीहनयरपुरि** जाइ ॥
**सीहनयर** हुतु सांचरइ, **वसुहनईयर** पुरि जाइ ।
**वसुहनईयर** हुंतु सांचरइ, **कुंचहरणपुरि** जाइ ॥ २२ ॥

**कुंचहरण** हुतु सांचरइ, **प्रतिजलपुरवर** जाए ।
**प्रतिजलपुरवर** चल्लीउ **वडवामुखि** पाटण जाइ ॥
**वडवामुखि** पाटण चल्लीउ, पहुतु मृतलोक माहि ॥ २३ ॥

**कनका नदी** संप्रापतु ताल्हईउ करइ सनानो ।
पहिरी कषाई धोतीय, उरिहिं जनोईय सनानो ॥
द्वादस तिलिक ज सारीया, कमंडल कर तीणइ तालि ।
कीधुं रूप ब्राह्मण तणुं, उभलु सरोवर पालि ॥ २४ ॥

सरोवर सोल(१६) कुंआरीय आवीय पाणीय काजि ।
हूं तुंम्ह पूछउं बहिनड़ी राउ कवण ईण राजि ॥
अम्ह नियरि **वछराज** राजीउ, वीणिनी वरतई आणो ।
वीणि किसी हें बहिनड़ी जेहनी वरतइ आणो ॥ २५ ॥

देव अम्हारइ राजा वाडी धरचुं हतुं चोरो ।
चोरनी वीणि वाढी लेई वीणिनुं दरसण थोरो ॥
पाटि बइसारयु अबोडलुं मांडिउ तिहिं उत्साहो ।
नितु नितु त्रिवेलीय पेखणां सेव करइ नरनाहो ॥ २६ ॥

पंच शबद तिहां वाजइ आगलि नाचइ ए पात्रो ।
चमर ढलइ वीणि ऊपरि ऊपरि धरीयलां छत्रो ॥
बहुय कुसुमि पूजा करइ चरचइ चंदन लेउ ।
अगर कपूर नितु होमीइ ईण परि अत्सव तेउ ॥ २७ ॥

मोती थाल भरी भरी वीणि वधावइ ए नारि ।
वात सुणीनइ सांचरयुं पहुतु राज दुयारि ॥
उत्सव देखी आणंदीउ ऊपनु हरष बहूत ।
प्रसन हूउ तव ताल्हईउ रंगिहि पोलि पहूत ॥ २८ ॥

नाग भणइ सुणि पोलीयां तेड़ि न राउ जयवंतो ।
पोलीइं राउ जई वीनव्यु वीणिनी पूज रचंतो ॥
एक असंभम ब्राह्मण ऊभलु सीहदुयारि ।
वेगि तेड़इ तुम्ह स्त्रामीय रूप न एहवुं संसारि ॥ २९ ॥

हाथि त्रंबालु तिलाक्षत आवीउ **वत्सराज** राउ ।
अर्घ करी करजोडीय रंगिउ पूज्याहर पाउ ॥
प्रणाम करीं ऊभु रहयउ मनि ऊपनलु भाउ ।
**ताल्हण** भणइ तम्ह वेगिलइ तेड़इ ए **वासुग** राउ ॥ ३० ॥

वेगि करी नइ चालुउ करिवु पियालि प्रवेसो ।
धरणि लोटी गणि आविसुं शरि करि आदेसो ॥
पाय लगीनइ वीनवुं कुण :तुं असंभम रूपो ।
त्रणि फणि मणि झबका करइ ताल्हईया विकट सरूपो ॥ ३१ ॥

ध्यन ध्यन जन्म अम्हारुउ सफल मनोरथ आजो ।
ताल्हण रूप सोहामणु दीठइ सीघलां काजो ॥
त्रिभुवनमांहि बीहामणुं तक्षिक नाग वदीतो ।
मनिहिं संतोषति ऊपनउ बोलइ वयणलां शीतो ॥ ३२ ॥

अनपान फल फूलिहिं भोगिहिं पन्नग लीणो ।
अनेकि प्रकार परगण्यउ हूअउ स कोप विहीणो ॥
भगति तूठउं ताल्हीउ नयण अमीय झरंतो ।
प्रीति धरी **वत्सराज** सिउं अक्विल बोल बोलंतो ॥ ३३ ॥

## धउलनी ढाल

तिणि क्षणि तूठउ **ताल्हेउ** वीर, कुंयरि मइं दीधी वासिग तणी ए ।
जान करीनइं चालु वीरां, रायनयरि वीवाहलु ए ॥ १ ॥
हुं किम आवुं **ताल्हिआ** वीर, पिंयालि मानवी दुआंगमु ए ।
ताल्हणि दीधी अविचल वाच धरूं राय आदेसि तेड़ा फरां ए ॥ २ ॥
तेडिउ जोसिय जोइ तुं जोस, जोइ न लग्न मेलावडु ए ।
लग्न मेलावड़इ नथीय कोइ दोस, राय तइ नवग्रह छइ भला ए ॥ ३ ॥
कालूए किहाडे स्वेतरू बांधणे, अनेकि वरण पाखर चडइ ए ।
सात लक्षि अश्वि चडइ पल्हाण, अध लक्षहस्ति श्रृंगारीइ ए ॥ ४ ॥
सारिथ सुखासण सहस नव दोए, अलंब नेजा धज फरहरइ ए ।
सहस नवाणु महारथी होइ, पाला संक्ष न पामीइ ए ॥ ५ ॥

त्रिहि त्रहिइं त्रंबक गुहिर नीसाहण, बरंगाहां तविल नइ दड़दडी ए ।
ढोल सरणाईय भंम प्रयाण, मेर भुंगल संख वाजीया ए ॥ ६ ॥
जान चाली वडवा मुखि जाइ, कनका नदी संप्राती ए ।
कोइ भणइ इंद्र अवाढीय काइ, कोइ भणइ सूरिज राजीउ ए ॥ ७ ॥
नहीं नहीं सूरिज इंद्र महाराज, देव दाणव तु कोइ नहीं ए ।
**शतानीक मृगावती** सुत वत्सराज, प्रछन वीवाहलइ चालीउ ए ॥ ८ ॥
जोउ जोउ बहिनूं ए असंभम वात, देव नइ मनुष्य वीवाहालु ए ।
**शतानीक** राजा नइ **मृगावती** मात, पूढिइं आविय इम भणइ ए ॥ ९ ॥
कांइ अम्हे जमहरि करूंय प्रवेश, कइ तुम्हे वत्स पाछा वलु ए ।
किहां पातालु किइां नागप्रदेश, जीव जोखिम कांइ आंगमु हो ॥ १० ॥
ऊठीय **वत्सराज** लागु पाइ, मातपिता किम लोपीइं ए ।
काइ हूं निश्चिइ चालुंय माइ, काइ अम्ह खूटुं आविउ ए ॥ ११ ॥
प्रसन्न हुइ जु माइ अनइ बाप, तु मुझ मनोरथ सवि फलइं ए ।
तूठीय माइ नइं तूठउ बाप, वत्स वछेदि सांचरइ ए ॥ १२ ॥
वडवामुखपुरथिकी चालीय जात, प्रतिजल पुरवरि किधु गई ए ।
मन वंछित वत्स आपइ दांन, मारगि सहू कलिरव करइ ए ॥ १३ ॥
वाज्यां वाज्यां गुहिर त्रंबक नीसाण, **कुंचहरण पुर** पूरव दिसि ए ।
कोपि चढिउ **राउ सेख** सुजाण, कुण पराठीय आवीउ ए ॥ १४ ॥
विषम अंगारे वरसए मेह, मानवी लोक सहु टळवलइ ए ।
किस्यूं कीधूं तम्हि **ताल्हिया** एह, धीर देइ नइ मरावीया ए ॥ १५ ॥
कोपिहिं तव चडयु **ताल्हण** एइ नाग, फूंक प्रमाणे विष झालीओ ए ।
कोप न कीजइ **शेषह** राउ, वरु आव्यु **वासुगि** तणइ ए ॥ १६ ॥
एह वरु आपणइ धरम लेखेवि, वेगि करी तुम्हे सामहु ए ।
**शेष राजाइ** नइ **ललीया** देवि, **भादल कुंयर** सुं चालीया ए ॥ १७ ॥
वाज्या वाज्या गुहिर गुहिर त्रंबक नीसाण, **वसोहनइर** दक्षण दिसी ए ।
कोपि चढयउ राजा **अनंत** सुजाण, कोइ पराठीय आवीउ ए ॥ १८ ॥
विषम अंगार वरसइ ए मेह, मानवी लोक सहु टलवलइ ए ।
किस्यूं कीधुं तम्हे **ताल्हैया** एह, धीर देइ नइ मरावीया ए ॥ १९ ॥
कोपिहि तब चव्यउ **ताल्हण** नाग, फूक प्रमाणे विष झालिउ ए ।
कोप न कीजइ **अनंत** सुराउ, वरु आविउ **वासिग** तणइ ए ॥ २० ॥
एह वर आपणइ धरम लेखेवि, वेगि करी तम्हे सामहु ए ।
**अनंत राजा** तइ **भावलदेवि, विगल कुंवर** स्युं चालीया ए ॥ २१ ॥

वाज्यां वाज्यां गुहिर त्रंबक गुहरि नीसाण, **सींहनयर** पश्चिम दिसइ ए ।
कोपिं चढयु राजा **सूर्यहंस** जाण, कुण पराठीय अःवीउ ए ॥ २२ ॥

विषम अंगारे वरसए मेह, मानवीलोक सहु टलवलइ ए ।
किस्यूं कीधूं तम्हि **ताल्हिया** एह, धीर देइ नइ मराविया ए ॥ २३ ॥

कोपिहिं तव चडयुं ताल्हण एइ नाग, फूंक प्रमाणे विष झालीउ ए ।
कोप न कीजइ सूर्य राउ, वरु आचउ वासिग तणइ ए ॥ २४ ॥

एह वरु आपणइं धरम लेखेवि, वेगि करी तम्हे सामहु ए ।
**सूर्यराजा** नइ जाहल देवि, **यमघंट** कुंयर स्युं चालीया ए ॥ २५ ॥

वाज्यां वाज्यां त्रंबक गुहिर नीसाण, **वसहरण** उत्तर दिसिइं ए ।
**तक्षकराजा** नइ **विषमादेवि**, एकल कुंयर स्युं चालीया ए ॥ २६ ॥

जान मारगि तिहां छानीय जाइ, **अमोघ** सरोवरि जई रही ए ।
**सेष राजा** नइ **सूरिजराउ**, बेऊ प्रधानी मोकल्या ए ॥ २७ ॥

**सेष सूरिज** जई कीध जुहार, राउ **वासुगि** सहु वीनव्युं ए ।
जान अणाइ छइ **तक्षक तलार**, मानवी नागलोक मेलीउं ए ॥ २८ ॥

कोपिहिं तव चडिउ **वासुगिराउ**, कुण **तक्षक** कुण मानवी ए ।
विष मेल्हीयनइ फेडिसु ठाह, मरण मूरख कांइ आंगम्यूं ए ॥ २९ ॥

पंचास(५०) कोडी भार विष तेडीय वेगि, एकवीस(२१) काला तेड़ावीया ए ।
राउ चुरासीय(८४) तेडिया वेगि, कुंवर **दूबर** नई बींडू दओ ए ॥ ३० ॥

**तक्षक** सहित सहु मारियो ए(ह), मांनव पेयाल मांहि राखियो ए ।
विष गाजइ ए विषि वरसइ मेह, अंधकारि दल छांहिऊ ए ॥ ३१ ॥

जाणीउ **ताल्हेइं** राय तणुं कोप, **एकल कुंयर** बोलावीउ ए ।
आंपण रूठउ वासुगि भूप, वत्सराज राउ किम्हइं राखीइ ए ॥ ३२ ॥

ततक्षण बोलइ एकलवीर, तात रखे मनि दुःख धरइ ए ।
राउ राख्यो तम्हे रूडइं धीर, ए सहू ओडिलि फुंकारवि ए ॥ ३३ ॥

धम धमी धायु एकलु तिणि खेवि, धोधकालानल ऊबठ्या ए ।
तीणी वेला बोलइं **विमलादेवि** वत्स मु कूखडी वयास्युं ए ॥ ३५ ॥

पुत्र अम्हारीय वात वधारउ, एक मनांलि पामीइ ए ।
वीर अछइ वत्स बाप तम्हारुउ, सुभट रणि कसवटइ ए ॥ २५ ॥

खडिगि स्युं भ्रमतु वीज जिम झबकतु झूझ रसइति आगलु ए ।
मेघ जिम गाजतु सिंह यम जर जरइ ए फाल देइ नर पाडिउ ए ॥ ३६ ॥

नाग नाठा सवि दह दिसि जाइ, काल एकवीस स्युं भड़भिड़इ ए ।
काल एकवीस हालाहल वरसइ ए, ताल संपट विष एकि झिरइ ए ॥ ३७ ॥

पंचास कोड़ि भार विष शोषीयाच्छेगि, काल अचेतनं चेत धरइ ए ।
काल एकवीस सिउं जइ भडिउ वेगि, **कुंयर दुत्थर** नइ जई धाउ करयु ए ॥ ३८ ॥
देखी नट कटक नइ प्रलय करंत, राउ **वासुगि** जई वीनव्यु ए ।
आपणा रूठउ **ताल्हेउ** जयवंत, एकलइ दल सहु भांजीओ ए ॥ ३९ ॥
तूठउ **वासुगि ताल्हण** रेसि, वेगइं तेडुं मोकलइ ए ।
आविआ **सूरिज राजा** रेसि, **ताल्हण** आयस तुम्हे लहु ए ॥ ४० ॥
आविउ **ताल्हईउ** वेग करंत, राउ वासुगि ने जई पाय नम्यु ए ।
कहीउ **ताल्हईइं** वीत वृतंत, **राउ वासुगि** मनि हरसीउ ए ॥ ४१ ॥
ओठउ नामल देवि छांडउ निद्र, तक्षक वचन तम्हे सांभलु ए ।
वर आंहां आंणिउ छइ वत्सनरिंद, ताल्हईइ **सुंदरि** दीधली ए ॥ ४२ ॥
राउ वचन तिहां श्रवण सुणेउ, रुदन लगइ मति अंदोह थिउ ए ।
ओठीय **नामल** देवि वेगि करेउ, कुंयरि करि धरी सांचरइ ए ॥ ४३ ॥

**वाणि**

**अमोघ** सरोवरि चंदन वृक्ष हेठि, नांमल रूसणडइ गई ए ।
ओठीय ताल्हईउ पहुतु पूठि, मान चलण बे लेइ रह्यु ए ॥ १ ॥
कर जोड़ी नइ बोलइ ए नागु, साच वचन मुं सांभलु ए ।
जिमह पैयालि छुं आपणि राउ, तिम मृत लोकि **वत्स** राजीउ ए ॥ २ ॥
रहि रहि **ताल्हण** घणूं म बोलि, डाहापण तइ हवि नीगुम्युं ए ।
नाग मानव एकइं तोलि म तोलि, मूरख कांई वरांसीउ ए ॥ ३ ॥
सांभलि माडीय वयण रसाल, हूं किम चिंति वरासीउ ए ।
एहना कुलनइ हुं ग्यु हूतु काल, दिणि वृतांति हूं हरखीउ ए ॥ ४ ॥
मइतां पहिलुं य प्रीछव्या तात, ऊठउ (२) वार लागइ घणी ए ।
जु किम प्रसन थाउ मात, तु मन मनोरथ सवि फलइ ए ॥ ५ ॥
वलि वलि म भणि तुं कुबधीय जाण, कुंयरि न द्युं हूं मानवी ए ।
काल पासि करि काढूंय प्राण, काइ हूं जमहरि गम करूं ए ॥ ६ ॥
तूं न उठउ हिरण राक्षस केरीय धीय, जोइ पछो पूय आपणूं ए ।
कुलह सरीखुं तइं बोलीओ ए, जोइ न कुबधि एकहि तणी ए ॥ ७ ॥
राउ वचन तुम्हि लोपीय मात, दाणव यस अयोतीउ ए ।
घणीय कही कहूं तम्ह नइ वात, भीति पाखइ कुंण भार सहइ ए ॥ ८ ॥
जोइ न पुत्र तुं हृदय विचारि, मनुक्ष्य अमर किह्नइ नवि हुइ ए ।
तेह मेलाप किस्युं संसारि, एक जीवइ घणुं एक मरइ ए ॥ ९ ॥
माता एह तणुं मातामह इंद्र, देवयोनि तुम्हे मनि धरु ए ।
अमर अधिक गुणवंत न इंद्र, जोइ जमाइ आपणुं ए ॥ १० ॥

रूप लक्षणि गुणि निघासति, त्रिहुं भवत मांहि जे सरू ए ।
जे मृतलोकि हुइ भूपति, अंस ते परमेश्वर तणुं ए ॥ ११ ॥

तु तिहां तूठीय **नामल** माइ, बहिन दइ वेगि तुं **ताल्हईया** ए ।
हरखीय **नामल** मंदिरि जाइ, जय जयारव तिहां वरतीउ ए ॥ १२ ॥

**रायनियरि** पुरि हुइ उत्साह, नाग सहू नर नुंत्रा फिरया ए ।
आवीया नाग नागिणि सवि तांह, वेगि हिं मांगलिक करइ ए ॥ १३ ॥

**वरघोड़इ चढवा नी ढाल**

गंगाहां जलह जणावउ, वत्सराज नमणूंय होइ ।
तेड़उ गंगाहा यमना, नरबदा सरस्वती सोइ ॥ १ ॥

अमृतकलस सरि ढालीइ, वत्सराज पाटि पइठो ।
स्वेतक घड सरि उलगइ. प्रथम संचारी पीठो ॥ २ ॥

सुभट सवि सजाई करइ, पाखरइ सवि केकाण ।
कालूए किहाड़े गंगाजलो, महूयडे चडइ पल्हाण ॥ ३ ॥

हाथीयडा सिणगारीइं, कुंकुय हाथला देउ ।
सामह रथ सु सुखासण, सहु सिणगार करेउ ॥ ४ ॥

तेड़उ ब्राह्मण वेद भणइ, छंद भणइ वेताल ।
धवल दीइ नइ सोहासिणी, नाचइं ए अप्सर बाल ॥ ५ ॥

दमणु मरुउ सेवंत्री, फूलड़े पगर भराइ ।
बावन चंदनि छांटणा, कपूरि वास कराइ ॥ ६ ॥

मस्तकि मुड सोहावु, काने कुंडल सारो ।
कंठि निगोदर कांठलु, उरिहिं मुगताफल हारो ॥ ७ ॥

अंगद बांहे रूअड़ा, करियलि कंकण सोहइं ।
रूप दीठइ सुर नारीय, इति घण वाधइ ए मोह ॥ ८ ॥

देवदूक्ष वस्त्र पहिरावीयां, अगर कपूर दहइ धूपो ।
इणि पर वर सिणगारीया, उपम नावइ रूपो ॥ ९ ॥

चंदन कुकुम कस्तुरीय, ओगटि करीय कपूरि ।
सांवन त्रिसेलूं करि लयुं, वर राजा चड्या कीसोरि ॥ १० ॥

पंच शबद घण वाजीया, वल्यु नीसाणे घाउ ।
नाग नागिणि सहु गहगहिउं, हरखिउ **वासुगि राउ** ॥ ११ ॥

ढोल तवल घण बरंगां, भंभा तिवलि नइ तालो ।
मेर भुंगल सरणाईय, वाजइ पणव कंसालो ॥ १२ ॥

इणि परि वाजित्र वाजइ, आगलि वर वत्सराजो ।
छत्र एकोत्तरि(१०१) सिरि धरयां, जाणे इंद्र महाराजो ॥ १३ ॥

पासे सीकरि धारणी, दीसइ बहु सकलाइ ।
रूप निरुपम रूयड़ी, नारीय चमर ढलाइ ॥ १४ ॥

धवलगृहे जोइ नागिणी, वरणवइ रायनुं रूपो ।
केलिगर्भ जिस्यु रूयडु, लोचन कमल सरूपो ॥ १५ ॥

निलवटि चांदला रेखड़ी, भमहड़ी भमर बईठो ।
रूप दीठइ मनि रागिणी, अवर सहू हूओ ओवीठो ॥ १६ ॥

सभर कपोल सुहावइ ए, नासा दीपक चंगो ।
अमृतकला मुखि अवतरी, अधर प्रवालीय रंगो ॥ १७ ॥

धिन धिन मृतलोक रूअड़उ, जिहां अछइ इस्यु राउ ।
धन धन कूख माडी तणी, धन धन कुंअर ताउ ॥ १८ ॥

धिन धिन कुंअरी **सुंदरी,** जीणइ इस्यु लाधउ कंठो ।
राउ **वासुगि** धन **नामल;** जेहनइ जमाईय जयवंतो ॥ १९ ॥

मानवी रूपिइं मोहीया, नागिणि मन भ्रम होइ ।
पूरब पुण्णिहिं पामीइ ए, इस्यु वर नावि कोइ ॥ २० ॥

सहुइ ए जय जयारव भणइ, आणंदि हीइं न माइ ए ।
तलीया तोरण वनरगूडीअ ओच्छलीयां ए ॥ २१ ॥

बद्ध बत्तीस नाटक हुइं, थाकणे चालइ ए जान ।
मांगल गुण गाइं, पामइ इति घण दान ॥ २२ ॥

वाजित्र वाजइ ए गहिगहइ ए, साम्हा आवइ ए ताउ ।
**रायनइयरि** वधामणां, तोरणि आविउ राउ ॥ २३ ॥

## जसी पहिली ढाल तिसी ए

तेडिउ **ललीअ भावल,** **विषमल** **जाहलदेवि** ।
नवइ नागिणि तेडावीअ, कुंयरि सिणगारू उखेवि ॥ १ ॥

सुंदरि नइ नमणूं करी, पंहिरी पटुलीय सेत्रो ।
सरि सीदुरी कांचली, उढणि नवरंग नेत्रो ॥ २ ॥

सरल तरल कालऊत, लहकइ वेणीय दंडो ।
सोहइ सोवन राखड़ी, पांखडली विस खंडो.॥ ३ ॥

जालीय तिकटी बंकड़ी सिरि मुकटा मुणि तेजो ।
कानेय धडिय रूयड़ी, जाणे झबकइ बीजो ॥ ४ ॥

काजल नयणे सलूणीय, मुखि तंबोल सुहावइ ।
कुंयरि कपोल सकोमल, उपम अवर न आवइ ॥ ५ ॥

कंठि निगोदरि मणिमइं, उर वरि नवसर हारो ।
बांहि सोहावइ बहिरखा, करि कंकण झलकारो ॥ ६ ॥

कडि मेखला खटूकाइ, मूद्रडली चलकारो ।
पाए नेउर रणझणइ, रणझणइ झांझर झारो ॥ ७ ॥

कनक जडित पाए वाणही, चमुकत चालइ बालो ।
नव यौवन नवरंगीय, सुंदरि रूप रसालो ॥ ८ ॥

सुंदरि इति सिणगारिय, थइ अस लगनह वारो ।
सवेइ नागिणि तिहां उलटी, गाइं मंगल चारो ॥ ९ ॥

नव नागिणिं सिणगारीय, आवीय मंडप माहे ।
तेड़उ इंद्र इंद्राणीय, तेड़उ **रोहणि** माहे ॥ १० ॥

तेड़उ **गावित्री सावित्री,** आवी **रानल** तिवारो ।
रषि पत्नी सवि आवीय, ललीयल सिणगारो ॥ ११ ॥

सोवत थाल करि लयुं, चंदन सीप श्रीयारि ।
नागिणि वृंदि स्युं चालीय, आवीय तोरण बारि ॥ १२ ॥

आछीय चंदन पियल करयु, निलवट तिलक करेउ ।
आणुं झुंसर भूंसल खाइ किंदू नइ लेउ ॥ १३ ॥

ललीयल करइ उवारणां, पुखियउ **वत्सराज** राउ ।
गलइ घाट्टघाली ताणीउं, चापीइ उलीयल पाउ ॥ १४ ॥

कांइ रे ए किस्युं मानवी, अंतरयु सपट ठाउ ।
नागिणि रूप तूं मोहीउ, भूलउ संपट ठाउ ॥ १५ ॥

रंगि मंडिपि वरु आनीया, ब्रह्मानइ तेडलुं आए ।
नारद वेगि आवीउ, अंत्रपट्ट आडि धराइ ए ॥ १६ ॥

रत्न खचित संहासणि, बइट्ठउ **वत्सराज** राउ ।
अर्ध अन मधु त्रकपति, गयु दीइ ए वासुगि राउ ॥ १७ ॥

पुण्यां शबदि कर ग्रह्यु, मेल्हीय ब्रह्मा हा तांह ।
च्यारि वेद चुरी रच्या, वैश्वानर थापिउ माहे ॥ १८ ॥

हाथे मेलावइ नागिणी, विणोद कलहट मांडयु ।
तिणि वेलां तेहि भागिणि, लाज न भय छांडयु ॥ १९ ॥

चांद्रिणी मांहे जिम चांदल, नागिणि माहे **वत्सराज** ।
एकि हसइं एकि उश्वसइ, वाजइ नयण न्यराज ॥ २० ॥

एतलइ एक नागिणी नख, दीधउ **वत्सराज** अंगि ।
छूटउ हाथ मेलावु, चेत गउ विष भंगि ॥ २१ ॥

एतलइ बुंबारव पडयु, खलभलिउ साजण लोक ।
हाहाकार करइ सहु, बिहु पखि हऊउ तां शोक ॥ २२ ॥

हाहा करि धायउ, ततक्षण **वासुगिराउ** ।
तक्षक जोउ वेगलइ, कवण तणु ए विपाउ ॥ २३ ॥

कवण कालि आप्लव कीउ, फेडुउ तेहनु ठाउ ।
**वासुगि** काले वीनव्यु, स्वामी अम्ह नही पाउ ॥ २४ ॥

विलपइ **नामल** राणीय, कुंयरि करइ विलासु(उ) ।
आम तात म बोलि कारिमू, लोक किस्यु पतीयावु ॥ २५ ॥

घरि आव्या इम वइरीय, मरण न दीजइ आजो ।
कुंयरि चालण बेउ लेई रही, धरणि ढल्या **वत्सराजो** ॥ २६ ॥

रूप निहाळी प्रिय तणुं, रोइए अति घण बाल ।
हे रे करम तइं किस्युं कीऊं, विलपइ कूटइ कपाल ॥ २७ ॥

हा ! हा ! देव किस्युं कीऊं इम काइ लींधुं तइं नाथो ।
माहिर बइठां प्रभु ढळया, खोडि लागी मोरा हाथो ॥ २८ ॥

रोई **नामल** राणीय, रोइ ए नागिणि नारि ।
नाग नइ जां नवसेइ ए, एक पोकार हऊ तिवारि ॥ २९ ॥

**सुंदरिइ** तिहिं विलापइं ए, मूंकइ सरूयडु सादो ।
माइ भणइ स्युं रोइसि, करम स्युं केहु वादो ॥ ३० ॥

पूरा नी परि टलवलइ, भांजइ आभरण लाखइ ।
लइ लइ बहिन वीसामु, रोतीय सहीयर राखइ ॥ ३१ ॥

सुणि न सही मुझ वातडी, साचूं कहुंय विचारो ।
पाइ पाटुली चांपीयइ, नेउरडे झमकारो ॥ ३२ ॥

मायइ वीणी लहकावीइ, फूलडां खूंप खूंणालु ।
सोवन मुउड मल्हावीइ सइथइ सोहइ ए भालु ॥ ३३ ॥

काने कुंडल पहिरीइ, कंठि निगोदर हारो ।
विचित्र कांचली चूनड़ी, बांहि बहिरखा सारो ॥ ३४ ॥

करियलि चूडउ रूयडउ, कंकणनुं झमकारो ।
कडिहिइ खटुकइ मेखला, सोहइ सर्व सिणगारो ॥ ३५ ॥

सदा सुभाविं हींडीइ, गाल भरया तंबोल ।
चंदन कपूर कस्तूरी, ऊगटि कुंकुमि रोलि ॥ ३६ ॥

सासरइ पिहरि मानहिइ, कीजइ बहु घण मोड ।
मन मनोरथ फलीइ, पूजइ वंछित कोड ॥ ३७ ॥

चालीइ लाड गहेलडां, प्रगट थयां सविचारो ।
प्रीय पसाइं माल्हीइं, भोगवीइ सुख सारो ॥ ३८ ॥

प्रीय छतां नावि कीजइ, किह तणुं भय शंका ।
वस्त्राभरणि हींडीइ, जाणे अभिनव लंका ॥ ३९ ॥

सहुइ तां हुइ सोहिलुं, जां जीवइ भरतारो ।
घणूं किस्युं मखि कहीइ, विण नर नारि असारो ॥ ४० ॥

आणइ जनमि मइ वरीउ, पति कइ वत्सराज राउ ।
वेग करि ति रुअडउ, चिंहि तणउ करु समदाउ ॥ ४१ ॥

वछेर करु हिव दादा, विणसइ माटी य नाथो ।
जीव बिहुं छेटुं पडइ, भूलिस स्वामीनुं साथो ॥ ४२ ॥

बेटी तइं किस्युं बोलीउ, अम्ह नइ बेउ गति जाइ ।
जां लगइ जोऊ कारण, तां लगइ पडखुउ माइ ॥ ४३ ॥

एतलइ जोतां जो आवतां, नख दीठउ **वछराज** अंगि ।
अमृत सींची विष घूंटीउ, चेत वल्युं **वछ** रंगि ॥ ४४ ॥

ततक्षणि गूडीय ऊछली, वल्युं नीसाणडे घाउ ।
जय जय आ रव इति उचरइं, बइठउ थ्यु **वत्सराउ** ॥ ४५ ॥

वेगि करी नि राजा, चुरी भिंतरि आंण्युं ।
ब्रह्मा शुचि श्रव करि लयुं, उक्ता होम कराणु ॥ ४६ ॥

पहिलुं मांगल वरतीउं, तूठउ वासुगि राउ ।
तूठउ राजा स्युं दीइ, खाटज मृतलोक माहि ॥ ४७ ॥

बीजउं मांगल वरतीउं तूठउ वासुगि राउ ।
तूठउ राजा स्युं दीइ, दीपक मृतलोक मांहि ॥ ४८ ॥

अगणीय मांगल वरतीउ, तूठउ वासुगि राउ ।
तूठउ राजा स्युं दीइ, नागवेलि मृतलोक माहि ॥ ४९ ॥

चुथुं मंगल वरतीऊं, तूठउ **वासुगि** राउ ।
तूठउ राजास्युं दीइ, करवु मृत लोक माहि ॥ ५० ॥

खाट दीपक नाग वेलिहिं, करवु अमीय रसालो ।
नवकुलि नागि वाचा देईं, अनइ एकवीसइ कालो ॥ ५१ ॥

चुरि मांहि जु दान हुयां, **हनोमंत** साखि करेउ ।
वंछित आस बिहुं फली, **हरखिइं** परण्या **बेउ** ॥ ५२ ॥

## लाडी सासरइ चालवानी ढाल

नामल बोलइ ए गहिबरी, कुंयरि उछंगि लेउ ।
आवु उलीयल वेगलइ, कुंयरि सिणगार करेउ ॥ १ ॥

पाछइ लेइ जाइसि, मृतलोकि राउ **वत्सराज** ।
वली वली जोउ सलूणइं, **बेटी** तणूं मुख आज ॥ २ ॥

इम कहंता मूरछी, आविय **नामलदेवि** ।
बाँह धरइ तब **ललीयल**, शीतल वाउ करेवि ॥ ३ ॥

नागणि छांटणडां करइ, बावन चंदनि पूरि ।
**नामल** थाइ इम कालमुही, मृतलोकन थीय दूरि ॥ ४ ॥

आवागमण सदा हुसि, मोकलु सोल(१६) सही साथि ।
सोले हे सोल कुंयर वरया, दीधुं आदेस विष नाथि ॥ ५ ॥

चालिवा तणीय सजाईय, करइ सो नरेसो ।
कुंयरि तब मोकलावए, कीधु मनोहर वेसो ॥ ६ ॥

अखइ होयो बाप तूं, अखई माडली सीसो ।
अखइय होज्यो बांधव, जीवज्यो कोड़ि वरीसो ॥ ७ ॥

अखइय काकाह मांमला, अखइय सहु परिवारो ।
अखइ मंत्रि महाधर वीर, करिज्यो मोरीय सारो ॥ ८ ॥

अखइय फड्यर बहिनर, अखईय सवि सीहीयर ।
तात करे मोरी सारड़ी, इम कही लागीय पाए ॥ ९ ॥

**सुंदरि** ले उछंगिहि, रोइए **वासुगि** तातो ।
रोइए बांधव बहिनड़ी, रोइ **नामलदे** मातो ॥ १० ॥

बेटीय वंछित मांगि तूं, तूठउ **वासुगि राउ** ।
तात तूठउ जु दीयइ, मांगुं एक पसाउ ॥ ११ ॥

काल रखे कोइ परभवइ, अम्ह मृतलोकि राज करंतो ।
नव(९)कुलि नाग वाचा देई, एकवीस(२१) काल देयंतो ॥ १२ ॥

॥ **वाणि** ॥

पंच शबद घण वाजीयां, निरिसुड़ा वल्यु नीसाणे घाउ ।
राय नइयर शु सांचर्युं, निरिसूड़ा विमरि पहूतु राउ ॥ १ ॥

नवकुल नाग बुलामणि, निरिसूड़ा एकवीसइ काल ।
सरिसा राउत चुरासीआ, आगलि पुलइ निधन धन मृतलोक राउ ॥ २ ॥

मयमत्त सारसड़ी करइ निरिसूड़ा हयड़उ रथ निर्घोष ।
अश्व कारिव हणहणइ निरिसूड़ा हरखि हीइ संतोष ॥ ३ ॥

बंदीजन कलिरव करइ निरिसूड़ा कलहट अंगि न माइ ।
कोपत हओउ नवि होइ निरिसूड़ा वछराज समु न राउ ॥ ४ ॥

सूकृत वृक्ष राजा फल्यउ निरिसूड़ा तेज न सहिणूं जाइ ।
क्रीडा विणोदि संप्रापतु निरिसूड़ा वत्सराज मृतलोक माहि ॥ ५ ॥

ए मन वंछित जेहऊउ निरिसूड़ा ताल्हण तणु पसाउ ।
**वत्सराजि** रहीय सहावीउ निरिसूड़ा नाग तणुं समुदाउ ॥ ६ ॥

वाडी विमरि ऊमघउ निरिसूड़ा फलीय स दाडिम द्राख ।
पंखीयड़ा कलिरव करइ निरिसूड़ा बोलइ जूजुइ भाष ॥ ७ ॥

फलीय सकरणि बीजुरडी निरिसूड़ा, फलीय सकेलि रसाल ।
आंबू जांबू आंबिली निरिसूड़ा, फलीया ताल तमाल ॥ ८ ॥

चांपा पारधि सेवंत्री निरिसूड़ा, वेउल वालु जाइ ।
वसति सवि महिमहइ निरिसूड़ा, परिमल पुहुवि न माइ ॥ ९ ॥

वनस्पति सवि रूयड़ी निरिसूड़ा, फलीय स जाति अढार ।
मलयाचल वाउ वाईउ निरिसूड़ा, बहकइ गंध अपार ॥ १० ॥

तेजनइर जइ बहिकीउ निरिसूड़ा परिमल वास्या अंग ।
कांइ रूअडु होसि निरिसूड़ा लोक भणइ अति चंग ॥ ११ ॥

॥ वाणि ॥

वत्सराज मृतलोकि आविउ सोभागरेणं, उतरयु वनह मझारि रे सो० ।
वनस्पती फूली फली सो० नालीयर चांपु जाइ सो० ॥ १ ॥

मालीयडउ नइयरि गयउ सो० पुहतु सभा मझारि रे सो० ।
शतानीक देइ वद्धामणी सो० आव्यु वत्सराज राउ रे सो० ॥ २ ॥

शतानीक तिहां हरखीउ सो० पंचांग दिइ पसाउ रे सो० ।
नयर लोक सहु हरखीउ सो० चाल्युं वेगिइ सहू रे सो० ॥ ३ ॥

पंच शब्द घणें वाजीयां सो० वल्यु नीसाणे घाउ रे सो० ।
घरि घरि गूडी ऊछली सो० तोरण वंदरवालि रे सो० ॥ ४ ॥

सतानीक साम्हुं गयु सो० वत्सराज लागु पाइ सो० ।
उत्सवि पइसारु कीउ सो० आणंद हीइ न माइ सो० ॥ ५ ॥

बावनि चंदनि हुइ छांटणा सो० चाउलि चुक पुरेउ सो० ।
घरि घरि हुइ वधामणा सो० वत्सराज बइठउ पाटि रे सो० ॥ ६ ॥

धवल दीइं सोहासिणी सो० वधावइ वत्सराज रे सो० ।
इंद्रलोकि हुइय वद्धामणी सो० आव्यु परणी राउ रे सो० ॥ ७ ॥

कुसुम वृष्टि सुरवर करइ सो० जय जयकार करंति रे सो० ।
गुण बोलइ सहु वरतणां सो० ईहकहिं पूरह आस रे सो० ॥ ८ ॥

ध्यन ध्यन डामर ब्राह्मण सो० जीणइ गायु वत्सराज राउ रे सो० ।
जो कोइ गाइ सांभलइ सो० तेह घरि हुइ नवनिधि रे सो० ॥ ९ ॥

॥ इति श्री वेणी वत्सराजं रास समाप्तः ॥

संवत् १५८८ वर्षे शाके १४५४ प्रवर्त्तमाने माहा वदि १० बुधे लखित्वा ॥ [पत्र ९ महीदपुर भंडार]

# પૂજાવિધિ પ્રકરણ અને તેનો પદ્યાનુવાદ

મુનિ પ્રદ્યુમ્નવિજય

## મૂળ કૃતિ ને તેના કર્તા

પ્રકરણરચનામાં કુશળ અને તત્ત્વાર્થસૂત્રના ખૂબ સુંદર રચનાકાર તરીકે વાચકમુખ્ય ઉમાસ્વાતિ મહારાજનું નામ ધાર્મિક સંસ્કૃત-સાહિત્યમાં વિખ્યાત છે. જેવા તેઓ સંગ્રહકાર તરીકે અનન્ય છે તેવા જ તેઓ પ્રકરણની રચના કરવામાં પ્રવીણ છે. વાદી દેવસૂરિજીએ પણ તેમની પ્રકરણ-પ્રણયન-પ્રવીણ તરીકની પ્રશંસા કરી છે. તેઓનો જીવનસમય સંપૂર્ણપણે નિર્ણીત નથી. છતાં તે અંગે અટકળ બાંધીને જ કામ પતાવવું રહ્યું. ઘણા મતાંતરોને દૂર ટાળીને તેમનો સમય વીરનિર્વાણ સંવત્ ૪૭૧ એટલે વિક્રમના પ્રથમ શતકના પહેલાં મનાયો છે. તેઓનો કૃતિકલાપ ઘણો વિશાળ હતો; એમ સંભળાય છે કે તેઓ પ્રશમરતિપ્રમુખ પાંચસો પ્રકરણોના કર્તા હતા.

પ્રસ્તુત પૂજાવિધ પ્રકરણ તેઓનું રચેલું છે. તેની શ્લોકસંખ્યા ૧૯ છે. આ ઓગણીસ પદ્યોમાં પૂજા કેવી રીતે કરવી? તેના પ્રકારો કયા કયા? તે દર્શાવ્યું છે. તેઓએ પૂજાના ૨૧ પ્રકાર આ પ્રકરણમાં જણાવ્યા છે. પૂજાવિધિનાં દ્રવ્યો વગેરે સાધનામાં કેવાં લેવાં તેની વીગત જણાવી છે. તાન્ત્રિક વિધાનોમાં જેમ દિશા-સમય-વર્ણને સામગ્રી તે રીતની લાભહાનિમાં કારણ છે, તેમ પૂજાવિધિમાં પણ તે તે વસ્તુ લાભહાનિકારક છે તેમ સૂચવ્યું છે. ઓગણીસ શ્લોકમાં : ૧ શાર્દૂલ, ૨ વસંત-તિલકા ને ૧૬ અનુષ્ટુપ્ છે. રચના સુગમ ને સરળ છે.

### અનુવાદક :

'પૂજાવિધિ પ્રકરણ'નો મધ્યકાલીન ગુજરાતીમાં અનુવાદ કરનાર પ્રીતિવિમલ એ આનંદવિમલના શિષ્ય હતા, એમ 'પૂજાવિધિ પ્રકરણ'ન પદ્યાનુવાદની નીચેની પુષ્પિકા પરથી ફલિત થાય છે :

एहवी पूजा कीजे सदा जिम पामीजे सुखसंपदा
पंडित आणंदविमलनो दास प्रीतिविमल कहे उलास ॥ १३ ॥

જૈન કવિ વાસણકૃત 'આનંદવિમલસૂરિ રાસ' (સં. ૧૫૯૭=ઈ.સ. ૧૫૪૧) પ્રમાણે, પ્રીતિવિમલના ગુરુ આનંદવિમલ ઈ. સ. ૧૫૪૧માં દેવલોક થયા હતા (જૈન ગુર્જર કવિઓ, ભાગ ૧, પૃ. ૧૬૮). તપાગચ્છની પરંપરામાં થઈ ગયેલા આનંદવિમલના શિષ્ય પ્રીતિવિમલ આશરે સં. ૧૬૪૯(ઈ. સ. ૧૫૯૩)માં થઈ ગયા અને તેમણે 'મૃગાંકકુમાર પદ્માવતી ચોપાઈ', 'દાનશીલ તપ ભાવના રાસ', 'અષ્ટપ્રકારી પૂજા રાસ' આદિ કૃતિઓની રચના કર્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે (જૈન ગુર્જર કવિઓ', ભાગ ૧, પૃ. ૨૯૩–૨૯૬).

પ્રીતિવિમલકૃત ' દાનશીલ તપ ભાવના રાસ 'માંની નીચેની પંક્તિઓ પરથી ફલિત થાય છે કે, પ્રીતિવિમલ, તપાગચ્છની પરંપરામાં થઈ ગયેલ વિજયદાનસૂરિ, હીરવિજયસૂરિ અને આનંદવિમલના શિષ્ય હતા :

સોહમ સ્વામી પરંપરા રે, તપગછ ગયણુદિણુંદ રે,
શ્રી આણુંદવિમલસૂરી રે, શ્રી વિજયદાનસૂરિંદ રે,......આદરિયા૦ ૨૮
તસ પાટે પ્રગટ હૂઓ ભલો રે, શ્રી હીરવિજયસૂરિ રાય રે,
શ્રી વિજયસેન સોહામણુા રે, નામઇ નવનિધિ થાય રે.......આ૦ ૨૯
શ્રી વિજયદેવસૂરિ સદા રે, તસ પાટઈ પરધાન રે,
મનવંછિત ફલ સુરતરૂ રે, સમર્યો દિઇ સાવધાન રે.......આ૦ ૩૦
શ્રી આણુંદવિમલસૂરિ સેવકો રે, નામઇ શ્રી ધમસિંહ રે,
તાસ સેવક કમલાકરૂ રે, જયવિમલ ધનદીહ રે.......આ૦ ૩૧
પ્રીતિવિમલ નિજ ભાવસું રે, રાસ રચ્યઉ શ્રીકાર રે,
ભણુતાં સુણુતાં ભાવસું રે, ઉપશમ રસ ભંડાર રે......આ૦ ૩૨

## श्री पूजाविधिप्रकरणम्

स्नानं पूर्वामुखीभूय प्रतीच्यां दन्तधावनम् ।
उदीच्यां श्वेतवस्त्राणि, पूजा पूर्वोत्तरामुखी ॥ १ ॥

गृहे प्रविशतां वाम-भागे शल्यविवर्जिते ।
देवतावसरं कुर्यात्, सार्धहस्तोर्ध्वभूमिके ॥ २ ॥

नीचैर्भूमिस्थितं कुर्याद्, देवतावसरं यदि ।
नीचैर्नीचैस्ततो वंशः सन्तत्यापि सदा भवेत् ॥ ३ ॥

यथाऽर्चकः स्यात्पूर्वस्या, उत्तरस्याश्च संमुखः ।
दक्षिणस्या दिशो वर्जं, विदिग्वर्जनमेव च ॥ ४ ॥

पश्चिमाभिमुखः कुर्यात् पूजां जैनेन्द्रमूर्तये ।
चतुर्थसन्ततिच्छेदो, दक्षिणस्यामसन्ततिः ॥ ५ ॥

आग्नेय्यां तु यदा पूजा, धनहानिर्दिने दिने ।
वायव्यां सन्ततिर्नैव, नैर्ऋत्यां च कुलक्षयः ॥ ६ ॥

ऐशान्यां कुर्वतां पूजां, संस्थितिर्नैव जायते ।
अंह्रिजानुकरांसेषु, मूर्ध्नि पूजा यथाक्रमम् ॥ ७ ॥

श्रीचन्दनं विना नैव, पूजां कुर्यात्कदाचन ।
भाले कण्ठे हृदम्भोजो-दरे तिलककारणम् ॥ ८ ॥

नवभिस्तिलकैः पूजा, करणीया निरन्तरम् ।
प्रभाते प्रथमं वास-पूजा कार्या विचक्षणैः ॥ ९ ॥

मध्याह्ने कुसुमैः पूजा, सन्ध्यायां धूपदीपयुक् ।
वामाङ्गे धूपदाहः स्या-दग्रपूजा तु संमुखी ॥ १० ॥

अर्हतो दक्षिणे भागे, दीपस्य विनिवेशनम् ।
ध्यानं च दक्षिणे भागे, चैत्यानां वन्दनं तथा ॥ ११ ॥

हस्तात्प्रस्खलितं क्षितौ निपतितं लग्नं क्वचित्पादयो-
र्यन्मूर्ध्वोर्ध्वगतं धृतं कुवसनैर्नाभेरधो यद्धृतम् ।
स्पृष्टं दुष्टजनैर्घनैरभिहतं यद् दूषितं कीटकै-
स्त्याज्यं तत्कुसुमं दलं फलमथो भक्तैर्जिनप्रीतये ॥ १२ ॥

नैकपुष्पं द्विधा कुर्यान्न छिन्द्यात् कलिकामपि ।
चम्पकोत्पलभेदेन, भवेद्दोषो विशेषतः ॥ १३ ॥

गन्धधूपाक्षतैः स्रग्भिः, प्रदीपैर्बलिवारिभिः ।
प्रधानैश्च फलैः पूजा, विधेया श्रीजिनेशितुः ॥ १४ ॥

शान्तौ श्वेतं जये श्यामं, भद्रे रक्तं भये हरित् ।
पीतं ध्यानादिके लाभे, पञ्चवर्णं तु सिद्धये ॥ १५ ॥

(शान्तौ श्वेतं तथा पीतं, लाभे श्यामं पराजये ।
मङ्गलार्थं तथा रक्तं, पञ्चवर्णं तु सिद्धये ॥)

खण्डिते सन्धिते छिन्ने, रक्ते रौद्रे च वाससि ।
दानपूजातपोहोम-सन्ध्यादि निष्फलं भवेत् ॥ १६ ॥

पद्मासीनसमासीनो, नासाग्रन्यस्तलोचनः ।
मौनी वस्त्रावृतास्योऽयं, पूजां कुर्याज्जिनेशितुः ॥ १७ ॥

स्नात्रं विलेपनविभूषणपुष्पवास-धूपप्रदीपफलतण्डुलपत्रपूगैः ।
नैवेद्यवारिवसनैश्चमरातपत्र–वादित्रगीतनटनस्तुतिकोशवृद्धया ॥ १८ ॥

इत्येकविंशतिविधा जिनराजपूजा,
ख्याता सुरासुरगणेन कृता सदैव ।
खण्डीकृता कुमतिभिः कलिकालयोगा-
द्यत्प्रियं तदिह भाववशेन योज्यम् ॥ १९ ॥

# पूजाविधिप्रकरणनो पद्यानुवाद

सुविधिनाथनी पूजा सार
करतां सघले जयजयकार
पूजानी विधि धारो सही
श्री भगवन्ते शास्त्रे कही ॥ १ ॥

पूर्व सन्मुख रही स्नान आदरो
पच्छिम दिस रही दातण करो
उतर सुं वस्त्र पहेरो सही
पूजो पूर्व उत्तर मुख रही ॥ २ ॥

घरमां पेसतां वामे भाग
देरासर करवानो लाग
दोढ हाथ भूमिथी उंचो कीजे
उंचुं नीचुं सहु वर्जीए ॥ ३ ॥

पूरव उत्तर मुख पूजा जाण
बीजी दिसे करता होइ हाण
नव अंग पूजा विधि एह
विधिए करतां निर्मल देह ॥ ४ ॥

पग जंघ बे हाथ ज तणी
खभा मस्तकनी पांचमी भली
भाल कंठ हृदय जाण
उदर नवमुं तिलक वखाण ॥ ५ ॥

चन्दन विना पूजा नवि होय
वास पूजा परभाते जोय
कुसुम पूजा मध्याह्ने करो
सांझे धूप दीप आदरो ॥ ६ ॥

धूप उखेवो डाबे पास
जिमणे पासे दीप प्रकास
ढोणुं आगे मुको सही
चैत्यवन्दन करो दक्षिण रही ॥ ७ ॥

हाथ थकी जे भोंय पडे
पग लागे मलने आभडे
मस्तक ऊंचो परिहरो
नाभिथी नीचु मति कहो ॥ ८ ॥

कीडे खाधु तजीयें फूल
इम फलादिक ढोइए अमूल
फूल पांखडी नवि छेदीएं
कलिका कांइ नवि भेदीए ॥ ९ ॥

गंध धूप आंखे आणिए
फूल दीप बल फल जाणीए
पाणी आठमुं सुन्दर सही
अष्ट प्रकारी पूजा कही ॥ १० ॥

शान्ति कारण ऊजलो वस्त्र
लाभ कारण पीत पवित्र
वइरी जीपवा पेहरो श्याम
रक्तवस्त्र ते मंगलिक काम ॥ ११ ॥

पंच वरण वस्त्रे होये सिद्धि
खंडित वस्त्र सघलामां निषिद्ध
पदमासन ने मौन ज रही
मुख कोशथी पूजाविधि कही ॥ १२ ॥

एहवी पूजा कीजे सदा जिम पामीजे सुख संपदा
पंडित आणंदविमलनो दास प्रितिविमल कहे उलास ॥ १३ ॥

॥ इतिश्री पूजाविधिः ॥

# શક સંવત કોણે પ્રવર્તાવેલો ?

રસેશ જમીનદાર

ભારતીય ઇતિહાસમાં અનેક વિવાદાસ્પદ પ્રશ્નો છે. આમાંના કેટલાક પ્રશ્નો ઇતિહાસના અધ્યેતાઓને સમયે સમયે ચર્ચાના સંગ્રામમાં ખેંચી લાવે છે. ક્યારેક નવી શોધખોળ, જેવી કે સમયનિર્દેશવાળા દસ્તાવેજો કે સિક્કાઓ, ઇતિહાસકારોને એમના અગાઉના મંતવ્યમાં ફેરફાર કરવા પ્રેરે છે કે કોઈ નિશ્ચિત નિર્ણય પર આવવામાં મદદ કરે છે કે પછી ક્યારેક કોઈ નવું અર્થઘટન વ્યક્ત કરવા સહાયરૂપ નીવડે છે કે કોઈ નવો વિચાર વહેતો કરાવે છે. શક સંવત એ ભારતીય ઇતિહાસનો એક એવો ચર્ચાસ્પદ મુદ્દો છે કે જેણે અત્યાર સુધી અનેક ઇતિહાસકારોને મંતવ્યોના મેદાનમાં ખેંચ્યા છે અને હજીય અનેકને ચર્ચાસ્પર્ધામાં ખેંચી લાવે છે.

અત્યાર સુધીમાં અનેક ઐતિહાસિકોએ શક સંવતના પ્રવર્તક વિશે વિધવિધ મંતવ્યો રજૂ કર્યાં છે. મારો આશય અહીં, એ બધી ચર્ચાઓને કે એ બધા સિદ્ધાન્તોને વિગતે વર્ણવવાનો નથી; કેમ કે ઘણા વિદ્વાનોએ એ વિશે ખૂબ ખૂબ ચર્ચા કરી છે. દા. ત. દે. રા. ભાંડારકર[1] અને રાખાલદાસ બેનરજીએ[2] એમના વિસ્તૃત નિબંધોમાં આ વિશે અતિ વિસ્તૃત વર્ણનો દ્વારા આ પ્રશ્નની છણાવટ સુંદર કરી છે; એમણે એમની પૂર્વના વિદ્વાનોની દલીલોને પણ ચકાસી છે.

પરન્તુ એમાંની કેટલીક દલીલોની ચર્ચા હું સહેતુક કરવા ઇચ્છું છું, જેથી તે દલીલોની નબળી કડીઓ દર્શાવી શકાય અને નવા સિદ્ધાન્તનું પ્રતિપાદન કરવામાં સરળતા ઊભી થાય.

રાજા વોનોસીસ એ શક સંવતનો પ્રવર્તક હતો, એવી વકીલાત સૌ પ્રથમ ભગવાનલાલ ઇંદ્રજીએ કરેલી[3]; પરન્તુ પછીથી નવા શોધાયેલાં સાધનોને આધારે એમણે પોતાનું અગાઉનું મંતવ્ય છોડી દીધું અને ક્ષહરાત વંશનો ક્ષત્રપ રાજા નહપાન એનો પ્રવર્તક હોવાનો નવો સિદ્ધાન્ત રજૂ કર્યો.[4] આ વિશે એમની મુખ્ય દલીલ એ હતી કે નહપાનેશાતકર્ણિ ઉપર જે વિજય પ્રાપ્ત કર્યો એની યાદગીરીમાં એણે નવો સંવત પ્રવર્તાવ્યો; અને એ કુષાણ રાજા કનિષ્કનો ઉપરાજ હોઈ એણે એના માલિકના માનમાં એ સંવતને એનું નામ આપ્યું.

---

૧ જુઓ " A Kushana stone-inscription and the question aboutt he origin of the Śaka Era " -Journal of the Bombay Branch of the Royal Asiatic Society, vol. XX, pp. 269–302.

૨ જુઓ " The Scythian Period of Indian History. " Indian Antiquary, 1908, pp. 25 ff.

૩ Bombay Gazetteer, vol. I, Part 1, pp. 26 ff.

૪ Bombay Gazetteer, vol. XIV, p. 617

ભગવાનલાલ ઇંદ્રજીનો, શક સંવતનો પ્રવર્તક નહપાન છે એવો, મત અધૂરી માહિતી ઉપરથી બંધાયો હોય એમ જણાય છે અને તેથી નીચે અનુસારનાં કારણો ધ્યાનમાં લેતાં એ મત સ્વીકાર્ય બનતો નથી: (૧) સૌ પ્રથમ તો એમને પ્રાપ્ત થયેલી ખોટી માહિતી એ છે કે નહપાને શાતકર્ણિ રાજાને હરાવ્યો અને વિજયની યાદમાં એણે સંવત શરૂ કર્યો. પરન્તુ એ તો દીવા જેવી સ્પષ્ટ અને અસંદિગ્ધ હકીકત છે કે નહપાને શાતકર્ણિને નહીં, પણ શાતકર્ણિ રાજાએ નહપાનને હરાવેલો અને તેથી ભગવાનલાલનું ઉપર્યુક્ત મંતવ્ય સ્વીકાર્ય બનતું નથી. (૨) નહપાનના નાસિકના ગુફાલેખોમાં સમયદર્શક વર્ષ કોઈ એક સંવતનાં નહીં પણ રાજકાલનાં છે, જે પછીના સમયમાં એના કોઈ અનુગામીએ વાપરવાં ચાલુ રાખ્યાં હોય એવું જાણવા મળ્યું નથી.[૫] (૩) કોઈ પણ સંજોગોમાં નહપાન કુષાણ રાજા કણિષ્કનો ઉપરાજા હતો જ નહિ; પરન્તુ તે એક સાર્વભૌમ ધરાવતો સ્વતંત્ર રાજા હતો.[૬] (૪) કુષાણ રાજા કણિષ્ક શક જાતિનો ન હતો;[૭] તેથી જો નહપાને કુષાણ રાજા કણિષ્કનાં સમયનિર્દેશક વર્ષોનું અનુકરણ કર્યું હોય તો તેણે શા માટે શક સંવત એવું નામ પસંદ કર્યું એ સમજાતું નથી. એણે એના બદલે એના માલિકના વંશનું નામ સંવત સાથે સાંકળવું જોઈતું હતું.

દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે ભગવાનલાલ ઇંદ્રજીના અગાઉના મંતવ્ય સાથે સહમતી દર્શાવી વિગતે ચર્ચા પછી જણાવ્યું કે શક સંવતનો પ્રવર્તક વેનોસીસ હતો.[૮] કુષાણ રાજા કણિષ્કના ઉપરાજ હોવાને લીધે, ન તો ક્ષહરાત ક્ષત્રપ નહપાને કે ન તો કાર્દમક ક્ષત્રપ ચાષ્ટને શક સંવત પ્રવર્તાવ્યો હોય એની ભૂમિકા દર્શાવી ભાંડારકર એમનો પ્રસ્તુત મત વ્યક્ત કરે છે. આ માટે તેઓ બીજી દલીલ એવી કરે છે કે જ્યાં સુધી કણિષ્ક શક જાતિનો છે એમ સાબિત ના થાય ત્યાં સુધી એ પોતે શક સંવતનો પ્રવર્તક હતો એવી દલીલો નિરર્થક બને છે. આથી એમના મતે આ સંવતનો શોધનાર શક વંશનો કોઈ રાજા હોવો જોઈએ અને તે કોઈ નહીં પણ વેનોસીસ હોઈ શકે.

હવે ભાંડારકરની દલીલો ચકાસીએ. અગાઉ આપણે જોયું કે પશ્ચિમી ક્ષત્રપો કુષાણોના ઉપરાજ ન હતા. આથી નહપાન અને ચાષ્ટન કેવળ ઉપરાજ હોવાને લીધે કોઈ સંવતના, ખાસ કરીને શક સંવતના પ્રવર્તક ન હોઈ શકે એવી ભાંડારકરની દલીલ સ્વીકાર્ય બનતી નથી. જ્યાં સુધી કુષાણ રાજા કણિષ્કની શક રાષ્ટ્રિયતા સાબિત ન થાય ત્યાં સુધી

---

૫ સામાન્ય રીતે કોઈ રાજા આરંભમાં પોતાનાં રાજકાળનાં વર્ષો આપે છે; તે પછી તેના અનુયાયીઓ એ વર્ષસંખ્યાને ઉત્તરોત્તર વધારતા જાય છે અને તે રીતે પછી એ સંવતનું રૂપ ધારણ કરે છે. મળતી માહિતી અનુસાર તો નહપાન પછી પશ્ચિમી ક્ષત્રપોના બીજા કુલ કાર્દમક વંશનો બીજો પુરુષ ચાષ્ટન સત્તાધીશ બને છે. આથી નહપાનના લેખોમાં છેલ્લું જ્ઞાત વર્ષ ૪૬ પછીથી આગળ કોઈ અનુસંધાનમાં જોવા મળતી નથી.

૬ જુઓ આ લેખકનો લેખ "Were the Western Kshatrapas Viceroys of the Kuṣāṇas ?" ( Umeshamishra Commemoration Volume, 1970, pp. 703 ff. )

૭ કલ્હણની 'રાજતરંગિણી' (૧,૧૭૦) માં નોંધ્યું છે કે કણિષ્ક તુરુષ્ક જાતિનો હતો. અલ બિરૂની પણ આ મતનું સમર્થન કરે છે ( Sachau's Al Biruni, II, p. 11 ).

૮ જુઓ પાદટીપ ૧.

શક સંવતના ચલાવનાર તરીક કણિષ્કને ન સ્વીકારી શકાય એવી એમની દલીલ સાચી છે. પરન્તું વોનોસીસ શક સંવતનો પ્રવર્તક હતો એ એમની વાત નીચેનાં કારણોસર સ્વીકારવી યોગ્ય જણાતી નથી : (૧) વોનોસીસ શક જાતિનો નહીં પરન્તુ પહ્લવ જાતિનો હતો એમ સ્ટેન કૌનો અને ટાર્ન[૯] સ્પષ્ટપણે કહે છે. (૨) એણે ભારતમાં સત્તા સંભાળી હોવાનું જાણમાં નથી; બલકે તે સીસ્તાનનો રાજા હતો અને તે સમયે ભારત ઉપર પંજાબના શક રાજા મોઅની સત્તા પ્રવર્તતી હતી.[૧૦] (૩) વળી એનો સત્તા સમય ઇસુ પૂર્વેની પહેલી સદીનો હોવાનું જણાય છે;[૧૧] જ્યારે જે સંવત સાથે એનું નામ સાંકળવાનો ભાંડારકરે પ્રયત્ન કર્યો છે તે સંવતનો આરંભ તો ઈસુ પછી ૭૮ વર્ષે થયો છે.

કણિષ્કે શક સંવતનો આરંભ કર્યો એ મંતવ્ય સૌ પ્રથમ ફર્ગ્યુસને વ્યક્ત કરેલું.[૧૨] તે પછી ફર્ગ્યુસનનું આ મંતવ્ય લગભગ બધા જ ઐતિહાસિકોએ સર્વાનુમતે સ્વીકારી લીધું છે. પરન્તુ બધા જ વિદ્વાનોએ ફર્ગ્યુસનની જ દલીલોને એવી ને એવી જ રીતે અનુસરવાનું ઉચીત માન્યું છે; માત્ર ફર્ગ્યુસન અને ઑલ્ડનબર્ગે જ આ વિશે વિગતે ચર્ચા કરી છે.

ફર્ગ્યુસને મુખ્યત્વે રોમન સિક્કાઓનો આધાર લીધો છે. ‘ માણિકચાલ ટોપ ’માં કણિષ્કના સિક્કાઓ સાથે કોન્સ્યુલર સમય( ઈ. પૂ. ૪૩ )ના રોમન સિક્કાઓ પ્રાપ્ત થયા છે. આ માણિકચાલ ટોપની રચના કણિષ્કે કરેલી એટલે ફર્ગ્યુસનના મતે કણિષ્કનો સમય ઇ. પૂ. ૪૩ પછીનો મૂકી શકાય; પરન્તુ ઈ. પૂ. ૪૩ પછી કેટલાં વર્ષો બાદ મૂકી શકાય તેની સ્પષ્ટતા ફર્ગ્યુસને કરી નથી. આથી ફર્ગ્યુસન જેનો આધાર લે છે તે આધાર કણિષ્કના સમયને નિશ્ચિત કરવામાં ઉપયોગી થતો નથી અને તેથી એમની દલીલ સંદિગ્ધ રહે છે. ફર્ગ્યુસન આ ઉપરાંત જલાલાબાદ નજીકના ‘ અહીન પોશ ટોપ ’માંથી રોમન સમ્રાટો ડોમીટિયન, ટ્રાજન અને સામ્રજ્ઞી સબીનાના સિક્કાઓ સાથે કુષાણ સમ્રાટો કણિષ્કના અને હવિષ્કના પ્રાપ્ત થયેલા સિક્કાઓનો આધાર લે છે. ડોમીટિયન અને ટ્રાજનનો સત્તાસમય અનુક્રમે ઈ. સ. ૮૧ થી ૯૬ તેમ જ ઈ. સ. ૯૮ થી ૧૧૭નો છે;[૧૩] જ્યારે સબીનાનો સત્તાસમય ઈસ્વી સનની બીજી સદીના બીજા ચરણનો હતો.[૧૪] આથી એમ કહી શકાય કે આ ટોપનું બાંધકામ ઈસુની બીજી સદી પૂર્વે સંભવે નહીં અને તો પછી ફર્ગ્યુસનનો આ આધાર પણ એના મતને સમર્થી શકતો નથી.

---

૯ Corpus Inscriptionum Indicarum, vol. II, part one, Introduction p. 88., Tarn, W. W., The Greeks in Bactria and India, 1938, p. 345.

૧૦ H. C. Raychaudhuri, Political History of Ancient India, 1953, p. 299.

૧૧ ibid, p. 299-300. વોનોસીસ મોઅનો સમકાલીન હતો તે આપણે જોયું. મોઅનો સમય ઈ. પૂર્વેની પહેલી સદીના મધ્યમાં મુકાય છે ( સ્વાધ્યાય, પુ. ૮, અંક. ૧, પૃ. ૫૦ ) અને તેથી વોનોનીસ પણ તે સમયે થયો હોવાનું કહી શકાય.

૧૨ Journal of the Royal Asiatic Society, New Series, vol. XII, 1880, pp. 264 ff.

૧૩ Encyclopaedia Britanika, 1964, vol. 19, p. 503, 508

૧૪ જુઓ Journal of the Bombay Branch of the Royal Asiatic Society, vol. XX, p. 272-273

શક સંવત કણિષ્કે શરૂ કરેલો એ વિશે વિગતવાર ચર્ચા ફર્ગ્યુસન ઉપરાંત ઑલ્ડનબર્જે પણ કરી છે.[૧૫] એમના મંતવ્યનો મુખ્ય આધાર છે, બ્રિટીશ મ્યુઝિઅમમાંના કણિષ્કના એક સિક્કા ઉપરનો ત્રીજો શબ્દ. આ સિક્કો સૌ પ્રથમ પર્સી ગાર્ડનરે[૧૬] પ્રસિદ્ધ કર્યો અને એ સિક્કા પરનો ત્રીજો શબ્દ 'શક' છે એવું વાચન કર્યું. આ વાચનને આધારે ઑલ્ડનબર્જે સાબિત કરવાનો પ્રયત્ન કર્યો કે કણિષ્ક શક જાતિનો હતો. બીજી દલીલ એ કરે છે કે કણિષ્કના સિક્કાઓ ઉપરથી સાબિત થાય છે કે એણે ઈસુની પહેલી સદીના અંતિમ ભાગમાં રાજ્ય કર્યું હતું; અને આ વખતે બીજો કોઈ સમકાલીન ભારતીય સમ્રાટ કણિષ્કના જેટલો પ્રખ્યાત ન હતો અને તેથી તેણે શક સંવત પ્રવર્તાવ્યો.

પરન્તુ પર્સી ગાર્ડનરે જે સિક્કા ઉપર 'શક' શબ્દ હોવાનું સૂચવ્યું હતું તે સિક્કાને કનિંગહમે ખૂબ ચોકસાઈપૂર્વક તપાસ્યો અને અસંદિગ્ધપણે સાબિત કર્યું કે કણિષ્કના આ સિક્કા ઉપરનો ત્રીજો શબ્દ 'શક' નથી પરન્તુ 'સનાબ' છે.[૧૭] આથી ઓલ્ડનબર્જે જેના ઉપર આધાર રાખી નિર્ણય લીધો કે કણિષ્ક શક જાતિનો હતો તે ખોટો ઠરે છે.[૧૮] આથી એમનો શક સંવતના પ્રવર્તક વિશેનો મત પણ સ્વીકાર્ય બનતો નથી.

છતાં પણ, અત્યારેય, લગભગ બધા જ અગ્રણી ઇતિહાસકારોનો એવો મત છે જ કે કુષાણ સમ્રાટ કણિષ્ક જ શક સંવતનો આરંભકાર હતો. પણ આ સિદ્ધાન્તના સમર્થનમાં એક પણ સીધો દાર્શનિક પુરાવો પ્રાપ્ત થયો નથી; કેમ કે માત્ર સામાન્ય ઐતિહાસિક ગણતરીઓ ઉપર જ આ સિદ્ધાન્ત આધારિત છે.[૧૯] બીજો મુદ્દો એ છે કે જે પ્રદેશોમાં આ સંવત ખૂબ પ્રચારમાં હતો (એટલે પશ્ચિમ ભારત, ખાસ કરીને હાલના ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશના પશ્ચિમ તરફના પ્રદેશો) તે પ્રદેશો ઉપર એનું આધિપત્ય હોવાની કોઈ જ માહિતી પ્રાપ્ત નથી.[૨૦] ત્રીજી હકીકત એ છે કે અગાઉ જોયું તેમ કણિષ્ક શક જાતિનો ન હતો પણ તુરુષ્ક જાતિનો હતો અને કુષાણ વંશનો તે ત્રીજો રાજા હતો. આ હકીકત પણ પ્રચલિત મંતવ્યની વિરુદ્ધ જાય છે. ચોથી મહત્ત્વની વાત એ છે કે એ અત્યંત શક્તિશાળી સમ્રાટ હતો અને સાહિત્યમાં એનો અવારનવાર ઉલ્લેખ પ્રાપ્ત થાય છે; તો પછી જો તે આ સંવતનો પ્રવર્તક હોય તો કાં તો તે કુષાણ સંવત તરીકે કાં તો તુરુષ્ક સંવત તરીકે આળખાયો હોવો જોઈએ. પરન્તુ હકીકત એ છે કે આ સંવત 'શક સંવત' નામે ઓળખાયો છે અને તેથી તેણે તે પ્રવર્તાવ્યો હોવાનો

---

૧૫ જુઓ "On the dates of Ancient Indian Inscriptions and Coins": Indian Antiquary, 1881, pp. 213 ff.

૧૬ Numismatic Chronicles, 1874, New Series vol. XIV, p. 161.

૧૭ એજન ૧૮૯૦, પૃ. ૧૧૧-૧૧૨.

૧૮ કણિષ્ક તુરુષ્ક જાતિનો હતો એ આપણે અગાઉ જોઈ ગયા (જુઓ પાદટીપ નં. ૯).

૧૯ જુઓ Sten Konow, Corpus Inscriptionum Indicarum, vol. II, part one, Introduction p. 88.

૨૦ જુઓ આ લેખકનો લેખ "પશ્ચિમી ક્ષત્રપો કુષાણોના ઉપરાજ હતા?": વિદ્યાપીઠ, પુ. ૫, પૃ. ૫૬ થી

અતિ પ્રચલિત અને સામાન્યતઃ સ્વીકારાયેલ મત સાચો ઠરતો નથી. પાંચમી દલીલ એવી છે કે પશ્ચિમી ક્ષત્રપો, જેઓ કણિષ્કના સૂબાઓ હતા, તેમણે પ્રયોજેલાં વર્ષો જ ત્રણ સદીથી ય વધારે સમય માટે વાપર્યાં અને તેથી સ્વાભાવિક રીતે જ, પછીના સમયમાં, આ વર્ષો પશ્ચિમી ક્ષત્રપો શક જાતિના હોવાથી શક સંવતના નામે ઓળખાયાં. પરન્તુ આ દલીલ હવે કોઈ પણ રીતે સ્વીકારી શકાય તેમ નથી.

ઉપર્યુક્ત ચર્ચાથી હવે સ્પષ્ટ થાય છે કે, ન તો વેનોસીસ કે ન તો નહપાન કે ન તો કણિષ્ક આ સંવતને પ્રવર્તવનાર હતો. તો પછી પ્રશ્ન ઊભો રહે છે કે આ સંવતને ચલાવ્યો કયા રાજાએ ?

પશ્ચિમી ક્ષત્રપોમાંના બીજા કુળનો પ્રથમ રાજા ચાષ્ટન આ સંવતને ચલાવનાર હતો એવો મત સૌ પ્રથમ કનિંગહમે રજૂ કર્યો હતો.[૨૧] પશ્ચિમી ક્ષત્રપો અને આંધ્રભૃત્યોની સાલવારી એમનો મુખ્ય આધાર છે. તેઓ નહપાનને ઈસુ પૂર્વેની પહેલી સદીના મધ્યમાં મૂકે છે; અને સાતવાહન રાજા શાતકર્ણિ ઈસ્વી સન ૭૮ની આસપાસ થયો હોવાનું સ્વીકારે છે. આ ઉપરાંત એમના મતે ગૌતમીપુત્ર શાતકર્ણિએ જે ક્ષહરાતોને હરાવ્યા હતા તે નહપાનના અનુગામી હતા. આ ગણતરીએ કનિંગહમ ગૌતમીપુત્ર શાતકર્ણિને ચાષ્ટનનો સમકાલીન ગણાવે છે. તે જ રીતે પુળુમાવિ અને જયદામાને સમકાલીન ગણાવે છે, જેઓ અનુક્રમે ગૌતમીપુત્ર અને ચાષ્ટનના પુત્રો હતા. વળી જેઓ જયદામાનો સત્તા સમય ૨૫ વર્ષ જેટલો હોવાનું વિચારે છે. ટૂંકામાં આ છે કનિંગહમની ક્ષત્રપો અને સાતવાહનો વિશેની સાલવારીની માન્યતા.

પરન્તુ કનિંગહમની ઉપર્યુક્ત બધી દલીલો તર્કશુદ્ધ જણાતી નથી. આથી જે આધારો વડે એમણે ચાષ્ટનને શક સંવતનો પ્રવર્તક ગણાવ્યો તે મત ટકી શકતો નથી.

કનિંગહમ પછી લગભગ ત્રીસ વર્ષે ડ્યૂબ્રેઈલે કનિંગહમના મતનું સમર્થન કર્યું.[૨૨] નહપાનના સમયના શિલાલેખોમાંનું છેલ્લું જ્ઞાત વર્ષ ૪૬ અને ચાષ્ટનના સમયના શિલાલેખોમાંનું પહેલું જ્ઞાત વર્ષ પર છે. વર્ષ ૪૬ થી પરના ૭ વર્ષના આ ટૂંકા ગાળા દરમિયાન બનેલા બનાવો[૨૩] અશક્ય નહીં તો સંભવિત તો નથી જ એમ માની ડ્યૂબ્રેઈલ નહપાનના સમયના શિલાલેખોમાં નિર્દિષ્ટ વર્ષોને એના રાજકાલનાં વર્ષો તરીકે ઓળખાવે છે. વળી સિક્કાઓ, લિપિ, ભાષા, પુરાવસ્તુઓના આધાર વડે તેઓ માને છે કે નહપાનનો રાજ્યઅમલ ઈસુની બીજી સદીમાં નહીં[૨૪] પરન્તુ ઈસુની પહેલી સદીના આરંભમાં થયો હોવો જોઈએ. આ ઉપરાંત

---

૨૧ Numismatic Chronicles, 1888, pp.232-33 and 1892, p. 44

૨૨ જુઓ Ancient History of the Deccan, 1920, pp. 26 ff.

૨૩ દા.ત. (૧) નહપાનના રાજ્યનો અંત, (૨) ક્ષહરાત વંશનો અંત, (૩) ચાષ્ટનનાં ક્ષત્રપ તરીકે રાજ્યારોહણ અને શાસનકાલ તેમ જ મહાક્ષત્રપ તરીકે રાજ્યારોહણ અને શાસનકાલ, (૪) જયદામાનાં ક્ષત્રપ તરીકે રાજ્યારોહણ અને શાસનકાલ, (૫) રુદ્રદામાનો ક્ષત્રપ તરીકેનો રાજ્યઅમલ વગેરે.

૨૪ જો નહપાનના શિલાલેખોમાંનાં વર્ષો શક સંવતનાં છે એમ સ્વીકારીએ તો શક વર્ષ ૪૬ બરોબર ઈસ્વી સન ૧૨૪ આવે અર્થાત્ તેને ઈસ્વી સનની બીજી સદીમાં મૂકવો પડે, જે ડ્યૂબ્રેઈલના મતે યોગ્ય નથી. (Ancient History of the Deccan, p. 30).

૪૬ વર્ષ પછી તરત જ ક્ષહરાત વંશનો અંત આવ્યો, વર્ષ ૪૬ થી ૫૨ની વચ્ચેના ટૂંકા ગાળામાં ચાષ્ટન ક્ષત્રપ અને મહાક્ષત્રપના હોદ્દાઓ પામી શકયો, વર્ષ ૫૨ના અંધૌ લેખ પૂર્વે જ રુદ્રદામા ગાદી ઉપર બેઠો વગેરે હકીકતો તેમને અસંભવિત લાગે છે અને તેથી નહપાનનાં વર્ષોને રાજકાલનાં વર્ષો ગણી શક સંવતનો પ્રવર્તક ચાષ્ટન હતો એવો મત પ્રતિપાદિત કરે છે. આ મતના સમર્થનમાં તેઓ વધુ એક દલીલ એવી કરે છે કે સ્વાભાવિક જ વંશનો સ્થાપક એ સંવતનો સ્થાપક હોઈ શકે. આ છે ડ્યૂબ્રેઈલના વિચારો.

ડ્યૂબ્રેઇલના ઉપર્યુક્ત સિદ્ધાન્તને પછીથી કોઈનો ખાસ ટેકો મળ્યો હોવાનું જણાતું નથી.[૨૫] એમનો શક સંવતના પ્રવર્તક વિશેનો મત સ્વીકાર્ય હોવા છતાં એમની છેલ્લી દલીલ 'વંશનો સ્થાપક એ સ્વાભાવિક જ સંવતનો સ્થાપક હોવો જોઈએ' યોગ્ય જણાતી નથી; કેમ કે ગુપ્તવંશનો સ્થાપક શ્રીગુપ્ત હતો, જ્યારે ગુપ્ત સંવતનો પ્રવર્તક ચંદ્રગુપ્ત ૧લો હતો.

પરન્તુ તાજેતરમાં કચ્છ જિલ્લાના ખાવડા ગામથી દક્ષિણપૂર્વમાં ૨૪ કિલોમીટર દૂર આવેલાં અંધૌ ગામેથી ક્ષત્રપવંશનો એક શિલાલેખ પ્રાપ્ત થયો છે.[૨૬] આ અંધૌ ગામેથી અગાઉ ક્ષત્રપવંશના શક વર્ષ ૫૨ના ચાર લેખો પ્રાપ્ત થયા હતા.[૨૭] અત્યાર સુધી ચાષ્ટનવંશીય રાજાઓ માટે આ વહેલામાં વહેલું જ્ઞાત વર્ષ હતું. પરન્તુ અંધૌમાંથી તાજેતરમાં પ્રાપ્ત થયેલો આ યષ્ટિલેખ શક વર્ષ ૧૧નો છે, અને જે ચાષ્ટનના ક્ષત્રપપદના સમયનો છે. આમ આ લેખ હવે ચાષ્ટન માટે વહેલામાં વહેલું વર્ષ ૧૧ હોવાનું સૂચવી જાય છે, જે આપણને ચાષ્ટન જ શક સંવતનો પ્રવર્તક હતો એમ પ્રતિપાદિત કરવા ખૂબ ઉપયોગી થઈ પડે છે. આ મતના સમર્થનમાં નીચે અનુસારનાં કારણો ધ્યાનમાં લેવાં ઘટે છે :

૧. આ પશ્ચિમી ક્ષત્રપો શક જાતિના હતા એ વિશે હવે કોઈ શંકાને સ્થાન નથી.[૨૮] તેથી પશ્ચિમી ક્ષત્રપવંશોના બીજો કુલનો ચાષ્ટન પણ શક હતો એમ ખસૂસ કહી શકાય.

૨. ઈસુના વર્ષ ૭૮માં શરૂ થયેલો સંવત એ શક સંવત હોવાનો સર્વમાન્ય મત છે.

૩. પશ્ચિમી ક્ષત્રપો સ્વતંત્ર સત્તાધીશ હતા;[૨૯] એટલે ચાષ્ટન સ્વતંત્ર સમ્રાટ હોઇ એણે સંવત પ્રવર્તાવ્યો હોવાનું મંતવ્ય વ્યાજબી લાગે છે.

---

૨૫ ડયૂબ્રેઈલ પછી લગભગ ત્રીસ વર્ષ બાદ રાજબલી પાણ્ડેય પણ આ મતનું સમર્થન કરે છે. (જુઓ Indian Palaeography, 1952, p. 186) પરન્તુ કેવળ નિર્દેશ સિવાય તેઓ કોઈ કારણો આપતા નથી

૨૬ આ લેખપૂનાની ડેક્કન કૉલેજનાં ડૉકટર શોભના ગોખલેએ સૌ પ્રથમ પ્રસિદ્ધ કર્યો છે (જુઓ Journal of Ancient Indian History, vol. II. no. 1-2, pp. 104 ff). આ લેખની એક અનુમુદ્રણ પ્રત મને મોકલી આપવા માટે હું એમનો આભારી છું.

૨૭ Epigraphica Indica, vol. XVI, p. 23. આ ચારેય લેખો ચાષ્ટન અને રુદ્રદામાના સંયુક્ત સત્તા અમલ દરમિયાનના હોવાનું મનાય છે.

૨૮. જુઓ ટૂંકમાં પ્રસિદ્ધ થનાર 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" ગ્રન્થ ૨, પ્રકરણ ૬, પૃ. ૧૦૧-૧૦૨.

૨૯ એજન, પૃ. ૯૯-૧૦૧.

૪. જો પશ્ચિમી ક્ષત્રપો એ કણિષ્કના ઉપરાજ હતા અને એમણે કણિષ્કે શરૂ કરેલો સંવત વાપર્યો હતો તો પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે તો પછી પશ્ચિની ક્ષત્રપોએ કણિષ્કના સિક્કાઓનું અનુકરણ કેમ ના કર્યું ? પશ્ચિમી ક્ષત્રપોના સિક્કાઓ કણિષ્કના સિક્કાઓ સાથે જરા સરખું સામ્ય ધરાવતા નથી; બલકે તેમના સિક્કાઓ અનેક રીતે વિલક્ષણ છે. આથી કણિષ્કે સંવત ચલાવ્યો હોય અને પશ્ચિમી ક્ષત્રપોએ એને અપનાવ્યો હોવાનો મત હવે ટકી શકતો નથી.

૫. નહપાનને, જે ચાષ્ટનનો સીધો પુરોગામી હતો,[૩૦] સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિએ હરાવેલો અને એની સત્તા નીચેના દક્ષિણ તરફના કેટલાક પ્રદેશો એણે જીતી લીધેલા. નહપાને ગૂમાવેલા આ પ્રદેશો ચાષ્ટને પોતાના સામર્થ્યથી પાછા મેળવેલા. આ શક્તિશાળી સાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણિ ઉપર વિજય પ્રાપ્ત કર્યાની યાદગીરીમાં ચાષ્ટને સંવત પ્રવર્તાવ્યો હોવો જોઈએ એમ અસંદિગ્ધપણે કહી શકાય, જે સંવત એની જાતિના નામ ઉપરથી પછીના સમયમાં શક સંવત નામે જાણીતો થયો.

૬. આ બધી દલીલોના સમર્થનમાં અંધૌ વર્ષ ૧૧નો ચાષ્ટનના સમયનો લેખ અતિ ઉપકારક થઈ પડે છે. સંભવ છે કે ભવિષ્યમાં હજી પણ આગળના વર્ષનો નિર્દેશ કરતો લેખ મળી આવે અને ત્યારે તો શક સંવતનો પ્રવર્તક ચાષ્ટન જ છે એ વિશે કોઈ શંકાને સ્થાન રહેશે નહિ.

---

૩૦ એજન પૃ. ૨૦૭.

# ગુજરાતના બે સંસ્કૃત ગ્રંથકારો—
# સચિવ સલક્ષ અને તેમના પુત્ર સચિવ મહીપ

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

અકબરના સમકાલીન કૃષ્ણદાસ નામના પંડિતે લખેલો 'પારસીપ્રકાશ' નામનો ફારસી-સંસ્કૃત કોશ જાણીતો છે. વિ. સં. ૧૯૨૩(ઈ. સ. ૧૮૬૬)માં વારાણસીના પંડિત મન્નાલાલે એ પ્રસિદ્ધ કર્યો હતો. આ જાતના ફારસી-અરબી કોશ અન્ય લેખકોએ પણ રચેલા તે જુદા જુદા હસ્તલિખિત ગ્રન્થ-ભંડારોમાં મળે છે.

ગુજરાતના વિદ્વાને પણ આવો એક કોશ રચેલો. તેની એક હસ્તપ્રત ખંભાતના શ્રી. નીતિવિજય જૈન પુસ્તકાલયમાં છે. કાગળની આ પ્રત વીસ પત્રની છે અને દરેક પત્ર આશરે ૯.૭ ઇંચ લાંબું અને ૪.૧ ઇંચ પહોળું છે. એનાં પહેલાં આઠ પત્રોમાં જિનભદ્રસૂરિ-રચિત અપવર્ગ-નામમાલા છે. પત્ર ૮થી ૨૦માં **શબ્દવિલાસ** અપરનામ **પારસીનામમાલા** નામક નાનો કોશ છે. એનો આદિભાગ નીચે મુજબ છે:—

(પત્ર ૮ अ—આદિ ભાગ)—

॥ र्द० ॥ ॐ नमः श्री सर्वज्ञाय ।

नमः श्री सोमनाथाय सोमकाराय शंभवे ।
भवेद्यस्य गुणान्वक्तुं न क्षमाऽपि श्रुतिर्मदात् ॥ १ ॥

या विभूषयति विश्वमशेषं यत्नतो नरपतिं शुचिवेषम् ।
देवताशमिह साऽभिभजन्ती शर्म वो दिशतु वाग् विलसन्ती ॥ २ ॥

सर्वं भाषासु कौशल्यं के नेच्छन्ति नरोत्तमाः ।
यतो हि विज्ञतासंपत्प्राप्यते राजसंसदि ॥ ३ ॥

सर्वदेशप्रसिद्धा ये सर्वशास्त्रविशारदाः ।
न ते कस्यां हि भाषायां जायन्ते दोषभाषिणः ॥ ४ ॥

ऊचे वराहमिह(हि)रो मिह(हि)रोत्तमश्री(श्रीः)
स क्रे(क्रि)य-ताउरि-मुखान्यवनेशवाचा ।
मेषादिभिः सुविदितान्जनतोपकृत्यै
क्व स्यान्न वाचि कुशली खलु विश्वदृश्वा ॥ ५ ॥

सच्छ्रोत्रियो ब्रह्मविदां वरेण्यो वरेण्यवाचोऽयमपि प्रपंच ।
निश्चित्य चैवं गिरमारबीं स प्रतापभट्टोऽलिखदप्यवोचत् ॥ ६ ॥

सर्वज्ञतेति पदमस्त्विह चेत्प्रसिद्धयै
नाज्ञातृताऽपि विदुषः विषये क्क भातु ।
उक्तेरितीलवरेणश-हरिभ्रमस्य
**नामालिमाशु** तनुते **सचिवः सलक्षः** ॥ ७ ॥

ग्राम्याः पौरजनं जडाश्च सुजनं जाल्माश्च विद्वज्जनं
न्यूना विज्ञजनं खला गुणिजनं दीना वदान्यं जनम् ।
सभ्याः सभ्यवरं निरर्गलगिरो निन्दन्ति सर्गः कले—
रेवं सत्यपि तावदस्त्विह गिरां गुम्फोऽयमारभ्यते ॥ ८ ॥

( હસ્તપ્રત ૨૦ अ—અન્તભાગ )—

एवं देवमनुष्यकाण्डयोरेकविंशतिः ।
वर्गाः सप्तेषुबाणाढ्याः श्लोकाः सर्वाङ्क्तोऽभवन् ॥ १ ॥

अस्मिन्रुद्रमहालये प्रथमदिकद्वा(ग्द्वा)रे प्रवेशे यातां( यतां )
दक्षाग(क्षाङ्ग)स्थगवाक्षपक्षदृषदि श्रुत्यङ्वृत्तान्वितम्
पङ्क्त्यर्थैर्विवृतं च षट्शतमितैर्ग्रन्थैर्विरच्योत्तमं
**श्लोकं** स्रग्धरया सुधीः सुविबुधाऽभीष्टं **सलक्षो**ऽलिखत् ॥ २ ॥

सोऽयं **सूक्तिलतामलङ्कृतिचयं वाग्देवतायाः स्तवं**
**भाष्यं सूर्यशतस्य** चातिविशदां **वृत्तिं ततश्छान्दसीम्** ।
बे(? वे)रीश्लेषमयं स्वरार्थरचितं पद्यं च **चित्रार्णवं**
कृत्वा **शब्दविलास**मप्यरचयद्विद्वत्प्रमोदप्रदम् ॥ ३ ॥

वर्षे यत्समभूच्चतुर्दशशतं श्रीविक्रमार्कान्नृपाद्
द्वाविंशत्यधिकं मधोः समुदये संवत्सरेऽस्मिन् शुभे ।
**श्रीविद्यानिलयेलदुर्गनगरे राज्ञो हरिब्रह्मणो**
भूमीन्द्रस्य निदेशतो विरचितो नाम्नां निधिः सान्वयः ॥ ४ ॥

( હસ્તપ્રત પૃ. ૨૦ ब )

इति **शब्दविलासांके( साख्ये ) यावने शब्दवैभवे** ।
द्वितीयो मानवः काण्डः साङ्गोपाङ्गो निरूपितः ॥ ५ ॥

इति शब्दविलासाख्या पारसीनाममाला समाप्ता ॥

शुभं भवतु कल्याणमस्तु ॥ ब ॥ संवत् १६७० वर्षे फाल्गुन सुदि १३ दिने तपागच्छाधिराज श्री श्री श्री सोमविमलसूरिशिष्यपण्डितश्रीमाणिक्यविजयगणि शिष्य पं. लक्ष्मीनन्दिगणिशिष्याणुना उदयनन्दिमुनिना लिखिता । श्रीपूज्य श्रीसोमविमलसूरिवाज(वाचन)कृते ॥

ઉપરના ઉતારાનો સાર નીચે પ્રમાણે છે: ગ્રન્થની શરૂઆતમાં લેખક શ્રી સોમનાથ—શિવને નમસ્કાર કરે છે અને વાક્-વાણીની કલ્યાણ માટે પ્રાર્થના કરે છે. ત્રીજા શ્લોકમાં કર્તા કહે છે કે રાજસભામાં વિદ્વાન તરીકે માન પામવા માટે કયા નરોત્તમો સર્વભાષાઓમાં કૌશલ્યની ઇચ્છા નથી

કરતા ? ચોથા શ્લોકમાં કહે છે કે જેઓ સર્વશાસ્ત્રોમાં વિશારદ છે અને સર્વ દેશોમાં પ્રસિદ્ધિ પામ્યા છે એવા ( પંડિતો ) કોઈ પણ ભાષામાં બોલતાં ભૂલ કરતા નથી. પાંચમો શ્લોક અગત્યનો છે કેમકે એમાં વિખ્યાત જ્યોતિર્વિદ વરાહમિહિર વિષે ચૌદમા સૈકામાં આ ગ્રન્થકર્તાને જે હકીકત મળેલી તે સૂચવી છે. લેખક કહે છે: મિહિર અર્થાત્ સૂર્યની ઉત્તમ શ્રી ( કાંતિ ) જેવી કાંતિ જેની છે તે ( અથવા, મિહિર કુલમાં શ્રેષ્ઠ એવા ) વરાહમિહિરે[1] મેષ આદિથી ( જેની સંજ્ઞાઓ ) સુવિદિત તેને ( તે રાશિઓને ) "ક્રિય", "તાઉરિ" આદિ યવનેશ ભાષા વડે ( ગ્રીક ભાષાની સંજ્ઞાઓ વડે ) લોકોપકારદષ્ટિએ કહી ( જણાવી, વર્ણવી ),[2] ખરેખર જેની વિશ્વદૃષ્ટિ છે તે કયી વાણીમાં કુશલ નથી હોતો ? આગળ લેખક કહે છે— ઉત્તમ શ્રોત્રિય, બ્રહ્મવિદોમાં વરેણ્ય, ઉત્તમ વાણીવાળાનો પણ આવો પ્રપંચ ( વ્યવહાર ) હતો એવો નિશ્ચય કરી ( એટલે, એથી ) પ્રતાપ ભટ્ટે પણ અરબી ભાષામાં લખ્યું અને કહ્યું. ( શ્લો. ૬ )[3]

સાતમા શ્લોકનો અર્થ કાંઈક અસ્પષ્ટ છે. ત્રીજા અને ચોથા ચરણમાં उक्तेः इति આવવાથી પહેલા બે ચરણમાં કોઈ લોકપ્રસિદ્ધ ઉકિત—સુભાષિતની વાત છે એ ધ્યાનમાં રાખીને અર્થ ઘટાવવાનો છે, અને हरिभ्रमस्यનો સંબંધ सचिवः અથવા उक्तेः સાથે લેવાનો છે, नामालि સાથે નહિ, એ પૂર્વાપર સંબંધથી વધુ યુક્તિસંગત લાગે છે. બીજા ચરણનો હસ્તપ્રતનો પાઠ नाज्ञानृताज्ञानृता એવો છે તેમાં લહિયાની ભૂલથી ज्ञानृता બેવડાઈ ગયું લાગે છે. એટલે नाज्ञातृताऽपि અથવા नाज्ञातृता કે नाज्ञानता એવો પાઠ લઈ અર્થ ઘટાવવા પ્રયાસ કરીએ તો આ શ્લોકમાં લેખકના કહેવાનો સાર એવો લાગે છે કે આ લોકમાં જો પ્રસિદ્ધિને જ સર્વજ્ઞતાનું પ્રામાણ્ય ( પદવી ) ગણવામાં આવતી હોય તો વિદ્વાનની અજ્ઞાનતા કયા વિષયમાં લાગે ? અર્થાત્ न हि कश्चिदपि धीमतामविषयः એ ન્યાય માફક કોઈ પ્રસિદ્ધ વિદ્વાનની કોઈ વિષયમાં અજ્ઞાનતા શેની દેખાય ? એવું "ઈલિવરણેશ ( ઈલિવરણના રાજા ) હરિભ્રમ" એમણે કહેવાથી ( એમના ) મંત્રી સલક્ષ "નામાલિ" ( યવનનામાલિ ! ) નામનો ગ્રન્થ રચે છે.

ઉપરના શ્લોકમાં हरिभ्रम એવું નામ આપ્યું છે જ્યારે આ ગ્રન્થના અંતમાંની પ્રશસ્તિમાં શ્લોક ૪માં हरिब्रह्म એવું શુદ્ધ સંસ્કૃત નામ આપ્યું છે. સંભવ છે કે રાજાનું લોકપ્રચલિત નામ હરભમજી હશે જેનું છંદ બેસાડવા માટે हरिभ्रमस्य એવું આ શ્લોકમાં કર્યું અને અંતની પ્રશસ્તિમાં हरिब्रह्मणो એવું શુદ્ધ રૂપ કર્યું.

આ ઈલિવરણેશ હરિભ્રમ એ જ પ્રશસ્તિમાંના શ્રી વિદ્યાનિલય—ઈલદુર્ગનગરના ભૂમીન્દ્ર હરિબ્રહ્મ એ તો સ્પષ્ટ જ છે. ઈલિવરણ એ ઈલદુર્ગ—ઈડરનું જ નામ છે.

---

૧ વરાહમિહિર પરદેશી હતા અથવા મીસરના હતા એવી એક કિંવદન્તી ભારતીય પંડિતોમાં ચાલી આવી છે.

૨ વરાહમિહિરે પોતાના ગ્રંથ બૃહજ્જાતકમાં આ રાશિઓને એવી ગ્રીક સંજ્ઞાઓથી ઓળખાવી છે:

क्रिय–तावुरि–जितुम–कुलीर–लेय–पाथोन–जूक–कौपर्व्याः तौक्षिक–आकोकेरो–हृद्रोगैश्चान्त्यभं चेत्थम्। બૃહજ્જાતક, ૧.૮.

૩ આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સલક્ષકૃત આ યવનમાલા પહેલાં પણ કોઈ પ્રતાપ ભટ્ટે અરબી ભાષાનો કોઈ કોષ અથવા ગ્રંથ રચ્યો હશે.

દંતકથા મુજબ ઈલિદુર્ગ એ ઐલવણ નામક રાક્ષસ અને તેના ભાઈ વાતાપીનું રહેઠાણ હતું (જુઓ, રાસમાળા, ત્રીજી આવૃત્તિ, ભાગ ૧, પૃ. ૪૧૧). એટલે "ઈલિવરણ" એ "ઐલવણ" પરથી ઉપજાવેલું નામ હોઈ શકે.

આઠમા શ્લોકમાં ખાસ કોઈ ઐતિહાસિક નવી વીગત નથી. લેખકનું કહેવું એમ છે કે કલિયુગમાં લોકો પોતાનાથી સારા કે ઊંચી કોટિના લોકોની નિંદા કરતાજ આવ્યા છે છતાં (લોકો નિંદા કરે તોપણ) આ અરબી ભાષાના ગ્રન્થ(કોષ)ની રચના શરૂ કરું છું.

હવે ગ્રન્થના અંતભાગની પ્રશસ્તિ જોઈએ :—

હસ્તપ્રતના પૃ. ૨૦ अ ઉપર જણાવે છે કે આ રીતે દેવ-મનુષ્યકાંડના ૨૧ વર્ગ અને ૫૫૭ શ્લોક કુલ થયા. (૧)

બીજા શ્લોકમાં કહે છે :—આ **રુદ્રમહાલય**માં પ્રથમ (પૂર્વ) દિશાના દ્વારમાં પ્રવેશ કરતાં દક્ષિણ દિશામાંના ગવાક્ષના પક્ષના (બાજુના) પથ્થર ઉપર શ્રુત્યઙ્ગ એટલે કે ૭ વૃત્તોથી યુક્ત, અને જેની પંક્તિઓના અર્થનું છસો ગ્રન્થ પ્રમાણવાળું વિવરણ કરેલું છે એવો સ્રગ્ધરા-છંદનો શ્લોક, સારી બુદ્ધિવાળા, વિબુધ (પંડિત) સલક્ષે લખ્યો. (૨)

આ શ્લોક મુજબ, સં. ૧૪૨૨માં એટલે કે જ્યારે આ પારસી-નામમાલા રચાઈ ત્યારે રુદ્રમહાલય કંઈક સારી સ્થિતિમાં ઊભો હશે, એનો જીર્ણોદ્ધાર પણ એ સમય પહેલાં થયો હશે, કેમ કે આ શ્લોકમાં બતાવ્યા મુજબ રુદ્રમાળની પૂર્વ દિશાના દ્વારમાં પેસતાં દક્ષિણ દિશા તરફના ગવાક્ષની પક્ષ-શિલા ઉપર સલક્ષે રચેલી છસો ગ્રન્થપ્રમાણની વૃત્તિ સહિતનું કોઈ કાવ્ય કોતરેલું હતું. આ વૃત્તિ જેની ઉપર રચવામાં આવી તે ૭ વૃત્તોનું એટલે કે ૭ શ્લોકનું હતું. ચોથા ચરણ ઉપરથી લાગે છે કે સાતમો શ્લોક સ્રગ્ધરામાં હતો.

પણ આ અર્થ પણ જરા ક્લિષ્ટ લાગે છે. "શ્લોકમ્" એટલે સ્તુતિ, સ્તવન, Hymn of praise એવો અર્થ પણ થાય છે. એ રીતે લેતાં, સ્રગ્ધરામાં રચેલ શ્લોક એટલે કે સ્તુતિ અથવા સ્તવન ઉપર છસો ગ્રન્થપ્રમાણની વૃત્તિ રચી જે ૭ વૃત્તોમાં રચાઈ હતી એમ અર્થ થઈ શકે. હવે ત્રીજા શ્લોક મુજબ—"એણે (આ સલક્ષે) સૂક્તિલતા નામક ગ્રન્થ, અલંકૃતિનો સમુચ્ચય એટલે (સંભવતઃ) અલંકારસમુચ્ચય એ નામવાળો ગ્રન્થ, વાગ્દેવીનું સ્તવન, સૂર્યશતક (મયૂરનું હશે?) ઉપર ભાષ્ય, એક અતિ વિશદ છન્દોવૃત્તિ (નામનો ગ્રન્થ), બેરી (?)[4] શ્લેષયુક્ત, સ્વરાર્થરચિત, ચિત્રાર્ણવ (નામક) પદ્યગ્રન્થ-એટલાની રચના કરી અને પછી વિદ્વાનોને આનંદ આપનાર 'શબ્દવિલાસ' નામક ગ્રન્થ પણ રચ્યો.

આ શબ્દવિલાસ એ જ પ્રસ્તુત યવનનામમાલા છે; જે આ ગ્રન્થ પરથી સ્પષ્ટ થાય છે. સલક્ષ નામના આ વિદ્વાન મંત્રીએ ઈ. સ. ના ચૌદમા સૈકામાં ઉપર જણાવેલા ગ્રન્થો રચ્યા તેમાંથી આ યવનનામમાલા સિવાયનો કોઈ ગ્રન્થ હજુ સુધી ઉપલબ્ધ નથી.

ચોથા શ્લોકમાં લેખક જણાવે છે : વિક્રમ રાજાથી સં. ૧૪૨૨મા વર્ષમાં મધુ (=વસન્ત,

---

૪ बेरी=वेरी લઈએ તો वेर=શરીર. આખા ગ્રન્થમાં સર્વત્ર શ્લેષયુક્ત લખાણને वेरीश्लेषमयं કહ્યું હોય એમ અર્થ ઘટાવી શકાય.

અથવા ચૈત્ર માસ )ના સમુદયે શુભ સંવત્સરમાં, શ્રી વિદ્યાના નિલય ( ધામ ) રૂપ ઈલદુર્ગ—નગરમાં હરિબ્રહ્મ રાજાની આજ્ઞાથી અન્વય સહિતનો આ નામોનો નિધિ ( નામમાલા ) રચ્યો.

આ શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. આમાં નોંધપાત્ર હકીકત એ છે કે, સં. ૧૪૨૨માં ઈલ-દુર્ગનગર હરિબ્રહ્મ નામના રાજાને તાબે હતું. આ ઈલદુર્ગ એ વિદ્યાનું ધામ હતું. પ્રશસ્તિને અન્તરે વાપરેલા શબ્દો "यावने शब्दवैभवे" ઉપરથી આને યવનનામમાલા કહેવામાં આવી હોય. તેમ જ "इति शब्दविलासाख्या पारसीनाममाला समाप्ता ॥" એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, શ્લોક ૩માં જણાવેલ શબ્દવિલાસ તે આ પારસીનામ માલા જ છે.

ગ્રન્થકર્તાની પ્રશસ્તિ પછી સદર હસ્તપ્રતિ લખનારે ગ્રન્થને છેડે જે પુષ્પિકા આપી છે તે બતાવે છે કે—આ પ્રતિ સં. ૧૬૭૦માં તપાગચ્છના શ્રી સોમવિમલસૂરિ શિષ્ય પંડિત માણિકચ-વિજયગણિના શિષ્ય પંડિત લક્ષ્મીનન્દિગણિના શિષ્ય ઉદયનન્દિ મુનિએ લખેલી છે. આ હસ્તપ્રત સંવત ૧૬૭૦માં ( ઈ. સ. ૧૬૧૪માં ) એટલે કે ગ્રન્થ રચાયા પછી આશરે અઢીસો વર્ષની અંદર લખાઈ છે. એટલે એ ઠીક ઠીક વિશ્વસનીય ગણાય. હરિબ્રહ્મ અથવા હરભમજી નામના ઈડરના કોઈ રાજાનો કે એમના સચિવ સલક્ષ ( કે સલખણ )નો કોઈ ઉલ્લેખ આજ સુધી મળ્યો નહોતો. તેથી આ હકીકત અગત્યની છે. વળી એમાં અવિશ્વાસ રાખવા જેવું કાંઈ કારણ નથી; છતાં રાસમાળાની હકીકત ઉપરથી આપણે જાણીએ છીએ કે હાથીઆ સોડ અને એના પુત્ર શામળિયા સોડ પછી ઈડરગઢ રાઠોડોના હાથમાં ગયો ( રાસમાળા, પૃ. ૪૧૫ ). એ રાઠોડોનો ક્રમ રાસમાળા ( ત્રીજી આવૃત્તિ, પૃ. ૪૩૨ ) મુજબ નીચે પ્રમાણે છે :—

રાવ સોનંગજી
|
એહેમલજી
|
ધવલમલજી
|
લૂણકરણજી
|
ખરહતજી
|
રણમલજી
( ઈ. સ. ૧૩૯૮, ઈ. સ. ૧૪૦૧ )

આ રણમલજી[૫] એ શ્રીધરકૃત પ્રાચીન ગુજરાતી કાવ્ય રણમલ છંદના કથાનાયક છે. એમનો સમય ઈ. સ. ૧૩૯૦–૧૪૦૦ આસપાસનો છે.

ઉપરની હકીકત વિચારતાં હરિબ્રહ્મ અથવા હરભમજી રાઠોડ વંશના હોવાનો સંભવ વધુ છે, પણ રાસમાળામાં જણાવેલ રાઠોડ રાજાઓની વંશાવલિમાં એમનું નામ નહિ હોવાથી એમનો એ રાજાઓ સાથેનો સંબંધ નિશ્ચિત કરવો શકય નથી. મંત્રી સલક્ષ કઈ જ્ઞાતિના હતા તે ખબર

૫ રાવ રણમલજી વિષે વધુ હકીકત માટે જુઓ રત્નમણિરાવ જોટેકૃત, ગુજરાતનો ઇતિહાસ, ખંડ ૨, પૃ. ૩૧૩–૧૪, પૃ. ૩૪૫–૪૬.

નથી. જૈન પુસ્તક પ્રશસ્તિઓમાં સલક્ષ, સલખણુ એ નામના શ્રાવકો—વણિકો મળી આવે છે. આ ગ્રન્થની શરૂઆતના શ્લોક ૫ અને ૬માં વરાહમિહિર અને પ્રતાપ ભટ્ટના દાખલા આપી યવનગિરા વાપરવા કે રચવા અંગે સલક્ષે પોતાનો જે બચાવ કર્યો છે તે જોતાં સલક્ષ પોતે પણ સંસ્કૃતના સારા વિદ્વાન હોવા સંભવ છે. રાસમાળા(ત્રીજી આવૃત્તિ પૃ. ૪૧૫)માં જણાવ્યા મુજબ ઈડરના "સોડના રાજ્યમાં નાગર બ્રાહ્મણ ઘણા વસતા હતા અને તેમનો જે મુખ્ય હતો તે રાજાનો મુખ્ય કારભારી હતો". આમ ઈડરમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનો સારો પ્રચાર હશે. સલક્ષ પોતે બ્રાહ્મણ નહિ પણ પ્રાગ્વાટ વણિક હતા તે નીચેની ચર્ચા પરથી સ્પષ્ટ થશે.

આ હરભમજી અથવા હરિબ્રહ્મ રાજા વિશે આપણને ચોક્કસ માહિતી ઐતિહાસિક ગ્રન્થોમાં મળતી નથી પણ હરિબ્રહ્મ વિશે એક અગત્યનો ઉલ્લેખ, રામદેવ વ્યાસ અથવા રામ કવિએ રચેલા સુભદ્રાપરિણય નામક છાયાનાટકમાંથી મળે છે. આ રામ કવિએ ત્રણ છાયાનાટકો રચ્યાં છે—સુભદ્રાપરિણય, રામાભ્યુદય અને પાંડવાભ્યુદય. કવિએ પોતાના આશ્રયદાતા તરીકે હરિબ્રહ્મ રાજાનું નામ છાયાનાટકમાં આપ્યું છે પણ પાંડવાભ્યુદયમાં "હરિબ્રહ્મના પૌત્ર રણમલ્લ"ને પોતાના આશ્રયદાતા તરીકે ઓળખાવ્યા છે. શ્રી. ખિસ્તેએ પોતે પ્રસિદ્ધ કરેલા સુભદ્રાપરિણય નાટકની પ્રસ્તાવનામાં જણાવ્યા મુજબ આ પાંડવાભ્યુદયની એક પ્રતિ ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી, લંડનમાં (નં. ૨૩૫૩) છે, જેમાંથી શ્રી. ખિસ્તેએ ઉપરની હકીકત જરૂરી ઉતારા સાથે જણાવી છે.

સુભદ્રાપરિણયમાં રામદેવ વ્યાસ સ્પષ્ટ રીતે જણાવે છે કે એના આશ્રયદાતા "રાષ્ટ્રૌઢ-ચૂડામણિ" એટલે કે રાઠોડવંશના ચૂડામણિસમા હતા. આપણે જાણીએ છીએ કે ઈડરના રાઠોડવંશના રણમલ્લ એક પ્રખ્યાત શૂરવીર રાજવી હતા, જેઓનો સમય ઈ. સ. ૧૩૯૦–૧૪૦૦નો મનાય છે. શ્રીધરના પ્રાચીન ગુજરાતી કાવ્ય રણમલ્લ-છંદના નાયક તે આ રણમલ રાઠોડ છે. મુસ્લિમ ઇતિહાસકારોએ પણ ઈડર પરના વખતોવખતના હુમલાઓના ઉલ્લેખ કર્યા છે. અને ઈડરના રાજાઓ, ખાસ કરીને રણમલે ખંડણી આપવા ના પાડેલી તેનો પણ ઉલ્લેખ છે. રણમલ રાઠોડ એક ઐતિહાસિક વ્યક્તિ હતા. તેમાં શંકા નથી પણ એમના પૂર્વજોની વંશાવલિ સ્પષ્ટ વિશ્વસનીય મળતી નથી. રાસમાળા(ગુજરાતી ત્રીજી આવૃત્તિ, પૃ. ૪૧૫, ૪૩૨)માં આપેલી ઈડરના રાઠોડોની વંશાવલિ નીચે મુજબ છેઃ—

રાવ સોનંગજી<br>
|<br>
અહેમલજી<br>
|<br>
ધવલમલજી<br>
|<br>
લૂણકરણજી<br>
|<br>
ખરહતજી<br>
|<br>
રાવ રણમલ

એ સંભવ છે કે લૂણકરણજીનું બીજું નામ હરભમ—હરિબ્રહ્મ હોય, એ માટે આપણી પાસે આધાર નથી તેમ જ ઉપર આપેલી વંશાવલિ પણ સાચી જ માનવાને જરૂરી આધાર નથી. આ વિષયમાં વધુ સંશોધન કરવું આવશ્યક છે.

સલક્ષ અથવા સલખણ એ નામ પ્રાચીન ગુજરાતમાં પડતું, અજાણ્યું નહોતું. જૈન ગ્રન્થોની પ્રશસ્તિઓમાં આ નામ મળે છે. પારસી નામમાલાના કર્તા સલક્ષ વૈશ્યવંશના હતા એમ લાગે છે. આ વાત નીચેના પુરાવા પરથી સ્પષ્ટ થશે :

વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિર(ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યૂટ)માં નં. ૧૨૧૨૧વાળી એક હસ્તલિખિત પ્રત છે. તે ગ્રન્થનું નામ છે મહીપ-કોશ. આ પ્રતમાં, પહેલા કાંડને અંતે, પત્ર ૧૦ બ ઉપર નીચે પ્રમાણે પુષ્પિકા છે—

इति सचिवमहीपकृतौ **महीपकोशनाम्नि** शब्दरत्नाकरे साङ्गोपाङ्गः स्वर्गादि प्रथमः काण्डः परिसमाप्तः ।

બીજા કાંડને અંતે, પત્ર ૩૮ બ ઉપર, નીચે પ્રમાણે છે—

इति **नन्दपद्रेन्द्रसभासरोजिनीमरालस्य सचिव-महीपस्य** कृतौ **महीपकोशनाम्नि** शब्दालङ्कारे **भूमिकाण्डो** द्वितीयः ।

છેલ્લા અને ચોથાકાંડને અંતે, પત્ર ૪૨ બ ઉપર નીચે પ્રમાણે પુષ્પિકા છે—

पाणिन्यमरहेमादिशास्त्रेभ्यः शब्दसंग्रहम् ।
**सन्महीपः** समतनोत्प्राग्वाटनरपुङ्गवः ॥

इति **सचिव-महीपकृतौ** **महीपकोशनाम्नि** शब्दरत्नाकरे सामान्यकाण्डश्चतुर्थः ॥ ××× सं. १४९३ वर्षे आश्विन सुदि १३ गुरौ लिखिता पुस्तिका ॥

પ્રાગ્વાટવંશના સચિવ મહીપ પોતે નન્દપદ્રના રાજાની સભામાં મંત્રી હતા એ આ પરથી સ્પષ્ટ થાય છે. આ નન્દપદ્ર તે જૂના રાજપીપળા રાજ્યનું ભરુચ જિલ્લાનું નાંદોદ હશે.

હવે, આજ ગ્રન્થના ત્રીજા કાંડના અંતે પત્ર ૩૯ બ ઉપર, આપેલી પુષ્પિકા મહત્ત્વની છે :

इति सचिव-**सलक्षात्मज-महीपकृतौ** महीपकोशनाम्नि शब्दरत्नाकरे पातालकाण्डस्तृतीयः परिसमाप्तः ॥

આમ મહીપ એ સલક્ષના પુત્ર હતા. અહીં સચિવ શબ્દ જો સલક્ષની સાથે પણ લેવાનો હોય તો સલક્ષ પોતે પણ સચિવ હતા એમ અર્થ થાય. આ પ્રત—ગ્રન્થની આ નકલ—વિ. સં. ૧૪૯૩ = ઈ. સ. ૧૪૩૬-૭માં લખાઈ છે. મૂળ ગ્રન્થ આ પહેલાં થોડાંક વર્ષો ઉપર રચાયો હશે. હવે સલક્ષનો શબ્દવિલાસ ઈ. સ. ૧૩૬૫માં રચાયો છે. એ જોતાં શબ્દવિલાસના કર્તા સલક્ષ પોતે મહીપકોશના કર્તા મહીપના પિતા હોય એવો ઘણો સંભવ છે. બેઉ પિતાપુત્ર વિદ્વાન હતા, રાજ્ય-કારભારમાં નિપુણ હતા.

આ સમયે ઈડરમાં સારી સંસ્કારપ્રવૃત્તિ, સાહિત્યપ્રવૃત્તિ હતી. વિ. સં. ૧૪૬૬ (ઈ. સ. ૧૪૦૦-૧૪૦૧)માં ગુણરત્નસૂરિએ ઈડરમાં ક્રિયારત્નસમુચ્ચય રચ્યો હતો. ઈડરમાં

સારા જૈન ભંડારો આજે પણ છે અને તે સમયે પણ હશે. ઈડરના શ્વેતામ્બર ભંડારમાં ચૌદમા સૈકામાં લખાયેલી ચિત્રિત તાડપત્રીય કલ્પસૂત્રની પ્રતિ છે. ઈડરના દિગમ્બર ભંડારમાં કેટલીક અગત્યની કાગળની સચિત્ર પ્રતિઓ છે. જે પરથી લાગે છે કે પંદરમા-સોળમા સૈકામાં પણ ઈડરમાં આ પ્રવૃત્તિ ચાલુ રહી હશે. શ્રીમતી સરયૂ દોશીએ નાનજી નામક ચિત્રકારે ચીતરેલી અને ઈડરમાં લખાયેલી એક જૈન પ્રત રાજસ્થાનના એક ભંડારમાંથી શોધી કાઢી છે.

પૂનાની ડેક્કન કૉલેજ તરફથી મહીપકૃત અનેકાર્થતિલક નામક બીજો કોશ બહાર પડ્યો છે. એને અંતે નીચે પ્રમાણે શ્લોક છે :

> श्रीमान्सोमभवः सलक्षसचिवो वाक्कण्ठभूषाङ्कभृतः
> संप्रासूत सुतं महीपममलं सौभाग्यदेवी च यम् ।
> संकीर्णाख्य इहोज्ज्वलः समुचिते विद्वद्भिरा पूर्णतां
> ग्रन्थे तद्रचितेऽसमे यमभजत् काण्डश्चतुर्थः परम् ॥

અનેકાર્થતિલક, પૃ. ૮૫.

અનેકાર્થતિલકના સમ્પાદક ડૉ. પાટકરે પોતાની પ્રસ્તાવનામાં આ શ્લોક નોંધી એવો અર્થ તારવ્યો છે કે મહીપ પોતે સોમનો પુત્ર (અથવા સોમ-વંશ, ચંદ્ર-વંશનો) હતો અને તેની માતાનું નામ સૌભાગ્યદેવી હતું, પણ ઉપર રજૂ કરેલા પ્રમાણો પરથી એ સ્પષ્ટ થાય છે કે મહીપના પિતા સલક્ષ સચિવ હતા અને અનેકાર્થતિલકના દરેક કાંડને અંતે આવતો શ્લોક, જેમાંનો છેલ્લા કાંડનો અંતિમ શ્લોક ઉપર આપ્યો છે તેનો ખરો અર્થ એ છે કે સોમવંશના કે સોમના પુત્ર સલક્ષ સચિવને સૌભાગ્યદેવીથી નિર્મલ ચારિત્ર્યવાળો મહીપ નામનો પુત્ર થયો જેણે અનેકાર્થ-તિલક રચ્યો.

ડૉ. પાટકર જણાવે છે કે એમને મળેલી અનેકાર્થતિલકની જૂનામાં જૂની પ્રતિ સંવત્ ૧૪૯૦ = ઈ. સ. ૧૪૩૪માં લખેલી છે અને ડૉ. સ્ટાઈને કાશ્મીર અને જમ્મુની હસ્તપ્રતોની સૂચિ પૃ. ૫૨ ઉપર અને કાર્થતિલકનો રચ્યાસંવત્ ૧૪૩૦ = ઈ. સ. ૧૩૭૪ જણાવ્યો છે. સ્ટાઈનનો આધાર જમ્મુમાંની એક હસ્તલિખિત પ્રતિ હતી.

સલક્ષે શબ્દવિલાસની રચના ઈ. સ. ૧૩૬૫માં કરી. તે જોતાં એના પુત્ર મહીપે અનેકાર્થ-તિલકની રચના ઈ. સ. ૧૩૭૪માં કરી હોય અને શબ્દરત્નાકર અથવા મહીપકોશ ઈ. સ. ૧૩૭૫માં કે તે પછી થોડા વર્ષોમાં રચાયો હોય તો અસંભવિત નથી. એટલું તો ચોક્કસ છે કે મહીપકોશ ઈ. સ. ૧૪૩૬ પહેલાં અને અનેકાર્થતિલક ઈ. સ. ૧૪૩૪ પહેલાં રચાયો હતો.

આમ આપણને ગુજરાતની સંસ્કૃત સાહિત્યપ્રવૃત્તિ, ઈડરની સંસ્કારપ્રવૃત્તિના નવા પુરાવા મળે છે. રાજ્યકારભારમાં નિપુણ બે પિતાપુત્રો સંસ્કૃત સાહિત્યની સેવા કરે છે. મહીપે બીજા ગ્રન્થો પણ લખ્યા હોય તોપણ ઉપલબ્ધ નથી; પણ ગુજરાતના હસ્તલિખિત ગ્રન્થસંગ્રહોમાં આવી ખોજ ચાલુ રાખવી પડશે જેથી મહીપના અન્ય ગ્રન્થો હોય તો તે અને સલક્ષના ઉપર નોંધેલા ગ્રન્થો કદાચ મળી આવે.

# જૂનાગઢની ઉપરકોટની ગુફાનું સ્થાપત્યકીય સ્વરૂપ અને શોભનસમૃદ્ધિ*

કાંતિલાલ ફૂ. સોમપુરા

જૂનાગઢ રેલ્વે સ્ટેશનથી પૂર્વમાં લગભગ પોણા માઈલ અથવા સવા કી.મી.ના અંતરે આવેલ ઉપરકોટનું સ્થળ મૌર્ય તથા ગુપ્ત રાજાઓના પ્રતિનિધિઓના નિવાસ માટેની પ્રાચીન રાજગઢીનો વિસ્તાર હોય અને આ પરંપરા સોલંકી રાજા મૂળરાજના હાથે પરાજય પામનાર ચૂડાસમા રાજા ગ્રહરિપુના સમય સુધી જળવાઈ રહી હોય તેમ જણાય છે. જૂનાગઢની સુપ્રસિદ્ધ અડીચડી વાવ અને નવઘણ કૂવો પણ આ જ વિસ્તારમાં આવેલાં છે. મહમૂદ બેગડાના સમયની જુમા મસ્જિદ પણ અહીં આવેલ છે. આ જુમા મસ્જિદની ઉત્તરે ઉપરકોટની શૈલોત્કીર્ણ ગુફા છે.

આ ગુફા બે મજલાની છે. ગુફામાં ઊતરવાની સીડી ગુફાની દક્ષિણે પૂર્વાભિમુખે આવેલી છે.[1] સીડીના થોડાંક જ પગથિયાં ઊતરતાં ઉત્તર તરફ કાટખૂણે વળી જતાં ગુફાના ઉપલા મજલે આપેલા કુંડની[2] સન્મુખે આવેલ પરશાળમાં પ્રવેશ કરાય છે.[3] ૩.૩ × ૩.૩ મી. (૧૧′ × ૧૧′) વિસ્તારના આ કુંડની સ્નાનાગાર તરીકેની રચના ખાસ નોંધપાત્ર છે. તે ઉપરથી નીચે સુધી સાવ ખૂલ્લો–open to the sky—છે. કુંડમાં ઊતરવાનાં પગથિયાંની અને મધ્યમાં સ્નાન માટે બેસવા કે ઊભા રહેવાની બેઠકની વ્યવસ્થા છે.[4] કુંડની ત્રણ બાજુ—પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમે પરશાળની રચના છે. પશ્ચિમ તરફની પરશાળમાં આરામથી બેસી શકાય તેવી બેઠક છે.[5] કુંડમાં પાણી ભરવાની વ્યવસ્થા ઉત્તર તરફની દીવાલમાં પ્રયોજેલી મોરી મારફતે થતી હોવાનું જણાય છે. આ મોરી ઉપર્યુક્ત બેઠકની સન્મુખે થઈ બેઠકની દક્ષિણે અને કુંડના વાયવ્ય કોણે આવેલ નાની

---

* રિપોર્ટ ઑન ધી એન્ટિક્વીટિઝ ઑફ કાઠિયાવાડ એન્ડ કચ્છ (રિએકાક.) (૧૮૭૬) નામના ગ્રંથમાં જેમ્સ બર્જેસે આ ગુફાનું વર્ણન (પૃ. ૧૪૧–૧૪૪) તથા તેની રચના સમજાવતાં ફોટોગ્રાફ, આલેખ અને રેખાચિત્રો (પટ્ટ ૨૧–૨૪) આપ્યાં છે; જે અનુક્રમે અનુકૃતિરૂપે પટ્ટ ૧ થી ૪ તરીકે સાભાર રજૂ કર્યા છે.

૧ પટ્ટ ૨, આ. ૨ 'A'

૨ એજન, 'E'

૩ એજન, 'D'

૪ પટ્ટ ૩, આ. ૪

૫ એજન, પટ્ટ ૨, આ. 'F'

પટ્ટ ૧. આકૃતિ ૧

પટ્ટ-૨




આકૃતિ-૨




આકૃતિ-૩



ખાળકુંડી( cistern )માં પડે છે[6] અને તે મારફતે પાણીને દાખલ કરતી જણાય છે. આથી ખાળકુંડીમાં સ્વચ્છ થયેલું પાણી કુંડમાં પ્રવેશ પામતું હશે તેમ સમજાય છે.

આ કુંડની દક્ષિણ તરફની પરશાળમાં બે સ્તંભો[7] અને ઉત્તર તરફની દીવાલને અઢેલીને બે ભીંતાસ્તંભો( pilasters )ની[8] રચના છે. દક્ષિણ તરફના સ્તંભોની અષ્ટકોણીય કુંભી અધોમુખી પત્રાવલિથી વિભૂષિત છે. તેની ઉપરનો વૃત્તાકાર સ્તંભદંડ વસ્ત્રને વળ ચઢાવ્યો હોય તેવા ઘાટની સર્પાકાર રેખાઓ કે ચીપટીઓ ( spiral ridges કે grooves ) વડે અંકિત કરેલો છે; અને તેની ઉપરની વૃત્તાકાર શિરાવટીમાં પ્રાણીઓમાં શિલ્પોની હારમાળા છે.[9]

ભીંતાસ્તંભોની કુંભી તથા શિરાવટીઓ અષ્ટકોણીય છે, પરંતુ સ્તંભદંડની સર્પાકાર વાંકી રેખાઓ કે ચીપટીઓમાં એક સરખા ત્રણ ખંડ પાડેલા છે. ટોચના અને નીચેના ખંડની રેખાઓ જે દિશામાં વળાંક લે છે તેનાથી તદ્દન ઊલટી દિશામાં (grooves as ridges running in opposite spirals )મધ્યખંડની રેખાઓ વળાંક લે છે. અર્થાત્ આ સ્તંભોમાં રેખાઓની રચના સવ્ય–અપસવ્ય પ્રકારની છે.[10]

કુંડની ઉત્તર દીવાલમાં બાજુમાં આવેલા ગુફાના ઉપલા મજલાના ખંડમાં[11] પ્રવેશ માટેની બારીની[12] રચના છે. વળી આ જ ખંડમાંથી કુંડની પૂર્વ પરશાળમાં પ્રવેશ માટેનો બીજો માર્ગ ખંડના અગ્નિકોણમાં આવેલો છે.[13] કુંડના વિભાગ કરતાં આ ખંડ વિસ્તૃત છે. ( આશરે ૧૦.૮ × ૮.૪ મી., ૩૫′ × ૧૦″ × ૨૭′ × ૧૦″ ). ગુફાના આ ઉપલા ખંડમાં છ મોટા સ્તંભો છે તથા ગુફાના નીચલા મજલા સુધી પહોંચતા ખુલ્લા ચોકની વ્યવસ્થા છે. ચોકના ચાર ખૂણે ચાર સ્તંભો અને તેની ઉત્તર તરફની વિસ્તૃત ઓસરીના બીજા બે સ્તંભો મળી કુલ છ સ્તંભોની ગુફાના આ ઉપલા મજલે આવેલા છે. ચોકના ચાર સ્તંભ અંતરાલમાં નીચી ઊભણીની વેદિકા ( કઠેડો ) (low parapet wall ) હશે તેમ તેના જળવાઈ રહેલા અવશેષો પરથી નિશ્ચિત થાય છે. મધ્યચોકની ચોતરફ પરશાળ કે ઓસરીની રચના છે. તેમાં ઉત્તર બાજુની પરશાળ વિસ્તૃત છે અને તેની મધ્યમાં ઉપર્યુક્ત બે સ્તંભોની રચના છે. પરશાળની ઉત્તર દીવાલ સંલગ્ન બે અને પૂર્વ–પશ્ચિમની દીવાલ સંલગ્ન ચાર ચાર મળી કુલ નાનામોટા દસ આસનકક્ષોની રચના છે. આ આસનકક્ષો મોટા લંબચોરસ ઘાટના ગવાક્ષોમાં કોતરી કાઢેલી વિરામ માટેની પાટલીઓના સ્વરૂપનાં છે.[14] આ આસનકક્ષોની બન્ને બાજુની સ્તંભિકાઓ પરના ઓતરંગમાં

---

૬ પટ્ટ ૨, આ, 'G'
૭ એજન, 'B'
૮ એજન, 'C'
૯ પટ્ટ ૩, આ. ૭
૧૦ એજન. આ. ૬
૧૧ પટ્ટ. ૨, આ. ૨, 'L'
૧૨ એજન 'K'
૧૩ એજન 'I'
૧૪ પટ્ટ. ૧




આકૃતિ-૪



આકૃતિ-૫



આકૃતિ-૬



આકૃતિ-૭

(lintel) ચઢતા-ઊતરતા ઘાટના બે થરો (mouldings) આવેલા છે. ઓતર આંગના થરોમાં થોડે થોડે અંતરે ચૈત્યબારી કે કમાન(હંસપૃષ્ઠી)નાં[૧૫] સુશોભનો કોતરેલાં છે, અને તેમાં નારીયુગ્મનાં શિલ્પો છે. આ શિલ્પોની આગલી બાજુએ વેદિકા(કઠેડા)ની રચના છે.[૧૬]

ચોકના ચાર સ્તંભો ચોરસ ઘાટના છે, પરંતુ પરશાળના બે સ્તંભો ષોડશકોણીય છે. આ બે સ્તંભોની શિરાવટીઓ પરની પશુ આકૃતિઓ ઘસાઈ ગયેલી જણાય છે. આ છયે સ્તંભોની કુંભીઓ તથા શિરાવટીઓ એટલી તો ઘસાઈ ગયેલી છે કે તેનો શિલ્પવૈભવ ચોક્કસ રીતે વર્ણવી શકાય તેમ નથી.

ગુફાના આ મજલાના અગ્નિ કોણ પર એક નાનો ખંડ છે.[૧૭] તેની છતમાં વૃત્તાકાર ધુમાડિયા જેવી જ છિદ્રાળુ રચના છે. તેથી આ ખંડનો ઉપયોગ રસોઈ વગેરે માટે થતો હશે તેવું અનુમાન છે. આ ખંડની ઉત્તરે આવેલા એક બીજા નાના ખંડમાં[૧૮] નીચલા મજલે જવાની સીડીની રચના છે.

ઉપરકોટની ગુફાના નીચલા મજલે (ભોંયરારૂપે) આવેલા ખંડનો વિસ્તાર લગભગ ૧૨ × ૯.૫ મી. (૩૯′-૬″ × ૩૧′-૦″)નો છે. આ ખંડ ઉત્તમ કોતરણીવાળો છે અને ઘણી સારી સ્થિતિમાં જળવાયો છે. ઉપલા મજલાની સીડી મારફતે આ ખંડમાં પ્રવેશતાં જ સાધારણ ઊભણીવાળું એક વ્યાસપીઠ (platform) કંડારેલું નજરે પડે છે.[૧૯] વ્યાસપીઠના સન્મુખ દર્શનીય ભાગે બે નાના કદના સ્તંભોની રચના છે. આ બે સ્તંભો વ્યાસપીઠની છતને ટેકવે છે.

આ ખંડની પશ્ચિમની દીવાલ સિવાય બાકીની ત્રણે બાજુની દીવાલોમાં ઉપલા મજલા જેવાં જ ગવાક્ષખંડિત આસનકક્ષોની રચના છે. ઉત્તર બાજુએ બે, પૂર્વ તરફ પાંચ અને દક્ષિણ તરફ ત્રણ આસનકક્ષો મળી કુલ નાનાંમોટાં દશ આસનકક્ષો છે. આસનકક્ષો પરના ઓતરંગના બન્ને થરો ઉપરના મજલાની માફક નારીયુગ્મ અને વેદિકા સાથેનાં ચૈત્યબારીનાં સુશોભનો વડે અલંકૃત કરેલા છે.

આ ખંડના ચોકના ચાર ખૂણે આવેલા ચાર સ્તંભો, ખંડની ઉત્તર તરફની ઓસરીમાં ઉપર્યુક્ત વ્યાસપીઠની પશ્ચિમે આવેલા બે સ્તંભો કરતાં કદમાં મોટા છે. આ છયે સ્તંભોનું રચનાકૌશલ અને સુશોભનસમૃદ્ધિ ઉત્તમ કોટીનાં છે. કુંભી અને સ્તંભયષ્ટિના ઘાટ સરખા

---

૧૫ ઑલ ઇંડિયા ઓરિયેન્ટલ કોન્ફરન્સના ૨૪મા અધિવેશન(વારાણસી)માં પુરાતત્ત્વ વિભાગમાં આ વિશે મેં એક પેપર "ધી ચૈત્ય-આર્ક મોટીફ ઇન ધી ટેમ્પલ્સ ઑફ ગુજરાત" વાંચ્યું હતું તેમાં આ સુશોભન 'હંસપૃષ્ઠી' હોવાનું મેં પ્રતિપાદિત કર્યું છે. મારું આ પેપર ટૂંક સમયમાં પ્રગટ થનાર છે.

૧૬ પટ્ટ. ૩, આ. ૫ તથા પટ્ટ. ૧, આ. ૧

૧૭ પટ્ટ, ૨, આ. ૨, 'N'

૧૮ એજન 'O'

૧૯ પટ્ટ, ૨, આ. ૩ 'R'

પટ્ટ-૪



આકૃતિ-૮



આકૃતિ-૯

છે. સ્તંભ પરની શિરાવટીઓની, ઉપરની ચોરસ પડઘીના ખૂણાઓ સામસામા બેઠેલા પણ એક જ મુખી જણાય તેવાં સિંહયુગલોનાં શિલ્પોથી વિભૂષિત કરેલા છે,[૧૯/૧] અને તેમની મધ્યમાં સિંહદેહનો સન્મુખી દર્શનીય ભાગ કોતરેલો છે. ખૂણાના સિંહયુગલ અને મધ્યના સિંહની વચ્ચે વિવિધ મુદ્રામાં ઊભેલા પુરુષોની આકૃતિઓ છે. પડઘી નીચેનો શિરાવટીઓનો મુખ્ય મધ્ય ભાગ અષ્ટકોણમાં નિર્ગમ પામતી અર્ધવૃત્તાકાર ઘાટમાં એવી રીતે પરિણમે છે કે તેનો સમગ્ર ઘાટ અષ્ટકોણીય પુષ્પ જેવો લાગે. દરેક પાંખડીનો અર્ધવૃત્તાકાર અગ્રભાગ વિવિધ અંગભંગીમાં કટિ ઉપરના ભાગે નગ્ન સ્વરૂપી નારીવૃંદનાં ઉત્કટ ભાવવાહી શિલ્પો વડે અલંકૃત કરેલો છે. આમાંના ઘણાં શિલ્પો ખંડિત થયેલાં છે. ચોકની ચોતરફના મુખ્ય ચાર સ્તંભોની શિરાવટીઓનો કંઠ કંકણાકાર આમલક વડે સુશોભિત કરેલો છે. તેની ઉપરની અંતર-પત્રિકામાં તથા નીચેની પટ્ટિકામાં મણિબંધ કે રત્નોની હાર છે.[૨૦] પરંતુ બાકીના પરશાળના બે સ્તંભોની શિરાવટીઓનો મુખબંધ એટલે કે કંઠની વૃત્તાકાર પટ્ટિકાની ઉપર અષ્ટકોણની દરેક બાજુએ કીચકાવસ્થામાં બેઠેલાં ઘેટાંબકરાં વગેરે પ્રાણીઓનાં શિલ્પો મૂકેલાં છે.[૨૧] બધા જ સ્તંભોનો બહુકોણીય સ્તંભદંડ ( Shaft ) તેનાં ઊર્ધ્વદર્શનમાં પાતળી સાંકડી પટ્ટીઓ-હાંસોથી અલંકૃત હોવાને કારણે તે વૃત્તાકારનો ભાસ ઉત્પન્ન કરે છે.

સ્તંભદંડ નીચેની વૃત્તાકાર કુંભી( base )નો અલંકરણવૈભવ નોંધપાત્ર છે. કુંભીની સૌથી નીચેની પડઘીમાં મોટા કદનાં તમાલપત્રો ( Corinthian leaves ) આસાનીપૂર્વક ધારણ કરી ઊભેલાં દરેક દિશાએ બબ્બે પુરુષોનાં નાનાં કદનાં શિલ્પો છે. તમાલપત્રોના ખૂણે આવેલા છેડાઓનું રૂપકામ દીર્ઘ 'ઈ' ઘાટનો વળાંક લેતું દર્શાવ્યું છે તથા મધ્યમાં તેમના બન્ને છેડાનું સંમિલિત અધોમુખી સંયોજન અભિનવ અને ચારુ છે. પડઘીની ઉપર અલંકૃત ઈંઢોણી ઘાટના કુંભીનો મુખ્ય ભાગ અંતરપત્ર દ્વારા છૂટો પાડેલો છે. તેમાં સૌથી નીચે વચ્ચે વચ્ચે ઊભડક પલ્લવ પંક્તિઓથી વિભૂષિત વૃત્તાકાર મણિબંધ છે. આ મણકાની હારમાળા ઉપર કમળદલની પંક્તિઓની હાર છે. કુંભીનું ઈંઢોણી ઘાટનું પેટું પલ્લવ-પુષ્પગ્રથિત તોરણમાલા, પલ્લવમંડિત મણિબંધ અને જાલક વડે સુશોભિત કરેલું છે. કુંભીનો કંઠભાગ અંતરપત્ર દ્વારા છૂટો પડતો દર્શાવ્યો છે અને કુંભીના મુખબંધ પર પલ્લવ પંક્તિઓનાં વચ્ચે વચ્ચે સુશોભનો છે.[૨૨]

સ્તંભવિધાનની દૃષ્ટિએ ગુફાના સ્તંભો ચાર પ્રકારના જોવામાં આવે છે: તે પૈકીના ( અ ) ત્રણ પ્રકારના સ્તંભો ગુફાના ઉપલા મજલે અને ( આ ) ચોથા પ્રકારના સ્તંભો ગુફાના નીચલા મજલે આવેલા છે.

( અ ) ( ૧ ) કુંડના ચાર ખૂણે આવેલા બે પૂર્ણ અને બે અર્ધસ્તંભોની કુંભીઓ અષ્ટકોણીય અને સ્તંભદંડ વૃત્તાકાર છે, પરંતુ પૂર્ણસ્તંભની શિરાવટી વૃત્તાકાર અને અર્ધસ્તંભની અષ્ટકોણીય છે.

---

૧૯-૧ આ પ્રકારનાં શિલ્પોને સ્થાપત્યની પરિભાષામાં 'સંઘાટ' શિલ્પો કહે છે.

૨૦ પટ્ટ, ૪, આ. ૮

૨૧ પટ્ટ, ૪, આ, ૯

૨૨ પટ્ટ, ૪, આ. ૮-૯

( ૨ ) આ મજલાના ચોકના ચાર ખૂણે આવેલા સ્તંભોની કુંભીઓ ચોરસ, સ્તંભદંડ ચોરસ અને શિરાવટી વૃત્તાકાર ઘાટની છે.

( ૩ ) આ મજલાની મોટા ખંડની પરશાળની મધ્યમાં આવેલા બે સ્તંભોની કુંભીઓ ચોરસ, સ્તંભદંડ ષોડશકોણીય અને શિરાવટી વૃત્તાકાર છે.

( આ ) ગુફાના નીચલા મજલે આવેલા કુલ છ સ્તંભોની કુંભીઓ વૃત્તાકાર, સ્તંભદંડ બહુકોણીય અને શિરાવટી અષ્ટદલ પાંખડીમાં વિભક્ત થયેલ છે.[૨૩]

આ મુખ્ય ખંડની પાછલી એટલે કે પશ્ચિમ બાજુએ બીજા બે નાના ખંડો આવેલા છે. તે પૈકીનો દક્ષિણ તરફનો ખંડ[૨૪] કદમાં નાનો છે અને તેને એક જ પ્રવેશ છે, પરંતુ ઉત્તર તરફનો ખંડ મોટો છે[૨૫] અને તેની આગલી બાજુએ ત્રણ પ્રવેશમાર્ગ છે.

તેમની દ્વારશાખમાં ઉપરના ભાગે ઓતરંગની બન્ને બાજુએ ટોલ્લા ( નાગદંત ) જેવી નિર્ગમ પામતી રચના છે.[૨૬] મુખ્ય ખંડ અને તેના ઉપલા ખંડે જવાની સીડીની ઉત્તર બાજુએ એક બીજો અણઘડ ખંડ આવેલો છે.[૨૭] અને તેના ઈશાન ખૂણામાં પૂરી દીધેલા કૂવાનો કોઠો અવશેષરૂપે જળવાઈ રહેલો જણાય છે.[૨૮]

આ ગુફા બૌદ્ધ ધર્મ સાથે સંબંધ ધરાવતો વિહાર હોવાનો સામાન્ય પ્રચલિત મત છે, પરંતુ તેનું સ્થાપત્યકામ સ્વરૂપ, વિશિષ્ટ રચનાવિધાન જોતાં બર્જેસે ઈશારો કર્યો છે તેમ[૨૯]

---

૨૩ સ્તંભોના ઘાટ અને સુશોભનોની દૃષ્ટિએ અહીંના સ્તંભોને ડૉ. સાંકળિયાએ પણ ચાર પ્રકારમાં વહેંચી નાખ્યા છે. ( આર્કિઓલૉજી ઑફ ગુજરાત, પૃ. ૫૦–૫૧ ) પ્રથમ પ્રકારના સ્તંભો ઉપલા મજલે કુંડ અને તેની આજુબાજુની પરશાળમાં વૃત્તાકાર ઘાટના સીધી કે પરસ્પર વિરુદ્ધ જતી બાવલાની ભાતથી વિભૂષિત સ્તંભો તથા અર્ધસ્તંભો છે. આ સ્તંભોની શિરાવટી ગોળ અને ભીંતાસ્તંભોની શિરાવટી અષ્ટકોણ હોવાનું તેઓ જણાવે છે.

તેમણે જે બીજા પ્રકારના સ્તંભો જેની કુંભી સાદી ચોરસ, મધ્ય ભાગે અષ્ટકોણીય ચોરસ સ્તંભયષ્ટિ તથા શિરાવટીના વૃત્તાકાર કંઠ પરનું કુસાકાર રૂપાંકનવાળા ગણાવ્યા છે તે બર્જેસે આપેલા વર્ણન કે તેને લગતાં ચિત્રોમાં કયાંય બંધબેસતા નથી. આ સ્તંભો વળી કયાં આવેલા છે તે પણ તેમણે નોંધ્યું નથી. ઉપલા મજલાના મોટા ખંડના ચોકના ચાર ખૂણે આવેલા ચાર સ્તંભો કે તેમની ઉત્તરે આવેલ પરશાળના આ સ્તંભો હોય તોપણ તેમના ઘાટ તેમના વર્ણન સાથે બંધબેસતા નથી. તેમણે વર્ણવેલા ત્રીજા અને ચોથા પ્રકારના સ્તંભો તો ગુફાના નીચલા મજલાના છે. આ સિવાય બીજે કયાંય સ્તંભોની રચના નથી તેથી તેમના બીજા પ્રકારના સ્તંભોનો કયાંય મેળ ખાતો નથી.

૨૪ પટ્ટ. ૨, આ. ૨, 'V'

૨૫ એજન 'U'

૨૬ રિએકાક. પટ્ટ ૨૩, આ. ૨૪; આ ખંડની દક્ષિણ દીવાલ પર પાછલા સમયની લિપિના મરોડવાળું અસ્પષ્ટ લખાણ છે. ( એજન, પૃ. ૧૪૪ )

૨૭ પટ્ટ. ૨, આ ૩, 'W'

૨૮ એજન 'T'

૨૯ રિએકાક. પૃ. ૧૪૪

રાજપુરુષો કે રાજભુવન સાથે સંકળાયેલો કે ગ્રીષ્મ-નિકેતન ( Summer retract ) હોવાનો સંભવ વિશેષ ધરાવે છે. ગુજરાત રાજ્યના પુરાતત્ત્વખાતાના સૌરાષ્ટ્ર વર્તુલના અધિકારી શ્રી છોટુભાઈ અત્રિ પણ તે " પ્રમોદ ઉદ્યાન વચ્ચેનું પ્રમોદભવન ( નૃત્ય-નાટયશાળા ) કે એવું કશુંક " હોવાની શકયતા વ્યક્ત કરી છે. તેઓ પ્રસ્તુત-ગુફાના નીચેલા મજલે આવેલ વ્યાસપીઠ ને રંગમંચ કે પાલાણુની બેઠકો ને પ્રેક્ષાગૃહની બેઠકો, ગુફાની પશ્ચિમે આવેલા બે ખંડો પૈકીનો એક મોટો ખંડ રંગભવન ( Green-room ) અને બાજુનો નાનો ખંડ વિશ્રામકક્ષ હોવાનું ધારે છે. વળી ઉપલા મજલે આવેલ સ્નાનકુંડ પણ તેમના આ અનુમાનને ટેકો આપે છે. ચૈત્યબારીના અલંકરણનું મહત્ત્વ ધાર્મિક તેમ જ નાગરિક વાસ્તુ પરત્વે એકસરખું હોવાની પૂરી સંભાવના છે, કારણ કે સાંચી, ભરહૂત વગેરે સ્થળોનાં શિલ્પચિત્રોમાં આલેખિત રાજભવનો અને નગરભવનોના મહોરા પર અલંકરણ તરીકે તે સ્થાન પામેલ જોવામાં આવે છે. આમ ઉપરકોટની ગુફા બૌદ્ધ વિહાર હોવાનું માનવું તે કરતાં તે આખા યે પશ્ચિમ ભારતમાં એક માત્ર ઉપલબ્ધ શૈલોત્કીર્ણ નાગરિક વાસ્તુનો ઉપલબ્ધ નમૂનો ગ્રીષ્મ-નિકેતન માનવું એ વધારે સુયોગ્ય છે.[૩૦]

---

૩૦ આ ગુફાના નિર્માણકાળ બાબતે વિવિધ મતો પ્રવર્તે છે. બર્જેસે આ ગુફાના રચનાકાળ વિશે તેમના ગ્રંથમાં કોઈ મત પ્રદર્શિત કર્યો નથી. ( રિએકાક, પૃ. ૧૪૧-૧૪૩ ). ડૉ. સાંકળિયા સ્તંભ-વિધાનની દૃષ્ટિએ આ ગુફાને ઈસુની ૫મી થી ૭મી સદીમાં મૂકે છે. ( આર્કિઓલોજી ઑફ ગુજરાત, પૃ. ૫૧ ), ડૉ. યુ. પી. શાહ ગુફાને ઈસુના બીજા થી ચોથા સૈકા આસપાસ મૂકવાના મતના છે, ( 'ગુજરાતમાં બૌદ્ધધર્મ', સ્વાધ્યાય વ. ૧. મં. ૩, પૃ. ૨૮૪ ). ડૉ. આર. એન. મહેતા ( ગુજરાતને મળેલ શિલ્પસ્થાપત્યનો વારસો, પૃ. ૨૮ ) પણ આ જ મતના છે. શ્રી છોટુભાઈ અત્રિ ગુફાને ૧-૨૭ સદીની માને છે. ગુફાના સ્તંભોનું અને ચૈત્યબારીનું વિકસિત અલંકરણ સ્વરૂપ જોતાં આ ગુફા સમકાલીન ( ઈસુની ૧લી થી ૪થી સદી ) હોવાનું નિશ્ચિત થાય છે.

# પ્રભાસના વાજા રાજા શિવરાજના સમયનો સં. ૧૪૫૧ (ઈ. સ. ૧૩૯૫)નો એક અપ્રસિદ્ધ શિલાલેખ

હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી

પ્રભાસપાટણ શહેરમાં મોટા દરવાજાની અંદર ડાબી તરફ આવેલા એક સ્થળની નીચે ઈ. સ. ૧૯૫૩માં ખોદકામ કરવામાં આવ્યું ત્યારે તે સ્થળની નીચેથી ઉપર્યુક્ત દરવાજાની દીવાલ પાસે ઊભો કરવામાં આવેલો પ્રભાસના વાજા રાજા શિવરાજના સમયનો સં. ૧૪૫૧ (ઈ.સ. ૧૩૯૫)નાં વર્ષના શિલાલેખવાળો ૪ ફૂટ લાંબો તથા ૧૦ ઈંચ પહોળો અને ૮ ઇંચ જાડો પીળા પથ્થરનો એક પાળિયો પ્રાપ્ત થયો હતો. એ પાળિયામાં ૮½ × ૧૦ ઇંચની લંબાઈ તથા પહોળાઈમાં આ શિલાલેખ કોતરવામાં આવેલો છે. આ શિલાલેખમાં ૯ પંક્તિઓ સંસ્કૃત બાલબોધ લિપિમાં કોતરવામાં આવેલી છે. એ પાળિયાનો પથ્થર અગ્નિથી દાઝી ગયેલો હોવાથી તેના અક્ષરો ઝાંખા પડી ગયેલા છે; જેથી તેનો ઉકેલ કરવામાં મુશ્કેલી પડે છે. આ પાળિયો હાલમાં પ્રભાસપાટણ મ્યૂઝિયમમાં સંરક્ષિત રાખવામાં આવેલો છે.

આ પાળિયામાં શિલાલેખવાળા ભાગની ઉપર ત્રણ શિખરાકૃતિઓ કંડારવામાં આવેલી છે. જેમાં મધ્યભાગની શિખરાકૃતિ તેની બન્ને બાજુઓની શિખરાકૃતિઓ કરતાં સહેજ મોટી છે. એ શિખરાકૃતિઓની નીચે એક મોટા અને શણગારેલા ઘોડા ઉપર એક દાઢીવાળો પુરુષ સ્વારી કરીને બેઠેલો છે. તે પુરુષે ચડ્ડી પહેરેલી છે અને ખભા ઉપર ઉત્તરીય વસ્ત્ર નાખેલું છે અને માથા ઉપર ટોપી પહેરેલી છે. તેણે અલંકારો પણ ધારણ કરેલાં છે. તેના જમણા હાથમાં ભાલું છે અને ડાબા હાથમાં ઢાલ છે. તેના મોઢાનો તથા છાતીનો થોડો ભાગ ખંડિત થયેલો છે, અને તેના ઘોડાના મોઢાંના તથા પગોના ભાગ પણ ખંડિત થયેલા છે.

શિલાલેખનો ઉદ્દેશ :—સં. ૧૪૫૧ શાકે ૧૩(?)ના વર્ષમાં છફૂલની પરમાર શાખાનો દૂહુ નામનો પરમાર રજપૂત અહીં દેવપત્તન(પ્રભાસપાટણ)માં શિવરાજના વિજય રાજ્યમાં મહં માલાનું પંચકુલ વિદ્યમાન હતું ત્યારે દેવ સોમનાથને નમસ્કાર કરવા માટે આવ્યો હતો અને તેણે ગૌદાન આપ્યું હતું. ત્યાર પછી તેને કોઈની સાથે ધિંગાણું થતાં તે ધિંગાણામાં મૃત્યુ પામ્યો હતો. તે રજપૂતે જીવિત અવસ્થામાં એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી કે મારો પાળિયો પત્તન(પ્રભાસપાટણ)ની પોળમાં કરજો જેથી તેનો પાળિયો પ્રભાસપાટણના દરવાજામાં કર્યાની નોંધ લેવાનો આ શિલાલેખનો ઉદ્દેશ છે એમ જણાય છે.

શિલાલેખની લિપિ :—આ શિલાલેખની લિપિ સંસ્કૃત બાલબોધ છે એમ ઉપર કહેવામાં આવ્યું છે, તેમ છતાં પણ આ શિલાલેખમાં કોઈ કોઈ સ્થળે પૃષ્ઠ માત્રાનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

શિલાલેખના અક્ષરો :—આ શિલાલેખના અક્ષરો મોટા છે અને તેનું માપ અરધો ઇંચ છે. આ શિલાલેખના અક્ષરોનો મરોડ ચૌદમી શતાબ્દીના આ પ્રદેશના બીજા શિલાલેખોના અક્ષરોને મળતો છે.

શિલાલેખની ભાષા :—આ શિલાલેખના પ્રારંભથી पंचकुल प्रतिपत्तौ સુધીની ભાષા સંસ્કૃત છે અને તે પછીના આખાયે શિલાલેખની ભાષા તત્કાલીન ગુજરાતી છે અને તેનાં "परमारसुं, नमस्करवा, उपंनु, हूतुं, गवदान, दीधुं, घा, ढगलूं, हवूं, इ, मारि, मरि, छुटुं, पछइ, सइलूं, षडा, छे, रजपूर्ति, जीवंइव्यं, कहूं, पत्तनन, पोलि, महारं, पालीउं, कर्यो" ઇત્યાદિ તત્કાલીન ગુજરાતી ભાષાનાં રૂપો આ શિલાલેખમાંથી પ્રાપ્ત થાય છે જે તત્કાલીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ કેવું હતું તે જાણવા માટે અત્યંત ઉપયોગી છે.

આ શિલાલેખમાં પ્રભાસના વાજા રાજા શિવરાજનું નામ આપવામાં આવ્યું છે. આ શિલાલેખમાં તેનું નામ सिवराज કોતરવામાં આવ્યું છે જે તે શિલાલેખના લેખકની અથવા તો કોતરનારની ભૂલ હશે એમ જણાય છે. એ શિવરાજનું બીજું નામ શવગણ હતું એમ તેના સમયના જુદાં જુદાં સ્થળોના પ્રસિદ્ધ થએલા શિલાલેખો જોતાં જણાય છે. એ શિવરાજના પુત્ર પ્રભાસના વાજા રાજા બ્રહ્મદાસના સમયના સં. ૧૪૬૨(ઈ. સ. ૧૪૦૬)ના પ્રભાસપાટણના મીઠાશા ભંગના શિલાલેખમાં શિવરાજનું નામ શિંગનાથ[૧] કોતરવામાં આવ્યું છે જે તે શિલાલેખના લેખકની ભૂલ છે એમ જણાય છે. "કાઠિયાવાડ સર્વસંગ્રહ"ના સંપાદકે તથા "Inscription of Kathiawad"ના સંપાદક શ્રી ડી. બી. ડીસ્કળકરે પણ આ શિવરાજ તથા શવગણ એક જ વ્યક્તિ હોવાનું સ્વીકાર્યું[૨] છે એટલે તે બીજું નામ શવઘણ હતું એમ સ્વીકારવામાં કાંઈ વાંધો નથી. એ શિવરાજનાં શિવગણ[૩] તથા શવઘણ[૪] નામો પણ પ્રસિદ્ધ થયાં છે. એટલે એક જ વ્યક્તિને શિવરાજ, શવગણ, શિંગનાથ, શિવગણ તથા શવઘણ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી ઓળખવામાં આવેલ છે, પરંતુ તેના શિવરાજ તથા શવગણ એ બે જ નામો સાચાં છે એમ તેના સમયના પ્રસિદ્ધ થયેલા શિલાલેખો જોતાં જણાય છે.

"ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ" નામના પુસ્તકમાં તે પુસ્તકની પાછળ પ્રસિદ્ધ કરવામાં આવેલાં શિલાલેખોનાં સૂચીપત્રમાં નં. ૧૩૫ના "કોડીનાર પાસે ભુવાટીંબી અને પળાંસલી[૫] ગામ વચ્ચે ભૂઉડ નામના તળાવના દક્ષિણ કિનારા પર પડેલા વિક્રમ સંવત્ ૧૪૫૭ના શિલા-

---

૧ "Inscriptions of Kathiawad", "New Indian Antiquary", Dec. 1939, p. 598.

૨ "કાઠિયાવાડ સર્વસંગ્રહ", પૃ. ૩૪૨ તથા "Inscription of Kathiawad", "New Indian Antiquary" April 1939, p. 36, 40.

૩ "કાઠિયાવાડ સર્વસંગ્રહ", પૃ. ૩૪૨, ૪૯૫.

૪ એ જ, પૃ. ૫૨૫.

૫ આ ગામનું વર્તમાન નામ પ્રાંસલી છે.

લેખ "ની નોંધમાં "રા નવઘણ "નું નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.[૬] તેમ જ તે પુસ્તકમાં નં. ૧૪૦ના કુલકા ગામના ઉગમણા પાદરમાં ખાખરના ઝાડ નીચેના પહેલા પાળિયાના વિ. સં. ૧૪૪૩ના લેખ "ની નોંધમાં પણ "રા નવઘણ "નું નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.[૭] ઉપર્યુક્ત બન્ને શિલાલેખોમાં કયાંય પણ "રા નવઘણ "નું નામ કોતરવામાં આવ્યું નથી પરંતુ પ્રભાસના વાજા રાજા શવગણનું જ નામ કોતરવામાં આવ્યું છે. એટલે "ભાવનગર પ્રાચીન શોધ-સંગ્રહ "ના સંપાદકની ભૂલથી જ "રા નવઘણ "નું નામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે એમ જણાય છે. આ હકીકતની ખાત્રી કરવા માટે શિવરાજ કે શવગણના સમયના પ્રસિદ્ધ થયેલા લેખોમાં તેનું નામ જે રીતે પ્રસિદ્ધ થયેલું છે તેની નોંધ આ નીચે આપવામાં આવે છે. આ નોંધમાં ઉપર્યુક્ત બન્ને શિલાલેખોનો પણ સમાસ થઈ જતો હોવાથી ખાતરી થશે કે ઉપર્યુક્ત બન્ને શિલાલેખો "રા નવઘણ "ના સમયના નથી પરંતુ પ્રભાસના વાજા રાજા શિવરાજ કિંવા શવગણના સમયના જ છે અને તે બન્ને શિલાલેખોમાં શવગણનું જ નામ કોતરવામાં આવ્યું છે.

(૧) શિવરાજના સમયનો પહેલો શિલાલેખ ઉના પાસે કુલકા ગામ પાસેના તળાવની પાસેના એક પથ્થરમાંનો સં. ૧૪૪૩ શાકે ૧૩૦૮(ઈ. સ. ૧૩૮૬)નો પ્રસિદ્ધ થયેલો છે, તે શિલાલેખમાં એનું નામ **शवगण** પ્રસિદ્ધ થયેલું છે[૮]

(૨) શિવરાજના સમયનો બીજો શિલાલેખ ચોરવાડ પાસેના ખોરાસા ગામના સૂર્ય-મંદિરનો સં. ૧૪૪૫(ઈ. સ. ૧૩૮૯)નો પ્રસિદ્ધ થયેલો છે. તે શિલાલેખ હાલમાં ચોરવાડમાં નાગનાથના મંદિરમાં રાખવામાં આવ્યો છે. તે શિલાલેખમાં એનું નામ શિવરાજ પ્રસિદ્ધ થયેલું છે અને તે શિલાલેખમાં એને **युवराजः श्री शिवराजभूपतिः** કહેવામાં આવેલ છે.[૯]

(૩) શિવરાજના સમયનો ત્રીજો શિલાલેખ ઉના પાસે કુલકા ગામના તળાવની પાસેના એક પાળિયાનો સં. ૧૪૪૮ (ઈ. સ. ૧૩૯૧)નો પ્રસિદ્ધ થયેલો છે, તે શિલાલેખમાં એનું નામ **शवगण** પ્રસિદ્ધ થયેલું છે.[૧૦]

(૪) શિવરાજના સમયનો ચોથો શિલાલેખ ચોરવાડમાં નાગનાથનાં મંદિરમાંના એક પાળિયાનો સં. ૧૪૫૦(ઈ. સ. ૧૩૯૩)નો પ્રસિદ્ધ થયેલો છે, તે શિલાલેખમાં એનું નામ **शिवराज** પ્રસિદ્ધ થયેલું છે.[૧૧]

---

૬ "ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ "માં પાછળ પ્રસિદ્ધ કરવામાં આવેલ શિલાલેખોનું સૂચીપત્ર, પૃ. ૩૬–૩૭

૭ એ જ, પૃ. ૩૮

૮ "Inscriptions of Kathiawad," by D. B. Diskalkar, M.A., "New Indian Antiquary", April, 1939, p. 34,

૯ Ibid, p. 34–37.

૧૦ Ibid, p. 40.

૧૧ Ibid, p. 41.

(૫) શિવરાજના સમયનો પાંચમો શિલાલેખ સુત્રાપાડા પાસેના ભુવાટીંબી ગામના ભૂઉડના તળાવનો સં. ૧૪૫૭(ઈ. સ. ૧૪૦૧)નો પ્રસિદ્ધ થયેલો છે, તે શિલાલેખમાં એનું નામ **शवगण** પ્રસિદ્ધ થયેલું છે.[૧૨]

પ્રભાસના વાજા રાજા શિવરાજના સમયના ઉપર જણાવેલા પાંચ શિલાલેખોમાંથી કોઈ પણ શિલાલેખમાં "રાનવઘણ"નું નામ કોતરવામાં આવ્યું જ નથી એટલે ભાવનગર પ્રાચીન શોધસંગ્રહના સંપાદકે ઉપર જણાવેલા કુલકા તથા ભુવાટીંબી પાસેનાં તળાવના શિલાલેખોની નોંધોમાં "રા નવઘણ"નું નામ ભૂલથી પ્રસિદ્ધ કર્યું છે એમ સિદ્ધ થાય છે.

આ શિવરાજ કોનો પુત્ર હતો તથા તે ક્યારે પ્રભાસનો રાજા થયો હતો તે બાબતની ચર્ચા કરવાની આવશ્યકતા હોવાથી આ સ્થળે તે બાબતની ચર્ચા કરવામાં આવે તો તે અસ્થાને તો નહિ જ ગણાય.

આ શિવરાજની પહેલાં પ્રભાસપાટણનો રાજા ભર્મ કે ભરમ હતો. એ ભર્મના સમયના પાંચ શિલાલેખો પ્રાપ્ત થયેલા છે. પરંતુ એ પાંચે શિલાલેખો પૈકીના કોઈ પણ શિલાલેખમાંથી તેના પુત્રનું નામ પ્રાપ્ત થયું નથી. તેમ જ એ ભર્મ કે ભરમની પછી પ્રભાસપાટણના રાજા તરીકે આવેલા વાજા રાજા શિવરાજ કે શવગણના સમયના છ શિલાલેખો પ્રાપ્ત થયા છે, પરંતુ તે છ શિલાલેખો પૈકીના કોઈ પણ, શિલાલેખમાંથી એ શિવરાજ કે શવગણના પિતાનું નામ પ્રાપ્ત થયું નથી. જેથી એ શિવરાજ કે શવગણ કોનો પુત્ર હશે તે બાબતનો વિચાર કરવો જોઈએ. મારા મિત્ર રા. રા. શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈએ "પ્રભાસના વાજા રાજાઓ" એ નામના "ગુજરાતી" સાપ્તાહિક પત્રના તા. ૨૮મી મે સને ૧૯૩૩ના અંકમાં પૃ. ૭૯૧ ઉપર પ્રસિદ્ધ કરાવેલા લેખમાં એ શિવરાજને પ્રભાસના વાજા રાજા ભર્મનો પુત્ર તથા યુવરાજ હોવાનું અનુમાન કર્યું છે, પરંતુ એ ભર્મ કે ભરમના સમયના શિલાલેખોમાંથી તેમ જ શિવરાજ કે શવગણના સમયના શિલાલેખોમાંથી આ હકીકત ઉપર પ્રકાશ પાડી શકે તેવાં પ્રમાણો પ્રાપ્ત થતાં નથી જેથી એ શિવરાજ કે શવગણ કોનો પુત્ર હતો એ પ્રશ્ન ઊભો રહે છે. પ્રભાસના વાજા રાજા ભર્મ કે ભરમના ઉત્તરાધિકારી તરીકે એ શિવરાજ કે શવગણ પ્રભાસપાટણનો રાજા થયો હતો એ હકીકત સાચી છે.

પ્રભાસનો વાજા રાજા ભર્મ કે ભરમ ક્યારે સ્વર્ગવાસી થયો હતો તે બાબતની કોઈ નિશ્ચિત તારીખ પ્રાપ્ત થતી નથી જેથી અનુમાન થાય છે કે એ ભર્મના સમયનો પ્રભાસપાટણનો ત્રિવેણી દરવાજાનો વિ. સં. ૧૪૪૨(ઈ.સ. ૧૩૮૫)ના આષાઢ વદિ ૯ને શનિવારનો શિલાલેખ કોતરવામાં આવ્યા પછી થોડા સમયમાં જ ભર્મ સ્વર્ગવાસી થયો હશે એમ લાગે છે. પરંતુ પ્રસ્તુત શિલાલેખમાં માર્જીનવાળા ભાગમાં વિ. સં. ૧૪૪૮ (ઈ. સ. ૧૩૯૧)ના જ્યેષ્ઠ સુદિના દિવસે સંગમેશ્વરની સ્થાપના કરવામાં આવ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ઉપરથી ભર્મ વિ. સ. ૧૪૪૮(ઈ. સ. ૧૩૯૧)ના જ્યેષ્ઠ સુદિ ૧૩ના દિવસ સુધી વિદ્યમાન હોવાનું સંભવિત લાગે એમ છે. પરંતુ ઉના પાસેનાં કુલકા ગામ પાસેનાં તળાવની પાસેના એક પાળિયાનો શિલાલેખ સં. ૧૪૪૩ શાકે ૧૩૦૮(ઈ.સ. ૧૩૮૬)માં શવગણ અથવા શિવરાજના વિજયરાજ્યમાં

૧૨ Ibid, Dec., 1939, p. 597.

કોતરવામાં આવ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થતો હોવાથી એ ભર્મ વિ. સ. ૧૪૪૮(ઈ. સ. ૧૩૯૧) સુધી વિદ્યમાન હોવાની હકીકત સ્વીકારી શકાય તેમ નથી, કારણુ કે ચોરવાડ પાસેનાં ખોરાસા ગામના સૂર્યમંદિરનો વિ. સં. ૧૪૪૫ (ઈ. સ. ૧૩૮૯)નો એક શિલાલેખ જે વર્તમાન સમયમાં ચોરવાડનાં નાગનાથ મહાદેવના મંદિરમાં રાખવામાં આવ્યો છે તે શિલાલેખમાં પણુ સ્પષ્ટ રીતે એ શિવરાજને युवराज भूपतिः કહેવામાં આવ્યો છે એટલે શિવરાજ વિ. સં. ૧૪૪૩(ઈ. સ. ૧૩૮૬)માં જ પ્રભાસપાટણુનો રાજા થયો હતો એ હકીકતને પુષ્ટિ મળે છે. વળી ઉના પાસેના ફુલકા ગામ પાસેનાં તળાવની પાસેના એક પાળિયાનો વિ. સં. ૧૪૪૮(ઈ. સ. ૧૩૯૧)ના કાર્તિક વદિ અમાસને રવિવારની મિતિનો શિલાલેખ પણુ એ શિવરાજ કે શવગણુના વિજય-રાજ્યમાં કોતરવામાં આવ્યા છે.[૧૩] અને તે શિલાલેખ પ્રભાસપાટણુના ત્રિવેણી દરવાજાના વિ. સં. ૧૪૪૨(ઈ. સ. ૧૩૮૫)ના શિલાલેખમાં હાંસિયાવાળા ભાગમાં જે વિ. સં. ૧૪૪૮(ઈ. સ. ૧૩૯૧)ના જ્યેષ્ઠસુદિ ૧૩ની મિતિનો સંગમેશ્વરની સ્થાપનાનો શિલાલેખ[૧૪] કોતરવામાં આવ્યો છે તે શિલાલેખ કરતાં પણુ પાંચ માસ અને બાર દિવસ વહેલો કોતરવામાં આવ્યો છે જેથી એ ભર્મ વિ. સં. ૧૪૪૮(ઈ. સ. ૧૩૯૧)ના જ્યેષ્ઠ સુદિ ૧૩ના દિવસ સુધી વિદ્યમાન હોવાની વાત જરાયે સાચી માની શકાય તેમ નથી. એટલે આ ઉપરથી સુનિશ્ચિત થાય છે કે પ્રભાસ-પાટણુના ત્રિવેણી દરવાજાના વિ. સં. ૧૪૪૨(ઈ. સ. ૧૩૮૫)ના શિલાલેખમાં હાંસિયાવાળા ભાગમાં વિ. સં. ૧૪૪૮(ઈ. સ. ૧૩૯૧)ના જ્યેષ્ઠ સુદિ ૧૩ના દિવસે સંગમેશ્વરની સ્થાપના કર્યાની હકીકતનો જે શિલાલેખ કોતરવામાં આવ્યો છે તે શિલાલેખ પણુ એ શિવરાજ કે શવગણુના સમયમાં જ કોતરવામાં આવ્યો છે. એટલે વિ. સં. ૧૪૪૨ના આષાઢ વદિ ૯ને શનિવારનો પ્રભાસપાટણુના ત્રિવેણી દરવાજાનો શિલાલેખ કોતરવામાં આવ્યા પછી થોડા સમય-માં જ એ ભર્મ સ્વર્ગવાસી થયો હતો અને તેના પછી વિ. સં. ૧૪૪૩(ઈ. સ. ૧૩૮૬)માં શિવરાજ કે શવગણુ પ્રભાસપાટણુનો રાજા થયો હતો એમ સુનિશ્ચિત થાય છે.

---

૧૩ "Inscriptions of Kathiawad", by: D. B. Diskalkar, M. A., "New Indian Antiquary", April, 1939, p. 40.

૧૪ Ibid, p. 33.

પ્રભાસના વાજા રાજા શિવરાજના સમયના વિ. સ. ૧૪૫૧(ઈ. સ. ૧૩૯૫)ના શિલાલેખનું અક્ષરાન્તર.

१ स्वस्ति श्री १४५१ शाके १३ (?) राज्य श्री सि-
२ वराज विजयराज्ये । महं माला पंच-
३ कुल प्रतिपत्तौ । दुद्दू परमार । छकु-
४ ल परमारसुं । देव सोमनाथ नम-
५ स्करवा उपंनु हूतुं । गवदान दी-
६ धुं । घाठगल्ं हवूं । इ । मारि मरि छु-
७ ड़ुं । पछइ सइल्ं हवूं । रजपूत षड्ग छे
८ रजपूतिं जीवंइव्यं कहुं पत्तनन पोलि
९ महारुं पालीउ कर्यो । श्री श्री श्री ॥

# રામન અસર

**નરસિંહ મૂ. શાહ, પી. ડી. પાઠક, વી. બ. ગોહેલ**

પ્રકાશ એટલે અત્યંત વેગથી પ્રસારિત વીજ-ચુંબકીય ગુણધર્મો ધરાવતી તરંગગતિ. કોઈ પણ ઉદ્ગમ સ્થાનમાંથી પ્રકાશનું ઉત્સર્જન વીજભારના પ્રવેગમાંથી પરિણમે છે. આ છે વીજ-ચુંબકીય વિકિરણના સિદ્ધાંતનો મુખ્ય મુદ્દો.

કવૉન્ટમ સિદ્ધાંત અનુસાર પ્રકાશ શક્તિના પૅકેટોની સંખ્યાબંધ શ્રેણીનો બનેલો છે. આ દરેક પૅકેટને પ્રકાશ-કવૉન્ટા યા ફોટોન કહેવામાં આવે છે.

પ્રકાશની વિધ વિધ ઘટનાઓ જેના વડે સમજાવી શકાય એવા પ્રકાશના સિદ્ધાંતો ગમે તે હોય; પરંતુ પ્રકાશના ઉદ્ગમો મુખ્યત્વે ઉષ્મીય છે અને વીજવિભાર પર આધાર રાખે છે. પરમાણુઓ યા અણુઓને ગરમ કરતાં આ ઈલેક્ટ્રોનના પ્રવાહ વડે મારો કરતાં પ્રકાશ નીકળે છે. આ રીતે વિમોચિત પ્રકાશ 'પ્રાથમિક રેડિયેશન' (વિકિરણ) કહેવાય છે. ઘણા પદાર્થો શોષિત પ્રકાશને પાછો ઉત્સર્જિત કરે છે અને પદાર્થ ચળકે છે. આ ઘટનાને પ્રસ્ફુરણ કહે છે.

વિશ્વ મૂળભૂત રીતે બે રાશીઓનું બનેલું છે: એક શક્તિ અને બીજું દ્રવ્ય. વિશ્વનાં રહસ્યોની જાણકારી મેળવવા સારુ આ બંને રાશીઓની એકબીજા સાથેની (interaction) આંતરક્રિયાનો અભ્યાસ અતિ અગત્યનો છે. પ્રકાશ એક શકિત છે. આ શક્તિને જ્યારે દ્રવ્ય પર આપાત થવા દેવામાં આવે છે ત્યારે ઘણી ઘટનાઓ આકાર લે છે. આ ઘટનાઓમાંથી જે ઘટનાઓ વિકિરણ સાથે આંતરક્રિયા અનુભવતા પદાર્થો ગૌણ વિકિરણ ઉપજાવે છે, તે અગત્યની છે. જ્યારે પદાર્થ ઉપર વિકિરણ આપાત કરવામાં આવે છે ત્યારે વિકિરણના અમુક જથ્થાનું પદાર્થના અણુઓ અને પરમાણુઓ દ્વારા શોષણ થાય છે.

વળી, વિકિરણના અમુક જથ્થાનું પદાર્થ દ્વારા પ્રકીર્ણન થાય છે. પ્રકીર્ણનની ઘટના દરમિયાન વિકિરણ પોતાના માર્ગમાંથી ચલિત થાય છે.




ધારો કે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે કોઈ પણ પદાર્થ પર अब દિશામાં વિકિરણ આપાત કરવામાં આવે તો વિકિરણ પોતાની જુદી જુદી તીવ્રતા સાથે દરેક દિશામાં વિચલન પામે છે. આ ઘટનાને તેના શોધકના માનમાં ટીન્ડેલ અસર કહે છે. ટીન્ડેલ અસરમાં આપાત થતા પ્રકાશની તરંગલંબાઈ અને પ્રકીર્ણન પામતા પ્રકાશની તરંગલંબાઈ એકસરખી હોય છે. વધારે

વિસ્તૃત રીતે કહીએ તો, જો આપાત પ્રકાશમાં એક કરતાં વધારે તરંગલંબાઈ આવેલી હોય અને તે પ્રકાશનો વર્ણપટ સ્પેક્ટ્રોગ્રાફની મદદથી મેળવવામાં આવે તો દરેક તરંગલંબાઈને અનુરૂપ, સ્પેક્ટ્રોગ્રાફમાં એક રેખા જોવા મળશે. ટીન્ડેલ અસરમાં આપાત પ્રકાશના વર્ણપટમાં જુદી જુદી તરંગલંબાઈઓને અનુલક્ષીને જેટલી રેખાઓ આવેલી હશે તેટલી જ રેખાઓ તે જ તરંગલંબાઈને અનુલક્ષીને પ્રકીર્ણન પામેલા પ્રકાશના વર્ણપટમાં પણ જોવા મળશે. ટૂંકામાં, ટીન્ડેલ અસરમાં પ્રકીર્ણન પામતા પ્રકાશની તરંગલંબાઈમાં ફેરફાર થતો નથી. વળી પ્રકીર્ણ પામતા પ્રકાશની તીવ્રતા તેની તરંગલંબાઈના ચતુર્થાંતના વ્યસ્ત પ્રમાણમાં હોય છે. ( $I \propto 1/\sqrt[4]{\lambda}$ ) એટલે કે જો વાદળી અને લાલ રંગને અનુરૂપ તરંગલંબાઈઓ ધરાવતા પ્રકાશનું પ્રકીર્ણન કરવામાં આવે તો પ્રકીર્ણન પામતા પ્રકાશમાં વાદળી રંગના પ્રકાશનું પ્રમાણમાં વધારે પ્રકીર્ણન થતું માલૂમ પડે છે. આ અસરને લીધે આકાશનો રંગ વાદળી દેખાય છે કારણ કે વાદળી પ્રકાશની તરંગલંબાઈ રાતા પ્રકાશની તરંગલંબાઈ કરતાં ઓછી હોય છે. લૉર્ડ રેલેની આ શોધ ' રેલે પ્રકીર્ણન ' તરીકે જાણીતી છે. વળી આ ઘટના દરમિયાન જોવા મળ્યું કે જુદી જુદી તરંગલંબાઈઓવાળાં પ્રકાશનું એક જ પદાર્થ દ્વારા પ્રકીર્ણન કરવાથી, મૂળ આપાત તરંગલંબાઈઓને સંબંધિત વર્ણપટ રેખાઓ અને નવી જોવા મળતી વર્ણપટ રેખાઓ વચ્ચેના અંતરમાં કશો ફેરફાર થતો નથી. ( આ ફેરફાર $Cm^{-1}$ વેવ નંબર ( તરંગસંખ્યા ) એકમમાં નોંધવો જોઈએ ). પણ જો એક જ તરંગલંબાઈવાળા પ્રકાશનું પ્રકીર્ણન જુદા જુદા પદાર્થો દ્વારા કરવામાં આવે તો વર્ણપટની મૂળ રેખાઓ અને નવી ઉદ્ભવતી રેખાઓ વચ્ચેનું અંતર બદલાતું જાય છે. આ અવલોકન વસ્તુતઃ દર્શાવે છે કે અહીં આકાર પામતી ઘટના પ્રકીર્ણન કરતાં પદાર્થની લાક્ષણિકતાની દ્યોતક છે.

આકાશનો વાદળી રંગ અને હિમનદીઓમાં બરફના નાજુક પરિવર્તનની (Opalescence) ઘટના સમજવા અને તેની સવિસ્તર સમજૂતી માટે ૧૯૨૧માં કલકતામાં પ્રોફેસર સી. વી. રામન અને તેમના કેટલાક સહકાર્યકર્તાઓએ અનેક પ્રકારના પારદર્શક માધ્યમમાં પ્રકાશનું



પ્રકીર્ણન કરતી પ્રયોગશ્રેણી યોજીને અભ્યાસ આદર્યો.

આ અભ્યાસની શરૂઆતમાં જ તેઓને એક નવી અને અણધારી ઘટના અવલોકવાનું મળ્યું : જ્યારે વાદળી-જાંબલી કાચના ગાળણમાંથી પસાર થયેલું પ્રકાશનું પ્રબળ કિરણ કેટલાક

પ્રવાહીઓ અને ઘન પદાર્થોમાંથી ( જેવાં કે, પાણી, બરફ ) પસાર કરવામાં આવતું ત્યારે પદાર્થમાંથી બહાર આવતાં પ્રકીર્ણિત કિરણોમાં મૂળ આપાત કિરણમાં ગેરહાજર એવાં કેટલાંક કિરણો દશ્યમાન થતાં. આ ઘટનાને ‘ રામન અસર ’ કહેવાય છે.

આ નવાં કિરણોનો વિશેષ સઘન અભ્યાસ કરવા માટે મરક્યુરી આર્ક લેમ્પમાંથી આપાત પ્રકાશને એવી રીતે ગાળવામાં આવ્યો કે ફક્ત એક જ તરંગલંબાઈવાળા પ્રાથમિક પ્રકાશનાં જ કિરણો મળે અને પ્રકીર્ણન કરતાં માધ્યમનું વારંવાર શુદ્ધિકરણ કરવામાં આવ્યું. આ માધ્યમ વડે પ્રકીર્ણિત પ્રકાશનું વર્ણપટ વડે પૃથક્કરણ કરવામાં આવ્યું. એમ માલૂમ પડ્યું કે સામાન્ય મરક્યુરીની વર્ણપટ રેખા ઉપરાંત એ મૂળ રેખાની બંને બાજુ નવી તીક્ષ્ણ રેખાનો વર્ણપટ દેખાતો હતો. પ્રથમ લીધેલ મરક્યુરીની રેખાને બદલે બીજી રેખા વાપરી જોઈ; તોપણ પ્રથમની માફક વધારાનો વર્ણપટ દેખાતો હતો. પ્રાથમિક રેખાને ફેરવતાં નવો વર્ણપટ એવી રીતે ફરતો દેખાયો કે પ્રાથમિક રેખા અને નવી રેખાઓ વચ્ચેનો આવૃત્તિ–તફાવત એટલો જ રહેતો—તેમાં ફેર પડતો નહીં. સ્ફટિકમય તેમ જ અસ્ફટિકમય—કાર્બનિક તેમ જ અકાર્બનિક પદાર્થો, પ્રવાહીઓ, દબાણમાં તેમ જ બાષ્પરૂપે વાયુઓ—આ બધા પદાર્થો નવી રેખાનો વધારાનો રેખાસમૂહ દર્શાવતા હતા. આ નવી ઘટના રામન અસર તરીકે ઓળખાવા લાગી.

રામનને નવો વિચાર સ્ફુર્યો. પ્રોફેસર કોમ્પટને શોધેલ ક્ષ-કિરણ-પ્રકીર્ણનના પ્રકારને મળતી આવતી ઉપરની શોધ છે. આથી વિશેષ સંશોધન હાથ ધરવાનું પ્રોત્સાહન મળ્યું.

કોમ્પટન અસરનો મુદ્દો પ્રથમ જોઈ જઈએ.

રામન અસરની શોધ થઈ એ અરસામાં ક્ષ-કિરણોના પ્રકીર્ણનના પ્રાયોગિક અભ્યાસ વડે જાણવા મળ્યું હતું કે જ્યારે ક્ષ-કિરણોને કોઈ પદાર્થ પરથી પ્રકીર્ણન પામવા દેવામાં આવે ત્યારે મૂળ આપાત તરંગલંબાઈ ધરાવતાં ક્ષ-કિરણોની સાથે સાથે વધારે તરંગલંબાઈ ધરાવતાં ક્ષ-કિરણો પણ ઉદ્‌ભવે છે. આ અસર કોમ્પટન અસર તરીકે ઓળખાય છે.

અત્રે એ નોંધવું જોઈએ કે ક્ષ-કિરણો પણ ખૂબ જ નાની તરંગલંબાઈ ધરાવતું પ્રકાશ વિકિરણ જ છે. ઘટનાત્મક રીતે કોમ્પટન અસર અને રામન અસર એકસરખી દેખાવા છતાં તેમનાં રહસ્યો તદ્દન ભિન્ન છે.

વિકિરણને લગતી આધુનિક વિચારધારા અનુસાર વિકિરણનું શોષણ કે ઉત્સર્જન સતત રૂપમાં હોતું નથી. નળમાંથી પાણીનો ધોધ વહેતો હોય તો પાણી સતત ધારા રૂપે બહાર આવે છે, પરંતુ જો નળમાંથી પાણીના ચોક્કસ જથ્થાનાં ટીપાંઓ એક પછી એક પડતાં હોય તો પાણી અસતત રીતે બહાર આવે છે. પ્રકાશની બાબતમાં પણ આવું જ છે. પ્રકાશ ઉત્સર્જન કરતા પદાર્થમાંથી પ્રકાશ અસતત રીતે બહાર ફેંકાય છે. નળના પાણીનાં ટીપાંની માફક અહીં પ્રકાશશક્તિના ચોક્કસ જથ્થાઓ એક પછી એક બહાર ફેંકાય છે. જો ઉત્સર્જન પામતા પ્રકાશની આવૃત્તિ $\nu$ હોય તો આ શક્તિ-જથ્થાનું માન $h\nu$ હોય છે, જેમાં $h$ એક વિશ્વનિયતાંક છે. શક્તિના આ જથ્થાને ફોટોન કહે છે.

એવી રીતે જ્યારે ક્ષ-કિરણો પદાર્થ પર આપાત થાય છે ત્યારે ક્ષ-કિરણોના ફોટોનો પદાર્થમાં સ્થિર ધારી શકાય (ખાસ સંજોગોમાં જેની ચર્ચા અત્રે અસ્થાને છે, પદાર્થમાં ઈલેક્ટ્રોનોને સ્થિર ધારી શકાય) તેવા ઇલેક્ટ્રોન સાથે સ્થિતિ-સ્થાપકીય સંઘાત અનુભવે છે. સંઘાત અનુભવતો ફોટોન પોતાની અમુક શક્તિ ઈલેક્ટ્રોનને આપી દે છે. પરિણામે તેની પોતાની શક્તિમાં ઘટાડો થાય છે અને સૂત્ર $E = h\nu$ અનુસાર તેની આવૃત્તિમાં ઘટાડો થતાં તેની તરંગલંબાઈમાં વધારો થાય છે. આ ઘટનામાં ઇલેક્ટ્રોન ફોટોન પાસેથી શક્તિ મેળવતું હોવાથી અમુક શક્તિથી તે પદાર્થમાંથી બહાર ફેંકાતુ હોય છે. અત્રે એ યાદ રાખવું જોઈએ કે કોમ્પટન ઘટના પ્રકાશના વીજચુંબકીયવાદ અનુસાર સમજાવી શકાતી નથી.

રામન અસરનો ઉદ્ભવ સમજીએ તે પહેલાં એક બીજો તાત્ત્વિક મુદ્દો પણ ધ્યાનમાં રાખવો જોઈશે. પ્રકાશને પદાર્થ પર આપાત કરવામાં આવે છે ત્યારે પ્રકાશના પ્રકીર્ણન ઉપરાંત પ્રસ્ફુરણની ઘટના પણ અસ્તિત્વમાં આવે છે, જેમાં ગૌણ વિકિરણ આપાત વિકિરણમાં હોય તેના કરતાં જુદી તરંગલંબાઈ ધરાવતું હોય છે. આ મુદ્દો પ્રોફેસર રામને પોતાના શબ્દોમાં સુંદર રીતે રજૂ કરેલ છે.

રામન અસરમાં ધ્રુવીભવન-ક્ષમતાની વિચારધારા ખૂબ અગત્યની છે.

પ્રકાશના વીજ-ચુંબકીયવાદ અનુસાર પ્રકાશના તરંગો વીજચુંબકીય તરંગો છે. અવકાશમાં આવર્ત રીતે બદલાતા જતા વીજ અને ચુંબકીય ક્ષેત્રોને કારણે વીજચુંબકીય તરંગો અસ્તિત્વ ધરાવે છે. એટલે કોઈ બિંદુ પાસે પ્રકાશનું અસ્તિત્વ છે એનો અર્થ એવો થયો કે તે બિંદુ પાસે આવર્ત રીતે બદલાતી જતી વીજ તીવ્રતા અને ચુંબકીય તીવ્રતા આવેલી હોય છે. આ બન્ને તીવ્રતાઓ એકબીજાને લંબ હોય છે.

હવે જ્યારે પ્રકાશ કોઈ આણ્વિક કે પરમાણ્વિક રચના (system) પર આપાત થાય છે ત્યારે રચના પર $\vec{E}$ જેટલું વીજક્ષેત્ર લાગુ પડે છે. આથી રચનાના ઈલેક્ટ્રોનોનું સ્થળાંતર થતાં રચનાનુ વીજ-ધ્રુવીભવન થાય છે અને તેમાં વીજ દ્વિ-ધ્રુવ ચાકમાત્રા (electric dipole moment) ઉદ્ભવે છે. આ વીજ દ્વિ-ધ્રુવ ચાકમાત્રા આંદોલિત હોય છે. ગણિતની મદદથી દર્શાવી શકાય કે જેટલી આવૃત્તિઓથી રચનાની ધ્રુવીભવન-ક્ષમતા બદલાતી જાય તેટલી આવૃત્તિવાળું વિકિરણ તેમાંથી ઉદ્ભવી શકે. પદાર્થમાં અણુઓનાં જુદાં જુદાં આંદોલનો તેમ જ વાયુ પદાર્થમાં તેના અણુઓનાં આંદોલનો અને પરિભ્રમણોની ઘટનાઓ વીજ-ધ્રુવીભૂત ક્ષમતાના આંદોલનો માટે કારણભૂત હોય છે. આથી જેટલી રીતે આંદોલનો અને પરિભ્રમણો શક્ય હોય તે બધી રીતે વીજ-દ્રુવીભવન ક્ષમતા આંદોલન કરતી હોય અને તે સર્વને કારણે આંદોલિત dipole moment ઉદ્ભવે અને એ બધી જ આવૃત્તિઓવાળું વિકિરણ જોવા મળે. આ થઈ રામન અસરની વીજચુંબકીયવાદ અનુસાર સમજૂતી. આધુનિક ક્વૉન્ટમ મિકેનિક્સ અનુસાર રામન અસર નીચે પ્રમાણે સમજી શકાય :

અતિસૂક્ષ્મ (microscopic) રચનાઓ ચોક્કસ શક્તિઓ જ ધરાવી શકે.

દરેક જુદી જુદી શક્તિને અનુરૂપ પદાર્થની પરિસ્થિતિ માટે state ( સ્ટેઈટ ) શબ્દ વાપરવામાં આવે છે. આકૃતિમાં રચનાની શકય શક્તિઓને સમક્ષિત રેખાઓથી ચોક્કસ માપ ( scale )માં દર્શાવી છે.

ધારો કે પરમાણુ કે અણુરચના શરૂઆતમાં i સ્ટેઈટમાં રહેલી છે. આ સ્થિતિમાં તેની શક્તિ $E_i$ જેટલી છે. જો આ સ્થિતિમાં રચના hv, આવૃત્તિવાળા ફોટોનનું શોષણ કરે તો તેની શક્તિમાં વધારો થશે અને તેની શક્તિ $E_m$ જેટલી થશે. પરિણામે તે m સ્ટેઈટમાં આવી જશે, જ્યાં $E_m - E_i = hv_1$ પણ કુદરતી રીતે પોતાની શક્તિ ઓછી કરવા પ્રેરાતી હોવાથી એકાએક સંક્રાન્તિ ( transition ) કરી $f_1$ સ્ટેઈટમાં આવી જાય છે, અને $E_m$ અને $E_f$ સ્ટેટની શક્તિના તફાવત જેવી શક્તિ ધરાવતા ફોટોનને બહાર ફેંકી દે છે. આમ બહાર આવતાં ફોટોનની શકિત $E_m - E_1 = hv_2$થશે. દેખીતી રીતે જ આ ફોટોનની આવૃત્તિ મૂળ ફોટોનની આવૃત્તિ કરતાં ઓછી હશે.

પરંતુ જો રચના સંક્રાન્તિ અનુભવી $f_2$ સ્ટેઈટમાં આવે તો બહાર પડતાં ફોટોનની આવૃત્તિ $E_m - E_2 = h_v{'}_2$ જેટલી થશે. આ આવૃત્તિ મૂળ આવૃત્તિ કરતાં વધારે હશે. આમ મૂળ આવૃત્તિવાળી રેખાની આસપાસ ઓછી અને વધારે આવૃત્તિવાળી રેખાઓ મળી શકશે.

રામન અસર તપાસવા માટે વપરાતી પ્રાયોગિક રચના તદ્દન સાદી અને તેની રૂપરેખા નીચે પ્રમાણે આપી શકાય :—

આપાત રેડિયેશન → ગાળણ → રામન ટયુબ →
સ્પેકટ્રોગ્રાફ – ( ફોટોગ્રાફિક પ્લેઈટ )

રેડિયેશનના ઉદ્‌ગમ તરીકે મરકયુરી લેમ્પ વાપરી શકાય છે : સોડિયમ નાઈટ્રાઈટ અથવા કોબાલ્ટ સલ્ફોક્રાઈરેઈટ દ્રાવણ જેવાં ગાળણો આપાત રેડિયેશનને એકરંગી બનાવવા વપરાય છે : પ્રકીર્ણન કરનાર પદાર્થ રામન ટયુબમાં મૂકવાનો. પ્રકીર્ણિત પ્રકાશની તીવ્રતા નિર્બળ હોવાથી પ્રબળ સ્પેકટ્રોગ્રાફ ( વર્ણપટ માપકયંત્ર ) વાપરવું જોઈએ. વર્ણપટ ફોટોગ્રાફિક પ્લેઈટ પર લઈ શકાય અથવા કાચના પડદા પર જોઈ શકાય.

રામન અસરનો સાર્વત્રિક પ્રકાર, પ્રાયોગિક ટેકનીકની સગવડ, પ્રાપ્ત થતા વર્ણપટની સાદાઈને લીધે ભૌતિક તેમ જ રસાયણ વિજ્ઞાનના અનેક પ્રશ્નોમાં પ્રાયોગિક મદદ રૂપે રામન અસરનો ઉપરનો ઉપયોગ કરી શકાય છે. આ શોધ પૂર્વે ઈન્ફ્રારેડ ( પાર–રક્ત ) વર્ણપટનો અભ્યાસ કરવામાં ઘણી મુશ્કેલીઓ પડતી કારણ કે જ્યાં ફોટોગ્રાફિક પ્લેઈટ સંવેદનશીલ ન હોય એવા પ્રદેશમાં આ વર્ણપટ દેખાતો.

હવે, આવૃત્તિની મર્યાદામાં પ્રાથમિક કિરણ પસંદ કરીને ( જેમાં ફોટોગ્રાફિક પ્લેઈટ સંવેદનશીલ છે ) રામન રેખાના રૂપમાં ઇન્ફ્રારેડ વર્ણપટ આ પ્રદેશ ખસેડી શકાય છે અને તેનું ચોક્કસ માપ કાઢી શકાય છે. એવી રીતે અલ્ટ્રા-વાયોલેટ ( પાર–જાંબલી ) વર્ણપટ પણ સહેલાઈથી તપાસી શકાય છે એટલે અણુઓનાં આંદોલનનું સમગ્ર વિસ્તારક્ષેત્ર તપાસી શકાય છે.

આપાત પ્રકાશકિરણમાં સાથોસાથ થતું રંગનું સ્થાનાંતર (shift) અંદર પ્રવેશતો ફેટાને જે શક્તિ ગુમાવે છે તેનું માપ છે એ પણ રામન અસરની એક મહત્ત્વની બાબત છે. જે અણુઓ સાથે ફેટોન અથડાય તેને જે શક્તિ તે આપી દે તે અણુઓએ પ્રાપ્ત કરેલ આંતરિક શકિતમાં વધારાનું માપ છે. એટલે રામન અસરનો અભ્યાસ કોઈ પણ પદાર્થના અણુઓ અને પરમાણુઓની શક્તિની સપાટીમાં વધારો અંકિત કરવાનું શકય બનાવે છે અને તેથી અણુ-પરમાણુ-ઓની શક્તિની સપાટીમાંવ ધારો અંકિત કરવાનું શકય બનાવે છે અને તેથી અણુ-પરમાણુઓની રચના સહેલાઈથી કાઢી શકાય છે. આ રીતે અનેક પદાર્થોનો અભ્યાસ થયો છે અને સંકુલ અણુની રચના અંગે અન્વેષણ કરવાનું સાધન રામનઅસરની શોધે પૂરું પાડયું છે.

રામન અસરમાં ઉષ્ણુતામાનનો ફેરફાર અતિ રસદાયી છે, કારણ કે ઘન–સ્થિતિ–સિદ્ધાંત (solid state theory) સાથે તેનો સીધો સંબંધ છે એટલે રાસાયણિક બંધન અને વિશિષ્ટ ઉષ્ણુતામાન સમજવાનું શકય બન્યું છે. આ વિષયમાં મૂળભૂત પ્રકારનું સંશોધન બહાર પડયું છે અને સ્ફટિક–ભૌતિક વિજ્ઞાન અને અણુ ભૌતિક વિજ્ઞાનના વિષયમાં નવાં પરિણામો લાધ્યાં છે.

રસાયણ વિજ્ઞાનના ક્ષેત્રે બહુલીકરણ, હાઈડ્રોજન બંધન, સ્વતંત્ર પરિભ્રમણ (રોટેશન), સમઘટકોની ઓળખ અને સંયોજકતા આદિ અંગે પુષ્કળ અન્વેષણ થયું છે અને રામન અસરની મદદ વડે રાસાયણિક ભૌતિકવિજ્ઞાન (chemical physics) છેલ્લા ત્રણ દશકામાં અસ્તિત્વમાં આવ્યું છે.

લાસેરની શોધ પછી પરિસ્થિતિએ નવો વળાંક લીધો. રામન અસર તપાસવાનાં પ્રાયોગિક સાધનોમાં લાસેરનો ઉપયોગ થવા લાગ્યો. મરકયુરી આર્ક લેમ્પની જરૂર રહી નહીં. એ લેમ્પ ઉપયોગી હોવા છતાં, જે પદાર્થ તપાસવો હોય તેનું ફોટો-વિધાન અમુક અંશે થતું અથવા તેમાં પ્રસ્ફુરણ પ્રેરાતું. લાસેરની શોધથી રામન અસરના અભ્યાસમાં ખૂબ સવલતો મળી છે; સંશોધનને ખૂબ ઉત્તેજન મળ્યું છે. પરિણામે લોહ-વિદ્યુત (ferro-electricity) અંગે રામન અસરનો અભ્યાસ ખૂબ મહત્વનો પુરવાર થયો છે.

ઉપરાંત વીજક્ષેત્ર પ્રેરિત રામન અસર, રેઝોનન્સ રામન અસર, ધાતુઓમાં રામન અસર, ખામીઓ અને અશુદ્ધિઓ થતી રામન અસર, એવા કેટલાય રસપ્રદ વિષયોમાં સંશોધન ચાલી રહ્યું છે, જે રામન અસરની શોધની સાર્વત્રિક ઉપયોગિતા પુરવાર કરે છે.

**સંદર્ભ**

Proceeding of Indian Academy of Sciences, 1953, **37**, No. 3.
Physics News, *1970*, **1**, (ii), *41*.
Science Reporter, 1971, **8**, 66

# મધુમેહ—એક ઐતિહાસિક અવલોકન

**વૈદ્ય મણિભાઈ કાલીદાસ બ્રહ્મભટ્ટ**

મધુમેહનો સર્વપ્રથમ લક્ષણવિષયક ઉલ્લેખ ૩,૫૦૦ વર્ષ પૂર્વે લખાયેલ પુસ્તક એબર્સ પેપીરસ( Ebers Papyrus )માં પ્રાપ્ત થાય છે. તેમાં આ રોગમાં પેદા થતી બહુમૂત્રતા ( Polyuria ) અને તેને દૂર કરવા માટેના ચાર પ્રયોગોની વીગત આપવામાં આવેલ છે.

પરંતુ મધુમેહનાં ઉત્પાદક કારણો, લક્ષણો અને ઉપદ્રવોનું સ્પષ્ટ વર્ણન આજથી ૨,૫૦૦ વર્ષ અગાઉ ચરક અને સુશ્રુતે આપ્યું છે. તેઓએ આ વિકારને સંતર્પણજનિત માન્યો છે. ખેડાખાઉ માણસ કે જે દહીં, મધુર-મીઠા પદાર્થો, જળચર અને ગ્રામ્ય પશુઓના માંસનો વધુ પડતો ઉપયોગ કરે છે, નવાં ધાન્ય અને શેરડીની બનાવટોને ઉપયોગમાં લે છે તેમ અતિનિદ્રાનું સેવન કરે છે તેને આ વિકાર પીડા આપે છે એમ જણાવ્યું છે. તેઓએ પેશાબમાં જતી મધુરતા-સાકરનું પરીક્ષણ તે પર એકઠા થતી કીડીઓ અને મંકોડા પરના અનુભવ પરથી અનુમાન કરીને નક્કી કર્યું હતું. બહુમૂત્રતાને લઈને પેદા થતા 'ગલતાલુશોષ' ગળા અને તાળવાના સુકાવાની ફરિયાદ અને અતિતૃષાનો તેઓએ નિર્દેશ કર્યો છે. તેઓએ મધુમેહમાં પેદા થતા Peripheral neuritisનો ઉલ્લેખ 'કરપાદદાહ' વડે કર્યો છે. મધુમેહમાં પેદા થતા શતારુ-પાઠા( Carbuncle )નો સ્પષ્ટોલ્લેખ 'પ્રમેહવિટિકા'ના વિસ્તૃત વર્ણનમાં પ્રાપ્ત થાય છે. પેશાબ મધ જેવો મીઠા રસવાળો હોઈ તેને 'મધુમેહ' નામ આપ્યું છે. આ રીતે ભારતીય આચાર્યોનો 'મધુમેહ'નાં સ્વરૂપ અને-આગળ જોઈશું તેમ-ચિકિત્સા વિષયક ફાળો અગત્યનો છે.

પરગેમમ( Pergamum )ના ગેલને ( Galen 121-201 B.C. ) મધુમેહમાં મૂત્રપિંડની નબળાઈને લઈને તે પાણીને ટકાવી શકતા નથી અને તેથી બહુમૂત્રતા થાય છે એમ જણાવ્યું છે. ગેલનની માન્યતા ભારતીય આયુર્વેદના આચાર્યોના અભ્યાસ પરથી બંધાયેલ જણાય છે. આચાર્ય સુશ્રુતે એ સ્પષ્ટતા આપી છે કે મૂત્રાઘાત, પ્રમેહ, શુક્રદોષ અને કેટલાક મૂત્રદોષ બસ્તિમાં જ થાય છે.[1] ગેલને બે મધુમેહના દરદીઓને જોઈને એમ જણાવ્યું છે કે વધુ પડતા પેશાબ સાથે જ તૃષા, વધતો જતો શરીરનો ક્ષય ( Emaciation ) અને અતિક્ષુધા ( Polyphagia ) તેઓમાં સ્પષ્ટપણે નજરે પડતાં હતાં અને ખાસ તો એ દૃશ્ય હતું કે અતિ પ્રમાણમાં ખોરાક લેવા છતાં 'માંસક્ષય' થતો અટકાવવાનું શકય ન હતું.

ચીન અને જાપાનમાં તે સમયના વિદ્વાનોને એ અનુભવ થયો હતો કે 'મધુમેહથી પીડાતા દરદીને મોટા પ્રમાણમાં પેશાબ થતો હતો અને પેશાબ એટલી મધુરતા ધરાવતો હતો

---

१ मूत्राघाता प्रमेहाश्च शुक्रदोषा स्तथैव च । मूत्रादोषाश्च ये केचित् बस्तावेव भवन्ति हि ॥ सुश्रुत नि. अ. ३-२८.

કે તેને ચાટવા માટે કૂતરાઓ આવતા હતા. તેઓએ મધુમેહમાં પેદા થતી વિટિકાઓનો ઉલ્લેખ કર્યો છે. આ ભારતીય આયુર્વેદની સ્પષ્ટ અસર જણાય છે.

ઍરીટીઅસ ધી કેપીડોશીઅન ( Aretaeus the Cappedocian 30-90 A.D. ) મધુમેહનું સ્પષ્ટ ચિત્ર રજૂ કરતાં લખે છે કે 'મધુમેહ એક વિચિત્ર વ્યાધિ છે અને તે માણસોમાં વારંવાર જોવા મળતો નથી. મધુમેહથી માંસ અને અવયવો ધોવાઈને મૂત્રમાં પરિણુત થાય છે. આમાં કારણભૂત આવયવિકદુષ્ટિ મૂત્રપિંડ અને મૂત્રબસ્તિની છે. પાણીના નળને ખોલતાં પાણી વહેવા માંડે છે તેવી રીતે પેશાબનો પ્રવાહ નિરંતર વહે છે. વ્યાધિનો સ્વભાવ જીર્ણ છે અને પેદા થતાં ઘણો સમય લાગે છે અને જો દરદ ઘર કરી જાય તો દરદી લાંબુ જીવતો નથી, કારણ માંસ અને અવયવો જલદીથી ઓગળી જાય છે અને મૃત્યુ ત્વરાથી આવી પહોંચે છે. દરદીની જિંદગી દુઃખી અને ત્રાસરૂપ હોય છે. પાણી ખૂબ પીવા છતાં તરસ છીપતી નથી ( Polydypsia ), કારણ પેશાબ પ્રમાણમાં ખૂબ થાય છે અને તેથી દરદીને પેશાબ કરતાં કે પાણી પીતાં અટકાવી શકાતો નથી. જો પાણી આપવાનું સમય પૂરતું પણ બંધ કરવામાં આવે તો મોં જાણે શેકાઇ ગયું હોય અને શરીર સુકાઈ ગયું હોય તેમ લાગે છે. આથી જ મને લાગે છે કે પાણી શરીરમાં ટકતું નથી અને શરીરને નીસરણીની માફક ઊતરવા માટે ઉપયોગમાં લઈ બકનળીની માફક પેશાબના રૂપમાં તે બહાર નીકળી જાય છે અને તેથી જ ગ્રીક ભાષાના શબ્દાનુસાર આ સ્થિતિને Diabetes કહેવામાં આવે છે.

ઍરીટીઅસનો આ મત આધુનિક વૈજ્ઞાનિક દષ્ટિએ યથાર્થ સિદ્ધ થતો નથી પરંતુ પ્રાચીન ભારતના આયુર્વેદ વિજ્ઞાનમાં આપણને આ માન્યતા પ્રવર્તમાન હતી તે સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે. આયુર્વેદના આ સિદ્ધાન્તો યુરોપમાં પ્રસાર પામ્યા હોવાનો આ એક સબળ પુરાવો છે. આપણે આ સમર્થિત કરવા આયુર્વેદના ઉપદેશમાં ડોકિયું કરી લઈએ.

શરીરમાં આધુનિક ક્રિયાશારીરાનુસાર પ્રવાહી, રક્તવાહિનીઓ ( Vascular ), કોષબાહ્ય ( Extracellular ) અને કોષાભ્યંતર ( Intracellular ) એમ ત્રણ સ્થાનોમાં રહી શરીરમાં ગતિ કરે છે. આ પ્રવાહીને સમ સ્થિતિમાં રાખવાનું બલ ( Osmatic pressure ) પીડનને લઈ પ્રાપ્ત થાય છે. કેશવાહિનીઓની ભિત્તિઓ ( Capillary walls ) મારફત બલની સમતુલા જળવાય છે. આચાર્ય સુશ્રુત આને उपस्नेहन्याय કહે છે.

> ' कोष्ठादुपस्नेहवदन्नसारो निःसृत्य दुष्टोऽनिललेगनुन्नः ।
> त्वचा समुन्नम्यशनैः समन्ताद्विवर्धमानो जठरं करोति ॥

અર્થાત્ રસાકર્ષણ બલ ઘટતાં રક્તમાંનું પ્રવાહી અન્નસાર ખેંચાઈને ત્વચા અને માંસની વચ્ચે આવી સજલ શોથ ( oedema ) પેદા કરે છે. આચાર્ય ચરક માંસ ધોવાવા માટે સ્પષ્ટતા આપતાં જણાવે છે કે રક્તપિત્તમાં રક્તનો ઊલટી ઝાડા વગેરેમાં ક્ષય થતાં,—કોઈ પણ કારણથી શરીરમાંથી લોહી વહી જાય ત્યારે રક્તગતરસાકર્ષણબલમાં વધારો પેદા થતાં કોષબાહ્યજલ રક્તવાહિનીઓમાં ખેંચાઈ આવે છે. પરિણામે બાહ્યકોષજલની સાંદ્રતા વધતાં કોષાભ્યંતર જલ બહાર કોષબાહ્યજલમાં ખેંચાઇ આવે છે. પરિણામે કોષો સંકોચાય છે અથવા લોકભાષામાં તે ધોવાય છે. આચાર્ય ચરકે આ જ વૈજ્ઞાનિક સત્ય નીચે પ્રમાણે રજૂ કર્યું છે :—

तस्योष्मणा द्रवो धातुः धातोः धातोः प्रसिच्यते ।
खियतः तेन संवृद्धिं भूयस्तदधिगच्छति ॥

च. चि. अ. ४/८

અહીં શાસ્ત્રકારે માંસાદિ ધાતુઓમાંથી જે દ્રવરૂપ ધાતુ છે તે 'खियतः' શબ્દ વાપરી ઝમીઝમીને રક્તગતપિત્ત સાથે મળી તેના પ્રમાણને વધારે છે એવી સ્પષ્ટતા આપી છે.

મધુમેહમાં જલક્ષયને લઈને અને તેમાં નિષ્કાસિત થતી સાકર અને વિદ્યુદ્વાહકો (Electrolytes)ને લઈ માંસાદિગત જલક્ષય થતાં તે ધોવાય છે એમ કહેવું યથાર્થ જ પુરવાર થાય છે. પરંતુ આચાર્ય ચરક અને ટીકાકાર ચક્રપાણી मांसस्य पिच्छोदकरूपप्राप्तस्य—पिच्छा भक्तमण्डसदृशी—અર્થાત્ માંસ ઓગળીને પિચ્છારૂપ થાય છે અને પિચ્છા જલરૂપ થાય છે એમ લખે છે ત્યારે આધુનિક વિજ્ઞાનાનુસાર તે સમજવું મુશ્કેલ થાય છે. આ સ્પષ્ટતા અને ઉદ્ધરણ રજૂ કરવાનો હેતુ ફક્ત એ જ ઐતિહાસિક ઘટના સિદ્ધ કરવાનો છે કે આયુર્વેદનાં આ મંતવ્યો અને સિદ્ધાંતો પશ્ચિમમાં પ્રયાણ કરી ગયાં હતાં, અને તે સ્વીકૃત થયાં હતાં.

આધુનિક વિજ્ઞાનનો મત આપણે આગળ જોઈશું પરંતુ તે અગાઉ ભારતીય આયુર્વેદના આચાર્યોનો મધુમેહ અંગેનો ઉપદેશ આપણે જોઈ લઈએ :—

આચાર્ય સુશ્રુત અને ચરકે આપણે ઉપર જોયું તેમ બેઠાખાઉ અને ગરિષ્ટ પદાર્થોનું સેવન કરનારને પ્રમેહ થાય છે એવી સંપ્રાપ્તિ આપી છે. મેદોદોષ (Obesity)નું પણ આ જ કારણ છે. અત્યારે પણ મેદોદોષ અને અપૂરતા વ્યાયામને મધુમેહ માટેના પ્રધાન કારણરૂપ ગણવામાં આવ્યા છે. આચાર્ય સુશુત જ સર્વપ્રથમ આચાર્ય છે, જેને મેદોદોષયુક્ત મધુમેહીમાં રક્તગત મધુરતાધિક્ય (Hyperglycaemia) હોય છે તે સિદ્ધ કરવાનું સર્વપ્રથમ માન મળવું જોઈએ. તેઓએ એ ક્રિયા શારીરવિષયક (Physiological) સત્યને પણ ઉપદેશેલ છે કે મેદોદોષની સ્થિતિમાં મેદનો જ વધુ વધારો થાય છે અને બીજી ધાતુઓને પૂરતું પોષણ ન મળતાં અપેક્ષાએ બીજી ધાતુઓની યોગ્ય વૃદ્ધિ થતી નથી. આચાર્યનો ઉપદેશ નીચે ઉદ્ધૃત કરીએ છીએઃ—

'रसनिमित्तमेव स्थौल्यं कार्श्यं च । तत्र श्लेष्मलाहारसेविनोऽध्ययनशीलस्याव्यायामिनोदिवास्वप्नरतस्य **चामएवान्नरसो मधुरतरश्च** (रसोह्यसृक्) शरीरमनुक्रामन्नतिस्नेहान्मेदो जनयति, तदतिस्थौल्यमापादयति । प्रमेहपीडकाज्वरभगन्दरविद्रधिवातविकाराणामन्यतमं प्राप्य पञ्चत्वमुपयाति ॥ सुश्रुत सू. अ. १५-३५.

આચાર્યે રક્ત-રસગત સાકરનું પ્રમાણ વધવાથી રક્તરસની અતિ મધુરતાની સ્પષ્ટતા આપી છે. આમઅન્નરસ કહી ધાત્વગ્નિમાંદ્યને લઈને મધુર—સાકર—કાર્બોદિતના ચયાપચયની ખામી (Disorder of the Carbohydrate Metabolisms)નો સ્પષ્ટોલ્લેખ કરી તેને મધુમેહના કારણરૂપ ગણાવેલ છે; અને તે સાથે જ પ્રમેહની સંપ્રાપ્તિમાં રક્તગતમેદ-સ્નેહવૃદ્ધિ (hyperlipaemia)ની સ્પષ્ટતા નજરે પડે છે :—

तस्य चैवं प्रवृत्तस्य अपरिपक्वा एव वातपित्तश्लेष्माणो यदा मेदसा सहैकत्वमुपेत्य मूत्रत्याहिस्रोतांयनुसृत्याधोगत्वा बस्तेः मुखमाश्रित्यनिर्भिद्यन्ते तदा प्रमेहान् जनयन्ति ॥ सु.नि. अ. ६-४. આમાં આચાર્યે આવયવિક દષ્ટિની સ્પષ્ટતા આપી છે પરંતુ તે સાથે જ મૂત્રમાં પરિણુત થવા માટે બસ્તિમાં મૂત્રવાહિસ્રોતો (Renal arterial capillaries) મારફત આવતા રકતરસમાં પ્રદુષ્ટમેદની હાજરી બતાવી છે તે ધ્યાનમાં રાખવી જરૂરી છે. અહીં મેદની પ્રધાનદૃષ્ટિ અભિપ્રેત છે અને તેથી જ प्रदुष्टमेदसा सह श्लेष्मा मेहान् जनयति ॥ એવો ઉપદેશ આપે છે.

આયુર્વેદના આચાર્યોનો 'મધુમેહ'માંનો આ ફાળો આધુનિક વૈદ્યકીય ઇતિહાસકારો વડે ઉપેક્ષિત હોઈ તેમની નજરે આ લાવવા માટેનો આ એક નમ્ર પ્રયાસ છે.

વ્યાધિવર્ણન અંગેનું આ પછીનું છેલ્લું પ્રકરણ મહાન અરબી વૈદ્ય એવીસેન્ના (ઈ. સ. ૯૮૦-૧૦૨૭) કે જે તેના સમયમાં વૈદ્યોનો રાજા-વૈદ્યરાજ તરીકે જાણીતો હતો તેના દ્વારા લખાયેલ છે. તેણે મધુમેહનાં લક્ષણો અને ઉપદ્રવોનું એવું વિશદ વર્ણન કર્યું છે કે અત્યારે પણ તેમાં ઉમેરવા જેવું ખાસ કશું જ નથી. તેણે જણાવ્યું છે કે મધુમેહ સ્વતંત્ર અથવા પરતંત્ર રીતે બીજા વ્યાધિના ઉપદ્રવરૂપે પેદા થાય છે. મધુમેહનો દરદી જ્ઞાનતંતુઓની નબળાઈ, થાક, કામ કરવાની અશક્તિ અને કલીબતાથી પીડાય છે. તેણે એ પણ અનુભવ્યું હતું કે મધુમેહના દરદીને પાઠું (Carbuncle), ક્ષય અને કોથ (Gangrene) ઉપદ્રવરૂપે પેદા થાય છે.

બીજા વૈદ્યોએ પણ અનુભવો નોંધ્યા છે, પરંતુ આ પછી ૫૦૦ વર્ષે પેરાસેલ્સસે નિદાન માટે જે રસ્તો ચીંધ્યો તે પહેલાં ખાસ વિશેષ નોંધવાયોગ્ય જણાયું નથી.

## નૈદાનિક કાલ (Diagnostic Era)

જર્મન ચિકિત્સક વોન હોહેનહેઈમ (Von Hohenheim)ના પુત્ર પેરાસેલ્સસે (ઈ. સ. ૧૪૯૩-૧૫૪૧) મધુમેહથી પીડાતા એક દરદીના એક લિટર મૂત્રને ઉકાળીને નિર્દ્રવ બનાવ્યું ત્યારે તેમાંથી તેને ચાર ઔંસ જેટલો ક્ષાર (Salt) પ્રાપ્ત થયો. તેણે એમ જણાવ્યું કે જ્યારે આ ક્ષાર-મીઠું મૂત્રપિંડમાં આવે છે ત્યારે તે તેમાં ક્ષોભ પેદા કરે છે અને મૂત્રપિંડોને તરસ્યા બનાવે છે. તૃષા હંમેશાં મીઠાથી થાય છે.[1] અને તે રીતે આ મીઠું મૂત્રપિંડોને ક્ષારીય બનાવે છે અને તેથી તેને માટે બહુ ટુંકાવવું શકય બનતું નથી. જો આપણે આ ક્ષારને-મીઠાને સાકર તરીકે લઈએ તો ઉપરુગ્ણ અવલોકનને બદલે મધુમેહ માટેના નિદાન અંગેનો પ્રથમ નિકષ (Test) આપણને હાથ આવ્યો લાગે છે.

જો કે મધુમેહના દરદીનો પેશાબ મધુર-મધ જેવો હોય છે એવો આયુર્વેદ અને યુનાની વૈદ્યકના આચાર્યોનો મત છે; અને તે એક સિદ્ધ અને પુરવાર થયેલ લેખ છે, છતાં ય મધુમેહના

---

१ स्निग्धं तथाऽम्लं लवणं च युक्तं गुर्वन्नमेवाशु तृषां करोति ॥ माधवनिदान, तृषाधिकारे

२ रसोऽसृक् ॥ आयुर्वेदसूत्रम् – રસ એ જ રક્ત છે. रञ्जितस्तेजसा त्वापः रक्त-इत्यभिधीयते । (सुश्रुत)

દરદીના પેશાબમાં વધુ પડતી સાકર હોય છે તે પુરવાર કરવાનું માન થોમસ વીલીસના સૂક્ષ્મ અવલોકન અને મેથ્યુ ડોબ્સનના પ્રયોગોને ફાળે જાય છે. લંડનમાં પ્રસિદ્ધ થએલ ( ઈ સ. ૧૬૭૯ ) વીલીસની Pharmaceutici Rationalisમાં જણાવ્યા પ્રમાણે મધુમેહથી પીડાતા દરદીનું મૂત્ર અજાયબ રીતે મધુર હોય છે. અથવા મધ જેવું ગળ્યું હોય છે. તેણે એ દાવો કર્યો કે મધુમેહ પ્રાથમિક રીતે લોહીનો રોગ છે અને મધુરતા પ્રથમ લોહીમાં દેખાઈ તે પાછળથી મૂત્રમાં જણાઈ હતી ( ઇતિહાસકાર આ સાથે આચાર્ય સુશ્રુતનો ઉપદેશ સરખાવી જુએ ).

ઈ. સ. ૧૭૭૬માં મેથ્યુ-ડોબ્સને લંડનની મેડિકલ સોસાઈટીમાં એક નિબંધ રજૂ કર્યો અને તેમાં તેણે નિર્દેશ કર્યો કે મધુમેહીનો પેશાબ જે મધુર હોય છે તે તેમાં રહેલ સાકરને લઈને છે અને તેનું આસવન થાય છે. આ શાર્કરદ્રવ્ય સ્રાવયુક્ત અવયવમાં ( kidneys-મૂત્રપિંડોમાં ) જણાયું હતું પરંતુ તે પહેલાં તે રક્તરસમાં જ હતું.

ઓગણીસમી સદીના પ્રથમ બે દાયકામાં એ બતાવવામાં આવ્યું કે મૂત્રમાં જતી સાકર દ્રાક્ષશર્કરા ( glucose ) છે અને ઈક્ષુશર્કરા નથી. ઈ. સ. ૧૮૪૮માં હરમનવોન ફેહલીંગે પેશાબની સાકરના પરીક્ષણ માટેનો cupric acid નિકષ બહાર પાડ્યો. વોલેસ્ટને જમ્યા પછીના મધુમેહના દરદીના મૂત્રમાં સાકરનું નિષ્કાસન વધારે પ્રમાણમાં થાય છે તે અવલોકનથી ઉત્સાહિત થઈને રક્તશર્કરા માપવા માટેની એક રીત શોધી કાઢી. દુર્ભાગ્યવશાત્ તેની આ રીત અસંવેદનશીલ પુરવાર થઈ અને તે ૧૦૦ મિલિલિટર લોહીમાં ૬૦૦ મિલિગ્રામથી ઓછી સાકર હોય તો તે માપવામાં અસફળ પુરવાર થઈ અને તેથી તેણે ખોટી રીતે એ પુરવાર કર્યું કે આ લક્ષણસમૂહમાં સામાન્ય રુધિરાભિસરણ કંઈ ભાગ ભજવતું નથી. પરિણામે ઈ. સ. ૧૮૫૬ સુધી મધુમેહમાં રક્તગતશર્કરાધિક્ય ( Hyperglycaemia ) વ્યાધિલક્ષણ તરીકે સ્વીકૃત થઈ ન શક્યું.

આધુનિકયુગની શરૂઆત થઈ ચૂકી હતી અને ખૂબ જ નાટકીય રીતે આવશ્યક એવી મધુમેહના કારણ માટેની શોધની શરૂઆત થઈ હતી તે આગળ વધી.

## પ્રાયોગિક સંશોધનકાલ

મધુમેહના ઉત્પાદક કારણ માટેની શોધ આચાર્ય ચરક અને સુશ્રુતના સમયથી શરૂ થઈ ચૂકી હતી જ. તેઓએ મેદોદોષ અને અપૂરતા વ્યાયામ તથા બેઠાખાઉ જીવન અને વધુ પડતા ભારે, મધુર અને મેદોવર્ધક આહારને કારણભૂત બનાવ્યા છે.

એરિટીઅસના સમયમાં ડિપ્સાસ ( Dipsas ) નામના સાપના દંશને મધુમેહની ઉત્પત્તિના કારણરૂપ ગણવામાં આવતો હતો. આ સાપના દંશથી વ્રણોત્પત્તિ પેદા થતી હતી અને તે પછી મધુમેહની ઉત્પત્તિ પેદા થાય છે એવો અનુભવ થતો જણાતો હતો.

પરંતુ સત્યની નજદીકનું અવલોકન બ્રૂમર ( ઈ. સ. ૧૬૮૨ )નું હતું, જેમાં તેણે અનુભવ્યું કે કૂતરામાંથી અગ્ન્યાશય ( Pancreas ) સંપૂર્ણપણે દૂર કરવાથી બહુમૂત્રતા અને અતિતૃષા પેદા થાય છે.

ઓગણીસમી સદી સુધી મધુમેહના હેતુરૂપ કારણના જ્ઞાનમાં ખાસ વધારો થઈ શક્યો ન હતો. ક્લોડ બર્નાર્ડ અને પેવીના પ્રયોગોએ રક્તમાં અધિકશર્કરા ( Hyperglycaemia ) અને મૂત્રમાં પસાર થતી સાકર ( Glycosuria ) વચ્ચેનો મધુમેહની સ્થિતિમાંનો સંબંધ સ્પષ્ટ કરી આપ્યો અને તે જ સાથે યકૃતગતમધુજન ( Glycogen ) અને રક્તગતશર્કરા વચ્ચેનો સંબંધ અને યકૃતની તે અંગેની જવાબદારીની સ્પષ્ટતા કરી આપી. આ પ્રયોગોએ એ સિદ્ધ કરી આપ્યું કે મધુમેહને સમજવા માટે ચયાપચય( Metabolism )નું જ્ઞાન આવશ્યક છે કારણ કે તે ચયાપચયનો વિકૃતિજનિત વિકાર ( Metabolic disorder ) છે.

ઈ. સ. ૧૮૫૭માં પીટરે મધુમેહીના પેશાબમાં નિષ્કાસિત થતો શુક્તામ્લ ( Acetone ) શોધી કાઢ્યો. ઈ. સ. ૧૮૭૪માં કુસમોલે મધુમેહના ત્રણ દરદીઓમાં એક વિશિષ્ટ પ્રકારની મૂર્ચ્છા ( Diabetic Coma )નો અનુભવ મેળવ્યો. તેણે શરૂઆતમાં વિશિષ્ટશ્વાસકૃચ્છ્રતા ( Kusomaul breathing ) અને અધિમૂર્છાને મધુમેહના દરદીમાં મૃત્યુના પુરોગામી તરીકે જણાવી. તેણે એ પણ સ્પષ્ટ કર્યું કે આ વિશેષ પ્રકારની શ્વાસકૃચ્છ્રતા અને મધુમેહીના ચયાપચય વચ્ચે નજદીકનો સંબંધ છે. સ્ટેડમેન અને તે પછી મીંકોસ્કીએ આ અવલોકનને સમર્થિત કર્યું અને એ સ્પષ્ટતા આપી કે મધુમેહના દરદીમાં પેદા થતી અધિમૂર્ચ્છામાં Oxybutyric acidની હાજરી હોય છે. નૌનીન જેણે તેની આખી જિંદગી મધુમેહના ચયાપચયના અભ્યાસમાં વિતાવી હતી તેણે પણ આ અવલોકનને સમર્થિત કર્યું અને આ અવસ્થાને અમ્લમયતા ( Acidosis ) એવું નામ આપ્યું.

આ રીતે મધુમેહ અંગે કામચલાઉ ક્રિયાવિષયક જ્ઞાન પ્રાપ્ત થયું પરંતુ તેના ઉત્પાદકહેતુ અંગે સ્પષ્ટતા પ્રાપ્ત થયેલ ન હોઈ પાયાનું જ્ઞાન તો દૂર જ રહ્યું.

## અગ્ન્યાશય ( Pancreas ) અને ઈન્સ્યુલિન ( Insulin )

ઈ. સ. ૧૮૬૯માં લેંગરહાન્સે પેન્ક્રીઆઝમાં રહેલ ઇન્સ્યુલિનસ્રાવક દ્વીપો ( Islets of Langerhans ) શોધી કાઢ્યા હતા પરંતુ તેણે શારીરિક ક્રિયાવિષયક આ સ્પષ્ટતા આપી ન હતી. લેંગરહાન્સ પછી વીસ વર્ષે વોનમેરીંગ અને મીંકોસ્કીએ એ સ્પષ્ટ નિર્દેશ કર્યો કે જેમાંથી સમગ્ર પેન્ક્રીઆઝ દૂર કરવામાં આવેલ છે તેવા કૂતરાઓમાં રક્તગતશર્કરામાં વધારો જણાય છે: તેઓનો પેશાબ સાકરને લઈને મધુર હોય છે અને તે કૂતરાઓ અંતે અમ્લમયતા( Acidosis )-ને લઈને મૂર્ચ્છિત થઈ મૃત્યુને વરે છે. આ રીતે સમગ્ર પેનક્રીઆઝ દૂર કરવાથી મારક મધુમેહ પેદા થાય છે એ મહાન શોધ સાકાર થઈ. આ જ સમયમાં એક બીજો પ્રયોગ વૈજ્ઞાનિક જગતને જોવા અને જાણવા મળ્યો. વેસેલે વીરસંગ( Wirsung )ની નલિકાંને બાંધવાથી પેનક્રીઆઝના ગર્તાણુ ધાતુઓનો અપોષક્ષય પેદા થાય છે પરંતુ લેંગરહાન્સના દ્વીપોમાં કશો જ ફેરફાર થતો નથી કે મૂત્રમાં સાકર જતી નથી એ સ્પષ્ટતા આપી. ઈ. સ. ૧૯૦૦માં ઓપીએ ( Opie ) મધુમેહના દરદીઓમાં આ દ્વીપોના કાચર અપચયનનું અવલોકન કર્યું. આ અવલોકને મધુમેહમાં અંતઃસ્રાવની ઉણપના ઉદ્ગમ તરીકે આ દ્વીપો તરફ વૈજ્ઞાનિકોનું ધ્યાન આકર્ષિત કર્યું. ઈ. સ. ૧૯૦૨માં સોબીલો ( Ssobelew ) અને શલ્ઝે ( Schulze ) સ્વતંત્ર પ્રયોગોને અંતે ઓપીના મંતવ્યનું સમર્થન કરતાં એ ઘોષણા કરી કે 'જો અગ્ન્યાશય( Pancreas )માં આવેલ લેંગરહાંસના

દ્વીપોના સ્રાવને છૂટો પાડી શકાય તો તે આપવાથી મધુમેહના દરદીને તે વિકારમાંથી મુક્તિ આપવા માટેનું એક અસરકારક શસ્ત્ર હાથ. આવ્યું ગણાશે. મોરાઈસ બેરને સોબીલો અને શલ્ઝનો પ્રયોગ ફરીથી ચકાસી જોયો અને તેણે પ્રાપ્ત કરેલ પરિણામનો અભ્યાસ કરીને ઈ. સ. ૧૯૨૦માં બેંટીંગે ઇન્સ્યુલિન-લેંગરહાન્સના દ્વીપસારને પ્રાપ્ત કરવા માટેની યોજના તૈયાર કરી. તેણે જણાવ્યું કે આ પહેલાં તૈયાર કરવામાં આવેલ દ્વીપસારની નિષ્ફળતા દ્વીપસારના નાશક ગર્તાણુ-ધાતુસાર( Glucagon )ને આભારી હતી. ઈ. સ. ૧૯૨૧ની મે માસની સત્તરમી તારીખે બેંટીંગ અને બીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થી બેસ્ટે સહયોગથી આ કામ આરંભ્યું. પાંચ માસને અંતે તેઓએ એક સાર તૈયાર કર્યો અને તે પ્રોભૂજાંશિક વિકરજનિત ઘાતક અસરથી મુક્ત હતો. તેઓએ આ સારનું નામ 'આઇલેટિન' રાખ્યું અને તેનો પ્રયોગ જેમાંથી અગ્ન્યાશય દૂર કરવામાં આવ્યું હતું તેવા દસ કૂતરાઓ પર કર્યો. આ દસ જુદા જુદા કૂતરાઓ પર પંચોતેર સળંગ અખતરાઓમાં આઇલેટિનની રક્તગત અને મૂત્રગત શર્કરાને નીચે લાવવાની શક્તિ પુરવાર થઈ. આ ઉપરાંત તીવ્ર મધુમેહથી પીડાતા કૂતરાઓમાં આ સાર આપવાથી નાટકીય સુધારો સ્પષ્ટપણે સિદ્ધ કરી બતાવવામાં આવ્યો. આ પછી તેને વધુ શુદ્ધ કરવામાં આવ્યું અને તેની સાંદ્રતા ( Concentration ) વધારવામાં આવી અને આ રીતે વૈદ્યકીય જગતના હાથમાં મધુમેહ માટેનું એક અમોઘ શસ્ત્ર 'ઇન્સ્યુલિન'ના રૂપમાં મૂકવામાં આવ્યું.

આ પ્રયોગો અને અભ્યાસે એ સ્પષ્ટ કરી બતાવ્યું કે મધુમેહનું પ્રાથમિક કારણ લેંગરહાન્સના દ્વીપોમાં રહેલ બીટાકોષોની ઇન્સ્યુલિનનો સ્રાવ કરવાની શક્તિમાં પેદા થએલ ઊણપ છે. આ રીતે મધુમેહનું ઉત્પાદક કારણ નક્કી થયું અને તેમ થતાં ઇન્સ્યુલિનને વધુ સ્વચ્છ અને શક્તિશાળી બનાવવા માટેનું સંશોધન આગળ વધ્યું.

## નલિકાહીન ગ્રંથિસ્રાવનિયમન
## (Regulation of the Endocrine Secretions)

ઈ. સ. ૧૮૯૮માં બર્નાર્ડ નૌનીને ( Bernard Naunyn )મહાંગતા( Acromegaly )ના દરદીમાં રક્તગત શર્કરાધિક્ય અને મધુમેહની નોંધ રજૂ કરી. જ્યારે ઈ. સ. ૧૯૧૨માં હાર્વેકશીંગે અત્યારે પણ તેના નામથી ઓળખાતા Cushing Syndromeનું વર્ણન કર્યું કે જેમાં પણ રક્તગત શર્કરાધિક્ય સાથે મધુમેહની હાજરી હતી. આ અવલોકને હોસલે, યંગ, લોંગ અને લ્યુકેનનાં પ્રતિષ્ઠિત કાર્યો તરફ આકર્ષિત કર્યું. તેઓના પ્રાયોગિક સાક્ષ્ય ( Experimental evidence ) એ પુરવાર કરી જાય છે કે અગ્રપોષગ્રંથિ ( Anterior Pituitary ), વૃદ્ધિન્યાસર્ગ ( Growth hormone ), ગલગ્રંથિ અને ઉપવૃક્ક બાહ્યકસાર ( Adrenal Cortical extract ) આપવાથી મધુમેહ પેદા કરી શકાય છે અને આથી વિપરીત રીતે—આ ગ્રંથિઓનું છેદન કરવાથી પેન્ક્રીઆઝના લેંગરહાન્સ દ્વીપના સ્રાવની અલ્પતાને લઈને મધુમેહમાં અલ્પતા પેદા કરી શકાય છે.

આ રીતે મધુમેહના અનેક હેતુજનિત ઉત્પત્તિના સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો અને તે સાથે એ પણ સ્પષ્ટ થયું કે મધુમેહની ઉત્પત્તિમાં પેન્ક્રીઆઝસ્થિત બીટાસેલ્સની નિષ્ફળતા અનેક કારણોમાંથી ફક્ત એક બાજુ જ છે. આ જ્ઞાન સાથે નલિકા-વિહીન ગ્રંથિઓના

સ્રાવની સમતાનો સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો અને અનેકવિધ ઉપરુગ્ણ અને સંપ્રાપ્તિવિષયક ખ્યાલોની વધુ સ્વીકાર્ય સ્પષ્ટતા પ્રાપ્ત થઈ. આ સાથે એ સ્પષ્ટતા પણ ઝડપથી પ્રાપ્ત થઈ કે મહાંગતા, કશીંગસીડ્રોમ, અતિગલગ્રંથિતાથી યુક્ત મધુમેહના દરદીઓની સંખ્યા ફક્ત અંશ પૂરતી જ છે. પુખ્ત વયની ઉંમરના ઘણા માણસોમાં પેદા થતા મધુમેહમાં અભ્યન્તરસ્રુત ઇન્સ્યુલિન કાર્બોદિતના ચયાપચયને નૈસર્ગિક પ્રમાણમાં ટકાવવા માટે પૂરતું હોય છે અને આવા માણસમાં સંપૂર્ણ અગ્ન્યાશય ( pancreas ) દૂર કર્યા પછી ઉત્પન્ન થતા મધુમેહને કાબૂમાં રાખવા માટે આપવું પડતું ઇન્સ્યુલિન ઘણા યુવાન મધુમેહીની જરૂરિયાત કરતાં ઓછું હોય છે.

મર્સ્કી ( Mirsky )ના મતાનુસાર ‘ મધુમેહસમૂહ ’ લેંગરહાન્સદ્વીપીય બીટાકોષસ્રાવ-ઇન્સ્યુલિનની અલ્પતાને લઈને જ ઉત્પન્ન થતો નથી પરંતુ એક વિશિષ્ટ ન્યાસર્ગ-‘ ઇન્સ્યુલિનેઝ ’ રક્તમાં વહન થતા ઇન્સ્યુલિનની શારીરક્રિયાવિષયક અસરને ઉદાસીન બનાવી નાબૂદ કરે છે તેને લઈને થાય છે. તેના મૂળ સ્વરૂપમાં આ સિદ્ધાંત સ્વીકાર્ય જણાતો નથી છતાં તેણે છેલ્લામાં છેલ્લા સિદ્ધાંતની પગલીઓ પાડી છે અને તે છે ઇન્સ્યુલિનવિરોધી તત્ત્વો ( Insulin antagonists ).

આ વધુ વિકસતા જ્ઞાનની સાથે જ સૂક્ષ્મરક્તવહન( Microcirculation )માં થતાં ફેરફારો—વિક્રિયાની નોંધ લેવામાં આવી અને રક્તવાહિનીવિકૃતિ ( Vasculopathies ) અને તે સાથે મૂત્રપિંડવિકૃતિ (Nephropathy), તારકવિકૃતિ ( Retinopathy ), કોથ ( Gangrene ), ચેતાવિકૃતિ ( Neuropathy ), હૃદ્વિકૃતિ ( Cardiopathy ) વગેરે મધુમેહમાં પેદા થતા ભયંકર અને મારક ઉપદ્રવોનું જ્ઞાન અનુભવે પ્રાપ્ત થયું.

સૂક્ષ્મરક્તવાહિનીલેખાંકન( Microangiography ) અને ઇન્સ્યુલિનની અસરના વિરોધી અથવા ઇન્સ્યુલિનને સાંકળતાં–સંશ્લિષ્ટ કરતાં દ્રવ્યો અને કાર્બોદિતના ચયાપચય વચ્ચેનો સંબંધ હજુ સંપૂર્ણપણે જ્ઞાત થયો નથી અને અત્યારે તો તે ચાલતા સંશોધન માટે ભૂમિકારૂપ છે.

## ચિકિત્સાકાલ ( Therapeutic Era)

એબર્સ પેપીરસમાં મધુમેહમાં પેદા થતી બહુમૂત્રતાને હાંકી કાઢવા માટેના યોગોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ પછીનો ઇતિહાસ મધુમેહની પદ્ધતિસરની અને ચિકિત્સાનું ક્રમબદ્ધ નિરૂપણ કરવાનું માન ભારતીય આયુર્વેદના આચાર્યોને આપે છે તે પશ્ચિમના વૈજ્ઞાનિક અને ઇતિહાસવિદોના ધ્યાન પર લાવવાનું આવશ્યક બને છે. લોરેન્સે ·મધુમેહના દરદીઓ માટે પથ્યાન્નચિકિત્સા ( Dietetic treatement ) સ્થાપિત કરી તેને જો આચાર્ય ચરકના ઉપદેશ સાથે સરખાવવામાં આવે તો સ્પષ્ટ થશે કે આચાર્ય ચરકનું અનુસરણ જણાય છે. આચાર્ય ચરક મધુમેહના દરદીને બે ભાગમાં વહેંચે છે—( ૧ ) સ્થૂલ અને બલવાન, ( ૨ ) કૃશ અને દુર્બલ. આ બન્નેની ચિકિત્સા માટેનું સૂત્ર આપતાં તેઓએ જણાવ્યું છે કે—સ્થૂલ દરદીને કૃશ કરવા માટે વમનાદિ કર્મો દ્વારા વધી ગયેલા દોષોને શરીરમાંથી બહાર કાઢવા જરૂરી છે અને તેમ કર્યા પછી તેમનું પ્રાકૃત વજન ટકાવવા અને શારીરિક શક્તિનો હ્રાસ થતો અટકાવવા માટે

તેમ જ ધાતુઓની સમતા જાળવવા માટે તેનું સંતર્પણ કરવું જરૂરી છે. આચાર્ય સુશ્રુત આવા દરદીઓ માટે 'યાચકવૃત્તિ રસાયન'નું સેવન કરવાનો ઉપદેશ આપે છે જેમાં પગરખાં પહેર્યા સિવાય ઉઘાડા પગે દરદી છત્રી પણ લીધા સિવાય યાત્રા કરવા માટે નીકળી પડે છે. આ યાત્રામાં સાથે કશું જ લેવાનું હોતું નથી. પગે ચાલતાં ભૂખ લાગે ત્યારે ભીખ માગીને જે મળે તે ખાઈ લેવાનું અને રાત પડે ત્યારે જે ગામ આવે ત્યાં રાતવાસો કરવાનો. આનન્દપ્રમોદથી દુનિયાની જંજાળથી મુક્ત મનને પ્રભુસેવામાં જોડી પ્રાણીમાત્રમાં ભગવાનનાં દર્શન કરતો તે સો યોજન કરતાં પણ વધારે અંતર કાપી પાછો ફરે છે ત્યારે તે 'મધુમેહ'થી મુક્ત થયેલ હોય છે. આ રીતે યાત્રામાં એક વર્ષ અથવા તેથી વધુ સમય વીતતાં દરદી રોગમુક્ત થાય છે.[૨] મધુમેહની ઉત્પત્તિમાં આયુર્વેદ 'મેદોદોષ અને અપૂરતા વ્યાયામ'ને કારણરૂપ ગણાવે છે તે આપણે આગળ જોયું. આના સંદર્ભમાં ઉપરની 'યાચકવૃત્તિયાત્રા'ના પરિણામનો વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે આખો દિવસ સતત ચાલવાથી શરીરગત સંચિત મેદોધાતુનો ક્ષય થાય છે અને તે રીતે સ્રોતોના આવરક મેદ અને કફદોષનો ક્ષય થતાં સ્રોતોનું આવરણ દૂર થાય છે અને સ્રોતો ખુલ્લાં થતાં ધાત્વાહારરૂપ રસનું સમ્યગ્ વહન થતાં સંપૂર્ણ ધાતુઓનું પોષણ થતાં સમગ્ર ધાતુઓની વૃદ્ધિ થાય છે અને પ્રમેહની સંપ્રાપ્તિનો ભંગ થાય છે. ભીખ માગીને ખાવામાં જે ટુકડા મળે તે પ્રમાણમાં ભૂખ સંતોષવા જેટલા જ અથવા તેથી પણ ઓછા હોય છે અને ઘી, દૂધ, દહીં વગેરે પ્રમાણમાં અલ્પ મળે છે. આ રીતે પ્રમેહના હેતુરૂપ ગુરુ, મધુર અને મેદ્ય અન્નપાનનો ત્યાગ થતાં પ્રમેહની સંપ્રાપ્તિભંગમાં તે કારણરૂપ બને છે. આધુનિક વિજ્ઞાન પણ આવું સમર્થન કરતાં જણાવે છે કે 'વ્યાયામ શરીરગત કાર્બોદિત-સાકરના ચયાપચયમાં ઇન્સ્યુલિનને સહાયક હોય તે રીતે અસર કરી મદદ કરે છે.[૩] આધુનિક વિજ્ઞાન મેદોદોષને મધુમેહના કારણરૂપ ગણાવતાં જણાવે છે કે સ્થૂલ અને મેદસ્વી મનુષ્યોમાં મધુમેહના દરદીઓની સંખ્યા પ્રમાણમાં વધારે હોય છે પરંતુ તે કામચલાઉ હોઈ મેદોદોષને જ આભારી છે.[૪] આવા દરદીઓમાં મેદોદોષ દૂર થતાં, વજન ઘટતાં રક્તગત શર્કરાધિક્ય પણ દૂર થાય છે. આચાર્ય સુશ્રુત ધનવાન અને સંપન્ન માણસો માટે પણ વ્યાયામને જ મહત્ત્વ આપે છે અને આદેશ આપે છે કે આવા સ્થૂલ મનુષ્યોએ વ્યાયામ કરવો, બાહુયુદ્ધ કરવું, ખૂબ રમત રમવી, હાથી અને ઘોડા પર મુસાફરી કરવી,

---

१ स्थूलः प्रमेही बलवान् इहैकः कृशस्तथैकःपरिदुर्बलश्च ।
संबृंहणं तत्र कृशस्य कार्यं संशोधनं दोषबलाधिकस्य ॥ चा. वि. ब्र. ६

२ अधनस्त्वबान्धवोवा पादत्राणातपत्रविरहितो भैक्ष्याशी, ग्रामैकरात्रानुवासी, मुनिरिवसंयतात्मायोजनशतमधिकं गच्छेत् ॥ सु. चि. अ. १२-१२.

३ Exercise helps the body to metabolize sugar, in a manner synergistic to the action of insulin. Diabetes Mellitus-Diagnosis and Treatment Breidarletal Medical Journal of Australia, 16th Jan., 1968.

४ The high incidence of hyperglycaemics among the overweight might be temporary and may be attributed to obesity itself. Tripathi et al. Diabetes Mellitus Journal of the Indian Medical Association, Jan. 1970.

ખૂબ ચાલવું, શસ્ત્રાસ્ત્રો ફેંકવાં, અને કૂવો ખોદવો.[૫] આ રીતે તેઓએ વ્યાયામને શારીરક્રિયા વિષયક ઔષધ માન્યું છે એટલું જ નહિ તેઓએ વ્યાયામને ' जरा श्रमघातहा ' કહી શરીરમાં જે અપચય (Degeneration) ચાલી રહ્યું છે તે વાર્ધકયોત્પાદક ક્રિયા( Ageingprocess )ને અટકાવનાર ગણાવેલ છે. આહારવિષયક ઉપદેશ આપતાં તેઓએ સામો, કોદરા વગેરે કુધાન્ય ખાવા જણાવેલ છે.[૬] ગાય વિગેરે પ્રાણીઓ સાથે રહેવું અને તેમનાં મલમૂત્રનો ઉપયોગ કરવા જણાવેલ છે. ઔષધ તરીકે તેઓએ શિલાજીત, ગૂગળ, રસવંતી, ગોમૂત્ર, ત્રિફલા, લોહભસ્મ અને લેખનબસ્તિઓનો ઉપયોગ કરવા જણાવ્યું છે.

આયુર્વેદના આચાર્યોએ કૃશ અને દુર્બલ મધુમેહના દરદીને કે જે વાતપ્રધાન છે તેને માટે બૃંહણ ખોરાકની યોજના કરવા જણાવ્યુ છે. બૃંહણ એટલે માંસમેદો-વર્ધક. આમાં આચાર્ય અંગાર પર શેકેલ જાંગલ પશુપક્ષીઓનાં માંસ, આસવ, મધ વિગેરેનો ઉપયોગ કરવા જણાવે છે. ઊંટ, ખચ્ચર, અને ગધેડાંનાં લીંડાંનું ચૂર્ણ કરી તેને ખોરાકમાં મેળવીને આપવા જણાવ્યું છે. તેલોમાં ઇંગુદી, અળસી અને ખાસ કરીને ગરમ એવા સરસવના તેલનો ઉપયોગ કરવા જણાવ્યું છે. ' यवप्रधानस्तु भवेत् प्रमेही ' એમ ઉપદેશ આપી મુખ્યત્વે ભોજનના પ્રયોગોમાં વિવિધ રીતે જવ વાપરવાનો આગ્રહ રાખ્યો છે.

આયુર્વેદના આચાર્યોના આ અનુભવને આધુનિક વિજ્ઞાન અનુસરતાં જણાવે છે કે ગરીબમાં ગરીબ અને કૃશ—ઓછા વજનવાળા માણસોમાં મધુમેહનો ઉપદ્રવ ઠીક ઠીક ઊંચો હોય છે. આવા વાતપ્રધાન દરદીઓનું બૃંહણચિકિત્સા કરીને વજન વધારવાનું જરૂરી રહે છે.

આધુનિક ચિકિત્સાપદ્ધતિમાં મધુમેહની પદ્ધતિસરની અને ક્રમબદ્ધ ચિકિત્સા દાખલ કરવાનું માન રોલો( Rollo )ને ફાળે જાય છે.

## અનુભવજન્ય ચિકિત્સાકાલ :—

હિપોક્રેટસના ચિકિત્સાના સિદ્ધાંતો ( Rules of Practice ) કે જેના પર ૧૭૦૦-૧૮૦૦મા સૈકામાં ચિકિત્સા આધારિત હતી તે જણાવે છે કે ' જે રોગ વધુ ખાવાથી પેદા થાય છે તે ઉપવાસ કરવાથી મટે છે અને તે જ રીતે ઉપવાસથી જે રોગ પેદા થાય છે તે ખાવાથી મટે

---

૫ प्रवृद्ध मेहास्तु व्यायामनिगुद्ध क्रीडागजतुरगरथपदातिचर्यापरिक्रमणान्यस्त्रोपास्त्रवा सेवेरन् ॥ सु. चि. अ. १२-१७

६ महाधनमहिताहारमौषधद्वेषिणमीश्वरं वा पाठाभयाचित्रकप्रगाढमनल्पमाक्षिकमन्यतममास-वंपाययेत् । अंगारशूल्यावदंशं वा माध्वीकमभीक्ष्णं, क्षौद्रकपित्थमरिचानुविद्धानि चास्मै, पानान्युपहरेत्, उष्ट्राश्वतरखरपुरीषचूर्णानि चास्मै दद्यादशनेषु, हिंगुसैन्धवयुक्तैः यूषैः, सर्षपैश्च रागैः भोजयेत्, अविरुद्धानि चास्मै पानभोजनान्युपहरेत् रसवन्ति ॥ सु. चि. अ. १२-११.

૭ It may only be noted that the incidence of hyperglycaemics is fairly high in the poorest groups of people, as well as among the underweights. Tripathi et al Journal of the Indian Medical Association, Jan., 1970.

છે અર્થાત્ ઉત્પાદકકારણથી વિરુદ્ધ ગુણવાળાં દ્રવ્યો અને ક્રિયાથી રોગ મટે છે. આયુર્વેદના સ્થાપિત સિદ્ધાંતોમાંનો આ એક સિદ્ધાંત છે. दोषव्याधिविपर्यस्तु.. ...औषधान्नविहाराणामुपयोगं सुखावहं व्याधेः उपशयं विद्यात्। माधवनिदान.

રોલો (ઈ. સ. ૧૭૮૦) માનતો હતો કે મધુમેહ જઠરનો રોગ છે, જે વડે સાકર મોટા પ્રમાણમાં પેદા થાય છે પરંતુ તે આત્મસાત્ થવામાં વિકૃતિ હોય છે. છેવટે તેણે જણાવ્યું કે જઠરમાં ચાલતી સાકરઉત્પાદક ક્રિયાનો નાશ કરો કે જેથી પ્રાકૃત અન્નપરિપાક થઈ શકે. આ માટે તેણે મુખ્યત્વે પ્રાણીજ ખોરાક આપવાનું જણાવ્યું અને તે રીતે કાર્બોદિતને ઘટાડીને તેણે તેઓનાં લક્ષણોમાંથી મુક્તિ મેળવી આપી. (આને આચાર્ય સુશ્રુતના અંગારપકવ માંસાહાર સાથે સરખાવો.)

બાઉચર્ટ (Bouchart, ૧૮૦૬-૧૮૮૬) આ નિયમને વિસ્તૃત કરીને અને પેરિસના ઘેરા વખતે અન્નની તંગીને કારણે મધુમેહના દરદીઓને વધુ લાંબા સમય સુધી જીવતાં અનુભવીને તેણે કાર્બોદિતને બદલે તાજી ચરબી વાપરવાનો આગ્રહ રાખ્યો. તેણે દૂધને તેમાં રહેલ સાકર (Lactose)ને લઈને બંધ કરાવ્યું, અને અનાજનો વપરાશ ઓછો કરવા માટે સુરા (Alcohol) વાપરવા જણાવ્યું. તેણે Gluten bread શોધી. લીલી શાકભાજી વાપરવા માટેનો આગ્રહ રાખ્યો અને ક્ષારો (Alkaties) આપવા માંડયા. વધુમાં તેણે અપૂરતા પોષણની અગત્ય પર ભાર મૂકયો અને ઉપવાસના દિવસો રખાવી કસરત કરવા જણાવ્યું.

પેવીએ(ઈ.સ. ૧૮૨૯–૧૯૧૧) પણ આ આહારયોજના વિકસાવીને સ્પષ્ટોપદેશ આપ્યો કે આના સેવનથી પેશાબમાં જતી સાકર બંધ થાય છે અને દરદી પોતાનું ગુમાવેલ સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરે છે.

## યુક્તિયુક્ત ચિકિત્સા (Rational Treatment)

નૌનીને (Naunyn) મધુમેહના ત્રણ પ્રકાર વર્ણવ્યાઃ– (૧) જુવાનીમાં (૨) પ્રૌઢોમાં થતો મધુમેહ અને (૩) આવર્યાવક દુષ્ટિજનિત મધુંમેહ અને જેઓને વારસાગત મધુમેહ પ્રાપ્ત થયો હોયતેવાઓ માટે રોગપ્રતિરોધક ઉપાયો લેવા જણાવ્યું. તેણે ખોરાકમાં કાર્બોદિત અને પ્રોટિન લેવાનું બંધ કરવા જણાવ્યું કારણ કે આ ખોરાક સાકર પેદા કરનાર છે. તેણે વ્યકિતગત રીતે આહારનું વજન અને ગુણવત્તા નક્કી કરવા જણાવ્યું અને સૂચવ્યું કે ખોરાક ૩૦-૩૫ કેલરી/ કિલોગ્રામ શરીરના વજનાનુસાર રાખવો જોઈએ.

પેરિસનો ગ્વેલ્પા (Gualpa) મધુમેહના દરદીને ક્ષારીયજુલાબ (saline laxative) આપતો અને ઉપવાસ કરાવીને ત્રણ દિવસમાં પેશાબમાં જતી સાકર દૂર કરી આપતો હતો. ચિકિત્સા અમુક સમયને અંતરે આપવામાં આવતી હતી અને તેથી મધુમેહીની વિષમતા દૂર થાય છે એવો દાવો કરવામાં આવતો હતો. અમેરિકામાં ઉપવાસચિકિત્સા ખૂબ લાંબા સમય પછી સ્વીકારવામાં આવી હતી, કારણ કે ત્યાંના વૈજ્ઞાનિકોને એ બીક હતી કે ઉપવાસથી– ભૂખે મરવાથી શૌક્તાધિકય (ketosis) અને મધુમેહજનિત અધિમૂર્ચ્છા (coma) પેદા થાય છે. વીસમી સદીના પ્રથમ ભાગમાં ફ્રેડરિક એલને મધુમેહીઓની જિંદગી અસરકારક રીતે

ઉપવાસચિકિત્સાથી લંબાવીને સિદ્ધ કરી આપ્યું કે મધુમેહમાં સમગ્ર ચયાપચયક્રિયા અંતર્ગત થયેલ હોઈ રોગને કાબૂમાં રાખવા માટે ચરબી, પ્રોટિન અને કાર્બોદિતની માત્રાનું ભાન રાખવાનું જરૂરી છે.

આ દરમ્યાન એ ઝડપથી જ્ઞાત થયું કે આહારના નિયંત્રણ છતાં જુવાનીમાં થતા ( Juvenile Diabetes Mellitus ) મધુમેહના રોગમાં દરદીનું ભાવિ ચિકિત્સાની આ પ્રગતિ છતાં અંધકારમય હતું. ઇન્સ્યુલિનના ઉગમ અને વ્યવહાર સુધીમાં ચિકિત્સાક્ષેત્રે ખાસ પ્રગતિ શક્ય બની ન હતી.

## ઇન્સ્યુલિન ( Insulin )

ચિકિત્સાવ્યવહારમાં ઇન્સ્યુલિન દાખલ થતાં વધુ માત્રામાં કાર્બોદિત આપવાનું અને ચરબીની માત્રા ઘટાડવાનું શક્ય બન્યું. પરિણામતયા અગાઉ જે શૌકિતકાધિક્ય ( ketosis ) અને ( coma ) પેદા થતાં હતાં તેમાં ઘટાડો પેદા થયો અને વધુ વિક્રિયા થતી અટકી અને મૃત્યુનું પ્રમાણ ઘટયું. આ પછી ઇન્સ્યુલિનની માત્રા નક્કી થતાં અને અમુક માત્રામાં અપાયેલ ઇન્સ્યુલિન કાર્બોદિતની અમુક માત્રાનું પાચન કરે છે અને તેમ થતાં તે ધાત્વાહાર માટે ઉપયોગી બને છે તે નક્કી થતાં આ ચિકિત્સા શાસ્ત્રીય ભૂમિકા પર દૃઢ બની.

ઈ. સ. ૧૯૨૬માં એબેલે સ્ફટાત્મક ઇન્સ્યુલિન ( crystalline insulin ) તૈયાર કર્યું અને સ્કોટ અને ફિશરે, હેજડોર્ન અને હેલાસમોલરે લાંબા સમય સુધી અસરકારક ઇન્સ્યુલિન તૈયાર કર્યાં. આના દેખીતા ફાયદા છતાં ઇન્સ્યુલિનવિરોધી અસરકારક તત્ત્વો, ઇન્સ્યુલિનની અતિહૃષતા ( hypersensitivity ) અને ઉત્પન્ન થતાં ઉપદ્રવોને લઈ રક્તગતશર્કરા ઓછી કરવા માટેનાં ઔષધદ્રવ્યોની શોધ અવિરત ચાલુ જ રહી અને પરિણામતયા રક્તગતશર્કરાને ઓછી કરનાર મુખ વાટે લેવાનાં ઔષધ( oral hypoglycaemic agents ) સમૂહો બહાર આવ્યાં.

સોડિઅમ સેલિસિલેટ એ કદાચ મોં વાટે લેવાનું મધુમેહ માટેનું પ્રથમ ઔષધ હતું અને તે આપવાથી રક્તગતશર્કરા નીચી આવતી જણાતી હતી. આ જાતની ચિકિત્સા ઈ. સ. ૧૮૭૬માં એબ્સ્ટાઈન અને ગોર્ટિજને અને ઈ. સ. ૧૯૦૧માં માન્ચેસ્ટરના વિલિયમ્સને દાખલ કરી અને તેનો વિસ્તૃત વ્યવહાર કરવામાં આવ્યો. હમણાં રીડ સમુદાયે એસ્પિરિનની મધુમેહ પરની અસરની નિર્ણાયક ચકાસણી કરીને અનુભવ્યું કે મોટી માત્રામાં થોડા સમય માટે ભૂખ્યા પેટે એસ્પિરીન લેવાથી રક્તગતશર્કરા નીચી આવે છે અને બેથી ત્રણ અઠવાડિયામાં ઇન્સ્યુલિનનું પ્રમાણ ઘટાડવાનું શક્ય બને છે.

રેન્ડેલ અને સ્મિથે પ્રયોગાત્મક અભ્યાસથી એ સિદ્ધ કરી બતાવ્યું કે એસ્પિરિન ઉંદરના ઉદરપટલમાં વધુ માત્રામાં ગ્લુકોઝને ગ્રહણ કરવામાં મદદ કરે છે, પરંતુ આ જાતની ચિકિત્સા વધુ ફૂલીફાલી શકી નહિ, કારણ કે સેલિસીલિઝમ ( salicylism એસ્પિરિનની વિષમતા ) પેદા થતી હતી. અને મધુમેહને કાબૂમાં રાખવા જેટલું એસ્પિરિન શક્તિશાળી પુરવાર થઈ શક્યું નહિ. વેટાનેબે ( ઈ. સ. ૧૯૧૮ ) ડેકામીથાલિન ડાયગ્વાનાઈડ–સિન્થેલીનની રક્તગતશર્કરાને નીચે

લાવવાની અસરનું વર્ણન કર્યું. આ પછી દસ વર્ષે Neosynthelin બહાર આવ્યું. આ ઔષધસમૂહની મધુમેહના દરદીઓમાં પેસાબમાં જતી સાકરને અટકાવવાની અને કેટલાક કેસોમાં શૌક્તિકામ્લ( Acetone )ને પણ દૂર કરવાની શકિત પૂરવાર થવા છતાં તીવ્ર જઠરાંત્રક્ષોભક અસરને લઈને તે ચિકિત્સાવ્યવહારમાંથી ફેંકાઈ ગયો.

વિવિધ પ્રકારના ઘરગથ્થુ અને વાનસ્પતિક ઔષધોનો મધુમેહની ચિકિત્સા માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો પરંતુ તેઓનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતાં તે અસરહીન અથવા વિષમય અસર પેદા કરતા જણાયાં હતાં. અંજગાંવકરે ત્રિબંગની મધુમેહ પરની અસરનો અભ્યાસ કર્યો હતો અને ઘોષે શિલાજીતની મધુમેહના દરદીમાં રકતગતશર્કરા નીચે લાવવાની અસર અનુભવી હતી. આયુર્વેદના આચાર્યોએ ઉપદેશેલ ચિકિત્સાક્રમ અને ઔષધોનો પ્રયોગ વણખેડયું ક્ષેત્ર છે. મધુમેહી માટે તેમાં આશાકિરણ છૂપાએલાં જણાય છે અને તેથી તેને ચિકિત્સાનિકષપર ચકાસી જોવું જોઈએ.

નોર્વે અને મધ્યયુરોપમાં મધુમેહમાં ડુંગળી અને લસણ એક ક્રિયાશીલ ઔષધ તરીકે વપરાય છે. લસણના ક્રિયાશીલ તત્ત્વને છૂટું પાડી તેની રકતગતશર્કરાને નીચે લાવવાની અસર અંગે સંશોધન ચાલી રહ્યું છે. વિવિધ ખનિજોમાં રહેલ રકતગતશર્કરાને નીચે લાવવાની શકિતની ચકાસણી ચાલી રહી છે. આલ્ફાલ્ફા જેવાં ઔષધો તેમાં રહેલ મેંગેનિઝના મોટા જથ્થાને લઈને રક્તગતશર્કરાને નીચે લાવવા માટે અસરકારક જણાય છે અને અભ્યાસથી એ સ્પષ્ટતા પ્રાપ્ત થઈ છે કે તેની અસર યકૃદ્ગત મધુજન( Liver glycogen )ને છૂટું પડતું અટકાવવાની, તેની શક્તિને લઈને છે.

## મુખવ્યવહાર્ય રક્તગતશર્કરાને નીચે લાવનાર ઔષધો
## ( Oral hypoglycaemic agents )

ઇન્સ્યુલિનની શોધ પછી મધુમેહના ચિકિત્સાક્ષેત્રે વધુમાં વધુ નોંધપાત્ર પ્રગતિ ઈ. સ. ૧૯૫૫માં શોધાયેલ સલ્ફોનીલયુરીઆ( Sulphonylurea )માં જણાય છે. ઈ. સ. ૧૯૩૦માં આર્જેન્ટાઈનની નજરમાં એ સ્પષ્ટતા ચમકારો કરી ગઈ કે અમુક સલ્ફોનેમાઈડમાં રકતગતશર્કરા ઓછી કરવાની શકિત છે. આ અનુભવે Sulphonylureaની શોધ માટે પ્રેરણા આપી, પરન્તુ વૈજ્ઞાનિકોને આ દિશામાં આગળ વધવા માટે આંચકો આપનાર બનાવતો ઈ. સ. ૧૯૪૨માં જ્યારે જ્હોન્સન સમુદાયને ટાઈફોઈડમાં સલ્ફોનેમાઈડનો પ્રયોગ કરતાં રકતગતશર્કરા નીચે આવેલ જણાઈ ત્યારે જ થયો. આ પછી લોબેટીઅર્સ( Loubatiers )ના પ્રાણીઓ પરના પ્રયોગોને અંતે ફ્રેંક અને ફ્યુશે ઈ. સ. ૧૯૫૫માં Carbutamide બહાર આણ્યું. કાર્બ્યુટેમાઈડમાં રકતગતશર્કરાને નીચે લાવવાની શ્રેષ્ઠ શકિત હોવા છતાં તેની યકૃત પરની વિષમય અસરને લઈને ઘણા દેશોમાંથી ચિકિત્સાવ્યવહારમાંથી બહાર ફેંકાઈ ગયું. તેના પિતૃઅણુમાં ફેરફાર કરીને બીજા Sulphonylureas તૈયાર કરવામાં આવ્યાં. ઈ. સ. ૧૯૫૬માં Tolbutamideની શોધ થઈ અને તેનામાં મધુમેહીની રકતગતશર્કરા નીચે લાવવાની શકિત કાર્બ્યુટેમાઈડ કરતાં ઓછી હોવા છતાં તેમાં રહેલ ઘણી જ ઓછી વિષમય અસરને લઈને તે ચિકિત્સાવ્યવહારમાં સ્થાન જમાવી ગયું છે. ઈ. સ. ૧૯૭૦માં અમેરિકામાં યુનિવર્સિટી ગ્રુપ ડાયાબિટિક પ્રોગ્રામ( Ugdp )ના

રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આઠ વર્ષ સુધી જે મધુમેહના દરદીઓની Tolbutamideથી ચિકિત્સા કરવામાં આવી હતી તે સમુદાયમાં હૃદય અને રક્તવાહિનીઓના રોગથી–વિકૃતિથી પ્રમાણમાં વધુ મૃત્યુ થયાં હતાં. જો કે બ્રિટિશ ડાયાબિટિક એસોશિયેશને હજુ આને સ્વીકાર્ય ગણ્યો નથી પરંતુ અગમચેતી તરીકે Tolbutamideનો પ્રયોગ સાવચેતીપૂર્વક અને ઓછી માત્રામાં કરવો જોઈએ અને જેને હૃદ્ધમનીવિકાર હોય તેવા દરદીએ તેનો ઉપયોગ ન કરવો ઠીક રહેશે. Halogen substitutionથી લાંબા સમય સુધી અસર કરનાર Chlorpropamide બહાર આવ્યું અને તે પછી સંશોધન આગળ વધતાં Acetohexamide ચિકિત્સાજગતને મળ્યું. આ પછી Talazamide, Glibenelamide અને Glymidine નામક Sulphonylurea સમુદાયનાં ઔષધો વપરાશમાં આવ્યાં છે. સલ્ફોનીલયુરીઆ સમુદાયનાં ઔષધો મધુમેહના દરદીના શરીરમાં જ્યારે અગ્ન્યાશયસ્થિત લેંગરહાન્સના દ્વીપસમુદાયના બિટાકોષો ઇન્સ્યુલિનનો સ્રાવ કરતાં હોય ત્યારે જ અસરકારક બને છે. એટલે વિપરિત સ્થિતિ હોય ત્યારે શું ? એ પ્રશ્ન ઉપસ્થિત થયો. આ સ્થિતિમાંથી ઈ. સ. ૧૯૫૭માં Biguanide સમૂહના Phenformin તથા Metformin આંશિક–મુક્તિ આપનાર નીવડ્યાં અને ચિકિત્સાજગતને એક વધુ હથિયાર હાથમાં આવ્યું. આ રીતે વિજ્ઞાનની વણઝારની વણથંભી કૂચ મધુમેહના દરદી માટે સુખી જીવન જીવવા માટેની સામગ્રી લઈ આવી છે. પરંતુ મધુમેહીનો જીવનમાર્ગ એટલે એટલો સરળ નથી. ઇન્સ્યુલિન, સલ્ફોનીલયુરીઆઝ અને બાયગ્વાનાઈડ્ઝ મધુમેહીની રક્તગત અને મૂત્રગત શર્કરાને અને તેના અનુષંગી તૃષા વિગેરે ઉપદ્રવોને કાબૂમાં રાખે છે. પરંતુ આ ચિકિત્સા-ભંડારનો યોગ્ય ઉપયોગ કરવા છતાં મધુમેહના ચિરકાલિક ઉપદ્રવો (મૂત્રપિંડવિકૃતિ, રક્તવાહિનીઓની વિકૃતિ, ચેતાવિકૃતિ, તારકવિકૃતિ અને હૃદ્વિકૃતિ) વણથંભ્યા આગળ વધી રહ્યા છે. અને આ ચિરકાલિક ઉપદ્રવો અટકાવવા માટે ચિકિત્સક જગત પાસે અત્યારે કશું જ નથી અને તેથી વૈજ્ઞાનિકો માટે હાશ કરીને બેસવાનું કે નિરાંતનો શ્વાસ ખાવાનું નશીબમાં જ નથી જણાતું. હમણાં હમણાં વિજ્ઞાન કરવટ બદલે છે અને સંપ્રાપ્તિવિષયક જ્ઞાનમાં એક નવો જ ચમકારો નજરે પડે છે.

## પ્રકીર્ણ

ડબ્લ્યુ. એચ. જે. બટરફીલ્ડના મતાનુસાર પંદર વર્ષ પહેલાં મધુમેહને ઇન્સ્યુલિનની ઉણપ-જનિત વિકૃતિ ગણવામાં આવતી હતી અને ઇન્સ્યુલિનનાં ઈંજેકશનો–સૂચીવેધ તેનો ઉપાય ગણાતો હતો. હવે રક્તગત ઇન્સ્યુલિન માપવાનું શકય બન્યું છે અને એ પણ જ્ઞાત થયું છે કે સામાન્ય રીતે જેના રકતમાં ઇન્સ્યુલિન સારા પ્રમાણમાં હોય છે તેવા માણસોને પણ મધુમેહ થાય છે. આ ઇન્સ્યુલિન તે માણસોના શારીરિક કોષો પર અસર કરતું નથી કારણ કે તે રકતવાહિનીઓની પૃથુભૂતભિત્તિઓમાંથી બહાર નીકળી શકતું નથી. મેદોરોગના કારણે માંસપેશીના કોષો ગ્લુકોઝને ગ્રહણ કરી શકતા નથી અને રકતગતશર્કરા ઊંચી જાય છે. બટરફીલ્ડના આ ઉપદેશને આચાર્ય સુશ્રુતના ઉપદેશ સાથે સરખાવી જોઈએ તો જણાશે કે તેઓ પણ આવું જ કહે છે :—

आवृत्तमार्गत्वात् एव शेषाधातवो नाप्यायन्तेऽत्यर्थमतो अल्पप्राणो भवति ॥ જે રસધાતુ ધાત્વાહાર લઈ જાય છે (Nutrition for the tissues) તેનો માર્ગ આવૃત્ત થતાં (? Atheroscl-

erosis) તે ધાતુઓને યોગ્ય પોષણ પ્રાપ્ત થતું નથી અને તે ધાતુઓનું યોગ્ય આપ્યાયન ન થતાં માનવ અલ્પપ્રાણ બને છે. ભૂતકાળમાં સ્નેહના ચયાપચયની વિકૃતિને મધુમેહની ઉત્પત્તિમાં પ્રધાન કારણ તરીકે ગણવામાં આવતી હતી( આયુર્વેદાચાર્યોના મતે સ્નેહ, કાર્બોદિત અને પ્રોટિનના ચયાપચયમાં વિકૃતિ વિવક્ષિત છે) પરંતુ છેલ્લામાં છેલ્લા સંશોધનાનુસાર મધુમેહને સમજવા માટે તિક્ત અમ્લ( Amino acids) અને પ્રોટિનના ચયાપચયને સમજવું વધુ ફલપ્રદ નીવડશે.

હજુ પણ મધુમેહના હેતુરૂપ કારણની પૂરતી સ્પષ્ટતા પ્રાપ્ત થઈ નથી પરંતુ મેદોદોષ (Obesity), ઉંમર (Ageing) અને અપૂરતા વ્યાયામ( Under-exercise )ને આપણે હેતુરૂપ કારણ તરીકે સ્વીકારી શકીએ અને આ કારણો પર સીધો હૂમલો કરવામાં આવે તો મને લાગે છે કે ( Butterfield ) આપણે એ જાણી શકીશું કે કેટલાક મેદસ્વી માણસોમાં રક્તગતશર્કરા શાથી ઊંચી જાય છે અને જેઓમાં રક્તગતશર્કરા ઊંચી જાય છે તેમાંથી કેટલાકને શાથી મધુમેહના ઉપદ્રવો પેદા થાય છે.

આપણે રક્તગતશર્કરાની ઊંચાઈને મધુમેહ સાથે સરખાવી ન શકીએ. અમે એ સ્પષ્ટતા આપી શકીએ છીએ કે પશ્ચિમની પ્રજામાં અજાયબ રીતે ઊંચી રક્તગતશર્કરાવાળા માણસો જોવા મળે છે કે જેઓની રક્તગતશર્કરા ૪૦૦ મિ.ગ્રામ/૧૦૦ મિ.લિ. હોવા છતાં તેઓમાં મધુમેહની હાજરી જાણવામાં અથવા ઓળખવામાં આવી ન હતી. આવાઓને શોધી કાઢવા જોઈએ. આવા મેદસ્વી માણસોના કુટુંબના સભ્યોનો અભ્યાસ જરૂરી છે, કારણ કે મધુમેહ વારસામાં ઊતરે છે. આવા સભ્યો જો મેદસ્વી હોય તો તેમને વજન ઉતારવાની સલાહ આપવી જોઈએ. તેઓ શ્રમ ન કરતા હોય તો તેમને વ્યાયામનું મહત્ત્વ સમજાવવું જોઈએ. 'આપણે મધુમેહની ઉત્પતિનું કારણ જાણતા નથી' અથવા જીવનરસાયન પદ્ધતિથી આપણે તેનું નિદાન કરી શકતા નથી ત્યારે આપણે એમ તો ચોક્કસ કહી શકીએ એમ છીએ કે મેદોદોષ અને અપૂરતો વ્યાયામ અટકાવી શકાય એવા—આપણા કાબૂમાંનાં સાધનો છે. (નથી લાગતું કે આ શબ્દો આચાર્ય સુશ્રુતના છે?) બાકી દુર્ભાગ્યે આ સામાન્ય પગલાંને ટેકો આપવા માટે પ્રતિરોધક હારાયનિક સંયોગો—સલ્ફોનિલ યુરીઆઝ અને બાયગ્વાનાઈડઝનો વ્યાપક ઉપયોગ કરવાની સલાહ આપવાનું ખૂબ જ વહેલું છે.

આ અવલોકન અને જગવિખ્યાત મધુમેહનિષ્ણાત બટરફીલ્ડનાં વાકચો આચાર્ય સુશ્રુતનું અનુમોદન કરતાં કહી જાય છે કે મધુમેહ અને બીજા તેવા જ જીર્ણ વ્યાધિઓની ઉત્પત્તિને અટકાવવા અને ઉત્પન્ન વ્યાધિમાંથી છૂટવા માટેનો રાજમાર્ગ જગતના કાવાદાવા( Stress and strain)માંથી છૂટી સંતોષ, ભૂતદયા અને સ્વસ્થવૃત્ત (अनागतबाधाप्रतिषेध) અને સદ્વૃત્તનું અનુશીલન જ છે.—આ જ સાચો માર્ગ છે, સાચી દવા છે.

**સંદર્ભ :—**

૧ Milestones in the History of Diabetes-Morris Notelovitz in South African Medical Journal, 10 Oct., 1970.

૨ Diabetes Mellitus—Diagnosis and Treatment Breidalhepal Medical Journal of Australia, Nov. 1968.

૩ Diabetes Mellitus–Tripathi et al., Journal of the Indian Medical Association 10 June, 1970.

૪ Insulin and Oral hypoglycaemic Agents–Breidalh et al in New Ethicals Feb., March, April, 1971.

૫ Diabetes—Screening Education and Treatment W. H. G. Butterfield Ann. Soc. Belge. Med. Troop. 1970, 50. 4, 425-430.

૬ सुश्रुतसंहिता.

૭ चरकसंहिता.

---

The aetiology of the disease is not easily describable to knowledge gained in other fields—like overproduction of adrenal steroids—or circulating insulin antagonists but much more likely to be associated with obesity, ageing and under-excercise. It seems possible to me that only by attacking these aspects of diabetes we are likely to be able todistinguish what it is that makes some obese people hyperglycaemic, and of those who become hyperglycaemic, which persons will suffer diabetic complications, which is what really matters most.

Diabetes does run in families, and it seemes sensible to find those relatives who seem to be in the earliest stages of the condition. If they are overweight, as they usually are, they can be given advice about the advisability of losing weight. If they are under-exercising, the importance of altering this aspect of their life pattern can be borne in on them. In so far as we don't know the cause of diabetes in biochemical terms, and don't know the way to diagnose it chemically yet, but do know that obesity and under-exercise are preventable, surely we are honourbound to try to help this group by convincing them of the dangers to which they are exposed ?

Diabetes : Screening Education and Treatment, W.J.H. Butterfield in Ann. Soc. Belge. Med. Troop. 1970, 50, 4. 430, 436.

# ડૉ. વિક્રમ સારાભાઈ : એક શ્રદ્ધાંજલિ

નિરંજન શિવભદ્ર પંડ્યા

તા. ૩૦-૧૨-'૭૧ ને ગુરુવારના રોજ ડૉ. વિક્રમ સારાભાઈના અકાળે અને અચાનક થયેલા અવસાનથી ભારતભરમાં શોકની લાગણી ફેલાઈ ગઈ. ડૉ. વિક્રમભાઈ પરમાણુ શક્તિ પંચના અધ્યક્ષપદે ડૉ. હોમી ભાભાની જગ્યાએ ૧૯૬૬થી ઘણી જ સફળતાથી ખરી કટોકટીના પ્રસંગે કામ કરી રહ્યા હતા. અવકાશ-સંશોધનના પ્રયોગો માટે પણ ભારતમાં શરૂઆત એમણે જ કરી. એઓ ઇન્ડિયન નેશનલ કમિટી ફૉર સ્પેઈસ રીસર્ચના ( Incospar ) પ્રથમ અધ્યક્ષ હતા. ૧૯૬૩માં થુમ્બામાં અવકાશી સંશોધન માટે રૉકેટો છોડવા માટે વિષુવવૃત્તના અગત્યના સ્થાનની સ્થાપના એમણે જ કરી.

સને ૧૯૧૯ના ઑગસ્ટ માસમાં શેઠશ્રી અંબાલાલ સારાભાઈના ધનાઢ્ય અને જાણીતા કુટુંબમાં એમનો જન્મ થયો હતો. પ્રારંભથી ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ અમદાવાદમાં કર્યા બાદ કેમ્બ્રિજ ગયા અને ત્યાં ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. ૧૯૩૯ના ઉનાળાની રજામાં તેઓ ભારત આવ્યા તે પછી બીજા વિશ્વયુદ્ધના કારણે તુરત પાછા કેમ્બ્રિજ જઈ શકયા નહિ. બેંગલોરમાં આવેલા ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સમાં તે સમયે નોબેલ પારિતોષિક વિજેતા પ્રોફેસર સી. વી. રામન ભૌતિકશાસ્ત્રના વડા હતા. તેમની પ્રયોગશાળામાં સંશોધન માટે વિક્રમભાઈ દાખલ થયા. ૧૯૩૯-૪૫ સુધી ત્યાં કૉસ્મિક કિરણો ઉપર તેમણે સંશોધનનું કામ કર્યું. તે અરસામાં ડૉ. હોમી ભાભા પણ ત્યાં જ અધ્યાપક હતા અને એમનું માર્ગદર્શન પણ તેઓને મળતું હતું ત્યારબાદ, યુદ્ધ પૂરું થયા પછી તેઓ કેમ્બ્રિજ પાછા ગયા અને ૧૯૪૭માં પીએચ.ડી.-ની ઉપાધી મેળવી ભારત આવ્યા. પોતાના જ ઘરમાં તેમણે એક નાની પ્રયોગશાળા શરૂ કરી; તેમાંથી આજે ભારતની આગલી હરોળની પ્રયોગશાળાનું સ્થાન ભોગવતી અમદાવાદની પ્રખ્યાત ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી વિકસી છે. અમદાવાદ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રી રિસર્ચ એસોસિએશન (Atira)માં માનદ નિયામક તરીકે શરૂઆતથી ૧૯૫૫ સુધી સંસ્થા બરોબર પગભર થતાં સુધી તેમણે સેવા આપી. તે જ પ્રમાણે અમદાવાદમાં ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ મેનેજમેન્ટની સ્થાપના કરી ત્યાં માનદ નિયામક તરીકે ૧૯૬૫ સુધી તેમણે કામ કર્યું. વડોદરામાં સારાભાઈ કેમિકલ્સ શરૂ કરવામાં પણ એમનો જ મુખ્ય ફાળો હતો. પરમાણુ શક્તિ પંચના અધ્યક્ષસ્થાને આવ્યા પછી ભારતમાં ઠેરઠેર પરમાણુ શક્તિથી વિદ્યુત્ શક્તિ મેળવવાનાં જુદાં જુદાં મથકો શરૂ કરવાની ઝડપી યોજના કરી તેને અમલમાં મૂકવાનાં પગરણ એમના અથાગ પ્રયત્નને આભારી છે. પરમાણુશકિતના અન્ય શાંતિમય ઉપયોગો માટે પણ યોજનાઓ એમણે તૈયાર કરી છે.

એમનાં વૈજ્ઞાનિક સંશોધનોના ઘણા લેખો, નિબંધો પરદેશનાં તેમ જ ભારતનાં વૈજ્ઞાનિક સામયિકોમાં છપાયા છે. સંશોધનોની કદર રૂપે એમને ૧૯૬૨માં શાંતિસ્વરૂપ ભટનાગર સ્મારક પારિતોષિક મળ્યું અને ૧૯૬૬માં ભારતના રાષ્ટ્રપતિ તરફથી પદ્મભૂષણનો ઇલકાબ પણ મળ્યો

ડૉ. વિક્રમ સારાભાઈ
( ઈ. સ. ૧૯૧૯–૧૯૭૧ )

[ બ્લૉક : 'લોકસત્તા'ના સૌજન્યથી ]

હતા. ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી, ઇન્ડિયન એકેડેમી ઑફ સાયન્સિઝ, કેમ્બ્રિજ ફિલૉસોફિકલ સોસાયટી વગેરે સંસ્થામાં તેઓ ફેલો ચુંટાયા હતા અને મધ્યસ્થ સરકારની જુદી જુદી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિઓના સભ્ય હતા. ૧૯૬૨માં કટકમાં મળેલા ઇન્ડિયન કૉંગ્રેસના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં તેઓ પ્રમુખસ્થાને હતા.

ગુજરાતમાં વિજ્ઞાનનું શિક્ષણ સુધરે અને ધોરણ ઊંચું આવે એવી એમની પ્રબળ ઇચ્છા હતી અને તે માટે એમણે અમદાવાદમાં કૉમ્યુનિટી સાયન્સ સેન્ટરની શરૂઆત કરી હતી. આજે આ સંસ્થાનું પોતાનું મકાન–પ્રયોગશાળા, વર્કશૉપ તથા શિક્ષણ અંગેનાં ધ્વનિદર્શક સાધનો તથા સુંદર પુસ્તકાલય સહિત–ગુજરાત યુનિવર્સિટીની બાજુમાં ઊભું કરવામાં આવ્યું છે. આને પરિણામે અમદાવાદમાં શિક્ષકો, શાળા-કૉલેજના વિદ્યાર્થીઓ તથા અન્ય નાગરિકો વિજ્ઞાનમાં રસ લેતા થયા છે અને સંસ્થાનો લાભ ઉઠાવે છે.

ડૉ. વિક્રમભાઈનાં મિલનસાર સ્વભાવ, રોજના વ્યવહારમાં એમની સાદાઈ અને સૌજન્યની છાપ, જેને એમની જોડે કામ કરવાની તક મળતી કે મેળાપનો પ્રસંગ આવતો તેમના પર કાયમ માટે રહેતી. મોટા ઉદ્યોગોનું વહીવટી સંચાલન કરવાથી મળેલો અનુભવ અને વૈજ્ઞાનિક તરીકે કેળવેલી ચીવટ અને ચોકસાઈ તથા દીર્ઘદૃષ્ટિના સુમેળથી એઓ ઘણા જ સફળ સંચાલક અને વહીવટકર્તા થઈ શક્યા હતા. પ્રયોગશાળામાં જાતે ખંત, ચોકસાઈ તથા ધીરજથી કામ કરતા એમને જોવા એ એક સ્મરણીય દૃશ્ય હતું. ભારત આજે પરમાણુ શક્તિ અને અવકાશ સંશોધનના ક્ષેત્રે દુનિયાના નકશામાં સ્થાન પામ્યું છે તેમાં એમનો ફાળો ઘણો મોટો છે. પરમાણુ શક્તિપંચના અધ્યક્ષપદને શોભાવી તેમણે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ મેળવી હતી. તેમના અકાળ નિધનથી ભારતને જ નહિ બલકે સમસ્ત જગતને એક અજોડ વૈજ્ઞાનિકની ખોટ પડી છે એમ કહેવામાં મુદ્દલ અત્યુક્તિ નથી.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પ્રથમ સેનેટના ડૉ. વિક્રમભાઈ સભ્ય હોઈ, સાયન્સ ફેકલ્ટીની બોર્ડ ઑફ વિઝિટર્સના સભ્ય હતા અને શરૂનાં વર્ષોમાં ભૌતિકશાસ્ત્રની સમિતિના પણ સભ્ય હતા. ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમને અદ્યતન બનાવવાના કાર્યમાં ગુજરાતની બધી જ યુનિવર્સિટીઓમાં એમનો મોટો ફાળો છે. એક વૈજ્ઞાનિક હોવા સાથે સમાજસેવા અને માનવ કલ્યાણના પ્રશ્નોના ઉકેલ માટે પણ તેઓ સજાગ હતા. એમનામાં રહેલી ઊંડી માનવતા તથા સર્વ સાથે નિખાલસ અને નમ્રભાવે વર્તવાના ગુણને કારણે એમણે સર્વનાં મન જીતી લીધાં હતાં. લલિતકળાઓમાં એમને ઘણો રસ હતો અને સંગીતની સમજ ઘણી સારી હતી.

આવા ગુજરાતના એક સુપુત્રને જેટલી માનાંજલિ આપીએ તેટલી ઓછી છે. એમણે શરૂ કરેલું વિજ્ઞાનવિકાસનું કામ આગળ ચાલુ રાખીએ એ જ ખરી અંજલિ આપી ગણાય. પ્રભુ સદ્ગતના આત્માને સંપૂર્ણ શાંતિ આપો !

# ગ્રન્થાવલોકન

**બાલાશંકર કંથારિયા, એક અધ્યયન :** લેખક ડૉ. સ્નેહલતા મહેતા; પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ–૧; પૃ. ૭૧૫; મૂલ્ય રૂા. ૧૫–૦૦.

આ દળદાર ગ્રંથના ફ્લેપ પર શ્રી મીનાક્ષી ઠાકોરે આપેલા પરિચય મુજબ, ડૉ. સ્નેહલતા-બહેન મહેતાએ લગ્નજીવન દરમ્યાન અને વૈધવ્યપ્રાપ્તિ પછી પણ અનેક મુશ્કેલીઓ અને જવાબ-દારીઓમાંથી પસાર થઈને હિંમત, ખંત અને પરિશ્રમપૂર્વક અભ્યાસ કરતાં રહીને છેક ૫૬ વર્ષની વયે પોતાના ( માતૃપક્ષે ) પ્રપિતામહ મસ્તકવિ બાલાશંકર વિષેના વિષય પર મહાનિબંધ લખી મુંબઈ વિશ્વવિદ્યાલયની પીએચ.ડી.ની ઉપાધિ મેળવી તે માટે સૌ પ્રથમ હું તેમને અભિનંદન આપું છું.

આ મહાનિબંધની આંખે ઊડીને બાઝે એવી નહીં પણ આંખમાં કાંઈક ખૂંચે એવી વિચિત્રતા છે તેના વિસ્તારની. સંશોધનગ્રંથમાં માહિતીનું સંપાદન અને સંકલન અનિવાર્ય છે. નવીન મુદ્દાઓની ચકાસણી કે તે પૈકી કોઈ કોઈ મુદ્દાનો વિમર્શ કરતાં સાંદર્ભિક વિગતોની રજૂઆત માટે જરૂરી વિસ્તાર કરવો પણ પડે; પરંતુ જે પ્રસંગો, હકીકતો, સંદર્ભો, અવતરણો કે વર્ણનોથી ચરિત્રનાયકનાં મનોવલણ, વિચારઘડતર કે અન્ય સાહિત્યિક અભિગમ પરત્વે ખાસ પ્રકાશ પડતો ન હોય તો એ બધો વિસ્તાર ખાલી પાનાં ભરવા માટે છે એમ ઠરે. વળી સિદ્ધાંત કે મુદ્દાના સમર્થન માટે જરૂરનાં હોય એટલાં જ વિગત, સંદર્ભ કે અવતરણ આપવામાં લેખકે ઔચિત્ય અને પ્રમાણવિવેક જાળવવાં જોઈએ. વિસ્તારની જેમ સંક્ષેપની કળા પણ લેખકને હાથવગી હોવી જોઈએ.

મણિલાલ નભુભાઈ અને બાલાશંકર બન્નેની જન્મ–મૃત્યુસાલ એક જ હતી. બન્ને સમવયસ્ક યૌવનપ્રવેશપર્યંત સહગોઠિયા હતા. આરંભમાં ઉભયનાં કાર્યક્ષેત્ર અને કેટલીક ખાસિયતોમાં પણ સમાનતા હતી. પરસ્પરના સંસ્કાર-વિચારનો એકબીજાનાં ચરિત્ર પર ઓછાવત્તા પ્રમાણમાં પ્રભાવ પડ્યો કે પડતો હોવાનું માની શકાય છે; જો કે અહીં તો લેખિકાએ, બાલાશંકરનાં અમર્યાદ સ્વચ્છંદવિલાસ અને સ્વભાવવિકૃતિ માટે કેવળ બાલાશંકરને જ પૂરેપૂરા જવાબદાર ઠેરવ્યા છે. આટલો સુસ્પષ્ટ નિર્ધાર છતાં તેમણે મણિલાલનું જીવનવહેણ આલેખવામાં ઘણાં પૃષ્ઠો રોક્યાં છે—અને તેમાં ચરિત્રનાયક બાલાશંકર તો ક્યાંય દેખાતા નથી ! મણિલાલના સંયોગોનું વિસ્તારથી પૃથક્કરણ કરી એની સરખામણીમાં અને કેટલેક અંશે એની પશ્ચાદ્‌ભૂમાં બાલાશંકરની મનઃસ્થિતિનો ખ્યાલ આપવાનો લેખિકાનો પ્રયત્ન—કદાચ હોય તો તે—નિષ્ફળ નીવડ્યો છે. તાત્પર્ય કે આરંભમાં મણિલાલ વિશેની વિગતો તથા તે માટે લેખિકાએ ઉદારતાથી આપેલાં અવતરણો અભ્યાસવિષયને અપ્રસ્તુત લાગે એવાં છે.

(૧) સાઠોદરા નાગરો—સ્ત્રીઓસહિત—જ્ઞાતિભોજનમાં દારૂનો છડેચોક છૂટથી ઉપયોગ કરતા, તથા (૨) મણિલાલના જીવનની વિષમ દુર્દશા માટે તેમને ગળે બાંધેલી

અસંસ્કારી પ્રેમવિહીન પત્ની અને તેના પિયરનું કૌટુમ્બિક વાતાવરણ જ જવાબદાર છે—આ પ્રકારનાં શ્રી ધીરુભાઇ ઠાકરે 'મણિલાલના જીવનરંગ'માં કરેલાં વિધાનોના વિરોધમાં લેખિકાએ પત્રોસહ જે પાનાં રોકયાં છે તેમાંનો એક શબ્દ પણ બાલાશંકરના વ્યક્તિત્વને સમજવામાં ઉપયોગી નીવડતો નથી. વસ્તુવિગત સાચી હોય તો પણ એને પ્રકટ કરવા માટેનું આ સ્થાન યોગ્ય નથી લાગતું. વળી, બાલાશંકરના પતન માટે તેમનું પોતાનું જ બેજવાબદાર નિરંકુશ ચંચલ ચિત્ત જવાબદાર છે એવા લેખિકાના સ્પષ્ટ વક્તવ્યને ધારદાર બનાવવા મણિલાલના જીવનપ્રવાહને વચ્ચે લાવવાની શી જરૂર ?

બાલાશંકરને થોડો વખત મણિલાલ દ્વારા વડોદરામાં નોકરી મળી, પરંતુ ત્યાંની કેટલીક ખટપટોને લીધે થોડા જ મહિનામાં ભાષાંતર ખાતું બંધ થવાથી તેમને નડિયાદ પાછા જવું પડયું. આટલી જ જરૂરી હકીકતના સ્થાને લેખિકાએ ૪-૫ પાનમાં વડોદરાની ખટપટોનો ચિતાર આપ્યો છે.

બાલાશંકરના અવસાન પછી મણિલાલે 'સુદર્શન' માં લખેલા—વર્તમાનપત્રીય અહેવાલ જેવા—અંજલિલેખનો અક્ષરશઃ ઉતારો આપવાનો શો અર્થ ? સમગ્ર ગ્રંથમાં જ્યાં જ્યાં અવતરણો કે પત્રો લેવાયાં છે ત્યાં ત્યાં મોટે ભાગે વ્યર્થ વિસ્તાર અને પુનરુક્તિ સિવાય કોઈ સવિશેષ હેતુ સધાતો ન હોવાથી શોધપ્રબંધ માટે આવશ્યક ઔચિત્ય અને પ્રમાણવિવેકના ગુણોની ન્યૂનતા વરતાય છે. બાલાશંકરનો સંગીતશોખ, તેમની મોજીલી મનોવૃત્તિ, માનસિક ઘેલછા મટાડી તેમને સમજાવીને મુંબઈથી નડિયાદ મોકલ્યાની વાત...વગેરે ડઝનેક બાબતો પુસ્તકમાં પુનરુક્ત થાય છે.

પંડિતયુગની કોઈ પણ વિભૂતિ વિષે અભ્યાસ રજૂ કરતી વખતે તે સમયનું યુગચિત્ર આપવાની આજે જાણે ફેશન થઈ પડી છે; ચરિત્રનાયકના વ્યક્તિત્વના વિકાસમાં જે તે પરિબળોએ જેટલા પ્રમાણમાં સબળ સ્થાયી અસર પહોંચાડી હોય તેટલા જ પ્રમાણમાં તેનું સંક્ષેપપૂર્વક નિરૂપણ થવું જરૂરનું છે. આ ગ્રંથમાં ૧૨મા પ્રકરણમાં તો ડૉ. મહેતાએ છેક ૧૮૫૦ પહેલાંની રાજકીય અશાંતિથી શરૂ કરી અંગ્રેજોનું આગમન, ત્યાર પછીની સંઘર્ષમય સ્થિતિ અને પ્રજાજીવનના હ્રાસવિકાસના પ્રવાહોનું વિસ્તારથી વર્ણન કરેલું છે. નરસિંહથી દયારામ સુધીના સાહિત્યપ્રવાહોનો અને નર્મદ-દલપતની કવિતારાધનાનો તો વિસ્તારથી તુલનાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. એ સર્વ, તથા દુર્ગારામથી શરૂ કરી આર્યસમાજ, થિયૉસોફિકલ સોસાયટી અને શ્રેયસ્સાધક વર્ગ પર્યંત સમાજસુધારને વેગ આપતી અગ્રણી વ્યક્તિઓ અને સંસ્થાઓની પ્રવૃત્તિઓનો વિસ્તૃત પરિચય અત્રે તદ્દન અપ્રસ્તુત હોવાનું જણાય છે. કારણ કે લેખિકા આ બધા પ્રસ્તારમાંથી બાલાશંકર વિષે તાર્કિક પદ્ધતિએ કશું જ ન તારવતાં છેવટે માત્ર સીધું જ વિધાન કરે છે; "ઓગણીસમી સદીમાં થયેલ સાહિત્યિક પરિવર્તનમાંથી ઘડાતા તેઓ કવિતાનું આગવું એવું રૂપ ઘડે છે." (૯૭)...પરંતુ તે કેવી રીતે...તે કાંઈ દર્શાવ્યું કે પ્રતિપાદિત કરવામાં આવ્યું નથી. (શ્રે.સા.અ.વર્ગની સાલ ૧૮૯૪–૯૮ બતાવી છે તે ખોટી છે. ૧૮૯૭માં તો તેના સ્થાપક શ્રીમન્નૃસિંહાચાર્યજી સ્વરૂપાવસ્થાન પામ્યાં. એ વર્ગ સ્થપાયો સને ૧૮૮૨ માં).

હવે સાહિત્યિક વિવેચનની વાત કરીએ. 'સૌંદર્યલહરીનું બાલાશંકરનું ભાષાંતર' વિષયક ૧૩૦ પાનના વિભાગ ૨માં ૫૧ પાન તો સંસ્કૃત ૧૦૩ શ્લોકોના નર્યા ગદ્યાનુવાદે રોકયાં

છે. ( પરિશિષ્ટમાં બાલાશંકરનો અનુવાદ આપ્યો છે તે જુદો ! ) ત્યાર પછીનાં પ્રકરણોમાં લેખિકાએ મીઠુ મહારાજ ( ૧૮ મો સૈકો ), હિંમતરામ જાની ( ૧૯૩૭ ), શાંતિકુમાર ભટ્ટ ( ૧૯૫૭ )ની સૌંદર્યલહરીની અનૂદિત કૃતિઓ સાથે બાલાશંકરની કૃતિની તુલના દ્વારા પ્રત્યેકની ખૂબી–ખામીઓ દર્શાવતો અભ્યાસ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં તેમણે લગભગ પ્રત્યેક શ્લોકને મૂળ સાથે સરખાવવાની ચેષ્ટા કરી છે. અલબત્ત, તેમાં તેમણે, ચાર ચરણના શ્લોકનું આઠ પંક્તિમાં વિસ્તરણ, છંદ કે લય જાળવવા જતાં હ્રસ્વદીર્ઘની અનિર્વાહ્ય કહી શકાય એટલી હદે વારંવાર લીધેલી છૂટ ( દા. ત. " કવીઓ મૂખેથી મધુરિ મધુરી વાણિ ઉચરે " ૧૫-૨ ), શબ્દોની આત્યંતિક ઠરડમરડથી પઠનમાં પણ અનુભવાતી ક્લિષ્ટતા, વિરામચિહ્નોની અરાજકતા...વગેરે બાલાશંકરની ઘણી બધી મર્યાદાઓને પ્રામાણિકપણે પુરસ્કૃત કરી છે. મને તો એમાં અનુવાદકની ભાષાવિષયક શિથિલતા અને નિર્બળતા જ કારણરૂપ જણાય છે.

આ ઉપરાંત લગભગ ૬૦ પાનમાં ' સૌંદર્યલહરી 'ની મૂળ સંસ્કૃત રચના, તેના રચયિતા વિશેના વિવાદો, શ્રી શંકરાચાર્યનો સમય વગેરેની ચર્ચા, શાક્ત સંપ્રદાયનો આખો ઇતિહાસ, શિવશક્તિ-સાધનાનું સ્વરૂપ, કૌલ-મિશ્ર-સામાયિક શાક્ત સંપ્રદાયો, તંત્રમંત્ર-ઉપાસનાવિધિનાં અંગો, ચક્રો, કુંડલિની-અવસ્થાઓ –વગેરે શાસ્ત્રીય વિષયોનું લેખિકાએ વિસ્તારથી વર્ણન કર્યું છે. તેમાં તેમણે મોટે ભાગે શ્રી નર્મદાશંકર મહેતાનાં પુસ્તકોમાંથી વિસ્તૃત પ્રમાણમાં અને નૉર્મન બ્રાઉન, કીથ, આર્થર એવેલોનનાં તંત્રમંત્રશાસ્ત્રવિષયક ગ્રંથોમાંથી છૂટાંછવાયાં ઉદ્ધરણો અને ઉલ્લેખો આપ્યાં છે. લેખિકાનું આગવું ચિંતનમનન તો જોવા મળતું નથી એ તો ઠીક પરંતુ આમાં બાલાશંકર તો ક્યાંય દેખાતા જ નથી ! ૧૦–૧૫ પાનમાં અનૂદિત કૃતિનું સમ્યક્ અને સમગ્ર અવલોકન કુશળ કલમે થઈ શક્યું હોત ! શ્રી યંત્ર-તંત્ર અને એના અનુષ્ઠાનને શ્લેષાત્મક રૂપે રજૂ કરતા ' સૌંદર્યલહરી ' સ્તુતિકાવ્યને સમજવા માટે શક્તિવાદના રહસ્યનું પ્રતિપાદન કરવાની લેખિકાની જવાબદારી હોય એમ માનવું વધારે પડતું છે. ' સૌંદર્યલહરી, ' ' ક્લાન્ત કવિ ' અને હાફિઝની ફારસી ગઝલોના ગુજરાતીમાં ભાવાનુવાદ પૂરતું જ બાલાશંકરનું જીવન–કવન શક્તિવાદ અને સૂફીવાદ સાથે સંકળાયેલું હોય તેથી એ બન્ને વાદોને આ પ્રબંધમાં સ્વતંત્ર અભ્યાસના વિષય તરીકે નિરૂપણ પામવાનો અધિકાર પ્રાપ્ત થઈ જતો નથી. નર્મદાશંકર ઉપરાંત શ્રી છોટુભાઈ નાયક અને શ્રી ' નસિમ 'નાં પુસ્તકોનો પણ લેખિકાએ બહુ સારો લાભ ઉઠાવ્યો છે. સૂફીવાદ અને ગઝલ વિષેનાં પ્રકરણો સ્વતંત્ર અભ્યાસલેખો તરીકે ખરેખર માહિતીપૂર્ણ અને સુવાચ્ય છે પણ અતિવિસ્તૃત છે.

' ક્લાન્ત કવિ ' એ પ્રકરણમાં લેખિકાએ કૃતિવિષયક કરેલું વિસ્તૃત વિવેચન અભ્યાસપૂર્ણ અને આસ્વાદ્ય છે. તેમાં તેમણે શ્રી ઉમાશંકરે કરેલા સંપાદનની કેટલીક ત્રુટિઓનું સમતોલપણે નીડરતાપૂર્વક વિશ્લેષણ કર્યું છે. તખલ્લુસધારી અને ' મળેલું 'ની સંજ્ઞાવાળી લીધેલી કેટલીક કૃતિઓ માટે ' જયવિજય, ' ' શંકરશિષ્ય ' અને ' બાલાશંકર ' નામોની અભિન્નતા દર્શાવવા શ્રી ઉમાશંકરે આપેલી દલીલોને સચોટ રદિયો આપવા માટે લેખિકાએ શ્રી ભૃગુરાય અંજારિયાનાં અને શ્રી સંજાણાનાં લખાણોનો છૂટથી ઉપયોગ કર્યો છે. શ્રી સંજાણાના આત્યંતિક અને અભિગ્રહિત વલણનો ઉધડો લેવાનું પણ તેઓ ચૂક્યાં નથી. બાલાશંકરની બારેક અસંદિગ્ધ પ્રકીર્ણ

કૃતિઓનો મિતાક્ષરી પરિચય આપતાં લેખિકાએ સ્પષ્ટ કહ્યું છે : "બાલાશંકરનો કવિયશ આ રચનાઓના કર્તૃત્વથી વધુ ઊજળો તો નહીં જ, પણ ઊલટાનો ઝાંખો પડે એમ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી." (પૃ. ૪૩૦)

બાલાશંકરે ત્રણ સંસ્કૃત નાટકો "કર્પૂરમંજરી," "ચંદ્રાવલિ" અને "મૃચ્છકટિક"– પૈકી પ્રથમ બેના અનુવાદો તો હિંદી અનૂદિત કૃતિઓ પરથી ખૂબ છૂટછાટ લઈને કરેલા છે અને 'મૃચ્છકટિક'નું સંસ્કૃતમાંથી સીધેસીધું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. આ ત્રણેય અનુવાદોનો અભ્યાસ રજૂ કરતાં ડૉ. મહેતાએ આરંભમાં ગુજરાતી ભાષામાં નાટ્યલેખનનો આરંભ તથા સંસ્કૃતમાંથી થયેલા અનુવાદોની ઐતિહાસિક રૂપરેખા આપી છે, એટલું જ નહીં પણ 'મૃચ્છકટિક'નાં અન્ય ભાષાંતરોનો હવાલો પણ આપ્યો છે. એમાં તેમણે શ્રી 'સુંદરમ્'ના અભિપ્રાયનો આધાર લીધો છે.

અંતમાં બાલાશંકરે હાફિઝની લગભગ ૧૦ કૃતિઓના કરેલા અનુવાદનો પરિચય આપી લેખિકાએ 'ભારતીભૂષણ,' 'કૃષ્ણમહોદય,' 'ઇતિહાસમાળા' આદિ અલ્પજીવી સામયિકોના તંત્રી તરીકે બાલાશંકરને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

બીજા વિદ્વાનોએ લખેલા મૌલિક ગ્રંથોનું દોહન કરીને બાલાશંકરનું પ્રમાણભૂત ચરિત્ર આપવાનો લેખિકાનો પ્રયાસ સ્તુત્ય છે. અપ્રસ્તુત લખાણ કે વિસ્તારથી બચીને લેખિકાએ જો સંક્ષિપ્ત અને સંશ્લિષ્ટ શૈલી, ભાષાગૌરવ અને સુશ્લિષ્ટ સંકલનાથી સુભગ આકારસૌષ્ઠવ સાધવા તરફ વિશેષ લક્ષ આપ્યું હોત તો પ્રસ્તુત મહાનિબંધ વધુ સુવાચ્ય અને સંતર્પક બની શકયો હોત.*

**—મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**ધમ્મપદ :** ગુજરાતી સમશ્લોકી અનુવાદક : શ્રી. વિજયશંકર કામદાર, મુખ્ય વિક્રેતા : વોરા ઍન્ડ કંપની, અમદાવાદ, પૃ. ૯૫+૧૫, મૂલ્ય રૂા. ૩–૦૦.

'ધમ્મપદ'માં સંગ્રહાએલાં બધાં સુભાષિતો સ્વતંત્ર રીતે વાપરવાના મંત્રો છે. (જે વચનોનું મનન આપણું ત્રાણ કરે છે–રક્ષણ કરે છે–તે મંત્ર, એવી શબ્દની નિરુક્તિ ઉપનિષદ્-કાળથી આપણને જડે છે.) આ મૂળ મંત્રો બુદ્ધ ભગવાનના જમાનાની લોકભાષા પાલિમાં છે. આખા દેશમાં ચાલતી અને અનેક જમાનાઓને એકત્ર બાંધતી સંસ્કૃત ભાષામાં આ ગાથાઓનો અનુવાદ થયેલો છે. એ ઉપરાંત, લગભગ આના આ જ શબ્દોમાં, આ મંત્રો મહાભારતમાં તેમ જ જૈન સાહિત્યમાં ઠેર ઠેર મળે છે. મૂળ વચન કોણે ક્યાંથી લીધું એની શોધખોળ થઈ ન શકે; અને એની જરૂર પણ નથી. બૌદ્ધો તો કહે જ છે કે નિર્વાણમાર્ગ તરફ લઈ જનાર અને કુશળ વૃત્તિને પ્રેરનાર ગમે તે ભાષામાં ગમે તે વચન હોય, તે બુદ્ધવચન જ છે.' કાકાસાહેબ કાલેલકરે આ પુસ્તકની પ્રસ્તાવનામાં ઉદ્ધૃત કરેલ પ્રસ્તુત કંડિકા સત્ય છે. તદનુસાર જે માત્ર બૌદ્ધ અનુગમ કે ભારતની જ સમૃદ્ધિ નથી, પણ સમગ્ર માનવજાતિની અનુપમ

---

* તા. ૨૯–૧૦–૭૧ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં 'ગુજરાતીનાં અધ્યાપકોનો સંઘ'ના ૨૨મા સંમેલનમાં રજૂ કરેલા મુદ્દાઓનો વિસ્તાર.

સહિયારી શ્રીના ભંડારનો તેજસ્વી પટારો છે, એવા 'ધમ્મપદ'ના સમશ્લોકી ગુજરાતી અનુવાદની જરૂર હોય જ. શ્રી. હસિત બૂચનો અનુવાદ આ પહેલાં પ્રકટ થયો હોવા છતાં પ્રશિષ્ટ ગ્રન્થોના એક કરતાં વધુ અનુવાદો જરૂરી છે એ દૃષ્ટિએ શ્રી. વિજયશંકર કામદારનો પ્રસ્તુત અનુવાદ આવકારપાત્ર છે.

અનુવાદ મોટે ભાગે સરળ અને પ્રાસાદિક છે. કેટલીક પંક્તિઓ તો આયાસ વિના સહજ રીતે હૃદયમાં વસી જાય એવી છે :

આસક્ત જીવ સંસારે વીણુતો કામના–ફૂલો,
કામનાઓ ફળી ના ત્યાં મૃત્યુ એને હરી જતું. (૪૮)
વેરીઓમાં અવૈરી થૈ જીવીએ સુખથી મહદ્,
વેરીલા માનવી વચ્ચે અવેરી થઈ જીવવું. (૧૯૭)
આત્મા છે નાથ આત્માનો, આત્માની આત્મ છે ગતિ;
આત્માને સંયમી રાખ સારથિ જેમ અશ્વને! (૩૮૦)

એમ છતાં અનુવાદમાંના કઠણ શબ્દો અને બૌદ્ધ ધર્મના પારિભાષિક શબ્દોને સમજાવવા માટે ટિપ્પણોની ઓછપ ખટકે એવી છે. જે થોડીક પાદનોંધો છે તે પણ મોટે ભાગે અધૂરી કે અસ્પષ્ટ છેઃ વળી જાણે 'ધમ્મપદ'ના શબ્દો બૌદ્ધ પરિભાષાના નહિ પણ જૈન અથવા તો વૈદિક પરિભાષાના હોય એવી છાપ ઊભી કરે છે. ઉ. ત. પૃ. ૩ ઉપર ટિપ્પણ નં. ૨માં કષાય વિશે લખ્યું છે: જૈન પરિભાષામાં ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર અગર ચારમાંથી એક; મેલ કે પાપ.' પરંતુ 'ધમ્મપદ' જૈન અનુગમનું નથી બૌદ્ધનું છે. અને બૌદ્ધોમાં પાંચ કષાયો છે ઘુઃકષાય, દૃષ્ટિકષાય, કલેશકષાય, સત્ત્વકષાય અને કલ્પકષાય—તેનો નિર્દેશ પ્રથમ હોવો જોઈએ, તે નથી. પૃ. ૩૩ ઉપર 'સ્મૃતિ' વિશેની નોંધમાં લખ્યું છે: 'ગીતામાં 'નષ્ટો મોહ: સ્મૃતિર્લબ્ધા' માં વપરાયો છે તે અર્થમાં; એટલે કે આત્માના સાચા સ્વરૂપનું ભાન કે જ્ઞાન' ખરેખર તો બૌદ્ધ શાસ્ત્રોમાં 'સ્મૃતિ'નો ભારે મહિમા છે. સ્મૃતિ એટલે જાગૃતિ કે વિવેક. આ સ્મૃતિથી સંપ્રજન્ય અર્થાત્ કાયા અને ચિત્તની અવસ્થાનું સતત નિરીક્ષણ પ્રાપ્ત થાય છે. આ વિગત પણ ગીતાના નિર્દેશની પહેલાં જોઈએ. પૃ. ૪૭ ઉપર ગાથા ૨૦૨ના અનુવાદમાં 'વિષય' શબ્દ પ્રયોજ્યો છે. ટિપ્પણમાં લખ્યું છે 'મૂળમાં સ્કંધ શબ્દ છે.' પરંતુ સ્કન્ધ એટલે શું? બૌદ્ધ પરિભાષામાં સ્કન્ધ પાંચ છે. અને તેમાં 'વિષય' ઉપરાંત બીજું ઘણું સમાવિષ્ટ છે. એટલે એ વિશિષ્ટ અર્થ સમજાવવાની જરૂર હતી.

એમ છતાં અનુવાદ એકંદર સરસ છે. પૂરતી નોંધ કે અલગ સમજૂતી આપીને આ પુસ્તકની બીજી આવૃત્તિ થાય ત્યારે એની ઉપયોગિતા વધારાશે એવી ધારણા છે.

વિશ્વમાન્ય 'ધમ્મપદ' ગ્રન્થના આ અનુવાદને ભગવાન બુદ્ધની પ્રશાન્ત મુખમુદ્રાવાળા ચિત્રથી અને પાને પાને રૂપાળાં સુશોભનથી શણગારેલું છે. મુદ્રણ પણ ચિત્તમાં વસી જાય એવું છે. આ સમશ્લોકી અનુવાદનું સ્વાગત કરતાં આનન્દ થાય છે.

**ઉપેન્દ્રરાય જ. સાંડેસરા**

* * *

**રાજ્યશાસ્ત્ર-વિચાર :** લે. પુરુષોત્તમ ગણેશ માવલંકર; ડિરેક્ટર, હેરોલ્ડ લાસ્કી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોલિટિકલ સાયન્સ, ભદ્ર, અમદાવાદ; પ્ર. સન્નિષ્ઠ પ્રકાશન, માવલંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧, પૃ. ૧૫૫; મૂલ્ય રૂ. ૩=૫૦ પૈ.

આ પુસ્તકના લેખકે પોતાના નિવેદનમાં ઉલ્લેખ કર્યો છે તેમ રાજ્યશાસ્ત્રના પાયાના સિદ્ધાંતો અને રાજ્યતંત્રની અગત્યની જોગવાઈ વિષે આપણે ત્યાં વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક ઢબે ઝાઝું વિચારાતું–લેખાતું નથી. આપણા દેશ અને સમાજના સંદર્ભમાં આવી તાત્ત્વિક ચર્ચા થવી જોઈએ, પણ તે બહુ થતી નથી અને આપણે પશ્ચિમનાં વિચારો–પુસ્તકો ઉપર આધાર રાખવો પડે છે; આવાં પુસ્તકોમાં પશ્ચિમનાં ઉદાહરણો વિશેષ હોય છે. આ માટે રાજ્યશાસ્ત્રના અભ્યાસીઓએ વ્યક્તિગત અને સહિયારા પ્રયાસો કરવા જોઈએ, અને પ્રાદેશિક ભાષાઓમાં આવા પ્રયાસોને વધુ ઉત્તેજન મળવું જોઈએ.

અહીં લેખકે આ દિશામાં એક સારો પ્રયત્ન કર્યો છે. આ પુસ્તિકામાં ૨૨ લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે, એમાંના કેટલાકમાં રાજકીય વિચારોની ચર્ચા થયેલી છે. એમાં 'આજનું સાર્વભૌમ રાજ્ય" ઉપર વિસ્તૃત ચર્ચા છે. રાજકીય સંસ્થાઓના પરિચયમાં પણ લેખકે સારી માહિતી પૂરી પાડી છે. સ્થળસંકોચને કારણે ઘણા મુદ્દાઓની લેખકે સંક્ષેપમાં ચર્ચા કરી છે. આમાંના કેટલાકની વિસ્તૃત ચર્ચા કરી શકાય, અને એના વિષે વધુ માહિતી પૂરી પાડી શકાય. વળી લેખકે એમના કેટલાક લેખો ટૂંકી નોંધરૂપે આપ્યા છે, અને તે સામાન્ય વાચકને ધ્યાનમાં રાખી તૈયાર કર્યા હોય એમ લાગે છે.

"લોકશાહી અને સમર્થ નેતાગીરી", "આધુનિક ભારત : કેટલીક સમસ્યાઓ", "બિનસામ્પ્રદાયિકતા અને ભારતીયતા" અને "જાહેર જીવનનાં મૂલ્યો" વગેરે લેખોનો સમાવેશ અહીં આ દૃષ્ટિએ કરવામાં આવ્યો લાગે છે. આમાં ઉદાહરણો પણ મહદંશે ભારતીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આપ્યાં છે તે ઉચિત છે. "જાહેર જીવનનાં મૂલ્યો"માં લેખકે કેટલીક મૂળભૂત અગત્યની વાતો ચર્ચી છે. સ્વતંત્રતા મેળવ્યા પછી ભારતમાં જાહેર જીવનનાં ધોરણો ઠીક ઠીક કથળ્યાં છે તે આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. અલબત્ત, આપણી લોકશાહીની સફળતા માટે જાહેર જીવનનાં ધોરણો ઊંચાં રાખવાં પડશે એમાં બે મત નથી; અને જો આવાં ધોરણો નહિ હોય તો તે આપણી લોકશાહી માટે ઘણું મોટું જોખમ ગણાશે. જાહેર જીવનનાં ધોરણો વિષે લખતાં લેખક કહે છે: "તે ઉત્તમ હોવાં ઘટે તે સાથે તેનો અમલ ઘણો કઠણ છે એની સભાનતા પણ હોવી ઘટે. જાહેર જીવનના પાયામાં સચ્ચાઈ, સંવેદનશીલતા, સંસ્કાર અને સમાજલક્ષી સેવા એમ ચાર મૂળભૂત મૂલ્યો સમાયેલાં છે."

આ પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે ન લખાયું હોવા છતાં એમાંની ચર્ચાઓ જોતાં તે સામાન્ય માણસને રાજ્યશાસ્ત્રીય જ્ઞાન આપનારું તથા વિદ્યાર્થીને સંદર્ભગ્રન્થ તરીકે ઉપયોગી થાય તેવું છે.

**રમેશ એ. વકીલ**

* * *

**રૂપસંહિતા** ( Designs Through The Ages ) : સંપાદક, વાસુદેવ સ્માર્ત; કલા–રવિ, C/o કુમાર કાર્યાલય, રાયપુર, અમદાવાદ–૧, કિંમત રૂા. ૪૦/-

બધા મળી એકસો પંચોતેર ચિત્રફલકો ( પ્લેટ્સ ) દ્વારા એક હજારથી વધુ સુંદર આલેખનો રજૂ કરતું આ પુસ્તક ભારતીય કલાના પ્રત્યેક પ્રેમીએ ઘરમાં વસાવવા જેવું છે. સિંધુ ઘાટીની સભ્યતાના સમયથી માંડી લગભગ બ્રિટિશ યુગ સુધીના વિશાલ સમયફલક ઉપર ભારતીય કલાએ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓનો એક સાથે ખ્યાલ આપતું આ પુસ્તક અનેક રીતે અનોખું છે; જો કે આ પુસ્તક સમગ્ર ભારતીય કલાનો સર્વદેશીય ખ્યાલ નથી આપતું, પણ અલંકરણો, આભૂષણો પ્રતીકો ( Symbols ) અને કલાઘટકો ( Motifs ), તથા આકૃતિઓ ( designs )ના ક્ષેત્રે સર કરેલા વિવિધ શિખરોનું દર્શન કરાવે છે.

વર્ષો સુધી સતત અભ્યાસ અને નિરીક્ષણ કરી ભાઈશ્રી વાસુદેવ સ્માર્તે પોતાની સિદ્ધ કલમથી નિષ્ઠાપૂર્વક અને સુઘડ રીતે દોરેલા આ ચિત્રો મૂળની વફાદારીપૂર્વક રજૂઆત કરે છે. ધીરે ધીરે ભેગી કરેલી આ સામગ્રી એટલો જ દીર્ઘકાલીન અભ્યાસ માંગી લે તેમ જ ભારતીય કલામાં ઊંડો રસ જગાવે તેવી અને તેટલી પ્રચુર છે.

ભાઈશ્રી વાસુદેવ સ્માર્ત ગુજરાતના જાણીતા ચિત્રકાર છે, એઓનો પરિચય "કુમાર" દ્વારા ગુજરાતની જનતાને મળેલો જ છે. નિરાડંબરી, વિનમ્ર ભાઈ સ્માર્ત હાલ તો કાશીમાં વસે છે પણ ત્યાં આ વિદ્યાધામમાં એમની ઉપાસના એવી જ નિષ્ઠાપૂર્વક ચાલુ છે.

આ સર્વ રેખાંકનોને જુદા જુદા વિભાગમાં વ્યવસ્થિત રીતે વહેંચીને રજૂ કર્યા છે. પહેલા વિભાગમાં સિંધુ સભ્યતાના વિવિધ કેન્દ્રો( હડપ્પા, મોહેં–જો–દાડો, તેમ જ નાલ, અમરી, કવેટા વગેરે કેન્દ્રો )ના મૃદ્ભાંડો પરનાં સુશોભનો અલંકરણોના નમૂનાઓ રજૂ કરે છે. બીજા વિભાગનું નામ છે કલ્પવલ્લરી. આમાં ભરહુત, મથુરા, સાંચી, અમરાવતી આદિના અવશેષોમાં ઉપલબ્ધ જુદી જુદી કલ્પલતાઓ વેલો વગેરેની ભાતોના નમૂના રજૂ કર્યા છે. ત્રીજા વિભાગમાં આહત–મુદ્રાઓ અને હાથીદાંતનું કોતરકામ, ખાસ કરીને ગંધાર તેમ જ અફઘાની-સ્તાનમાં બેગરામમાંથી મળેલા અવશેષોમાં મળતી હાથીદાંતની કોતરણી રજૂ કરે છે. ચોથા પત્રવલ્લરી વિભાગમાં ગુપ્તયુગના શિલ્પો અને ચિત્રોથી માંડી ચિતોડ, ભુવનેશ્વર, શ્રવણબેળગોળ આદિનાં મંદિરો વગેરેમાંથી ઉપલબ્ધ પત્રવલ્લરીના નમૂનાઓ વીણી વીણી રજૂ કર્યા છે. આ પછીના વિભાગોનાં નામ છે—ભૂષિકાવલી, રાજપૂત–મુઘલ અલંકરણ, કસીદા જરીબુટે, કસીદા કઢાઈ, ઠપ્પા છપાઈ ઔર ચિત્રકારી, પ્રાંગણચિત્ર મંડિતપાત્ર આભૂષણ તેમ જ હસ્તકલા.

આ પ્રત્યેક વિભાગમાં રજૂ કરેલી સામગ્રી સંપૂર્ણ તો ના જ હોઈ શકે પણ રજૂ કરવામાં કલાકારે દર્શાવેલી વિવેકશક્તિ અને સૌંદર્યદૃષ્ટિ અભિનંદનીય છે. આ એક એક વિભાગની રજૂ થએલી કલા, જેને ઊંડો અભ્યાસ કરવો હોય તેને તેમાં રસ જગાડવા પૂરતી છે.

વિભાગોના નામકરણમાં "ભૂષિકાવલી" જેવા શબ્દપ્રયોગો જરૂર ખૂંચે છે છતાં એકંદરે વિભાગોની રચના સારી છે.

ભાઈશ્રી વાસુદેવભાઈએ જ્યારે આ જાતનાં સુશોભનોની નકલો કરવી શરૂ કરી હશે ત્યારે આ પુસ્તકનો વિચાર ત્યારે સ્ફુર્યો નહિ જ હોય પણ વર્ષો સુધીની રસદષ્ટિએ ભેગી કરેલી આ સામગ્રી જ્યારે પુસ્તક રૂપે રજૂ કરવાનો વિચાર થયો ત્યારે કયું અનુકરણ કયા પુસ્તકમાંની આર્ટપ્લેટ પરથી કે ચોક્કસ કયા મ્યૂઝિયમમાંના અવશેષ પરથી, કે સ્થાપત્ય વિશેષના કયા ભાગ પરથી દોર્યું છે તેની વિગતવાર નોંધ તૈયાર નહીં હોય કે ભેગી કરવી મુશ્કેલ હશે છતાં કયા સ્થાનના અવશેષની નકલ છે એ નોંધ પણ ઘણી ઉપયોગી છે.

આ પુસ્તકની બીજી આવૃત્તિ થાય ત્યારે—અને ખરેખર તો થવી જ જોઈએ, ગુજરાતની પ્રજાએ આ પુસ્તક વસાવવું જ જોઈએ, શાળાઓએ તો ખાસ જ—જો ભાઈશ્રી વાસુદેવભાઈ બીજી જુદી જુદી સામગ્રી ભેગી કરી, નવા વિભાગો ઉમેરી, આ સમૃદ્ધ પુસ્તકને વધુ સમૃદ્ધ બનાવે તો ઘણું જ સારું. કલાના અભ્યાસમાં આ જાતના રેખાંકનો ઘણાં જ આવશ્યક હોઈ ભારતીય કલાના અભ્યાસીઓને ખૂબ જ ઉપકારક થઈ પડશે.

આવું સુંદર પુસ્તક તૈયાર કરવા માટે ભાઈ વાસુદેવ સ્માર્તને અને તેને પ્રસિદ્ધ કરવા માટે કલા-રવિ ટ્રસ્ટને ધન્યવાદ ઘટે છે, ફક્ત ગુજરાતના કલાપ્રેમીઓના નહિ પણ સમગ્ર ભારતીય કલાના પ્રેમીઓના.

**ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ**

*　　*　　*

## સાભાર સ્વીકાર

૧ **સંતોના અનુજ:** લે. સ્વામી આનંદ; પ્ર. બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ-૧; પૃ. ૧૬+૨૫૬; કિંમત રૂા. ૧૦.

૨ **વૈયક્તિક વ્યવસ્થાપન:** લે. જયશ્રી બી. ઠાકોર, પ્ર. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯; પૃ. ૨૧૮+૧૩; કિંમત રૂા. ૬–૫૦ પૈ.

૩ **તારીખનું ઘર:** લે. સુરેશ દલાલ; પ્ર. વોરા એન્ડ કું. ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પૃ. ૧૨૮+૮; કિંમત રૂા. ૪–૦૦ પૈ.

૪ **गीता शतश्लोकी:** સંપાદક: કેશવરામ કા. શાસ્ત્રી; પ્ર. મંત્રી, શુદ્ધાદ્વૈત સંસદ, લાડવાડા, વડોદરા; પૃ. ૩૨; કિંમત રૂા. ૦–૫૦ પૈ.

૫ **અલ્લડ છોકરી** (ત્રિઅંકી નાટક)**:** લે. પન્નાલાલ પટેલ; પ્ર. સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ., મુંબઈ-૧૪; પૃ. ૯૧; કિંમત રૂા. ૫–૦૦ પૈ.

૬ **તારક તેજ અને રંગ:** લે. છોટુભાઈ સુથાર; પ્ર. ઉપર મુજબ; પૃ. ૮૦; કિંમત રૂા. ૩–૨૫ પૈ.

૭ **સ્વાધીન કે ભાગ્યાધીન:** લે. મેજર રામચંદ્ર સાળવી; અનુ. સૌ. હંસા સાળવી, પ્ર. ઉપર મુજબ; પૃ. ૧૬૪; કિંમત રૂા. ૭–૦૦ પૈ.

૮ **કૃષિદર્શન** (જ્ઞાનગંગોત્રી ગ્રન્થશ્રેણી નં. ૯) **:** લે. ગોરધનભાઈ સી. પટેલ અને બીજા અનેક; પ્ર. સરદાર યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; પૃ. ૨૬૪ + ૮; કિંમત રૂા. ૨૦–૦૦ પૈ.

૯ **અમર દાર્શનિકો :** લે. ભાનુશંકર ઓધવજી વ્યાસ; પ્ર. નીરજ પ્રકાશન, પ્રતાપપરા, જીન પાસે, વાંકાનેર (સૌરાષ્ટ્ર); પૃ. ૪૪ + ૧૦; કિંમત અમૂલ્ય.

૧૦ **સંકેત :** લેખક અને પ્રકાશક : ઉપર મુજબ; પૃ. ૧૨૨; કિંમત અમૂલ્ય.

૧૧ **ગીતાંજલિ અને બીજાં કાવ્યો :** અનુવાદક : નગીનદાસ પારેખ; પ્ર. બાલગોવિંદ પ્રકાશન; ગાંધી માર્ગ, અમદાવાદ-૧; પૃ. ૧૫૨ + ૨૦; કિંમત રૂા. ૬–૫૦ પૈ.

૧૨ **ખોવાયેલા તારા :** અનુ. ફૂીકુભાઈ રતનજી દેસાઈ; પ્ર. ઉપર મુજબ; પૃ. ૧૯૫+૧૮; કિંમત રૂા. ૫–૫૦ પૈ.

૧૩ **નરસિંહ મહેતો– એક અધ્યયન :** લે. કે. કા. શાસ્ત્રી; પ્ર. ભો. જે. વિદ્યાભવન, ર. છો. માર્ગ, અમદાવાદ-૯; પૃ. ૩૧૭+૧૬; કિંમત રૂા. ૫–૦૦ પૈ.

### બુટાલા એન્ડ કું.નાં પ્રકાશનો

૧૪ **કલ્પો કે કલ્પના મરી પરવારી છે :** અનુ. ચન્દ્રકાન્ત ટોપીવાલા; પૃ. ૧૨; કિંમત રૂા. ૩–૦૦ પૈ.

૧૫ **નિકુંજનાયક શ્રીનાથજી–ખંડ ૧લો :** લે. ચીમનલાલ મગનલાલ વૈદ્ય; પૃ. ૩૦૨+ ૨૪; કિંમત રૂા. ૪–૦૦ પૈ.

૧૬ **ઇદમ્ સર્વમ્ :** લે. સુરેશ જોશી; પૃ. ૨૮૨; કિંમત રૂા. ૧૦–૦૦ પૈ.

### ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયનાં પ્રકાશનો

૧૭ વિશ્વની શ્રેષ્ઠ સાહસ કથાઓ શ્રેણી ૧ થી ૫; **સાહસનો ટાપુ; ટૉમ સૉયરનાં પરાક્રમો; રાજા સોલોમનનો ખજાનો; દુનિયાની સફર; અદૃશ્ય માનવી :** અનુ. યશવન્ત મહેતા, પૃ. અનુક્રમે ૭૯, ૭૮, ૬૪, ૭૯, ૭૦; કિંમત રૂા. ૧–૬૦ પૈ. દરેકની.

૧૮ **પ્રેમસખી પ્રેમાનન્દ :** લે. હરિદાસ ત્રિભુવન ઠક્કર; પૃ. ૬૫૬+૨૦, કિંમત રૂા. ૧૫–૦૦ પૈ.

૧૯ **ધૂમકેતુની ઉત્તરયાત્રા :** લે. દક્ષિણકુમાર ગૌ. જોશી; પૃ. ૩૪૮+૨૦; કિંમત રૂા. ૭–૦૦ પૈ.

૨૦ **આત્મકથા : કિસાનકથા ભાગ ૫ :** લે. ઇન્દુલાલ યાજ્ઞિક; પૃ. ૬૬૦+૧૨; કિંમત રૂા. ૧૬–૦૦ પૈ.

૨૧ **સાહિત્યગોષ્ઠિ :** લે. ઈશ્વરલાલ ર. દવે; પૃ. ૪૪૮+૧૪+૩૦; કિંમત રૂા. ૧૦–૦૦ પૈ.

૨૨ **રસસુધા :** (બીજી આવૃત્તિ) લેખિકા : સુધાબહેન મુનશી અને વૈભવી મુનશી; પૃ. ૬૧૨; કિંમત રૂા. ૧૫–૦૦ પૈ.

# Bank of Baroda offers financial assistance to bright students.



For College Education, Post-Graduate or Diploma Courses in Technical or Professional subjects as well as for studies abroad.

For further details, please visit your nearest Bank of Baroda branch agent. He will help you!

Thou shalt forever be prosperous with

**Bank of Baroda**

Head Office: Mandvi, Baroda
Over 450 branches in India and abroad

Shilpi-BOB 1A-70

# શરદી? દુખાવો? દર્દ?

# રુબેક્સ

## નવીન શીઘ્ર આરામદાયક ઇલાજ



# રુબેક્સ એટલે જ રાહત

રુબેક્સ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.

રુબેક્સ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ કાર્યશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે. રુબેક્સ સુગંધિત છે અને બાળકોની કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.

રુબેક્સ લગાડવાથી બળતરા થતી નથી, ડાઘ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.

બે સાઈઝમાં મળે છે —
૨૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.

**રુબેક્સ** એટલે જ રાહત.

ઉત્પાદક: હોમ્પ્રો, એલેમ્બિક કેમિકલ વર્કસ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

everest/379a/ACW gj

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj

# કણ-કણથી કોઠાર ભરે છે સમજુક શાણી કીડી !

**આપ પણ આગળથી યોજના કરીને આપનું ભવિષ્ય ચિંતારહિત કરી શકો છો.**

**આપ આપને અનુકૂળ પદ્ધતિએ બચત કરી શકો તે માટે આપની સમક્ષ દેના બેંક ૬ બચત યોજનાઓ રજૂ કરે છે.**

**બચતખાતું**— વ્યાજ ૪%.
**સગીર બચતયોજના**— વ્યાજ ૪%.
**ફિક્સ્ડ ડિપોઝિટ્સ**—વ્યાજ ૪¼% થી ૭¼%.
**રિકરિંગ ડિપોઝિટ યોજના**—
ચક્રવૃદ્ધિ વ્યાજ ૫¼% થી ૭%.
**માસિક સેવિંગ્સ-કમ-એન્યૂઇટી યોજના**—
ચક્રવૃદ્ધિ વ્યાજ.
**વિવિધલક્ષી ડિપોઝિટ યોજના**—
આપને માસિક વ્યાજ મળે છે.

આપની બચત આપને સલામતી બક્ષે છે.
આપની બચત રાષ્ટ્રીય પ્રગતિને પક્ષે છે.

વીગતો માટે આપની નજીકની **દેના બેંક**ની શાખાની મુલાકાત લો અથવા પત્રવહેવાર કરો.

**દેના બેંક**
હેડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઇ-૧.



Ratan Batra/DB/G/213

**शार्दूलविक्रीडितम्**

**द्वारमान —**

द्वारं चन्द्रकलाङ्गुलैस्तदुदयो हस्तैकदेवालये
युग्मे रामयुगे च हस्तनिलयवृद्धयाङ्गुलाः षोडशः ।

हस्ते भद्रसुरालये तदुदयो द्वारस्य षट् सप्तभिः
यावद्धस्तशतार्द्धकं तदुदिता वृद्धिस्तु युग्माङ्गुलाः ॥ २० ॥

એક હાથના પ્રાસાદને સોળ અંગુલ ઊંચું દ્વાર કરવું. બે, ત્રણ ને ચાર હાથના પ્રત્યેકને સોળ સોળ અંગુલની વૃદ્ધિ કરતા જવું. પાંચ હાથથી આઠ હાથ સુધીનાને ત્રણ ત્રણ અંગુલની વૃદ્ધિ કરવી. આઠ હાથના પ્રાસાદને છોંતેર અંગુલ દ્વાર ઉદયમાન થાય. નવથી પચાસ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથે બબ્બે અંગુલની વૃદ્ધિ કરતા જવું. ૨૦

**शार्दूलविक्रीडितम्**

[२४]दीर्घार्धेन तु व्यास एव विबुधैर्व्यासकलांशाधिके ।
द्वारं विद्धि सुशोभनं च नलिनं कर्ण ह्यधो विन्यसेत् ॥

द्वारध्यासतदर्धतः समुदयेऽथोदुम्बरं शस्यते ।
कुम्भस्यार्धत्रिभागपादरहितं हीनो उदुम्बरम् ॥ २१ ॥

---

૨૪ અહીં દ્વારવિષયમાં સંક્ષિપ્ત કહેલું છે. ત્રિ-પંચ-સપ્ત-નવ શાખા વિષય આવશ્યક હોવાથી પૂર્તિરૂપ અહીં પ્રસ્તુત કરું છું.

नवशाखा महेशश्च देवानां सप्तशाखिकम् ।
पंचशाखा सार्वभौमे त्रिशाखा मण्डलेश्वरम् ॥

શિવ મહેશના દેવાલયમાં નવ શાખાનું દ્વાર કરવું, સર્વ દેવને સપ્તશાખા, સાર્વભૌમ ચક્રવર્તીના મહેલને પંચશાખા, અને માંડલિક રાજાઓને ત્રિશાખાવાળું દ્વાર કરવું.

**अथ त्रिशाखा–सुभगा**

चतुर्भागाङ्कितं कृत्वा त्रिशाखो वर्तयेतम् ।
मध्ये द्विभागिकं रूपं स्तम्भैकनिर्गमम् ॥ १० ॥

पत्रखल्वादिभागं कोणिका स्तम्भमध्यतः ।
चतुर्थांशसपादेन द्वारपालकृतोदयम् ॥ ११ ॥

ત્રિશાખાની જાડાઈમાં ચાર ભાગ કરવા. વચલો રૂપસ્તંભ બે ભાગનો, પહોળો અને એક ભાગ નીકળતો કરવો, તેની બેઉ બાજુ પત્રશાખા અને ખલ્વશાખાઓ એકેક ભાગની કરવી. તેની વચ્ચે એકેક ખૂણી શોભા માટે કરવી. શાખાની ઊંચાઈના ચોથા ભાગમાં સવા ભાગનો દ્વારપાળ ઊંચો કરવો.




પંચશાખા દ્વાર અને અર્ધચંદ્ર




પંચશાખા દ્વાર તળ અને અર્ધચંદ્ર



સપ્તશાખાદ્વાર અને અર્ધચંદ્ર

દ્વારવિસ્તાર કહે છે-દ્વારની ઊંચાઈના પ્રમાણુથી અર્ધ ભાગે દ્વાર પહોળું રાખવું એવું વિદ્વાનોએ કહ્યું છે. દ્વારોદયનો સોળમો અંશ વિસ્તારમાં અધિક રાખે તો દ્વાર સુંદર દેખાય છે. પ્રાસાદની કર્ણરેખા બરાબર ફરકે એવો ઉંબરો સ્થાપન કરવો.

---

**अथ पंचशाखा-मेदिनी**

पञ्च(त्र)शाखा च गन्धर्वा रूपस्तम्भतृतीयके ।
पुनः गन्धर्व खल्वशाखी पञ्चशाखा विधीयते ॥ १२ ॥

પંચશાખાના જાડાઈમાં છ ભાગ કરવા. ૧ પત્રશાખા, ૨ ગન્ધર્વશાખા, ૪ મધ્યમાં રૂપસ્તંભ બે ભાગ પહોળો, ૪ ફરી ગન્ધર્વશાખા અને પાંચમી ખલ્વશાખા ( સિંહશાખા ) એ રીતે પંચશાખાની વિધિ જાણવી. રૂપસ્તંભ બે ભાગનો, બાકીની ચાર શાખા એકેક ભાગની કરવી.

**सप्तशाखा-हस्तिनी**

पत्रशाखा च गन्धर्वा रूपशाखास्तृतीयकम् ।
स्तम्भशाखो भवेन्मध्ये रूपशाखा तु पञ्चमी ॥ १३ ॥

षष्ठी स्यात्खल्वशाखा च सिंहशाखा च सप्तके ।
प्रासादकर्णसंयुक्ता सिंहशाखाग्रसूत्रतः ॥ १४ ॥

સપ્તશાખાની જાડાઈમાં આઠ ભાગ કરવા. ૧ પત્રશાખા, ૨ ગન્ધર્વશાખા, ૩ રૂપશાખા, ૪ મધ્યનો રૂપસ્તંભ ( બે ભાગ ), ૫ રૂપશાખા, ૬ ખલ્વશાખા, ૭ સિંહશાખા જાણવી. પ્રત્યેક ઉપશાખા એકેક ભાગની અને મધ્યનો રૂપસ્તંભ બે ભાગનો કરવો. પ્રાસાદની રેખાકર્ણની બરાબર સમસૂત્રે ફરકે તે રીતે સિંહશાખા અને પત્રશાખા એકસૂત્રે રાખવાં.

**नवशाखा-पद्मिनि**

पत्रगन्धर्वसंज्ञा च रूपस्तम्भरतृतीयकम् ।
चतुर्थी खल्वशाखा च गन्धर्वा चैव पञ्चमी ॥ १५ ॥

रूपस्तम्भस्तथा षष्ठी रूपशाखा ततः परम् ।
पत्रशाखा च सिंहस्य मूलकर्णेन संस्थिता ॥ १६ ॥

નવશાખાની જાડાઈમાં અગિયાર ભાગ કરવા. તેમાં બે રૂપસ્તંભ બબ્બે ભાગના અને બાકીની ઉપશાખાઓ એકેક ભાગની સમજવી. ૧ પત્રશાખા, ૨ ગન્ધર્વશાખા, ૩ રૂપસ્તમ્ભ, ૪ ખલ્વશાખા, ૫ ગન્ધર્વશાખા, ૬ બીજો રૂપસ્તંભ, ૭ રૂપશાખા, ૮ ખલ્વશાખા, ૯ સિંહશાખા જાણવી. પત્રશાખા અને સિંહશાખાઓ મૂળ રેખાના સમસૂત્રે રાખવી.

અપરાજિતમાં શાખાની જાડાઈમાં આય દેવાનું કહ્યું છે. બીજા કોઇ ગ્રન્થમાં ત્રિશાખા ષષ્ઠાંશ, પંચશાખા પંચમાંશ, સપ્તશાખા ચતુર્થાંશ અને નવશાખા તૃતીયાંશ ભાગે વિસ્તારમાં રાખવાનું વિધાન છે, શાખામાં જે દેવનો પ્રાસાદ હોય તેના પ્રતિહાર દ્વારપાળનાં સ્વરૂપો યથોક્ત દિશાનાં કરવાં, વિષ્ણુ મંદિરના દ્વારશાખામાં દશાવતાર—જૈનોમાં વિદ્યાદેવીઓનાં સ્વરૂપો કરે છે. પ્રાચીન મંદિરોની શાખામાં ગંગાજમનાનાં સ્વરૂપો થતાં.

એક કુંભ બરાબર ઉંબરો રાખે, બીજું કુંભીથી અર્ધ ભાગે, ત્રીજું કુંભીથી ત્રીજા ભાગે, ચોથું કુંભીથી ચોથા ભાગે ઉંબરો ગાળવો ( નીચે ઉતારવો ) એમ ચાર વિધાન કહ્યાં.[૨૫]



શાખાઉદયના ચાર ભાગમાંથી સવા ભાગના શાખાના રૂપનો ઠેરો.

**शार्दूलविक्रीडितम्**

**अर्धचन्द्र—**

दैर्घ्ये व्याससमो हि चन्द्र उदितस्त्वर्धेन विस्तारतः
अर्द्धे चन्द्र इदञ्च शङ्खकमलं शाखोदरे पादुका ।
स्थाप्यं चात्र खुरान्तिकं पुनरिदं चन्द्रस्य पीठं समं
तस्योर्ध्वे क्रियते ह्युदम्बरविधिः पूजाप्रतिष्ठादिकम् ॥ २२ ॥

---

૨૫ કુંભી ઉદમ્બર ગાળવા સંબંધમાં શિલ્પીવર્ગમાં વિવાદ છે. એક વર્ગ એવું માને છે કે ગાળવો-ઉતારવાનો હોય ત્યારે તલકડો અને કુંભીઓ પણ ઉતારવી જોઈએ-પ્રતિપક્ષ એવી માન્યતા ધરાવે છે કે कुम्भकेन समा कुम्भी स्तम्भैश्चैवोदुम्बरम् । કુંભી અને તલકડા ઉતારવા જોઈએ નહિ. શાસ્ત્રકાર તો ઉંબરો ઉતારવાનું કહે છે, પણ તેની સાથે તલકડા કે કુંભીઓ ગાળવાના ન હોય. વિવાદ મધ્યસ્થ દૃષ્ટિથી જોઈએ તો સાંધારપ્રાસાદમાં ઉંબરા સાથે કુંભી પણ નીચે ઉતારેલી કેટલાક જૂના દાખલામાં જોવામાં આવે છે. હું એમ નથી કહી શકતો કે બન્ને પક્ષ જૂઠા છે, ગ્રન્થમાં આપેલા બ્લોક નકશામાં તલકડાથી ઊંબરા ગાળેલા છે. બીજો પક્ષ તે એ માન્યતાથી ઊલટો છે. તે તો ઊંબરા સાથે તલકડા પણ નીચે ઉતારવા અને કુંભીઓ પણ ઉતારવાનું કહે છે.



અર્ધચંદ્ર શંખોદ્ધાર

(૧) (૫૦)
એક હાથથી પચાસ હાથ સુધીના પ્રાસાદના કૂર્મ શિલામાન, ભીટ્ટપીઠમાન પ્રાસાદોદયમાન અને દ્વારોદયમાન.

| પ્રાસાદહસ્ત | દીપાર્ણવ કૂર્મમાન | પ્રાસાદતિલક કૂર્મમાન | ભીટ્ટમાન | પીઠમાન | પ્રાસાદોદય-માન ગ. આં | દ્વારોદયમાન |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૪ | ૪ અં | ૧૨ અં | ૧.૮ | ૧૬ |
| ૨ | ૬ | ૬ | ૫ | ૧૬ | ૧-૮ | ૧-૮ |
| ૩ | ૯ | ૮ | ૬ | ૧૮ | ૩.૫ | ૨.૦ |
| ૪ | ૧૨ | ૧૦ | ૭ | ૨૮ | ૪.૩ | ૨.૧૬ |
| ૫ | ૧૨॥ | ૧૨ | ૮ | ૩૨ | ૫.૧ | ૨.૧૯ |
| ૬ | ૧૩॥ | ૧૪ | ૮॥ | ૩૬ | ૫.૧૭ | ૨.૨૨ |
| ૭ | ૧૪। | ૧૬ | ૯॥ | ૪૦ | ૬.૯ | ૩.૧ |
| ૮ | ૧૫ | ૧૮ | ૧૦। | ૪૪ | ૭.૧ | ૩.૪ |
| ૯ | ૧૫॥ | ૧૯ | ૧૧ | ૪૮ | ૭.૧૭ | ૩.૬ |
| ૧૦ | ૧૬॥ | ૨૦ | ૧૧॥ | ૫૨ | ૮.૮ | ૩.૮ |
| ૨૦ | ૨૨ | ૩૦ | ૧૬॥ | ૮૨ | ૧૩.૯ | ૪.૪ |
| ૩૦ | ૨૪॥ | ૪૦ | ૧૯। | ૧૦૨ | ૧૮.૫ | ૫.૧ |
| ૪૦ | ૨૬ | ૫૦ | ૨૧॥ | ૧૧૮ | ૨૧.૯ | ૫.૨૧ |
| ૫૦ | ૨૮॥ | ૬૦ | ૨૪। | ૧૨૮ | ૨૪.૨૧ | ૬.૧૭ |

દ્વારની પહોળાઈ બરાબર અર્ધચન્દ્ર (શંખોદ્વાર) લાંબો કરવો; તેની લંબાઈથી અર્ધ પહોળો નીકળતો રાખવો. તેમાં શંખ અને કમળપત્રાદિ કોતરવા. શાખા બરાબર બે બાજુ પદક કરવાં. અર્ધચન્દ્રના ખરાના સમસૂત્રે રાખવું. અર્ધચન્દ્ર ઉપર ઊંબરાનું સ્થાપન અને વિધિપૂર્વક પ્રતિષ્ઠાદિ કરવાં.

**उपजाति:**

**द्वारविस्तारभेद—**

सीमासु पादेन च विस्तृतं हि द्वारं युतं वै द्विगुणोच्छ्रयेण ।
विस्तीर्णमेवोदयतः पदेन युतं वरं शाखिकया समानम् ॥ २३ ॥

દ્વારવિસ્તારના ભેદ અને માન કહે છે. દ્વારની ઊંચાઈના અર્ધ ભાગે દ્વારવિસ્તાર એ એક ભેદ; દ્વારવિસ્તારમાં ચોથો ભાગ મેળવીને દ્વાર પહોળું કરવું તે બીજો ભેદ અને દ્વારોદયના ચોથો ભાગ (અર્ધ)માં મેળવીને દ્વારવિસ્તાર કરવું તે ત્રીજો ભેદ જાણવો. એ વિસ્તાર બે શાખાના ગાળાનો જાણવો.[२६]

**इन्द्रवज्रा**

**उत्तरङ्ग—**

द्वारे द्वयं विंशविभागतश्च निम्नोच्छ्रयं भागत एव चाष्टौ ।
शेषोच्छ्रयं शाखविभागयुक्तं कुर्यात्तथा चोर्ध्वतरतः कश्च ॥ २४ ॥

**शार्दूलविक्रीडितम्**

शाखाविस्तारं(र)मानमस्तमुदयं सार्द्धं सपादोत्तरं
शाखाभागविभागगर्भरचना श्रीविश्वकर्मा कविः ।
द्वारे दीर्घविभागसप्तमुनिभी रूप(पं) पदं चाष्टभिः
[२७]छादये(ये) रूपविधानतश्च तिलकं नानाविधं तोरणम् ॥ २५ ॥

---

૨૬ દ્વાર આટલું પહોળું કરવાનું પ્રમાણ કોઈ ગ્રન્થમાં અમારા જોવામાં આવેલ નથી. અહીં વિશેષતા છે. સૂત્ર. વીરપાલ જેવા વિદ્વાનને કોઈ પ્રાચીન ગ્રન્થનું પ્રમાણ મળ્યું હોય. વર્તમાન કાળમાં યજમાન દ્વાર પહોળું કરાવવાનો આગ્રહ રાખે છે. તેઓને આ સપ્રમાણ છે. દૃષ્ટાંત—છ ગજના પ્રાસાદનું દ્વારોદય ૨ ગજ ૨૨ આ પ્રમાણ થાય તેમાં અય વિસ્તાર (અયવિસ્તાર) ૧ ગ. ૧૧ અં.નું અને અહીં આપેલ બીજો ભેદ વિસ્તારનો ચતુર્થાંશ ઉમેરતાં ૧ ગ. ૨૦ આં થાય. તેનો ત્રીજો ભેદ દ્વારોદયમાં ચતુર્થાંશ ઉમેરતાં ૨ ગ-૧૪ અં. થાય. આ વિસ્તાર પ્રમાણે આટલું મોટું એકે ગ્રન્થમાં જોવામાં આવેલ નથી. અહીં તે નવીન છે.

૨૭ અહીં ઉત્તરંગના આપેલા ૨૨ ભાગ અસ્પષ્ટ છે. દીપાર્ણવ અ. ૬માં અને જ્ઞાનરત્નકોશમાં આપેલા ૨૧ ભાગ આ રીતે છે. શાખા વિભાગ ૨॥ અઢી + તે પર ત્રણ ભાગ મધ્યમાં બેઉ તરફ રાખવા + છાજલી ।।। પોણો ભાગ + પટ્ટિકા ০।।। પોણો ભાગ (એટલે છાજલી કુલ ૧॥ ભાગ) તે પર રથિકા ૭ ભાગ (નીચે ઉપરની પટ્ટિકા કંઠ સહિત) તે પર ૧ ભાગ છજ્જી, સર્વોપરિ ઉદ્‌ગમ ઘંટા ૬ ભાગ મળીને કુલ ૨૧ ભાગનું માન પ્રાચીન મંદિરોમાં ઉત્તરંગના દૃષ્ટાંતરૂપ મળે છે.

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જાન્યુઆરી ૧૯૭૨.

પિંડારા( સૌરાષ્ટ્ર )ના એક મન્દિરના સભામંડપનું શિલ્પફલક

કૉપીરાઈટ: આર્કયોલૉજી સર્વે ઑફ ઇન્ડિયા